# અંદાજપત્ર

## વર્ષ ૨૦૧૦-૧૧



# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

# ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષનું અંદાજપત્ર "એ"

## અનુક્રમણિકા


| | | પાના નંબર |
|---|---|---|
| ૧ | મ્યુનિસિપલ કોર્પોરેશનનો ઠરાવ | I |
| ૨ | સ્ટેન્ડીંગ કમિટીના ઠરાવ | ૧–૫૨ |
| ૩ | મ્યુનિસિપલ કમિશનરશ્રીની નોંધ | ૧–૯૬ |
| ૪ | રેવન્યુ આવક-ખર્ચનું એબ્સ્ટ્રેકટ | H |
| ૫ | રેવન્યુ આવકનું એબ્સ્ટ્રેકટ | I |
| ૬ | રેવન્યુ આવક | ૧–૧૩ |
| ૭ | રેવન્યુ ખર્ચનું એબ્સ્ટ્રેકટ | J |
| ૮ | રેવન્યુ ખર્ચ | ૧૪–૪૯ |
| ૯ | વિકાસના કાર્યો | ૫૦–૬૧ |
| ૧૦ | અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિ અને આર્થિક તથા સામાજીક પછાતવર્ગો માટે ફાળવેલી રકમ પરિશિષ્ટ | ૬૨–૬૮ |

# સને ૨૦૧૦-૨૦૧૧ ના અંદાજપત્રને મ્યુનિસિપલ કોર્પોરેશનની મંજૂરી

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ખાસ સભા "ટાગોર હોલ" માં ગુરૂવાર તા.૧૮-૨-૨૦૧૦ ના રોજ સવારના ૧૦.૩૦ કલાકે મળી હતી તેમાં થયેલા ઠરાવની નકલ.

**કામ નં. ૫ (ચાલુ)　　　ઠરાવ નં.૧૮૬૫　　　સને ૨૦૦૯-૨૦૧૦**

ઠરાવ કર્યો કે સ્ટે. ક. ઠ નં. ૧૫૩૭ તા. ૦૪-૦૨-૨૦૧૦ ની ભલામણ અનુસાર સ્ટેન્ડીંગ કમિટીના મજકુર ઠરાવમાં જણાવ્યા મુજબની ભલામણ અને સુધારા-વધારા સાથે ધી બી.પી.એમ.સી. એક્ટ-૧૯૪૯ ની કલમ-૯૬ મુજબ વિગતવાર નોંધ સાથે તૈયાર કરેલ સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષના અંદાજપત્ર "એ" ની તથા ધી બી.પી.એમ.સી. એક્ટ-૧૯૪૯ ની કલમ-૯૯ અનુસાર સને ૨૦૧૦-૨૦૧૧ ની ટેક્ષેસન પ્રપોઝલની તથા મ્યુનિસિપલ કોર્પોરેશન ઠરાવ નં.૨૦૦ તા. ૧૬-૧૧-૫૦ મુજબ સ્ટેન્ડીંગ કમિટી સમક્ષ ડ્રાફ્ટ અંદાજપત્ર રજૂ કરવામાં તેમજ સ્ટેન્ડીંગ કમિટીને અંદાજપત્ર "એ" તૈયાર કરવામાં તેમજ બજેટની છાપેલી નકલો મ્યુનિસિપલ કાઉન્સીલરશ્રીઓને નિયત સમયમાં વહેંચવામાં જે વિલંબ થયો છે તે કોન્ડોન કરવાની મંજૂરી આપવામાં આવે છે.

# સને ૨૦૧૦-૧૧ ના ડ્રાફ્ટ અંદાજપત્ર ઉપર સ્ટેન્ડીંગ કમિટીનો ઠરાવ નં.૧૫૩૭ તા.૦૪-૦૨-૨૦૧૦

ઠરાવ કર્યો કે મ્યુનિસિપલ કમિશનરશ્રીએ ધી બી.પી.એમ.સી. એકટની કલમ-૯૫ મુજબ તેઓના પત્ર ક્રમાંક : સી.એ/એમ.આઈ.એસ./એસ.સી./૦૯ તા.૧૭-૧૨-૨૦૦૯ થી સને ૨૦૧૦-૧૧ ના વર્ષ માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની આવક તથા ખર્ચના અંદાજો અને દરખાસ્તો વિગતવાર રજૂ કર્યા છે. સ્ટેન્ડિંગ કમિટીએ આ અંદાજપત્રની દરખાસ્તો ઉપર ચર્ચા-વિચારણા કરી છે.

ભારતવર્ષના દિગ્ગજ નેતા તેમજ નવભારતના આર્ષદ્રષ્ટા સરદાર વલ્લભભાઈ પટેલ સૌ પ્રથમ પ્રમુખ હોવાનું જેને ગૌરવ સાંપડ્યુ છે તેવી સને ૧૯૫૦ થી અસ્તિત્વમાં આવેલ મહાનગરપાલિકાએ આજે ભારતમાં સૌથી પ્રથમ હરોળના મહાનગર તરીકેનું ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કર્યું છે. છેલ્લા કેટલાક વર્ષોમાં આ મહાનગરપાલિકાએ આદરેલ અનેકવિધ મેગા પ્રોજેક્ટ્સ તેમજ શહેરના છેવાડાના માનવીને જરૂરી તમામ પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવા કમર કસી છે અને તેની શ્રેષ્ઠ કામગીરીના પરિણામે નગરપાલિકાએ સમગ્ર રાજ્ય અને દેશમાં ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

ગુજરાત રાજયના સ્વપ્રદ્રષ્ટા અને આગવી સુઝ-બુઝ તથા કુનેહ ધરાવતા બાહોશ મુખ્યમંત્રી માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના છેલ્લા કેટલાંક વર્ષોથી મળતા સતત માર્ગદર્શનના પરિણામે આ શહેરના નગરજનોની સેવા અર્થે મુકાયેલ કાર્યોમાં અનેક વિવિધતા અને વધારો થવા પામેલ છે. જેના પરિણામે અગાઉ માત્ર રૂા. ૧૦૦૦-૧૨૦૦ કરોડનું વાર્ષિક બજેટ ધરાવતું મ્યુ. કોર્પો. આજે ખુબજ ટુંકાગાળામાં રૂા.૩૫૦૦ કરોડ કરતાં પણ વધુ બજેટ ધરાવે છે જે અન્વયે મુકવામાં આવેલ પ્રોજેકટસનું મહદ્અંશે અમલીકરણ કરી શહેરના નગરજનોને તમામ પ્રકારની સુવિધાઓ આપવામાં મહત્તમ સિધ્ધી હાંસલ કરેલ છે.

ભારતીય જનતા પાર્ટી શાષિત આ મહાનગરપાલિકાએ છેલ્લા કેટલાંક વર્ષોમાં ગરીબ માનવીથી શરૂ કરી તમામ વર્ગના નગરજનો માટે અનેકવિધ સુવિધાઓમાં વિપુલ પ્રમાણમાં વધારો કર્યો છે. ચાલી ઝૂંપડપટ્ટીમાં વસતા નાગરિકો માટે ઘરે ઘરે પીવાનું પાણી, ડ્રેનેજ લાઈનો, સ્ટ્રીટ લાઈટો, પથ્થર પેવીંગ, ૯૦/૧૦ ની યોજના મુજબના શૌચાલયો, આધુનિક શૌચાલયો, ઉમ્મીદ સેન્ટરો, અર્બન હેલ્થ સેન્ટરો જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ

દ્વારા સામાજીક અને આર્થિક ઉત્કર્ષ કરવાના મહત્વના કાર્યો હાથ ધર્યા છે. આ ઉપરાંત શહેરનો વિસ્તાર પણ ૧૮૨ ચો. કી.મી. થી વધીને ૪૬૬ ચો. કી.મી.નો થયો હોવા છતાં શહેરના ખૂણે ખૂણે વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનો, મહાકાય સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશનો, ડ્રેનેજ લાઈનો, સ્ટૉર્મ વોટર લાઈનો, પીવાના પાણીની લાઈનો, પાકા રસ્તા, મેગા ફ્લાય ઓવરબ્રિજ તેમજ અન્ડર બ્રિજ, સ્ટ્રીટ લાઈટો, વોર્ડ ઓફિસો, સિવિક સેન્ટરો, અર્બન હેલ્થ સેન્ટરો, કોમ્યુનિટી હોલ, પાર્ટી પ્લોટ, લાયબ્રેરીઓ, જીમ્નેશિયમ, બાગ-બગીચા, સ્પોર્ટસ સંકુલ, સ્વિમીંગ પુલ વિગેરે સુવિધાઓ ઝડપભેર પુરી પાડવાના સંન્નિષ્ઠ પ્રયાસો હાથ ધર્યા છે. આ પૈકીના કેટલાક પ્રોજેકટ પૂર્ણ થયા છે જયારે કેટલાક હાલમાં ચાલી રહ્યા છે જે ટુંક જ સમયમાં પુર્ણ થશે.

ભા.જ.પ.ના આ શાસન દ્વારા મહાનગરપાલિકાની ફરજના ભાગરૂપે આવતા કાર્યો ઉપરાંત અનેકવિધ મેગા પ્રોજેક્ટસ જેવા કે સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ, કાંકરિયા લેઈક ફ્રન્ટ ડેલપમેન્ટ, બસ (રેપીડ ટ્રાન્ઝીટ સીસ્ટમ) જનમાર્ગ, શહેરી ગરીબો માટે ૧૮,૦૦૦ કરતાં વધારે આવાસો, પર્યાવરણને અનુલક્ષીને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટના ભાગરૂપે એશીયા ખાતેની સૌથી મોટી લેન્ડફીલ સાઈટ, પાવર તેમજ ફર્ટીલાઈઝર જનરેશન પ્લાન્ટ તદ્ઉપરાંત મ્યુ. મેડીકલ કોલેજ તેમજ ડેન્ટલ કોલેજ અને વિશાળ હોસ્પિટલોના નિર્માણ તેમજ શેઠ વા.સા.જનરલ હોસ્પિટલ ખાતે ત્વરિત અસરકારક સારવાર માટે અદ્યતન મેડીકલ સાધનોથી સુસજ્જ ટ્રોમા વોર્ડનું આયોજન હાથ ધરી પુર્ણ કરેલ છે.

આ તમામ વિરાટ કાર્યોના પરીણામે આજે અમદાવાદ શહેરનું નામ દેશભરમાં મોખરે રહ્યું છે એટલું જ નહીં પરતુ કેન્દ્ર સરકાર દ્વારા નગરપાલિકાઓની કામગીરી અન્વયે અપાયેલ વિવિધ પ્રકારના એવોર્ડમાં ''ઈ'' ગવર્નન્સ માટેનો એવોર્ડ, પર્યાવરણની શ્રેષ્ઠતમ જાળવણી માટે ''મોસ્ટ કમીટેડ સિટી ફોર એન્વાયરમેન્ટ ઈમ્પ્રુવમેન્ટ '' તરીકેનો એવોર્ડ તથા સિટી ટ્રાન્સપોર્ટ મેનેજમેન્ટ અન્વયે કેન્દ્ર સરકાર તરફથી (જનમાર્ગ) ને ''બેસ્ટ રેપીડ ટ્રાન્ઝીટ સિસ્ટમ'' એવોર્ડ તથા સમગ્ર વિશ્વની બેસ્ટ ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમ તરીકેના એવોર્ડો પ્રાપ્ત કરી અપ્રતિમ સિધ્ધી હાંસલ કરેલ છે.

છેલ્લાં કેટલાક સમયથી દેશમાં મોંઘવારીએ કાળો કેર વર્તાવ્યો છે જેના પરિણામે શહેરમાં વસતા ગરીબ ઉપરાંત સામાન્ય મધ્યમ વર્ગના માનવીને પણ બે ટંકનો રોટલો મેળવવો કપરૂ બન્યું છે. આ સંજોગોમાં આવનારા નાણાંકીય ૨૦૧૦-૧૧ ના વર્ષમાં શહેરના નગરજનો ઉપર કોઈપણ પ્રકારનો નવો કરબોજ નાંખ્યા સિવાય

વિકાસની આ સફળ યાત્રાને વધુ વેગવંતી અને વધુ સવલતો આપનારી બનાવવાની ભારતીય જનતા પાર્ટીના શાસકોએ નેમ લીધી છે. જે અંતર્ગત નિયમિત કરદાતાઓ માટે ટેકસ રીબેટની યોજના, સેવાકીય સંસ્થાઓ માટે કર રાહત, કોર્પોરેશનના કાર્યોમાં કોમ્પ્યુટરાઈઝેશન દ્વારા પારદર્શક વહીવટ, શહેરની સ્વચ્છતામાં સુધારો કરવા માટે ડોર ટુ ડમ્પીંગની યોજના, નવી ચાલીઓના રજીસ્ટ્રેશન દ્વારા ગરીબોને સુવિધા તેમજ ખાનગી સોસાયટીઓમાં મામુલી ચાર્જ લઈ ડ્રેનેજ  લાઈનો ડીસીલ્ટીંગ કરવાના કામો હાથ ધરવામાં આવશે.

આ કાર્યો ઉપરાંત બેનમુન ટાઉનહોલની સુધારણા, શહેરની જનરલ હોસ્પિટલ માટે એમ્બાલ્બીંગ સર્ટીફીકેટ તેમજ પોસ્ટ મોર્ટમ કરવાની વધારાની સુવિધાઓ, તમામ ધર્મોના અંતિમધામોમાં સ્ટ્રીટ લાઈટની સુવિધાઓ ઉપરાંત કોર્પોરેશનના રોજબરોજના કાર્યો સરળતાથી થઈ શકે તે માટે આધુનિક ટેકનોલોજી તથા સાધનો અને વાહનોની ખરીદી જેવા અનેકવિધ કાર્યો શરૂ કરી શહેરને સફળતાની  ટોચ ઉપર બિરાજમાન કરવાનો સંકલ્પ કર્યો છે. આવનારા દિવસોમાં અમદાવાદ શહેર જ્યારે પોતાની સ્થાપનાના ૬૦૦ વર્ષ પૂર્ણ કરી રહ્યું છે તથા ગુજરાત રાજ્ય તેની સ્થાપનાના ૫૦ વર્ષ પુરા કરી રહ્યું છે ત્યારે  વિશ્વના નકશામાં અમદાવાદ શહેરને ગૌરવભર્યું સ્થાન અપાવવા આગામી વર્ષમાં નક્કી કરેલા તમામ કાર્યો નિષ્ઠાપૂર્વક ઝડપભેર પૂર્ણ કરવાના સ્વર્ણિમ સંકલ્પ સાથે વર્ષ ૨૦૧૦-૧૧ નું અંદાજપત્ર આ સાથે રજુ કરવામાં આવે છે.

**(૧) મિલકત વેરામાં બિનરહેઠાણની મિલકતો માટેના વાર્ષિક દરમાં સુચવેલ વધારો નાબુદ**

ઠરાવ કર્યો કે વર્ષ ૨૦૧૦-૧૧ ના વર્ષ માટે મ્યુ.કમિ.શ્રીએ રજુ કરેલ ડ્રાફટ અંદાજપત્રમાં બિનરહેઠાણની મિલકતો માટેનો દર પ્રતિ ચો.મી. પ્રતિ વર્ષ રૂા.૨૬/- લેવાનું સુચવેલ છે. ભારતવર્ષમાં કયારેય ન વધી હોય તેવી કારમી મોંઘવારીને કારણે શહેરના સામાન્ય નાગરિક માટે જીવન જીવવું અત્યંત કપરૂ બન્યું છે. પ્રવર્તમાન સંજોગોમાં શહેરના નાગરિકો ઉપર ટેક્ષનું આ ભારણ વધારવું વ્યવહારૂ જણાતું નથી. જેથી બિનરહેઠાણની મિલકતો માટેના પ્રવર્તમાન વાર્ષિક દર યથાવત રાખવામાં આવે છે. સદરહુ ઘટાડાને કારણે રૂા.૫૦ કરોડના આવકમાં થનાર ઘટાડાને પ્રોપર્ટી ટેક્ષની જૂની ફોર્મ્યુલાના કરોડો રૂપિયાના બાકી ટેક્ષની વસુલાતની સઘન ઝુંબેશ કરીને સદરહુ આવક મેળવવાનું ઠરાવવામાં આવે છે.

**(૨) નિયમિત કરદાતાઓને એડવાન્સ ટેક્ષમાં રીબેટની સવલત**

ઠરાવ કર્યો કે મ્યુ.કોર્પોરેશનના કરદાતાઓને પ્રોપર્ટી ટેક્ષની જુની તેમજ નવી પધ્ધતિ મુજબનો ટેક્ષ ભરપાઈ કરવા માટે વખતોવખત જુદી જુદી સ્કીમો અમલમાં મૂકી ટેક્ષ વસુલ કરવામાં આવે છે. આ જોતાં કોર્પોરેશનનો ટેક્ષ નિયમિતપણે સમયસર ભરતા કરદાતાઓને ન્યાય આપવો આ તબક્કે ઉચિત જણાય છે. જેથી ૧ એપ્રિલ થી ૩૦ એપ્રિલ-૨૦૧૦ સુધીમાં એડવાન્સ ટેક્ષ ભરનાર કરદાતાને ચાલુ વર્ષની પ્રોપર્ટી ટેકસની રકમ ઉપર ૧૦ ટકા રીબેટ આપવાનું ઠરાવવામાં આવે છે. (એપ્રિલ તા.૩૦ પહેલા જૂના બીલ ઉપરથી નવા વર્ષનો ટેક્ષ)

**(૩) મ્યુ.કોર્પો. બિલ્ડીંગોમાં આવેલ ટ્રસ્ટ હોસ્પિટલોના મિલકતવેરામાં રીબેટ**

ઠરાવ કર્યો કે શહેરના ગરીબ-મધ્યમવર્ગના નગરજનોને તબીબી સેવાઓ નજીવા દરે મળી રહે એ હેતુસર કોર્પોરેશન દ્વારા કેટલીક જાહેર સેવાકીય સંસ્થાઓ અને ચેરીટેબલ ટ્રસ્ટને નજીવા દરે તબીબી સેવાઓ આપવા જરૂરી કરાર કરી પોતાના બિલ્ડીંગ વપરાશ અર્થે આપવામાં આવેલ છે. આ સેવાકીય સંસ્થાઓ અત્યંત નીચા દરે દરિદ્રનારાયણની સેવા કરતી હોવાના પરિણામે મ્યુ.કોર્પોરેશન દ્વારા પ્રોપર્ટી ટેક્ષની નવી ફોર્મ્યુલા અંતર્ગત તબીબી સેવાઓ માટે લેવામાં આવતા ટેક્ષનું પરિબળ (**F-3**) એ (**7**) હોવાને પરિણામે સદરહુ સંસ્થાઓને અત્યંત ભારે આર્થિક બોજો સહન કરવો પડે છે. ટેક્ષનું આ ભારણ ઘટાડવા આ ટ્રસ્ટો તરફથી અવારનવાર વિનંતી કરવામાં આવે છે. નાગરિકોને અપાતી આ સેવા સાચા અર્થમાં ઉમદા સેવાકીય કાર્ય હોઈ આ પ્રકારના બિલ્ડીંગોમાં સેવા આપતી સંસ્થાનું ટ્રસ્ટ રજીસ્ટર્ડ હોય, નિયમિતપણ ઓડીટ

કરાવતા હોય તથા કોર્પોરેશને નકકી કર્યા મુજબનો કરાર કરે તેમજ તેમનો વર્ષ ૨૦૦૯-૧૦ સુધીનો મિલકત વેરો જો સંપૂર્ણપણે ભરપાઈ કરેલ હોય તો તેવી સંસ્થાઓને ૨૦૧૦-૨૦૧૧ ના નાણાંકીય વર્ષમાં પ્રોપર્ટી ટેક્ષમાં ૪૦ % રીબેટ આપવાનું ઠરાવવામાં આવે છે.

**(૪) ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચલાવવામાં આવતા ફીઝીયોથેરાપી સેન્ટરના મિલકતવેરામાં રીબેટ**

ઠરાવ કર્યો કે શહેરમાં આવેલ કેટલીક એન.જી.ઓ. સામાજિક સંસ્થાઓ દ્વારા ચેરીટેબલ ટ્રસ્ટનું નિર્માણ કરી નજીવા દરે અત્યાધુનિક સાધનોનો ઉપયોગ કરી ફીઝીયોથેરાપી સેન્ટર દ્વારા દરિદ્રનારાયણની સેવા કરવામાં આવે છે. મ્યુ.કોર્પોરેશનના ટેક્ષની મિલકત વેરાની આકારણીની નવી પધ્ધતિ મુજબ આ પ્રકારની સેવાકીય પ્રવૃત્તિઓમાં લાગતા મિલકતવેરામાં પરિબળ (**F-3**) એટલે કે (**7**) રાખવામાં આવેલ હોઈ, તેનો આર્થિક બોજો ઘણાં મોટા પ્રમાણમાં રહે છે. આ પ્રકારની સેવાકીય સંસ્થાઓમાં સેવાકીય અભિગમને ધ્યાનમાં લઈ આ સંસ્થાઓએ જે તે વર્ષ ૨૦૦૯-૧૦ સુધીનો મિલકત વેરો સંપૂર્ણપણે ભરપાઈ કરેલ હોય તથા આ સંસ્થાઓ મ્યુ.કોર્પોરેશનના દરોની મર્યાદામાં રાહતથી નિદાન તેમજ સારવાર કરતી હોય તો આ પ્રકારની સંસ્થાઓને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષના પ્રોપર્ટી ટેક્ષમાં ૪૦ % રીબેટ આપવાનું ઠરાવવામાં આવે છે.

**(૫) સમગ્ર શહેરમાં "ડોર ટુ ડમ્પીંગ" પધ્ધતિ દાખલ કરવાનું આયોજન.**

ઠરાવ કર્યો કે અમદાવાદ મ્યુ.કોર્પો. દ્વારા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટમાં 'નિર્મળ ગુજરાત' કાર્યક્રમ અન્વયે ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન સીસ્ટમનો અમલ કરવામાં આવી રહયો છે. છેલ્લા કેટલાંક વર્ષોથી અમલમાં આવેલ આ પધ્ધતિમાં અનેક વિસંગતતાઓ તેમજ જે તે કોન્ટ્રાકટરોના કામો અંગેની અનેક ફરિયાદો ઉઠવા પામી છે. મ્યુ.કોર્પો.ના તંત્ર દ્વારા આ ફરિયાદોનું અવારનવાર નિરાકરણ કરવામાં આવે છે તથા હયાત સીસ્ટમમાં સુધારા અંગેના અનેક પગલાં ભરવામાં આવ્યા છે. શહેરમાં સ્વચ્છતાનું ધોરણ ઉંચું લઈ જઈ શકાય તે માટે અનેક નિષ્ણાંતોના અભિપ્રાયના અંતે સૂરત ખાતે છેલ્લાં કેટલાંક સમયથી ચાલતી ડોર ટુ ડમ્પીંગ સીસ્ટમનો ખાતા દ્વારા ઝીણવટભર્યો અભ્યાસ કરી તેનો શહેરના વેજલપુર વોર્ડમાં અમલ કરવાની શરૂઆત કરવામાં આવી. આ પ્રયોગ સફળ જણાતાં શહેરના અન્ય પાંચ ઝોનમાં પણ આ કામગીરીનો પ્રાયોગિક ધોરણે અમલ શરૂ કરવામાં આવ્યો છે જેના ખૂબ જ સારા પરિણામો જણાયા છે. આ બાબતને ધ્યાને લઈ શહેરના થતા ઝડપભેર વિકાસની સાથે સાથે શહેરનું સફાઈનું ઉચ્ચ ધોરણ જળવાઈ રહે તે હેતુસર ડોર ટુ ડમ્પીંગની જી.પી.એસ. સહિતની ફુલપ્રુફ સીસ્ટમ દાખલ કરવા અને તેનો ઝડપભેર

અમલ કરવાનું ઠરાવવામાં આવે છે અને આ અંગેની જરૂરી તમામ આનુષાંગિક કાર્યવાહી તાકીદે પૂર્ણ કરી નિર્ણય અર્થે સ્ટેન્ડીંગ કમિટી સમક્ષ લાવવા મ્યુનિસિપલ કમિશનરશ્રીને વિનંતી કરવામાં આવે છે.

**(૬) ખાનગી સોસાયટીઓમાં ડીસીલ્ટીંગની સુવિધા.**

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરમાં આવેલ ખાનગી સોસાયટીઓમાં અવાર નવાર સીલ્ટેડ મેનહોલ તથા ડ્રેનેજ લાઈનો સાફ કરવા માટે જે તે સોસાયટીઓની માંગણીઓ આવે છે. મ્યુ. કોર્પોરેશન દ્વારા માત્ર ટી.પી. રસ્તાઓ ઉપરની ડ્રેનેજ લાઈનો સાફ કરવામાં આવે છે પરંતુ ખાનગી સોસાયટીના રસ્તાઓની ડ્રેનેજ લાઈનો સાફ કરવાની નીતિ હાલમાં નથી. આ બાબતને ધ્યાને લઈ શહેરની ખાનગી સોસાયટીઓમાં સોસાયટીની માંગણી આવ્યે સોસાયટીના ખુલ્લા રસ્તા ઉપરનાં મેનહોલ/ચેમ્બરનું ડીસીલ્ટીંગ પ્રતિ મેનહોલ તથા પ્રતિ ચેમ્બરદીઠ રૂા.૨૦૦/- ચાર્જ તરીકે વસુલ કરી સફાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.

**(૭) કોર્પોરેશનની ભાડે આપેલી મિલ્કતોને ૯૯ વર્ષ માટે લીઝ પધ્ધતિથી આપવા અંગે.**

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરના જુદા જુદા વિસ્તારો જેવાં કે મધ્યઝોન, પૂર્વઝોન, પશ્ચિમઝોન, ઉત્તરઝોન, દક્ષિણઝોનમાં કોર્પોરેશનની માલિકીની એસ્ટેટ વિભાગ હસ્તકની આશરે ૪૦૦૦ જેટલી બિનરહેણાંકની કોમર્શીયલ પ્રોપર્ટીઓ જેવી કે દૂકાનો, મીનીસ્ટોલ્સ, ગોડાઉન તેમજ ફેકટરીઓ આવેલ છે. તેમાંની મોટા ભાગની પ્રોપર્ટી જે તે સમયે એસ્ટેટ રેન્ટ વિભાગેથી ભાડે આપવામાં આવેલ છે. હાલમાં સદર પ્રોપર્ટીનું ભાડું જોતાં ઘણું નોમિનલ છે. વધુમાં સદરહું મિલ્કતોના કબજેદાર / ભાડુઆત અત્રેના વિભાગનો સંપર્ક કરી સદરહુ મિલ્કતો લેવા અંગે રજુઆત કરતા હોય છે. આ સંજોગોમાં જો સદરહુ મિલ્કતો લીઝથી આપવામાં આવે તો મ્યુનિ.કોર્પો.ને તેની આવક થાય, તદ્ઉપરાંત વનટાઈમ પ્રિમિયમ લેવામાં આવે તો ભાડુ ઉઘરાવવા અંગે થતો વહીવટી ખર્ચ તથા સ્ટાફ અંગેનો એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ ઘટાડી શકાય. આ માટે મ્યુનિ.કોર્પો.ની એસ્ટેટ વિભાગ હસ્તકની કોમર્શીયલ(બિનરહેણાંક) મિલ્કતો વનટાઈમ પ્રિમિયમ લઈ ૯૯ વર્ષના લીઝ પર ભાડાપટ્ટેથી આપવાની નીતિ બનાવવા અંગેનું કામ સ્ટે.કમિટી સમક્ષ લાવવાનું ઠરાવવામાં આવે છે.

**(૮) અંતિમધામોમાં સ્ટ્રીટલાઇટની સુવિધા**

ઠરાવ કર્યો કે શહેરના જુદા જુદા વિસ્તારોમાં આવેલ મ્યુ. સ્મશાનગૃહોમાં રાત્રી દરમ્યાન લાઈટની સુવિધા આપવામાં આવે છે. પરંતુ, અન્ય ધર્મોના જાહેર ઉપયોગમાં લેવાતા અંતિમધામો ખાનગી

માલિકીના હોવાના પરિણામે લાઈટની સુવિધાઓ પૂરતા પ્રમાણમાં આપવામાં મુશ્કેલી પડે છે. આ સ્થાનો ઉપર રાત્રીના સમયે સ્ટ્રીટલાઈટો હોવી અત્યંત જરૂરી છે. આથી શહેરમાં આવેલ તમામ અંતિમધામોમાં જરૂરી સ્ટ્રીટલાઈટની સુવિધા આપવાનું ઠરાવવામાં આવે છે. આ કાર્ય માટે શકય હોય તો સોલર સીસ્ટમનો પણ ઉપયોગ કરી સુવિધા આપવાનું ઠરાવવામાં આવે છે. જે અંગે રૂા. ૩૦ લાખ ની જોગવાઈ કરવામાં આવે છે.

**(૯) શહેરની નોન રજીસ્ટર્ડ ચાલીઓમાં પ્રાથમિક સુવિધાઓ આપવાનું આયોજન**

ઠરાવ કર્યો કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં આવેલ લગભગ મોટાભાગના ચાલી, છાપરા, વિસ્તારોમાં ગટર, પાણી, લાઈટ, પત્થર પેવિંગની સુવિધાઓ પૂર્ણ કરવામાં આવી છે. આજે શહેરમાં વસતો પ્રત્યેક ગરીબ નાગરિક પોતાના વિસ્તારમાં થયેલ સુવિધાના આ કામો પ્રત્યે સંતોષની લાગણી અનુભવી રહયો છે. શહેરના ઝીણવટભર્યા અભ્યાસના અંતે એમ માલુમ પડેલ છે કે હજી પણ કેટલાંક વિસ્તારોમાં આવેલ ચાલી તથા ઝૂંપડપટ્ટીઓ કોર્પોરેશનનાં રેકર્ડમાં રજીસ્ટર્ડ નહિં થયેલ હોવાના પરિણામે તેમાં ઉપરોકત સુવિધાઓ પૂરી પાડી શકાઈ નથી. આ બાબત ધ્યાનમાં લઈ શહેરમાં આવેલી તમામ નોંન રજીસ્ટર્ડ ચાલીઓ તેમજ ઝૂંપડપટ્ટીઓનો ઝોનવાઈઝ વિગતવાર સર્વે કરી નોંધણી બાબતની જરૂરી મંજુરી સ્ટે.કમિટીમાંથી મેળવી સામાન્ય બજેટમાંથી હાલમાં રજીસ્ટર્ડ ચાલીઓ તેમજ ઝૂંપડપટ્ટીઓમાં અપાતી તમામ સુવિધાઓ નવી રજીસ્ટર્ડ થયેલ ચાલીઓમાં આપવાનું ઠરાવવામાં આવે છે. આ કામ ઝડપભેર હાથ ધરવા મ્યુ.કમિ.શ્રીને વિનંતી કરવામાં આવે છે.

**(૧૦) શાહીબાગ અન્ડરપાસમાં વધારાના આર્મની જોગવાઈ**

ઠરાવ કર્યો કે શાહીબાગ અન્ડરપાસ પાસે પીકઅવર્સમાં ટ્રાફીકની પુષ્કળ સમસ્યા થાય છે. ઘણીવાર કલાકો સુધી ટ્રાફીક જામ થાય છે. આ ટ્રાફીકનું ભારણ ઓછું કરવા માટે સુભાષબ્રિજ તરફથી શાહીબાગ અન્ડરપાસ તરફ જતા રસ્તા પર અન્ડરપાસનો એક વધારાનો આર્મ ઉતારવો અત્યંત જરૂરી જણાય છે. આ વધારાનો આર્મ થવાથી એરપોર્ટ તરફ જતા ટ્રાફીકની સમસ્યા ખૂબ જ હળવી થશે. આ અન્ડરપાસના કામ માટે રૂા. ૩ કરોડ ફાળવવામાં આવે છે.

**(૧૧) નવરંગપુરા ખાતેના સ્નાનાગારનો સામાન્ય બાલ સ્નાનાગાર તરીકેનો ઉપયોગ**

ઠરાવ કર્યો કે શહેરના નવરંગપુરા વોર્ડ ખાતે આવેલ બાલ સ્નાનાગાર હાલમાં માત્ર ફીઝીકલી ડીસએબલ્ડ બાળકો માટે ઉપયોગમાં લેવામાં આવે છે. આ સ્નાનાગારનું હાલ તે સ્થળે આવેલ ફીઝીયોથેરાપી સેન્ટર દ્વારા સંચાલન કરવામાં આવે છે. જેનો દિવસ દરમ્યાન ખૂબ જ અલ્પ સમય માટે ઉપયોગ થતો હોઈ, મોટા ભાગના સમયમાં આ સ્નાનાગાર બિનવપરાશી હાલતમાં પડી રહે છે. આ સ્નાનાગારનો આસપાસના વિસ્તારના બાળકો દ્વારા બહોળા પ્રમાણમાં ઉપયોગ થાય તે અત્યંત આવશ્યક છે. જે બાબત ધ્યાનમાં લઈ ફીઝીયોથેરાપી સેન્ટરના આયોજકો સાથે ચર્ચા-વિચારણા કરી ફીઝીકલી ડીસએબલ્ડ બાળકો માટે જરૂરી યોગ્ય સમય ફાળવી અન્ય સમય દરમ્યાન વિસ્તારના બાળકો આ સ્નાનાગારનો ઉપયોગ કરી શકે તે મુજબની કાર્યવાહી કરવા તેમજ આ સ્નાનાગારનું સંચાલન મ્યુ.કોર્પો.કરે તેમ કરવાનું ઠરાવવામાં આવે છે.

**(૧૨) વા.સા.હોસ્પિટલ ખાતે એમ્બાલ્બીંગ સર્ટીફીકેટ આપવાની સુવિધા**

ઠરાવ કર્યો કે શહેરમાં આવેલ વા.સા.હોસ્પિટલમાં એક યા બીજા કારણોસર મૃત્યુ પામેલ વ્યકિતનો મૃતદેહ બીજા શહેરમાં કે પરદેશમાં મોકલવાના સંજોગો ઉભા થાય તેવા સમયે મૃતદેહ યથાવત પરિસ્થિતિમાં તેમજ દૂર્ગંધરહિત રહે એ માટે મૃતદેહમાં ''એમ્બાલ્બીંગ'' ટેકનીક દ્વારા તેનું પ્રિઝર્વેશન કરવું અત્યંત જરૂરી બને છે. હાલમાં વા.સા.હોસ્પિટલમાં આ પ્રકારની સુવિધા ઉપલબ્ધ નથી જેના પરિણામે નાગરિકોએ અતિશય ઉંચી રકમ ચૂકવી જે તે ખાનગી પ્રેકટીસ કરતા ડૉકટર પાસેથી સર્ટીફીકેટ મેળવવું પડે છે. વા.સા.હોસ્પિટલમાં આ પ્રકારની સુવિધા શરૂ કરવા માટે સરકારશ્રીના ફોરેન્સીક ડીપાર્ટમેન્ટ તથા જે તે સક્ષમ સત્તાની મંજુરી મેળવી વા.સા.હોસ્પિટલના ફોરેન્સીક ડીપાર્ટમેન્ટ દ્વારા એમ્બાલ્બીંગ ટેકનીક શરૂ કરવા અંગે જરૂરી તમામ પ્રકારની આનુસાંગિક કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

**(૧૩) શેઠ વાડીલાલ સારાભાઇ જનરલ હોસ્પિટલ ખાતે સ્ટેમ્સ સેલ થેરાપી માટે નવું સેન્ટર**

ઠરાવ કર્યો કે વિશ્વ આરોગ્ય ક્ષેત્રે રોજે રોજ નવી નવી રીસર્ચ થઈ રહેલ છે. જેમાં હાલમાં સ્ટેમ્સ સેલ થેરાપી ખૂબ જ પ્રચલિત થઈ છે. વિકસિત દેશોમાં આ થેરાપીનો લાભ દર્દીઓને મળી રહેલ છે. જ્યારે વિકાસશીલ દેશોમાં આ લાભ હજુ સુધી દર્દીઓને મળી રહેલ નથી. ભારત દેશમાં પણ આ સ્ટેમ્સ સેલ થેરાપીની સેવાઓ દર્દીઓને મળી રહે તે હેતુથી અન્ય શહેરોની હોસ્પિટલો જેવી કે એઈમ્સ - દિલ્હી તથા

સીએમસી-વેલ્લોરમાં આ સુવિધા ઉભી કરવામાં આવી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત હોસ્પિટલોમાં આ સુવિધા ઉપલબ્ધ નથી. ચામડીના રોગો, હાડકાના રોગો, એલર્જી, ટ્રાન્સપ્લાન્ટેશન, સર્જરી, લકવા, જ્ઞાનતંતુના રોગો, ઈન્ફર્ટીલીટી માટે આ સ્ટેમ્સ સેલ થેરાપી અકસીર ઈલાજ છે. અમદાવાદ શહેર તેમજ ગુજરાત રાજયના અન્ય શહેરોમાંથી અત્રેની હોસ્પિટલમાં આવતા દર્દીઓને સ્ટેમ્સ સેલ થેરાપીની સારવાર મળી રહે તે હેતુથી હોસ્પિટલમાં સ્ટેમ્સ સેલ થેરાપીની સારવાર માટે સુવિધાઓ ઉભી કરવી જરૂરી છે. આ માટે હોસ્પિટલમાં ટીસ્યુટાઈપીંગ લેબ અને ઈમ્યુનો લેબની સ્થાપના કરવાની થાય છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત હોસ્પિટલોમાં આ સ્ટેમ્સ સેલ થેરાપી માટે લેબોરેટરી ઉભી કરવા ''ડિપાર્ટમેન્ટ ઓફ મોલેક્યુલર બાયોલોજી'' એન.એચ.એલ. મેડીકલ કોલેજ ખાતે શરૂ કરવાની અત્યંત જરૂર છે. જે અંગે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રકચર અને સાધનો માટે બજેટમાં રૂા. ૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવે છે.

**(૧૪) એલ. જી. હોસ્પિટલ ખાતે નવું પોસ્ટ મોર્ટમ યુનિટ શરૂ કરવા આયોજન.**

ઠરાવ કર્યો કે શહેરના કોઈપણ વિસ્તારમાં અકસ્માત દ્વારા વ્યકિતનું સ્થળ ઉપર અથવા હોસ્પિટલમાં મૃત્યુ થાય ત્યારબાદ તેનું મૃત્યુનું કારણ જાણવા મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવવું કાયદાકીય રીતે ફરજીયાત બને છે. અમદાવાદ શહેરમાં હાલમાં શહેરના નદીના પશ્ચિમ વિભાગમાં બનતા આ પ્રકારના બનાવો મૃતદેહનું પોસ્ટમોર્ટમ શેઠ વા.સા.હોસ્પિટલમાં કરવામાં આવે છે. જયારે પૂર્વ વિસ્તારમાં બનતા આ પ્રકારના મૃતદેહોનું પોસ્ટમોર્ટમ સિવિલ હોસ્પિટલમાં કરવામાં આવે છે. અમદાવાદ શહેરનો વિસ્તાર ૧૮૨ ચો.કિ.મી.થી ૪૬૬ ચો.કિ.મી. થવા પામ્યો છે. વિસ્તારના વિકાસને ધ્યાનમાં લઈ તેમજ મણિનગર વિસ્તારના એલ.જી.હોસ્પિટલમાં શરૂ થયેલ મેડીકલ કોલેજને લક્ષમાં લઈ એલ.જી.હોસ્પિટલ ખાતે એમ્બાલ્બીંગની સુવિધા સહિત નવું પોસ્ટમોર્ટમ યુનીટ શરૂ કરવા સરકારમાંથી જરૂરી વિધિસરની કાર્યવાહી કરી મંજુરી મેળવવાનું ઠરાવવામાં આવે છે.

**(૧૫) ફાઈલોનું સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝેશન**

ઠરાવ કર્યો કે ''સ્વર્ણિમ ગુજરાત''ના કાર્યક્રમ અંતર્ગત અમદાવાદ મ્યુ.કોર્પોરેશન હદમાં આવેલ જૂના તેમજ નવા તમામ વોર્ડમાં સિવિક સેન્ટરો ઉભા કરવાનું કામ ઝડપભેર ચાલી રહયું છે. જે પૈકી આજદિન સુધીમાં શહેરના ૨૬ વોર્ડોમાં સિવિક સેન્ટરો શરૂ થઈ ચૂકયા છે. મ્યુ.કોર્પો.ના તંત્રમાં

કરોડો રૂપિયાના ખર્ચે થતા કામોની ફાઈલો જે વોર્ડ લેવલથી શરૂ કરવામાં આવે છે જેમાં કોમ્પ્યુટરાઈઝેશનમાં અભાવના કારણે તેનું એક યા બીજા ખાતાઓ સાથે સંકલન જળવાતું નથી તેમજ ટેન્ડરોના ભાવમાં પણ ઘણી વિસંગતતાઓ જોવા મળે છે. તદ્ઉપરાંત જે તે કામના કોન્ટ્રાકટરના બીલના પેમેન્ટ સમયે તેની જવાબદારી, સમયમર્યાદા વિગેરેનો પ્રથમ દ્રષ્ટિએ ટ્રેક મળતો નથી. આ તમામ બાબતોને ધ્યાનમાં લઈ આવનારા દિવસોમાં કોર્પો.માં કરવામાં આવતા કામોની તમામ ફાઈલો માટે કોર્પો.નું સર્વસામાન્ય સોફટવેર તૈયાર કરી અને તેના દ્વારા જ ફાઈલોનું સંચાલન તેમજ નિયમન કરવાનું ઠરાવવામાં આવે છે. આ અંગે જરૂરી સોફટવેર તૈયાર કરી તેનો ઝડપી અમલ કરવાનું ઠરાવવામાં આવે છે.

**(૧૬) કોર્પોરેશનના તમામ ઠરાવોનું ડીઝીટલ સ્કેનીંગ તેમજ કોમ્પ્યુટરાઇઝેશન**

ઠરાવ કર્યો કે અ.મ્યુ.કોર્પો.ની વિવિધ કમિટીઓ, સ્ટેન્ડીંગ કમિટી તેમજ મ્યુ.બોર્ડના થયેલ ઠરાવોનો આજદિન સુધીનો રેકર્ડ મ્યુ.કોર્પો.ની સેક્રેટરી ઓફીસ દ્વારા સુવ્યવસ્થિત રીતે જાળવવામાં આવ્યો છે. આ રેકર્ડની જાળવણી અત્યંત મહત્વની છે. અનેક વર્ષો વીતી ગયા હોવાને કારણે જૂના વર્ષોના રેકર્ડના પાનાં અત્યંત જર્જરીત થઈ ગયેલ હોવાથી આ તમામ રેકર્ડની જાળવણી ડીઝીટલ સ્કેનીંગ દ્વારા સુવ્યવસ્થિત રાખવી અત્યંત આવશ્યક છે. આ બાબતને ધ્યાને લઈ આજદિન સુધીના તમામ પ્રકારના રેકર્ડનું જરૂરી સોફટવેર વિકસાવી ડીઝીટલ સ્કેનીંગ કોમ્પ્યુટરાઈઝેશન કરાવવાના સ્ટેન્ડીંગ કમિટી ઠ.નં.૧૦૧૨ તા.૧૨-૧૧-૨૦૦૯ ના અનુસંધાને સદરહુ કામગીરી અર્થે રૂા. ૫૦ લાખ ફાળવવામાં આવે છે.

**(૧૭) ઝોન ફેરફારના સરળીકરણ દ્વારા નાગરિકોને રાહત**

ઠરાવ કર્યો કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વિસ્તારમાં જે તે વિસ્તારના વિકાસ તથા જરૂરીયાત ધ્યાનમાં લઈ ટી.પી.સ્કીમનું પ્લાનીંગ કરવામાં આવેલ છે. ટી.પી.સ્કીમ અંતર્ગત યોગ્ય પહોળાઈના જુદા જુદા રસ્તાઓ, ગાર્ડન, સ્કુલ, પ્લે-ગ્રાઉન્ડ, ઈ.ડબલ્યુ.એસ.એચ., નેબરહુડ એન્ડ સિવિક સેન્ટર, વિગેરે જાહેર હેતુ માટેના પ્લોટો રાખવામાં આવેલ છે. સને ૧૯૯૭ માં અ.મ્યુ.કો. દ્વારા તૈયાર કરવામાં આવેલ પુનરાવર્તિત વિકાસ નકશામાં ટી.પી.સ્કીમ (રોડ નેટવર્ક તથા જાહેર હેતુના પ્લોટો)ના અભાવે શહેરનો વિકાસ અટકી ન પડે તે માટે પુનરાવર્તિત વિકાસ નકશાની દરખાસ્ત તૈયાર કરી નામ.રાજય સરકારશ્રીની મંજુરી માટે સાદર કરવામાં આવેલ. સદર દરખાસ્ત નામ.રાજય સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૦૨ થી મંજુર

કરી અમલમાં આવેલ છે. ટી.પી.સ્કીમ અંતર્ગત નિયમ મુજબ કપાત થયેલ હોવા છતાં પુનરાવર્તિત વિકાસ નકશામાં મુકવામાં આવેલ ઝોનને લીધે જી.ડી.સી.આર.ના કલોઝ નં.૩૨ (યુઝ ઝોન ટેબલ) મુજબ મર્યાદિત હેતુ માટે જ વિકાસ પરવાનગી મળે છે. પરિણામે વિસ્તારનો વિકાસ રૂંધાય છે અને અસરકર્તા નાગરિકોને ઝોનફેર બાબતે અનેક ગુંચવાડાભરી વહીવટી પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. આ બાબતના નિરાકરણ માટે પુનરાવર્તિત નકશામાં જયાં જયાં ગાર્ડન અને ઓપનસ્પેસ, રીક્રીએશન ઝોન, એજયુકેશન ઝોન, ટી.એન.પરપઝ, હેલ્થ પરપઝ, મલ્ટીપર્પઝ ઝોન વિગેરેનો મર્યાદિત ઉપયોગ છે તેના બદલે જે તે ટી.પી.સ્કીમમાં તેની આસપાસમાં જે ઉપયોગ મળવાપાત્ર હોય તે મુજબ ફેરફાર કરવા અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળને વિગતવાર દરખાસ્ત રજુ કરવાનું ઠરાવવામાં આવે છે.

**(૧૮) શહેરના તમામ સીવીક સેન્ટર ઉપર વધુ સમય સેવા આપવાનું આયોજન**

ઠરાવ કર્યો કે ઈગવર્નન્સ હેઠળ શહેરના તમામ વોર્ડને આવરી લેવાના કરેલ નિર્ણય અંતર્ગત ૨૬ વોર્ડમાં સીવીક સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે અને અન્ય વોર્ડમાં આ સુવિધા ફાળવવાની કામગીરી ઝડપભેર હાથ ધરવામાં આવી છે. જેથી ખૂબ જ ટુંકા સમયમાં શહેરના તમામ વોર્ડમાં આવેલ સીવીક સેન્ટર કાર્યાન્વિત થશે. આ સીવીક સેન્ટરની સુવિધા સમગ્ર દિવસ દરમ્યાન મળી રહે અને નોકરીયાત વર્ગને પણ વહેલી સવારથી મોડી રાત સુધી આ સવલત પ્રાપ્ત થઇ શકે તે હેતુથી આવનારા નાણાંકીય વર્ષથી શહેરનાં તમામ સીવીક સેન્ટર સવારના ૯-૦૦ થી રાતના ૮-૦૦ સુધી ચાલુ રાખવાનું ઠરાવવામાં આવે છે. આ અંગેની જરૂરી વ્યવસ્થા તાકીદે ગોઠવવા મ્યુ. કમિ.શ્રીને વિનંતી કરવામાં આવે છે.

**(૧૯) શહેરની સ્થાપનાના ૬૦૦ વર્ષની ઉજવણી**

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેર તેની સ્થાપનાના ૬૦૦ વર્ષ પુરા કરી રહ્યું છે. છેલ્લા પાંચ-સાત વર્ષોમાં રાજ્યના મુખ્યમંત્રી માન. શ્રી નરેન્દ્રભાઈએ શરૂ કરેલ પ્રગતિના આ કામોના પરિણામે સાબરમતી રીવરફ્રન્ટ, કાંકરીયા લેઈકફ્રન્ટ ડેવલપમેન્ટ, બી.આર.ટી.એસ.(જનમાર્ગ) જેવા પ્રોજેકટ્સ તથા અનેકવિધ સુવિધાઓ જેવી કે સ્પોર્ટસ કોમ્પલેક્સ, નવા જીમ્નેશીયમ, બાગ-બગીચાઓ, અર્બન હેલ્થ સેન્ટર ઉભા કરી શહેરનો ચોમેર જબરજસ્ત વિકાસ કર્યો છે. ગુજરાત રાજ્ય જ્યારે તેના ૫૦ વર્ષ પુરા કરી ''સ્વર્ણિમ જયંતિ'' ઉજવી રહ્યું છે ત્યારે અમદાવાદ શહેર પણ તેના ૬૦૦ વર્ષ પૂર્ણ કરવાનો ગૌરવ અનુભવી રહ્યુ છે. આ પ્રસંગને યાદગાર બનાવવા તેની ૬૦૦ વર્ષની ઉજવણી કરવાનું ઠરાવવામાં આવે છે. આ પ્રસંગની ઉજવણી કરવા માટે રૂા. ૫૦ લાખ ફાળવવામાં આવે છે.

**(૨૦) એડીશનલ મ્યુનિસિપલ કમિશનરશ્રી અંગેની દરખાસ્ત**

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરમાં નાગરિકોએ સામાન્ય સુવિધાઓને લગતા કાર્યો ઉપરાંત અનેક પ્રકારના મોટા પ્રોજેકટસ જેવા કે સાબરમતી રીવરફ્રન્ટ, જનમાર્ગ, કાંકરિયા લેકફ્રન્ટ ડેવલપમેન્ટ, તળાવોનો વિકાસ, ફ્લાય ઓવર બ્રિજ, અન્ડરબ્રિજ, સ્પોર્ટસ કોમ્પલેક્ષ, સ્વિમીંગ પુલો, કોમ્યુનિટી હોલ, અર્બન હેલ્થ સેન્ટરો, જુના તેમજ નવા વિસ્તારોમાં નાંખવામાં આવતી ડ્રેનેજ લાઇનો, સ્ટ્રોમ વોટર લાઇનો, પાણીની લાઇનો, વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનો, ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશનો, નવા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, લેન્ડફીલ સાઇટ, પાવર જનરેશન પ્લાન્ટ આ તમામ પ્રોજેકટસની દરખાસ્તથી શરૂ થઇ તેનું નાણાંકીય આયોજન, ટેન્ડરની પ્રક્રિયા, કામ શરૂ થયા બાદ સ્થળ ઉપરનું સતત મોનીટરીંગ, ચાલુ કામ દરમ્યાન અવારનવાર આવતા નાના મોટા પ્રશ્નોનો નિકાલ જરૂરી સમયમર્યાદામાં  કામ પૂર્ણ થાય તે પ્રકારનો અભિગમ, આ તમામ પ્રશ્નો અત્યંત વધુ સમય તેમજ બહોળો તેમજ અનુભવી સ્ટાફ  માંગી લે તેવું છે લગભગ મોટા ભાગના પ્રોજેકટ્સ કાર્યો ઉપરાંત રોજબરોજની નાની મોટી બાબતો મ્યુ.કમિશનરશ્રીની મંજુરી માટે મુકવામાં આવે છે. ૪૬૬ ચો.કિ.મી. નો વિસ્તાર, ૫૫ લાખ કરતાં વધુ વસ્તી અને ૩ હજાર કરોડ કરતાં વધુ રૂપિયાના બજેટનું ભારણ જોતાં પ્રોજેકટ કાર્યો અને રોજબરોજના કાર્યોનો ઝડપથી વિકાસ કરવા મ્યુ.કમિશનરશ્રી સાથે તેમના સમકક્ષ અધિકારી હોવા જરૂરી છે. જેના પરિણામે કાર્યોનો વિગતવાર અભ્યાસ થઇ શકે તથા તેઓ ઝડપી નિકાલ કરી શકાય આ બાબતને ધ્યાને લઇ મ્યુ. કોર્પોરેશનમાં કમિશનરશ્રી ઉપરાંત વધારાનાં એડીશનલ કમિશનરશ્રીની જગ્યા ખોલવાનું ઠરાવવામાં આવે છે. આ અંગેની જરૂરી દરખાસ્ત તૈયાર કરી તાકીદે રાજ્ય સરકારશ્રીની મંજુરી અર્થે મોકલી આપવા મ્યુ.કમિશનરશ્રીને નિર્દેશ કરવામાં આવે છે.

**(૨૧) શેઠ મંગળદાસ ટાઉનહોલનું આધુનિકરણ**

ઠરાવ કર્યો કે શહેરમાં યોજાતા સાંસ્કૃતિક કાર્યક્રમો જેવા કે ગીત-સંગીત, આરંગેત્રમ, શાળા-કોલેજોના વાર્ષિક ઉત્સવો, નાટકો વિગેરે ભજવવા માટે શહેરમાં શેઠ મંગળદાસ ટાઉનહોલ તથા રવિન્દ્રનાથ ટાગોરહોલ આવેલા છે. જે પૈકી એલીસબ્રિજના છેડે આવેલ ટાઉનહોલનો બહોળા પ્રમાણમાં ઉપયોગ થાય છે. આ હોલમાં થોડા વર્ષ પૂર્વે રીનોવેશન કરવામાં આવેલ. જેમાં હયાત એ.સી. પ્લાન્ટ ઘણો જૂનો, જર્જરિત અને જૂની ટેકનોલોજી મુજબનો હોઈ, કાર્યક્રમ સમયે હોલમાં વાતાનુકુલીત વાતાવરણ જળવાઈ તે હેતુને લક્ષમાં લઈ ટાઉનહોલ ખાતે નવો એ.સી.પ્લાન્ટ ઈન્સ્ટોલ કરવા તેમજ જરૂરી રીનોવેશન કરવા માટે રૂા.૧.૨૫ કરોડ ફાળવવામાં આવે છે.

**(૨૨) પશ્ચિમઝોનના ગટરના ખુલ્લા નાળાને બંધ કરવાનો નિર્ણય**

ઠરાવ કર્યો કે પશ્ચિમઝોનના જૂના વાડજ વોર્ડમાં બળીયાદેવની ચાલીથી હનુમાનપુરા થઈ પરિક્ષિતલાલ બ્રિજ સુધી ચંદ્રભાગા ખાડા વિસ્તારમાં સ્ટેડીયમ, નારણપુરા, નવા વાડજ તેમજ ગોતા, ઘાટલોડીયા વિસ્તારમાંથી આવતા વરસાદી પાણીનો નિકાલ આશરે ૧૨૦૦ મીટર લંબાઈના ખુલ્લા વહેળાથી પરિક્ષિતલાલનગર થઈને સાબરમતી નદીમાં થાય છે. જો હનુમાનપુરા ચંદ્રભાગાની ચાલીથી પરિક્ષિતલાલ બ્રિજ સુધી ૨૦૦૦ મી.મી.વ્યાસની આર.સી.સી.પાઈપલાઈન નાંખવામાં આવે તો આ ખુલ્લા વહેળામાં વહેતા પાણીનો નિકાલ કરી શકાય જેના કારણે આજુબાજુના વિસ્તારમાં ફેલાતી ગંદકી તથા રોગચાળો અટકાવી શકાય. આ બાબતની અગત્યતાને ધ્યાનમાં લઈ જાહેર આરોગ્યની જાળવણી માટે આ નાળા માટે જરૂરી લાઈન નાંખી તેના ઉપર દબાણ ન થાય તે હેતુસર પુરાણ કરી ગાર્ડન ડેવલપ કરવાનું ઠરાવવામાં આવે છે. આ પ્રોજેકટ અંતર્ગત રૂા. ૪.૫૦ કરોડ ફાળવવામાં આવે છે.

**(૨૩) પૂર્વ વિસ્તારમાં ભાઇપુરા ખાતે નવી શાળાનું નિર્માણ**

ઠરાવ કર્યો કે શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલ ભાઈપુરા વોર્ડમાં મહદઅંશે ગરીબ, મધ્યમવર્ગના લોકો નિવાસ કરે છે. છેલ્લા કેટલાંક સમયથી આ વિસ્તારનો વિકાસ કરવા મ્યુ. કોર્પોરેશને ચાલીઓમાં પ્રાથમિક સુવિધાઓ, નવા રસ્તાઓ, વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનો વગેરેનું નિર્માણ કરેલ છે. આ વિસ્તારમાં રહેતા ગરીબ મધ્યમવર્ગના નાગરિકોના બાળકોને પોતાના જ વિસ્તારમાં પ્રાથમિક શિક્ષણની સુવિધા મળી રહે તે દ્રષ્ટિએ પ્રિયા પાર્ટી પ્લોટની બાજુમાં આવેલ ખુલ્લા પ્લોટમાં નવી શાળા બાંધવાનું ઠરાવવામાં આવે છે. આ માટે જરૂરી રૂા.૫૦ લાખ ફાળવવામાં આવે છે.

**(૨૪) દરિયાપુર ખાતે નવો કોમ્યુનિટી હોલ**

ઠરાવ કર્યો કે શહેરના મહત્વાકાંક્ષી પ્રોજેકટ બી.આર.ટી.એસ.ના ફેઝ-૨ અન્વયે દરિયાપુર પાસેથી પસાર થતા જનમાર્ગનું આયોજન નિશ્ચિત સ્પેસીફીકેશન મુજબ કરવાનું થતુ હોઈ, દરિયાપુર ફૂટી મસ્જીદ નજીક આવેલ કોમ્યુનિટી હોલ કપાતમાં જાય છે. આ વિસ્તારના નાગરિકોને કોમ્યુનિટી હોલની સુવિધા મળી રહે તે હેતુસર દરિયાપુર મસ્ટર સ્ટેશન પાછળ આવેલ પ્લોટમાં નવેસરથી કોમ્યુનિટી હોલ બનાવવાનું ઠરાવવામાં આવે છે. આ માટે રૂા.૧.૫ કરોડ ફાળવવામાં આવે છે.

**(૨૫) સ્લમ વિસ્તારના બાળકોના ઉત્કર્ષ માટે સ્પર્ધાઓનું આયોજન**

ઠરાવ કર્યો કે શહેરમાં આવેલ સ્લમ, ચાલીઓ તેમજ ઝુંપડપટ્ટીના બાળકો માટે કોર્પોરેશન દ્વારા નિયમિત હેલ્થ ચકાસણી અને તેના નિદાન અંગેના કાર્યક્રમો કરવામાં આવે છે. આ બાળકોમાં રહેલી સુષુપ્ત શકિતઓને ઉજાગર કરવા મ્યુ.કોર્પોરેશન દ્વારા ટેલેન્ટ ઈવનીંગ-તથા અન્ય સામાજીક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે. આ અંગે રૂા. ૫૦ લાખ ફાળવવામાં આવે છે.

**(૨૬) પૂર્વઝોનના ભાઇપુરા વોર્ડ ખાતે કોમ્યુનિટી હોલનું નિર્માણ**

ઠરાવ કર્યો કે શહેરના પશ્ચિમ અને પૂર્વ વિસ્તારનો સમતોલ વિકાસ થાય તે માટે છેલ્લા કેટલાંક સમયથી શહેરમાં પૂર્વ વિસ્તારને પશ્ચિમ વિસ્તાર સમકક્ષ બનાવવા રાજયના મુખ્યમંત્રી અને સ્વર્ણિમ ગુજરાતના સ્વપ્નદ્રષ્ટા માન.શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયત્નો દ્વારા કે.કા.શાસ્ત્રી કોલેજ સંકુલ, વિશાળ સ્પોર્ટસ કોમ્પલેક્ષ, મેડીકલ કોલેજ, ડેન્ટલ કોલેજ તેમજ અનેક નવી સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. આજ સંકલ્પ અન્વયે શહેરના ભાઈપુરા વોર્ડના ઋષિકેશ હાઉસીંગમાં આવેલ ખુલ્લા પ્લોટમાં કોમ્યુનિટી હોલનું નિર્માણ કરવાનું ઠરાવવામાં આવે છે. જેના નિર્માણ અર્થે રૂા. ૧ કરોડ ફાળવવામાં આવે છે.

**(૨૭) મ્યુ. કર્મચારીઓ માટે સ્ટાફ કવાટર્સની જોગવાઈ**

ઠરાવ કર્યો કે શહેરના મધ્યઝોનના માધુપુરા વોર્ડમાં આવેલ અર્બન હેલ્થ સેન્ટરના પાછળના ભાગમાં મ્યુ.સ્ટાફ માટેના રૂમો આવેલ છે. આ રૂમો અત્યંત જર્જરીત હાલતમાં છે તેમજ પ્લોટની વચ્ચેના ભાગમાં હોવાથી પ્લોટનો વ્યવસ્થિત વિકાસ કરી શકાતો નથી. આ સંજોગોને ધ્યાનમાં લઈ હયાત જૂના રૂમો દૂર કરી તેના સ્થાને ફલેટ ટાઈપ કવાટર્સ બનાવવાનું આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે. જેના માટે રૂા. ૫૦ લાખ ફાળવવામાં આવે છે.

**(૨૮) કોર્પોરેશનના કર્મચારીઓ માટે આવાસોનું આયોજન**

ઠરાવ કર્યો કે પૂર્વ ઝોનનાં ખોખરા વોર્ડમાં આવેલ ટી.પી. સ્કીમ નં ૨૫ ફા. પ્લોટ ૩૧/૧માં આવેલ પ્લોટમાં વસતા રહીશોને કોર્પોરેશને કરેલા ઠરાવ અંતર્ગત જરૂરી કાયદેસરની વિધિ કરી ઈ.ડબલ્યુ.એસ.ના ખાલી મકાનોમાં ટ્રાન્સફર કરવા બાબતનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ કામગીરી પૂર્ણ થયા બાદ ખુલ્લા પ્લોટમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં કર્મચારીઓ માટે રહેણાંક સંકુલ બનાવવા માટે રૂા.૧૨ (બાર) કરોડ ફાળવવામાં આવે છે.

**(૨૯) "એનર્જી કોન્ઝર્વેશન"ના કન્સેપ્ટ અંતર્ગત પાવર સેવીંગ ટેકનોલોજીની સ્વિકૃતિ**

ઠરાવ કર્યો કે અમદાવાદ મ્યુ.કોર્પોરેશનનો વિસ્તાર વધવાના પરિણામે શહેરના ખૂણે ખૂણે નવા વોટર પમ્પીંગ સ્ટેશનો, ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશનો, સ્ટ્રીટ લાઈટો, સબઝોનલ ઓફીસો, સિવિક સેન્ટરો, લાયબ્રેરીઓ, જીમ્નેશીયમ જેવી અનેક સુવિધાઓ ઉભી કરવામાં આવેલ છે. જેના પરિણામે દિવસે દિવસે પાવર કન્ઝમ્પશનનું પ્રમાણ પણ વધતું જાય છે, પ્રવર્તમાન સમયમાં જુદી જુદી ટેકનીકો દ્વારા એનર્જી કન્ઝર્વેશનનો કન્સેપ્ટ સ્વીકારી વીજબળતણ ઓછું થાય તેવા પ્રયાસો વૈશ્વિક ક્ષેત્રે કરવામાં આવી રહયા છે. નવીનતમ ટેકનોલોજીને ધ્યાનમાં લઈ અમદાવાદ શહેરમાં પણ વીજબચતના પ્રયોગો હાથ ધરવામાં આવ્યા છે અને સક્ષમ ટેકનોલોજી દ્વારા ૩૫ ટકા થી વધુ પાવર સેવીંગ કરવાનો પ્રારંભ થઈ ચૂકયો છે. જેના દ્વારા કાર્બન ક્રેડીટ મેળવવાના પ્રયાસો પણ હાથ ધરવામાં આવ્યા છે. આ અન્વયે જુદા જુદા રોડ ઉપરની સ્ટ્રીટલાઈટોના તેમજ અન્ય ઉપકરણોના વિજળી વપરાશમાં પાવર સેવીંગ માટે ૧૦૦ નંગ એનર્જી સેવીંગ યુનીટો ખરીદવાનું ઠરાવવામાં આવે છે. આ માટે રૂા. ૩ કરોડ ફાળવવામાં આવે છે.

**(૩૦) વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનોમાં સ્ટેન્ડબાય બોરનું આયોજન**

ઠરાવ કર્યો કે સમગ્ર શહેરમાં નર્મદા, રાસ્કાવિયર તેમજ જુદા જુદા સાત ફ્રેન્ચવેલ દ્વારા પાણી મેળવી શહેરીજનોને પીવાના પાણીનો જથ્થો પૂરો પાડવામાં આવે છે સામાન્ય સંજોગોમાં આ જથ્થો નિયમિતપણે પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ થાય છે. પરંતુ આકસ્મિક સંજોગોને પહોંચી વળવા હયાત વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનોમાં પાણીના બોર ઉપલબ્ધ નથી તેવા તમામ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનોમાં સ્ટેન્ડબાય બોર બનાવવાનું ઠરાવવામાં આવે છે. આ માટે રૂા.૩ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.

**(૩૧) કોમ્યુનિટી હોલનું રીનોવેશન - અપગ્રેડેશન**

ઠરાવ કર્યો કે નગરજનોને સામાજીક તેમજ ધાર્મિક પ્રસંગોએ કોમ્યુનિટી હોલ તેમજ પાર્ટી પ્લોટની સુવિધા મળી રહે તેવું સુવ્યવસ્થિત આયોજન મ્યુ.કોર્પો. દ્વારા કરવામાં આવેલ છે. અલગ અલગ વોર્ડમાં નિર્માણ પામતી આ નવી સુવિધાઓની સાથે સાથે જૂના કોમ્યુનિટી હોલની મરામત અને નિભાવ નિયમિતપણે થતો રહે તે અત્યંત જરૂરી છે. આ બાબતને ધ્યાનમાં લઈ અસારવા ખાતે

આવેલ ખંડુભાઈ દેસાઈ હોલ, પાલડી ખાતે આવેલ નરોત્તમ ઝવેરી હોલ, કાંકરિયા ખાતે આવેલ બળવંતરાય હોલ તથા પીકનીક હાઉસ તેમજ પોટલીયા વોર્ડ ખાતે આવેલ ઈન્દુલાલ યાજ્ઞિક હોલના રીનોવેશન તથા અપગ્રેડેશન માટે રૂા. ૨ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.

**(૩૨) બહેરામપુરા થી કમોડ જતા રોડનું નવિનીકરણ**

ઠરાવ કર્યો કે શહેરના પીરાણા વિસ્તારમાં આવેલ ગ્યાસપુર નજીક લેન્ડફીલ સાઈટ, ૧૮૦ એમ.એલ.ડી., એસ.ટી.પી. ખાતેનો પાવર જનરેશન પ્લાન્ટ, ખાતર બનાવવાના માટેનો પ્લાન્ટ જેવા મોટા મોટા પ્લાન્ટનું નિર્માણ કરવામાં આવેલ છે. આ પ્લાન્ટ સુધી પહોંચવા બહેરામપુરા, ખોડીયારનગર થઈ પીપળજ, કમોડ સુધીના રસ્તાનો મહદ્અંશે ઉપયોગ કરવામાં આવે છે. આ રસ્તા ઉપરની થતી સતત અવર-જવરને લક્ષમાં લઈને બહેરામપુરા ખોડીયારનગર થઈ પીપળજ થઈ કમોડ સુધીનો હયાત રોડ પહોળો કરી રીસરફેસ કરવાનું ઠરાવવામાં આવે છે. આ માટે રૂા. ૧ કરોડ ફાળવવામાં આવે છે.

**(૩૩) હાઉસીંગ બોર્ડ તેમજ સ્લમ કલીયરન્સ બોર્ડની વસાહતોમાં પ્રાથમિક સુવિધાઓ**

ઠરાવ કર્યો કે મ્યુ.કોર્પો.ની હદમાં આવેલ હાઉસીંગ બોર્ડ તેમજ સ્લમ કલીયરન્સ બોર્ડની વસાહતોમાં પ્રાથમિક સુવિધાઓ જેવી કે નવી ડ્રેનેજ લાઈનો, ડ્રેનેજ લાઈનોનું રીપેરીંગ, નવી પાણીની લાઈનો, નવા રસ્તાઓ, રસ્તાઓનું રીસરફેસીંગ તેમજ સ્ટ્રીટલાઈટની સુવિધાઓ આપવાનો ગત વર્ષે સૈધ્ધાંતિક સ્વીકાર કરી કામો શરૂ કરવામાં આવ્યા છે. આ વસાહતોમાં નાગરિકોને લગતી પાયાની પ્રાથમિક સુવિધાઓ પૂરતા પ્રમાણમાં આપી શકાય તે હેતુસર વધારાના રૂા.૧૦ કરોડ ફાળવવામાં આવે છે.

**(૩૪) સામાજિક પ્રસંગો ઉજવવા નવા પાર્ટી પ્લોટ્સનું આયોજન.**

ઠરાવ કર્યો કે શહેરના સર્વાંગી વિકાસ અન્વયે અપાતી પાયાની પ્રાથમિક સુવિધાઓની સવલતો ઉપરાંત શહેરના નગરજનોને સામાજિક તથા અન્ય પ્રસંગો ઉજવવા દુર સુધી જવું ન પડે તે માટે શહેરમાં અનેક કોમ્યુનિટી હોલ તેમજ પાર્ટી પ્લોટ્સનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ અન્વયે શહેરના ગીરધરનગર વોર્ડમાં આવેલ માકુભાઈના છાપરા નજીક તેમજ સરસપુર વોર્ડમાં સ્વિમીંગ પુલ પાછળના ભાગમાં આવેલ ખુલ્લા પ્લોટમાં પાર્ટી પ્લોટ બનાવવા માટે રૂા. ૧ કરોડ ફાળવવામાં આવે છે.

**(૩૫) વધારાના કોમ્યુનિટી હેલ્થ સેન્ટરોનું આયોજન**

ઠરાવ કર્યો કે શહેરના નવા પશ્ચિમઝોનમાં આવેલ સરખેજ તેમજ ચાંદખેડા વિસ્તારમાં રાજય સરકાર દ્વારા ચલાવવામાં આવતા કોમ્યુનિટી હેલ્થ સેન્ટર મ્યુ.કોર્પો.ને સુપ્રત કરવામાં આવેલ છે. આ વિસ્તારની આસપાસ આરોગ્યને લગતી સુવિધાઓનું કોઈ મોટું કેન્દ્ર અસ્તિત્વમાં નથી. જેથી નાગરિકોને ગંભીર માંદગી તથા અકસ્માતના સમયે દુરની હોસ્પિટલમાં સારવાર અર્થે જવું પડે છે. નાગરિકોને પડતી આ મુશ્કેલીઓનું નિરાકરણ કરવા ઉપરોકત સ્થળોએ અત્યાધુનિક સુવિધાઓ સાથેના કોમ્યુનિટી હેલ્થ સેન્ટર ડેવલપ કરવા રૂા.૩ કરોડ ફાળવવામાં આવે છે.

**(૩૬) મ્યુ.શાળાઓના ઇન્ફ્રાસ્ટ્રકચરમાં જરૂરી આધુનિકરણ**

ઠરાવ કર્યો કે શહેરના ગરીબ મધ્યમવર્ગના પરિવારના બાળકો માટે મ્યુ.સ્કુલબોર્ડ સંચાલિત શાળાઓ દ્વારા પ્રાથમિક શિક્ષણ આપવામાં આવે છે. ગત વર્ષો દરમ્યાન ઉપરોકત શાળાઓમાં શિક્ષણ ઉપરાંત વ્યવસ્થિત ઈન્ફ્રાસ્ટ્રકચર મળી રહે તે હેતુસર બાળકોને શૌચાલય, પંખા, લાઈટ, સુવ્યવસ્થિત બેન્ચ તથા બ્લેક બોર્ડના આયોજન પાછળ લાખ્ખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલ છે. જેના પરિણામે મ્યુનિસિપલ શાળાએ જતા બાળકોને ખાનગી શાળાઓમાં મળી રહેતા વાતાવરણનો અહેસાસ થવા લાગ્યો છે. આપત્તિ અને ભૂતકાળમાં થયેલ કુદરતી હોનારતોને ધ્યાનમાં લઈ આકસ્મિક સંજોગોમાં શાળાના બાળકો શાળામાંથી ઝડપથી બહાર જઈ શકે તે માટે શાળામાં બે સીડી હોવી આવશ્યક છે. આ બાબતને ધ્યાને લઈ શહેરની તમામ મ્યુ.શાળાઓમાં જરૂરી વધારાના સીડી (દાદર) બનાવવા તેમજ શાળાઓમાં જરૂરી રીપેરીંગ કામ માટે અને જાળવણી માટે રૂા.૭ કરોડ ફાળવવામાં આવે છે.

**(૩૭) મ્યુ.શાળાઓના વિકાસ માટે વધુ નાણાની જોગવાઇ**

ઠરાવ કર્યો કે શહેરના દક્ષિણઝોનમાં આવેલ બાગે ફીરદોસ (ઈન્દ્રપુરી) વોર્ડમાં આવેલ મ્યુ.શાળા તેમજ મણિનગર- મિલ્લતનગર ખાતે આવેલ ઉર્દૂ શાળાના બાંધકામમાં આસપાસના વિસ્તારના થયેલ વિકાસને લક્ષમાં લઈ હાલમાં કરવામાં આવતા બાંધકામમાં વધારાના રૂા.૨ કરોડ ફાળવવામાં આવે છે.

**(૩૮) નગરજનોની સુવિધા અર્થે લાંભા અને ચાંદખેડા ખાતે નવી વોર્ડ ઓફીસો બનાવવા.**

ઠરાવ કર્યો કે જે તે વોર્ડના નાગરિકને પોતાની રોજબરોજની ફરીયાદો માટે મ્યુ.કોર્પો.ની ઝોનલ ઓફીસ સુધી જવું ન પડે અને પોતાના જ વોર્ડમાં તેમની ફરીયાદોનું ઝડપથી નિરાકરણ થઈ શકે તે હેતુસર વોર્ડ ઓફીસ બનાવવા શહેરના તમામ વોર્ડમાં જયાં વોર્ડ ઓફીસ માટેની જગ્યા ઉપલબ્ધ હોય ત્યાં વોર્ડ ઓફીસોનું

નિર્માણ કરવામાં આવેલ છે. આ બાબત અન્વયે શહેરના લાંભા વોર્ડ ખાતે નવી વોર્ડ ઓફીસ બનાવવા તેમજ ચાંદખેડા ખાતે આવેલ નગરપાલિકાના હયાત બિલ્ડીંગમાં એકસ્ટેન્શન કરી વોર્ડ ઓફીસ બનાવવા માટે રૂા.૩ કરોડ ફાળવવામાં આવે છે.

**(૩૯) લાલ બહાદુર શાસ્ત્રી સ્ટેડીયમને તળાવ તરીકે વિકાસ કરવાની કામગીરી**

ઠરાવ કર્યો કે શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલ લાલબહાદુર શાસ્ત્રી સ્ટેડીયમ આ વિસ્તારના કેન્દ્રબિંદુ સમાન છે. થોડા સમય અગાઉ હયાત સ્ટેડીયમની આસપાસના દબાણો દૂર કરી સ્ટેડીયમને તળાવમાં રૂપાંતરીત કરવા માટે રૂા.૩ કરોડના ખર્ચે એકસેકેવેશન તેમજ પીચીંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. શહેરમાં સમાવિષ્ટ થયેલ નવા પૂર્વ વિસ્તાર તેમજ મેમ્કો તરફના સમગ્ર વિસ્તારમાં ભરાતા વરસાદી પાણીનો ગ્રેવીટી દ્વારા આ તળાવમાં સફળતાપૂર્વક નિકાલ કરવામાં આવ્યો હતો. જેના પરિણામે વિસ્તારના વોટર ટેબલમાં પણ નોંધપાત્ર સુધારો થયેલ જણાય છે. શાસ્ત્રી સ્ટેડીયમના આ તળાવની આસપાસના વિસ્તારનો જરૂરી સર્વે કરી વિસ્તારના નાગરિકો માટે વોક-વે, ફાઉન્ટેન, બગીચો તથા સુંદર જળાશયની વ્યવસ્થા થઈ શકે તે મુજબનો વિકાસ કરવા માટે રૂા. ૪ કરોડ ફાળવવામાં આવે છે.

**(૪૦) તળાવોના વિકાસ દ્વારા વોટર રીચાર્જીગ માટેનું આયોજન**

ઠરાવ કર્યો કે ચોમાસાના સમયમાં વરસાદનું પાણી સ્ટોર્મ વોટર લાઈનમાં થઈને નદીમાં વહી ન જાય તેમજ શહેરના નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણીનો ભરાવો ન થઈ રહે તે બન્ને બાબતોને ધ્યાનમાં લઈ ગત વર્ષો દરમ્યાન શહેરના અનેક તળાવો ઉંડા કરવામાં આવ્યા છે તથા તેમનો વિકાસ કરવામાં આવ્યો છે. જેના પરિણામે શહેરના નીચાણવાળા વિસ્તારોમાં ભરાતા વરસાદી પાણીનો ઝડપથી નિકાલ થયો છે તેમજ તેના કારણે શહેરમાં ભૂગર્ભ જળનું લેવલ પણ ઉંચું આવ્યું છે. આ બાબતને લક્ષમાં લઈ વટવા ગામમાં આવેલ તળાવનો વિકાસ કરવા તેમજ શીલજ ખાતે આવેલ વિશાળ તળાવના એપ્રોચ રસ્તાનો તથા તેને સંપૂર્ણપણે ડેવલપ કરવા ઉપરાંત ઘોડાસર, વેજલપુર, સૈજપુર અને અસારવા ખાતેના તળાવના વિકાસ માટે વધારાના રૂા. ૭ કરોડ ૪૦ લાખ ફાળવવામાં આવે છે.

**(૪૧) ખાનગી સોસાયટીઓમાં પ્રાથમિક સુવિધાઓ**

ઠરાવ કર્યો કે શહેરમાં આવેલ ખાનગી સોસાયટીઓ તેમજ એપાર્ટમેન્ટમાં વસતા નાગરિકોને પાણી, ગટર, રસ્તા, લાઈટ, સ્ટોર્મ વોટર લાઈન તથા કોમન પ્લોટમાં પેવીંગની સુવિધાઓ સબસીડીના ધોરણે આપવામાં આવે છે. આ કાર્યો માટે ઝોનદીઠ વધારાના રૂા. ૧ કરોડ ફાળવવામાં આવે છે.

| અ.નં. | મકાન/ફલેટનો ગ્રાઉન્ડ ફલોરનો કાર્પેટ એરીયા | સોસા.એ ભરવાની થતી અંદાજીત રકમ રૂા. (એસ્ટીમેટની ટકાવારી) | કોર્પો.ને ભોગવવાની થતી અંદાજીત રકમ રૂા. (એસ્ટીમેટની ટકાવારી) |
|---|---|---|---|
| ૧. | ૪૦ ચો.મી.સુધી | ૧૫ % | ૮૫ % |
| ૨. | ૪૧ થી ૬૦ ચો.મી.સુધી | ૨૫ % | ૭૫ % |
| ૩. | ૬૧ થી ૮૦ ચો.મી.સુધી | ૪૦ % | ૬૦ % |
| ૪. | ૮૧ થી ૧૦૦ ચો.મી.સુધી | ૬૦ % | ૪૦ % |
| ૫. | ૧૦૧ થી ૧૨૦ ચો.મી.સુધી | ૮૦ % | ૨૦ % |

**(૪૨) ૪૦ ચો.મી.થી ઓછો કારપેટ એરીયા ધરાવતા આવાસોમાં પ્રાથમિક સુવિધાઓ**

ઠરાવ કર્યો કે શહેરમાં આવેલી એન.એ., એન.ઓ.સી. સિવાયની જમીનો ઉપર અનેક વિસ્તારોમાં અનધિકૃત બાંધકામો થયેલા છે. આ બાંધકામો પૈકી ૪૦ ચો.મી. નીચેના કાર્પેટ એરીયા ધરાવતી સોસાયટીઓ કે જેના સભ્યોએ મ્યુ.કોર્પોરેશનના એસ્ટેટ ખાતાનું 'નો-ઓબ્જેકશન' સર્ટીફીકેટ મેળવ્યું હોય તેવી સોસાયટીઓમાં કાઉન્સીલર બજેટમાંથી રસ્તા, લાઈટ, પાણી વિગેરે સુવિધાઓ આપવામાં આવે છે. આ પ્રકારના બાંધકામોમાં ૪૦ ચો.મી. અને તેથી ઓછો કાર્પેટ એરીયા ધરાવતા ફલેટ તેમજ તેટલો જ કાર્પેટ એરીયા ધરાવતા ફકત ગ્રાઉન્ડ ફલોરના ટેનામેન્ટ તેમજ રો-હાઉસીસ (ઉપરના ફલોર્સને ગણત્રીમાં લીધા સિવાય)નો પણ સમાવેશ કરી કોર્પોરેશન દ્વારા ના-વાંધા પ્રમાણપત્ર મેળવી ગટર, પાણી અને રસ્તા તેમજ લાઈટની સુવિધાઓ કાઉન્સીલર બજેટમાંથી આપી શકાય એ મુજબનું આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે.

**(૪૩) સ્વર્ણિમ ગુજરાતના સંકલ્પ અંતર્ગત તમામ સ્લમ્સમાં પ્રાથમિક સુવિધાઓની પૂર્તતા**

ઠરાવ કર્યો કે શહેરના આધુનિક વિકાસની સાથે સાથે ચાલીઓ અને ઝુંપડપટ્ટીઓમાં રહેતા નગરજનોને પાયાની સુવિધાઓ મળી રહે અને તે રીતે શહેરના પ્રત્યેક નાગરિકને સમાન ન્યાય મળી રહે તે દ્રષ્ટિએ ગરીબ સમૃધ્ધી યોજનાના ભાગરૂપે ચાલીઓ તથા છાપરાઓમાં કલમ-૧૮૮ મુજબ ગટર તેમજ પાણીની લાઈનો અને ૯૦:૧૦ ની યોજના અંતર્ગત ઘરદીઠ શૌચાલયની સુવિધા આપવામાં આવે છે. શહેરના ચાલી, છાપરામાં વસતા તમામ નાગરિકોને સ્વર્ણીમ ગુજરાતના સંકલ્પ અંતર્ગત

૯૦:૧૦ મુજબ શૌચાલયો, ગટરલાઈન, પાણીની લાઈન, સ્ટ્રીટલાઈટ, પત્થર પેવીંગ, આર.સી.સી.રોડ તથા આધુનિક શૌચાલયોની સુવિધાઓ પૂરતા પ્રમાણમાં મળી રહે તે હેતુસર વધારાના રૂા. ૩ કરોડ ફાળવવામાં આવે છે.

**(૪૪) વેક્સીન ટ્રાન્સપોર્ટેશન વાનનું આયોજન**

ઠરાવ કર્યો કે શહેરમાં આવેલ મોટી હોસ્પિટલો તથા અર્બન હેલ્થ સેન્ટરો ખાતે હેલ્થખાતા દ્વારા નિયમિતપણે જુદા જુદા પ્રકારની વેકસીન મોકલવામાં આવે છે. જાહેર આરોગ્યની બાબતને ધ્યાનમાં લઈ આ વેકસીન જે તે સ્થળે મોકલવા માટે બંધ બોડીની વેક્સીન ટ્રાન્સપોર્ટેશન વાન લેવા માટે રૂા. ૫ લાખ ફાળવવામાં આવે છે.

**(૪૫) ડ્રેનેજ લાઇનોની સફાઇ માટે સુપર સકર મશીન**

ઠરાવ કર્યો કે શહેરમાં વધતું જતું વસ્તીનું ભારણ, વધતા જતા કોમર્શીયલ કોમ્પલેક્ષ, રેસ્ટોરન્ટ વગેરેના કારણે શહેરના કોટ વિસ્તાર તથા અન્ય વિસ્તારોમાં ડ્રેનેજ લાઈનો ચોકઅપ થવાના બનાવો અવારનવાર બને છે. સુપ્રિમ કોર્ટ તેમજ હાઈકોર્ટની ગાઈડલાઈન અનુસાર આ ડ્રેનેજ લાઈનોમાં સફાઈ કર્મચારીને મેનહોલમાં ઉતારી ડીસીલ્ટીંગ તેમજ લાઈનોની સફાઈનું કામકાજ કરી શકાતું નથી. આ લાઈનોની સફાઈ માટે ગત વર્ષે ૨(બે) સુપરસકર મશીનો ખરીદવામાં આવેલ છે. શહેરના ક્ષેત્રફળમાં થયેલ વધારાને ધ્યાનમાં રાખી વધારાનું એક  સુપરસકર મશીન ખરીદવા માટે રૂા. ૧ કરોડ ફાળવવામાં આવે છે.

**(૪૬) જાહેર આરોગ્યની બાબતો સંદર્ભે જરૂરી વધારાના સાધનો વસાવવાનું આયોજન**

ઠરાવ કર્યો કે શહેરનો વિકાસ થવાની સાથે સાથે નાગરિકોની સવલતો માટે નિર્માણ કરવામાં આવેલ સ્નાનાગાર, અર્બન હેલ્થ સેન્ટર, વોર્ડ ઓફીસોની સાથે સાથે મ્યુ.વર્કશોપમાં સાધનોની વૃધ્ધિ કરવી અત્યંત આવશ્યક જણાય છે. શહેરમાં યોજાતા સામાજિક તથા ધાર્મિક પ્રસંગો દરમ્યાન અવારનવાર પીવાના પાણીની ટેન્કરો, મોબાઈલ ટોયલેટવાન, તેના માટેના ટ્રેક્ટરો, જે.સી.બી.મશીનોની જરૂરીયાત જણાય છે. શહેરના નાગરિકો દ્વારા આવા કાર્યક્રમો સમયે ઉપરોકત સાધનો મેળવવા અનેક માંગણીઓ આવે છે. વર્કશોપમાં હાલમાં આવા જે સાધનો છે તે ૧૦ વર્ષ કે તેથી વધુ જૂના હોઈ, તેનો સક્ષમ

રીતે ઉપયોગ થઈ શકતો નથી અને તેથી નવા સાધનો વસાવવાની જરૂરીયાત જણાય છે. આ માંગણીઓને પહોંચી વળવા તથા શહેરનું જાહેર આરોગ્ય જળવાઈ રહે તે બાબતને ધ્યાને લઈ વધારાના જે.સી.બી.મશીનો નંગ-૫, વોટર ટેન્કરો નંગ-૫, મોબાઈલ ટોયલેટવાન નંગ-૫ તથા ટ્રેકટર નંગ-૫ તથા જાહેર પેશાબખાના તથા શૌચાલયોની સફાઈ માટે પણ ન્યુસન્સ ટેન્કરોની સગવડ કોર્પો. દ્વારા કરવામાં આવે છે. શહેરના વધેલા વિસ્તારને ધ્યાનમાં લઈ વધારાની ન્યુસન્સ ટેન્કર નંગ-૫ ખરીદવાનું ઠરાવવામાં આવે છે. આ માટે રૂા. ૨.૫૦ કરોડ ફાળવવામાં આવે છે.

**(૪૭) જાહેર આરોગ્ય જાળવવા માંદા તેમજ મરેલા જાનવરો લઈ જવા માટે જરૂરી વાહનો ખરીદવાનું આયોજન**

ઠરાવ કર્યો કે મરેલા ઢોરનો નિકાલ કરવા માટે કોર્પોરેશનમાં અલાયદું વ્યવસ્થાતંત્ર છે. ઢોર પકડવા તેમજ માંદા જાનવરોની હેરફેર માટે અત્યાધુનિક હાઈડ્રોલીક વાન તથા મરેલા જાનવરોના સુવ્યવસ્થિત નિકાલની કામગીરી માટે જરૂરી વધારાના વાહનો ખરીદવા રૂા. ૧ કરોડ ફાળવવામાં આવે છે.

**(૪૮) પ્રોજેકટ્સના કાર્યો માટે જરૂરી વાહનોની સગવડ**

ઠરાવ કર્યો કે ૪૬૬ ચો.કિ.મી.ક્ષેત્રફળ ધરાવતા શહેરમાં છેલ્લા કેટલાંક વર્ષોમાં અનેક નવા વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનો તેમજ ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશનોનું નિમાર્ણ કરવામાં આવેલ છે. આ પમ્પીંગ સ્ટેશનો શહેર માટે અત્યંત મહત્વના સ્થાન ધરાવે છે. આ સ્ટેશનોમાં થતા ફેઈલ્યોર અને અન્ય ઈમરજન્સીના કામો સમયે ઈન્ટરનલ ટ્રાન્સપોર્ટેશન દ્વારા પંપસેટ્સ, મોટરો વિગેરેની મોટા પાયે હેરફેર કરવામાં આવે છે. આ કાર્ય અત્યંત મહત્વના અને નિશ્ચિત સમયમાં પૂર્ણ કરવાના હોય છે. આ બાબતની અગત્યતા ધ્યાનમાં લઈ વોટર પ્રોજેકટ તેમજ એસ.ટી.પી.માટે જરૂરી ટ્રેકટર, ટ્રોલીઓ તેમજ પીકઅપવાન ખરીદવા માટે રૂા. ૭૦ લાખ ફાળવવામાં આવે છે.

**(૪૯) મેઇન ટ્રન્ક તેમજ સ્ટોર્મ વોટર લાઇનોનું ડીસીલ્ટીંગ**

ઠરાવ કર્યો કે શહેરમાં દિન-પ્રતિદિન થતા વસ્તી વધારા તેમજ દૂર દૂર સુધી થતા આવાસોના પરિણામે નવા ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશનોનું નિર્માણ કરવામાં આવ્યું છે અને તેને લગતું નેટવર્ક પણ તૈયાર કરવામાં આવ્યું છે. આ તમામ વિસ્તારોમાં પસાર થતી ડ્રેનેજ લાઈનો જે તે વિસ્તારના ટ્રન્ક લાઈનમાં જોડાય છે અને શહેરના અલગ અલગ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં થઈ તેનું શુધ્ધિકરણ કરવામાં આવે છે. શહેરના

જુદા જુદા વિસ્તારોમાંથી નીકળતી મોટી ડ્રેનેજ લાઈનો તથા ટ્રન્ક મેઈનની સમયાંતરે સફાઈ-ડીસીલ્ટીંગ કરવું એક અત્યંત મહત્વની બાબત છે. આ ડ્રેનેજ લાઇનો તથા સ્ટોર્મ વોટર લાઈનોને સાફ કરવા માટેની કામગીરી અલાયદા તંત્રને સોંપી તેની ઘનિષ્ઠ કામગીરી કરવા માટે રૂા. ૧.૫ કરોડ ફાળવવામાં આવે છે.

**(૫૦) મોટી સુઅરેજ લાઈનોના ચોકીંગના પ્રશ્નોના નિરાકરણ માટે સી.સી.ટી.વી. સર્વેવાનની સુવિધા**

ઠરાવ કર્યો કે મ્યુ.કોર્પોરેશનના ડ્રેનેજ મેન્ટેનન્સ વિભાગ દ્વારા મરામત અને જાળવણીના અનેક કાર્યો કરવામાં આવે છે તેમ છતાં મોટી સુઅરેજ લાઈનોમાં સીલ્ટના કારણે ચોકીંગ તેમજ ઓવરફલોના અનેક પ્રશ્નો ઉપસ્થિત થાય છે. આ લાઈનો જમીન લેવલ કરતા ૧૫ થી ૨૦ મીટર અથવા તેથી વધુ ઉંડાણમાં હોઈ ચોકીંગનું કારણ સરળતાથી જાણી શકાતું નથી. સુપ્રિમ કોર્ટની ગાઈડલાઈન અન્વયે આ લાઈનોમાં કામદારોને પણ ઉતારી શકાતા નથી. આવા સમયે આધુનિક ટેકનોલોજી અપનાવવી અત્યંત આવશ્યક છે. આ ડ્રેનેજ લાઈનોના ચોકીંગનો પ્રકાર શોધવા અત્યંત ઉંડી લાઈનોનું સી.સી.ટીવી દ્વારા મોનીટરીંગ કરવા, લાઈનોમાં એકત્રિત થયેલ સીલ્ટનું પ્રમાણ જાણવા અને ત્યારબાદ તેનું નિરાકરણ કરવા આધુનિક ટેકનોલોજી મુજબ ઉપલબ્ધ એવી સી.સી.ટીવી સર્વે વાન લેવાનું ઠરાવવામાં આવે છે. આ માટે રૂા. ૧ કરોડ ફાળવવામાં આવે છે.

**(૫૧) હાર્ડ મટીરીયલના ડી-સીલ્ટીંગ માટે અત્યાધુનિક ટ્રક માઉન્ટેડ રોડીંગ મશીનની સુવિધા**

ઠરાવ કર્યો કે શહેરમાં આવેલ મોટી ડ્રેનેજ લાઈનોમાં ઉપસ્થિત થતા સીલ્ટીંગના પ્રશ્નોના નિરાકરણ માટે જેટીંગ મશીનો અને સુપરસકર મશીનોનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે. તેના કારણે મોટા ભાગના પ્રશ્નોનું નિરાકરણ થઈ શકે છે. પરંતુ કેટલાક સંજોગોમાં ડ્રેનેજ લાઈનોમાં હાર્ડ ચોકીંગ હોય તેમજ સીમેન્ટ ક્રોકીંટ જેવા હાર્ડ મટીરીયલ્સ દ્વારા લાઈનોનું ચોકીંગ થયું હોય ત્યારે ઉપરોકત મશીનો દ્વારા ડીસીલ્ટીંગની કામગીરી શકય બનતી નથી. આ સંજોગોમાં ટ્રક માઉન્ટેડ રોડીંગ મશીનથી કામગીરી કરવામાં આવે તો તેનું સફળતાપૂર્વક નિરાકરણ થઈ શકે તેમ છે. આથી આ પ્રકારની ડીસીલ્ટીંગની કામગીરી કરવા ટ્રક માઉન્ટેડ રોડીંગ મશીન ખરીદવા રૂા. ૫૦ લાખ ફાળવવામાં આવે છે.

**(૫૨) સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટના સ્વયંસંચાલન માટે લોજીકલ પેનલ ખરીદવાનું આયોજન**

ઠરાવ કર્યો કે આધુનિક ટેકનોલોજી એ વિકાસની મૂળભૂત જરૂરીયાત બની ગઈ છે. જૂની પૂરાણી ટ્રેડીશનલ પધ્ધતિઓના સ્થાને નવીનતમ ટેકનોલોજીએ ભરેલ હરણફાળને પરિણામે આજના ઝડપી યુગમાં સમય અને શકિત (વીજબચત)ની મોટા પ્રમાણમાં બચત થાય છે. નવનિર્મીત ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશનો અને સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં સ્વયં સંચાલિત ઉપકરણોના પરિણામે ચોમાસાના સમયમાં ઓનલાઈન ડેટા ટ્રાન્સફર તથા એનર્જી કન્ઝર્વેશનની બાબતો ધ્યાનમાં લઈ નવીનતમ ટેકનોલોજી એટલે કે લોજીકલ પેનલનો ઉપયોગ કરવો ફરજીયાત થઈ પડયો છે. તેવા સંજોગોમાં લોજીકલ પેનલની ખરીદી માટે રૂા. ૭૦ લાખ ફાળવવામાં આવે છે.

**(૫૩) ડ્રેનેજ લાઈનોના એફલ્યુઅન્ટના સતત પરિક્ષણ માટે ઓનલાઈન કવોલીટી મીટર**

ઠરાવ કર્યો કે પર્યાવરણ એ જાહેર તેમજ સામાન્ય જનજીવનમાં અત્યંત મહત્વનું પાસુ બની રહયું છે. સરકાર તેમજ કોર્પોરેશન દ્વારા અમલમાં મુકાતી વિવિધ યોજનાઓમાં પર્યાવરણની બાબતનો ચોકકસપણે ખ્યાલ રાખવામાં આવે છે. ડ્રેનેજ લાઈનોમાં વહન થતાં કેમીકલ્સ તથા અન્ય એફલ્યુઅન્ટની ટ્રીટમેન્ટ પ્લાન્ટ દ્વારા પ્રક્રિયા કરી શુધ્ધ થયેલ એફલ્યુઅન્ટને નદીમાં વહન કરવામાં આવે છે જેથી તેની ગુણવત્તા જાળવવી અત્યંત આવશ્યક છે. આ બાબતના પરિક્ષણ માટે જરૂરી ઓનલાઈન કવોલીટી મીટર વસાવવા રૂા. ૫૦ લાખ ફાળવવામાં આવે છે.

**(૫૪) ડ્રેનેજ લાઈનો માટે જરૂરી ફલોમીટર**

ઠરાવ કર્યો કે શહેરમાં આવેલ વિવિધ વિસ્તારો પૈકી કોમર્શીયલ વિસ્તાર, ફેકટરી વિસ્તાર તેમજ જી.આઈ.ડી.સી.માંથી છોડવામાં આવતા એફલ્યુઅન્ટસ તેમજ રહેણાંક વિસ્તારોમાંથી આવતા એફલ્યુઅન્ટસના ફલોનો વખતોવખત અભ્યાસ અને તેનું મોનીટરીંગ કરવું અત્યંત મહત્વનું છે. જેના વહનના જથ્થા ઉપરથી સુએજ પમ્પીંગ સ્ટેશનો અને એસ.ટી.પી.ના પમ્પોની સંખ્યા તેમજ કવોલીટી નકકી કરવામાં આવે છે. ડ્રેનેજ લાઈનમાં વહન થતા આ ફલોનો ઓનલાઈન રેકર્ડ મેળવવા જરૂરી ફલોમીટર ખરીદવા રૂા. ૫૦ લાખ ફાળવવામાં આવે છે.

**(૫૫) પ્રદુષણ નિયંત્રણના નિયમન માટે જરૂરી ઓનલાઈન ક્વોલીટી મોનીટરીંગ ઈન્સ્ટ્રુમેન્ટ**

ઠરાવ કર્યો કે શહેરનાં પાણીનાં સ્ત્રોતમાંથી પાણી લઈ એનું જુદા જુદા ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં કરવામાં આવતી ટ્રીટમેન્ટ દરમ્યાન તથા ટ્રીટમેન્ટ બાદ સપ્લાય કરવામાં આવતા પાણીનું સતત પૃથક્કરણ તથા તેનો ક્વોલીટી પેરામીટર મળી રહે તે માટે સ્ત્રોત પર, ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં તથા કોતરપુર, જાસપુર તેમજ દુધેશ્વરથી જુદા જુદા વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનોને પુરા પાડતા પમ્પ હાઉસ પર આ ઈન્સ્ટ્રુમેન્ટ મુકી પાણીના ક્વોલીટી અંગેનાં ડેટા મેળવી શકાય તથા સ્ટોર કરી શકાય તે હેતુથી ઓનલાઈન ક્વોલીટી મોનીટરીંગ ઈન્સ્ટ્રુમેન્ટ મુકવાનું ઠરાવવામાં આવે છે. આ માટે રૂા. ૫૦ લાખ ફાળવવામાં આવે છે.

**(૫૬) પીવાના પાણીના મોનીટરીંગ માટે લોજીકલ પેનલ તેમજ ફલોમીટર**

ઠરાવ કર્યો કે શહેરનાં પાણી શુધ્ધીકરણનાં પ્લાન્ટ દ્વારા જુદા જુદા વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનોને પાણી પુરૂ પાડવામાં આવે છે. પુરા પાડવામાં આવતા પાણીનાં આ જથ્થાનું મેઝરમેન્ટ રો વોટર ઈન્ટેક, ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા કોતરપુર, દુધેશ્વર તેમજ જાસપુર ટ્રીટમેન્ટ પ્લાન્ટ પર ફલો મીટર દ્વારા લઈ વોટર ઓડીટ કરી શકાય તે માટે ફલો મીટર લગાવવા ખુબજ જરૂરી છે. ફલો મીટર લગાવવાથી જે તે જગ્યાએ થતા ખોટા લીકેજીસ તથા લોસીસ નીવારી શકાય તેમજ કયા વિસ્તારની કઈ ટાંકી પર કેટલું પાણી સ્ટોરેજ થયું અને જે તે વિસ્તારમાં નગરજનોને કેટલું પાણી પુરું પાડવામાં આવ્યું તે અંગેનું વોટર ઓડીટ કરી શકાય. તે માટે લોજીકલ પેનલ સાથે ફલોમીટર મુકવા જરૂરી કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે. આ માટે રૂા. ૧ કરોડ ફાળવવામાં આવે છે.

**(૫૭) પીવાના પાણીના પ્રેશર નિયમન માટે અનિવાર્ય એવા પ્રેશર મોનીટરીંગ એપ્લાયન્સીસ.**

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરનાં ૧૩૨ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન પરથી શહેરનાં નગરજનોને પુરતાં પ્રમાણમાં પાણી પુરવઠો પુરો પાડવામાં આવે છે. તેમ છતાં, કેટલાંક વિસ્તારોમાં અપૂરતા પ્રેશરથી પાણી મળવા અંગેની ફરિયાદો ચાલુ રહે છે. તેનાં મોનીટરીંગ તેમજ નિવારણ અંગે જે તે વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનમાંથી નીકળતી મુખ્ય પાણીની સપ્લાય લાઈન પર તથા નેટવર્ક વિસ્તારમાં મુખ્ય પાણીની લાઈન પર પરમેનેન્ટ પ્રેશર ગેજ ઈન્સ્ટોલ કરવામાં આવે તથા તેની નોંધ રાખવામાં આવે તો, સમગ્ર નેટવર્ક વિસ્તારમાં પૂરતા પ્રેશર સાથે પાણીની યોગ્ય વહેંચણી થઈ શકે તેમજ અપૂરતા પ્રેશરથી મળતા પાણી

અંગેનું નિવારણ, યોગ્ય વહેંચણી યોગ્ય વાલ્વ ઓપરેશનથી કરી શકાય તે હેતુથી અમદાવાદ શહેરનાં તમામ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનમાંથી નીકળતી પાણી પુરું પાડતી ૨૦૦ મી.મી. સુધીની મુખ્ય પાઈપ લાઈન પર પરમેનન્ટ પ્રેશર ગેજ મુકવા જરૂરી કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે. આ માટે રૂા. ૭૫ લાખ ફાળવવામાં આવે છે.

**(૫૮) સોલર એનર્જીના મહત્તમ ઉપયોગ દ્વારા ઉર્જા બચત**

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરમાં આવેલા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં સોલર એનર્જીનો ઉપયોગ કરી સોલર લાઈટીંગ કરવામાં આવે તો, ત્યાંના સ્ટ્રીટ લાઈટ તથા એડમીનીસ્ટ્રેટીવ બિલ્ડીંગમાં વપરાતો વીજ પુરવઠો બચાવી શકાય તેમજ સોલર એનર્જીનો ઉપયોગ કરવાની પહેલ પણ શરૂ કરી શકાય એ બાબતને ધ્યાને લઈ જરૂરી સોલર સીસ્ટમનો ઉપયોગ કરવાનું ઠરાવવામાં આવે છે. આ માટે રૂા. ૧૦ લાખ ફાળવવામાં આવે છે.

**(૫૯) કોતરપુર પ્રોજેક્ટ માટે પુરતુ પાણી મળી રહે તે સારૂ સાબરમતી નદીમાં પાળા કરવા માટે પ્રોકલેન-૯૦ મશીન ખરીદવાનું આયોજન**

ઠરાવ કર્યો કે શહેરનો પીવાના પાણીનો મોટા ભાગનો જથ્થો કોતરપુર ખાતે આવતા નર્મદાના પાણીમાંથી મેળવવામાં આવે છે. આ નદીનો પટ અત્યંત ઢોળાવવાળો હોવાથી નર્મદામાંથી આવતું પાણી ઝડપથી નીચાણવાળા ભાગમાં ઉતરી જાય છે. આમ, પાણીનો અટકાવ ન થવાને પરિણામે કોતરપુર પાસેના નદીના પટમાંથી ઈન્ટેકવેલમાં પાણી મેળવવામાં મુશ્કેલી પડે છે. આ મુશ્કેલીના નિવારણ માટે કોતરપુર ખાતે ઈન્ટેકવેલ-૧ તથા ઈન્ટેકવેલ-૨ માટે સાબરમતી નદીમાંથી સતત પાણીનો પુરવઠો મળી રહે તે માટે સાબરમતી નદીના પટ્ટમાં પાળા કરવા માટે પ્રોકલેન ૯૦ મશીન ખરીદવાનું ઠરાવવામાં આવે છે. આ માટે રૂા. ૧ કરોડ ફાળવવામાં આવે છે.

**(૬૦) સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ગરીબો માટેનું ગુજરી બજાર**

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરમાં સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ એક મહત્વના પ્રોજેક્ટ તરીકે ઉભરી આવ્યો છે. હવેના દિવસોમાં સાબરમતી નદી એક માત્ર નદી તરીકે જ નહિ રહેતા વિકાસના એક સીમાચિહ્નરૂપ તરીકે પ્રસ્થાપિત થઈ છે. આ પ્રોજેકટમાં અસરકર્તા અને ગરીબ પરિવારોને આવાસોની

વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે સંપૂર્ણ આધુનિક ડિઝાઈનવાળા અને ઉચ્ચ ગુણવત્તા ધરાવતા ક્વાટર્સ ફાળવવામાં આવ્યા છે. વિકાસના આ અભિગમની સાથે સાથે શહેરના પ્રત્યેક નાગરિકની સુવિધાઓ માટે ઝીણવટભર્યુ આયોજન કરવામાં આવ્યું છે. આ જ બાબતને ધ્યાનમાં રાખી હાલમાં રાયખડ ચાર રસ્તાથી શરૂ કરી વિક્ટોરીયા ગાર્ડન લાલ દરવાજા તેમજ સાબરમતી નદીના પટમાં દર રવિવારે ભરાતા ગુજરી બજારની વૈકલ્પિક વ્યવસ્થા માટે વિકાસ પામેલ રિવરફ્રન્ટના પટમાં સરદારબ્રિજથી વિવેકાનંદ બ્રિજ સુધીના નદીના પૂર્વ વિભાગમાં ગરીબ લોકોની રોજીરોટી જળવાઈ રહે એ દ્રષ્ટિએ રિવરફ્રન્ટની આધુનિક જગ્યા ઉપર નદીના પટમાં ઈનફોર્મલ માર્કેટ બનાવવાનું ઠરાવવામાં આવે છે.

**(૬૧) સાબરમતી રિવરફ્રન્ટ ખાતે એકઝીબીશન સેન્ટર બનાવવાનું આયોજન**

ઠરાવ કર્યો કે ટાગોર હોલ પાસે આવેલ સંસ્કાર કેન્દ્ર નજીકમાં ખુલ્લા પ્લોટમાં જુદા જુદા પ્રકારનાં પ્રદર્શનો તેમજ મેળાઓનું આયોજન કરવા માટે કાયમી ધોરણે એકઝીબીશન સેન્ટર બનાવવાની માંગણીઓ તથા દરખાસ્તો અવારનવાર કરવામાં આવે છે. શહેરના આધુનિકરણને લક્ષમાં લઈ આ પ્રકારનું એકઝીબીશન સેન્ટર બનાવવું અત્યંત આવશ્યક અને જરૂરિયાત જણાય છે ટાગોર હોલના પૂર્વ વિસ્તારમાં આવેલ રિવરફ્રન્ટના પટમાં વિશાળ પ્રમાણમાં ખુલ્લી જગ્યા ઉપલબ્ધ થઈ શકે તેમ છે. રિવરફ્રન્ટના પટમાં નિર્માણ કરવામાં આવનાર અનેક પ્રવૃતિઓની સાથે સાથે ઉપરોકત જગ્યાએ વિશાળ એકઝીબીશન સેન્ટર બનાવવાનું ઠરાવવામાં આવે છે. આ મુજબનું કામ તાકીદે હાથ ધરવા મ્યુ.કમિશનરશ્રીને વિનંતી કરવામાં આવે છે.

**(૬૨) ખાડીયા ચાર રસ્તાથી રીલીફ રોડ જતા રસ્તાનો વિકાસ**

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરના વિકાસની સાથે સાથે મધ્યઝોનમાં વોલસીટી એરીયામાં આવેલ કોમર્શીયલ બાંધકામો તેમજ રહેઠાણોનું પ્રમાણ વધવા પામ્યું છે. જેના પરિણામે સમગ્ર શહેરમાં ચોતરફથી દિવસ દરમ્યાન નાગરિકોની અવર જવર થતી હોવાના કારણે ટ્રાફીકની અનેક સમસ્યાઓ ઉપસ્થિત થાય છે. આ વિસ્તારમાં આવેલ ખાડિયા ચાર રસ્તાથી રીલીફરોડ ઝક્કરીયા મસ્જીદ સુધીનો રોડ અત્યંત મહત્વનો છે. આ રસ્તો અત્યંત સાંકડો છે. જેના કારણે નાગરિકોને અવર જવર કરવા માટે પારાવાર મુશ્કેલી પડે છે. આ પ્રશ્નના નિરાકરણ માટે ઉપરોકત રસ્તાને ૬૦ ફુટ પહોળો કરવાનું ઠરાવવામાં આવે છે. જે અંગેની કાર્યવાહી કરવા મ્યુ. કમિશનરશ્રીને વિનંતી કરવામાં આવે છે.

**(૬૩) કોર્પોરેશનની ઇમારતોની જાળવણી**

ઠરાવ કર્યો કે સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી અંતર્ગત શહેરમાં સ્વચ્છતાનું ધોરણ જળવાઈ રહે તેમજ કોર્પોરેશનની ઈમારતો તેમજ અર્બન હેલ્થ સેન્ટરો, સબ સેન્ટરો, મસ્ટર સ્ટેશનો વિગેરેની જાળવણી પણ અત્યંત આવશ્યક છે. આ ઉપરાંત ડ્રેનેજ તેમજ વોટર પમ્પીંગ સ્ટેશનોની તથા એસ.ટી.પી.ની સુવ્યવસ્થિત જાળવણી થાય તે માટે આ બિલ્ડીંગોનું કલરકામ તથા રીપેરીંગની કામગીરી ઉપરાંત શહેરમાં આવેલ ડ્રેનેજ લાઈનોનું જરૂરી ડીસીલ્ટીંગ અને ઉપરોકત તમામ ઈમારતો તથા કોર્પોરેશનની માલિકીના ખુલ્લા પ્લોટોની નકકી કરાયા મુજબની ડીઝાઈનો અનુસાર જરૂરી કમ્પાઉન્ડ વોલ કરવા માટે વધારાના રૂા.૩ કરોડ ફાળવવામાં આવે છે.

**(૬૪) યુ.સી.ડી. તેમજ ઉમ્મિદ કેન્દ્રોનો વિકાસ તથા જાળવણી**

ઠરાવ કર્યો કે સ્વર્ણજયંતિ શહેરી રોજગાર યોજના અંતર્ગત શહેરના યુ.સી.ડી. કેન્દ્રોમાં ચાલતા જુદા જુદા ગૃહઉદ્યોગ તથા નાના વ્યવસાયો જેવા કે સીવણ, કોમ્પ્યુટર, ભરતગુંથણ વિગેરે પ્રવૃતિઓ જે તે બિનસરકારી સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવે છે આ ઉપરાંત ગરીબ-મધ્યમવર્ગના યુવાન/યુવતીઓને નાની-મોટી રોજગારી મળી રહે એ હેતુસર મોલ માટેની ટ્રેનીંગ, સેલ્સમેન, કોમ્પ્યુટરમાં ડેટા એન્ટ્રી વિગેરે જેવી પ્રવૃતિઓ સરકારશ્રીના સહયોગથી ઉમ્મીદ પ્રોગ્રામ અંતર્ગત ચલાવવામાં આવે છે. જેમાં જરૂરી ઈન્ફ્રાસ્ટ્રકચર પુરૂ પાડવાની જવાબદારી કોર્પોરેશનના શીરે છે. આમ, શહેરમાં આવેલ યુ.સી.ડી.કેન્દ્રો, ઉમ્મિદ સેન્ટરોના બહોળા પ્રમાણમાં થતા વપરાશને અનુલક્ષીને તેની મરામત અને જાળવણી માટે વધારાના રૂા.૩૦ લાખ ફાળવવામાં આવે છે.

**(૬૫) વિસ્થાપિતો માટે પ્રાથમિક સુવિધાઓનું સુવ્યવસ્થિત આયોજન**

ઠરાવ કર્યો કે શહેરમાં થતા ઝડપભેર વિકાસના પરિણામે કેટલાક પ્રોજેકટ અંતર્ગત જે તે સ્થળ ઉપર આવેલ ઝુંપડપટ્ટીમાં રહેતા નાગરિકોને વૈકલ્પિક વ્યવસ્થા આપવાનું કામ હાથ ધરાયેલ છે. આ કાર્યો અંતર્ગત પીપળજ નજીક આવેલ ગણેશનગર ખાતે આશરે ૧૦૦૦ થી વધુ પરિવારોને ખુલ્લી જમીન ફાળવીને પ્રાથમિક સુવિધાઓ જેવી કે પીવાનું પાણી, ગટરલાઈન, સ્ટ્રીટલાઈટ, પથ્થર પેવીંગ તથા શૌચાલય જેવી મૂળભૂત પ્રાથમિક સુવિધાઓ આપવામાં આવી છે. નવા હાથ ધરાતા પ્રોજેકટસ અન્વયે અન્ય નાગરિકોને આ સ્થળે ખસેડવાનું આયોજન હોઈ, જરૂરી સુવિધાઓ આપવા માટે વધારાના રૂા.ર કરોડ ફાળવવામાં આવે છે.

**(૬૬) આંગણવાડીઓ દ્વારા સમાજનો ઉત્કર્ષ**

ઠરાવ કર્યો કે શહેરમાં વસતા ગરીબ મધ્યમ વર્ગના બાળકોને પૌષ્ટિક ખોરાક મળી રહે અને સામાન્ય પરિવારના બાળકોની જેમ રમતગમત તથા ઈતર પ્રવૃત્તિઓ દ્વારા તેઓને સામાજિક પ્રોત્સાહન મળી રહે અને આ વર્ગની ગર્ભવતી મહિલાઓ તથા ધાત્રિ માતાઓને પોષણયુકત આહાર મળી રહે તેમજ તેઓ સ્વનિર્ભર થઈ શકે એ માટેની સઘળી પ્રવૃત્તિઓનું આયોજન કરવા અર્થે નવી આંગણવાડીઓ શરૂ કરવા વધારાના રૂા.૩ કરોડ ફાળવવામાં આવે છે.

**(૬૭) હયાત અંતિમધામોમાં અપગ્રેડેશન તથા નવા અંતિમધામો બનાવવાનું આયોજન**

ઠરાવ કર્યો કે શહેરના વધેલા વિસ્તારને લક્ષમાં લઈ તમામ વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવાનું કાર્ય યુધ્ધના ધોરણે હાથ ધરવામાં આવ્યું છે. આ સાથે સાથે ચોતરફ ફેલાયેલા શહેરી વિસ્તારને ધ્યાનમાં લઈ નવા પશ્ચિમઝોન ખાતે ગોતા-રાણીપ વિસ્તારમાં તેમજ દક્ષિણઝોન ખાતે આવેલ નારોલ ખાતે એમ બે નવા સ્મશાનગૃહો બનાવવા તેમજ શહેરના બીજા વિસ્તારોમાં આવેલ અન્ય સ્મશાનગૃહોની જાળવણી મરામત, અપગ્રેડેશન તેમજ સી.એન.જી. આધારિત કરવા માટે કુલ રૂા. ૩ કરોડ ફાળવવામાં આવે છે.

**(૬૮) પીવાના પાણીની સીમેન્ટની પાઇપ લાઇનોના સ્થાને કાસ્ટ આર્યન લાઇનો**

ઠરાવ કર્યો કે શહેરના કેટલાક જુના વિસ્તારોમાં તથા સમાવેશ કરાયેલ નવા પશ્ચિમ તથા પૂર્વ વિસ્તારના અનેક રસ્તાઓ ઉપર હયાત પાણીની લાઈનો સીમેન્ટની છે. જેને કારણે લાઈનો અવાર-નવાર તૂટી જવાના અને તેને કારણે પ્રદૂષણ થવાના બનાવો બને છે. ગતવર્ષ દરમ્યાન શહેરના અનેક વિસ્તારોમાં પીવાના પાણીની લાઈનો બદલવાના કામો હાથ ધરવામાં આવ્યા હતા. ચાલુ વર્ષે આ તમામ સીમેન્ટની પાઈપ લાઈનોના સ્થાને કાસ્ટઆયર્ન લાઈનો નાંખવા માટે વધારાના રૂા.૧ કરોડ ફાળવવામાં આવે છે.

**(૬૯) ગામતળના રસ્તાઓ તથા ડ્રેનેજ લાઇનોની સુધારણા**

ઠરાવ કર્યો કે શહેરના પરા વિસ્તાર તેમજ ઉમેરાયેલા નવા પશ્ચિમ તથા પૂર્વના વિસ્તારના વિકાસની સાથે સાથે ગામતળનો વિકાસ પણ એટલી જ મહત્વની બાબત છે. શહેરના સર્વાંગી વિકાસના ધ્યેયને લક્ષમાં લઈ ગામતળ વિસ્તારના રસ્તાઓના રીસરફેસીંગ માટે તથા પાણીની જુની લાઈનો બદલવા માટે તેમજ ડ્રેનેજ લાઈન સુધારવાના કામ માટે વધારાના રૂા. ૧ કરોડ ફાળવવામાં આવે છે.

## (૭૦) વોર્ડ સમિતિએ સૂચવેલા કાર્યોમાં સુધારા-વધારાનું આયોજન

ઠરાવ કર્યો કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના તમામ વોર્ડની વોર્ડ સમિતિઓ અસ્તિત્વમાં છે. આ તમામ વોર્ડ સમિતિના સભ્યો સાથે જે તે વોર્ડના અધિકારીઓ ચર્ચા કરી આગામી વર્ષના કાર્યોનું આયોજન કરે છે. કેટલાક સંજોગોમાં વોર્ડ સમિતિએ સૂચવેલ કામોમાં સુધારા-વધારાનો અવકાશ રહે છે. વોર્ડ સમિતિની બેઠકમાં સૂચવેલ વોર્ડના કેટલાક કામો માટે નાણાંકીય જોગવાઈ ન થયેલ હોવાથી આવા કામો આગળ વધારી શકાતા નથી. આ બાબતને ધ્યાનમાં લઈ વોર્ડ સમિતિએ સૂચવેલા કામોમાં સુધારા-વધારા કરી તે મુજબના પ્રાથમિક સુવિધાના કાર્યો કરવા માટે ઝોનવાઈઝ વધારાના રૂા. ૧ કરોડ લેખે કુલ રૂા. ૬ કરોડ વધારાના ફાળવવામાં આવે છે.

## (૭૧) નવા ઈ.ડબલ્યુ.એસ. કવાટર્સમાં જરૂરી રસ્તાઓનું આયોજન

ઠરાવ કર્યો કે મ્યુ.કોર્પોરેશન દ્વારા હાથ ધરાયેલ મોટા પ્રોજેકટના કામોને કારણે જે તે સ્થળ ઉપર આવેલ અસરકર્તાઓને પુનઃવસન કરવાની કાર્યવાહી ચાલી રહી છે. આ અંતર્ગત શહેરમાં ૧૮,૦૦૦ કરતાં વધુ આવાસો બનાવવાનું આયોજન છે. આ આવાસોમાં પુરતુ ઈન્ફાસ્ટ્રકચર મળી રહે અને કવાટર્સના બહારના ભાગના એપ્રોચ રસ્તાઓ તેમજ અંદરના રસ્તાઓ પાકા કરવા માટે જરૂરી વધારાના રૂા. ૫ કરોડ ફાળવવામાં આવે છે.

## (૭૨) નવા વિસ્તારો માટે પાકા રસ્તાઓની સુવિધાઓ

ઠરાવ કર્યો કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કાર્યક્ષેત્રમાં ૧૮૨ ચો.કિ.મી થી ૪૬૬ ચો.કિ.મી. સુધીના થયેલ વધારાના પરિણામે નવા પશ્ચિમ વિસ્તાર અને નવા પૂર્વ વિસ્તારમાં પ્રાથમિક સુવિધાના કામો ઝડપભેર હાથ ધરવામાં આવેલ છે. ઔડા તેમજ સરકારશ્રીના રેવન્યુ વિભાગ તરફથી મળેલા પ્લોટોમાં જરૂરી વિકાસ કામો કરવાનું કોર્પોરેશને આરંભ કરેલ છે. આ વિસ્તારોમાં હયાત મુખ્ય રસ્તાઓ તેમજ અન્ય નાના રસ્તાઓને ઝડપભેર પાકા કરવાનું કામ હાથ ધરવામાં આવેલ છે. આ પાકા રસ્તાઓની વધારાની જરૂરીયાતને પહોંચી વળવા નવા પશ્ચિમ વિસ્તાર તથા નવા પૂર્વ વિસ્તારમાં વધારાના રૂા.૧૫ કરોડ ફાળવવામાં આવે છે.

**(૭૩) હાથ ધરેલા પ્રોજેકટ ઝડપભેર પૂરા કરવાનું આયોજન**

ઠરાવ કર્યો કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિસ્તારમાં પાયાની પ્રાથમિક સુવિધાઓ આપવા ઉપરાંત આપણી સંસ્કૃતિની જાળવણીની સાથે સાથે નાગરિકો માટે સહેલગાહના સ્થળો વિકસાવવાના અનેક કાર્યો હાથ ધરવામાં આવ્યા છે. અને તે અંગેના ઠરાવો કરી કાર્યોની ટેન્ડર પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી છે. આ મુજબના કાર્યો એટલે કે કાંકરિયા પરિસર ખાતે બાળકો માટે નવી ટ્રેન, આસ્ટોડીયા ખાતેની દિવાલ ઉપર લોખંડી પુરૂષ સરદારશ્રીનું જીવનચરિત્ર અંકિત કરવાનું કાર્ય, નાગરિકોના આનંદપ્રમોદ માટે મુવીંગ ટાવર, બાળકોને ગમ્મત સાથે જ્ઞાન મળી રહે તે દ્રષ્ટીએ તૈયાર થયેલ કીડ્ઝ સીટી, હેરીટેજની જાળવણી તથા વિકાસ અન્વયે ભદ્ર વિસ્તારનું નવીનીકરણ, ગાંધી આશ્રમ વિસ્તારનું વિશાળ નવીનતમ આયોજન, ભદ્ર ખાતેના પ્રેમાભાઇ હોલની નવરચના વગેરે હાથ ધરેલ આ તમામ કાર્યો ઝડપભેર હાથ ધરી નિયત સમય મર્યાદામાં નગરજનોની સેવા અર્થે મુકવાનું ઠરાવવામાં આવે છે.

**(૭૪) ટી.પી.સ્કીમો ઝડપથી પૂર્ણ કરવા સરકારશ્રીને અનુરોધ**

ઠરાવ કર્યો કે શહેરનો સુવ્યવસ્થિત વિકાસ થાય તે હેતુસર ટાઉન પ્લાનીંગ સ્કીમો બનાવવાની કામગીરી ચાલી રહી છે. આ પૈકીની કેટલીક સ્કીમો બનાવવાના કામો પૂર્ણ કરી તૈયાર થયેલી ડ્રાફટ સ્કીમો સરકારશ્રીમાં મંજુરી અર્થે મોકલવામાં આવેલ છે. સરકારશ્રીમાંથી આ ડ્રાફટ સ્કીમો મંજુર કરી કોર્પોરેશનમાં મોકલી આપવામાં આવે તો યોજનાનુસાર રસ્તાઓ ખુલ્લા કરી શકાય તદ્ઉપરાંત નાગરિકોની જરૂરી સુવિધાઓ ઉભી કરવાનું કામ ઝડપભેર હાથ ધરી શકાય. આ બાબતને ધ્યાનમાં રાખી સરકારમાં રજુ કરેલ ટી.પી.સ્કીમોને ઝડપથી મંજુર કરી મોકલી આપવા સરકારશ્રીને વિનંતી કરવામાં આવે છે.

**(૭૫) નહેરૂબ્રિજથી નગરી હોસ્પિટલને જોડતા બ્રિજ માટે ફીઝીબીલીટી રીપોર્ટ**

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરના પૂર્વ તથા પશ્ચિમ વિસ્તારને જોડતા એવા મહત્વના નહેરૂબ્રિજના પશ્ચિમ ભાગ તરફ એટલે કે આશ્રમ રોડ ઉપરથી ગુજરાત કોલેજ, મીઠાખળી, લો ગાર્ડન વિસ્તાર તરફ જતા ટ્રાફીકનું ભારણ વધ્યું છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નવો પશ્ચિમ વિસ્તાર જોડાતા આશ્રમ રોડ પરના ટ્રાફીકનું આ ભારણ અનેકગણું વધી જવા પામેલ છે. આ સમસ્યાના નિરાકરણ માટે નહેરૂબ્રિજના ચાર રસ્તાથી ગાંધીગ્રામ રેલ્વે સ્ટેશન થઈ નગરી હોસ્પિટલ ચાર રસ્તા સુધીના બ્રિજનું આયોજન કરવા માટે જરૂરી ફીઝીબીલીટી રીપોર્ટ તૈયાર કરી સ્ટે.કમિટી સમક્ષ મુકવાનું ઠરાવવામાં આવે છે.

**(૭૬) અ.મ્યુ.ટ્રા.સર્વિસને લોનની ફાળવણી**

ઠરાવ કર્યો કે અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસના વહીવટને સરળતાથી ચલાવવા માટે તેમજ નાણાંકિય જરૂરિયાતોને પહોંચી વળવા માટે તેમની માંગણી મુજબ વર્ષ દરમ્યાન વધુ રૂા.૫૬૮૪.૦૦ લાખ લોન તરીકે ફાળવવાનું ઠરાવવામાં આવે છે.

**(૭૭) શેઠ શ્રી વા.સા.જન.હોસ્પિટલને ગ્રાન્ટની ફાળવણી**

ઠરાવ કર્યો કે શેઠ શ્રી વા.સા.જન. હોસ્પિટલ વ્યવસ્થાપક મંડળે સામાન્ય ખર્ચ માટે રૂા.૭૮૩૮.૮૩ લાખ અને અસામાન્ય ખર્ચ માટે રૂા.૧૮૪૪.૦૦ લાખ મળી કુલ ખર્ચ રૂા.૯૬૮૨.૮૩ લાખમાંથી આવક રૂા.૭૦૭.૨૪ લાખ બાદ થતાં રૂા.૮૯૭૫.૫૯ લાખ પૈકી રૂા.૩૦૦.૦૦ લાખ રાજ્ય સરકારશ્રી પાસેથી ગ્રાન્ટ તરીકે મેળવવાની રકમ બાદ થતાં રૂા.૮૬૭૫.૫૯ લાખ ગ્રાન્ટ પેટે આપવા ઠરાવેલ છે. તેની સામે મ્યુ. કમિશનરશ્રીએ સામાન્ય ખર્ચ અને અસામાન્ય ખર્ચ પેટે કુલ રૂા.૬૦૨૫.૦૦ લાખ ગ્રાન્ટ તરીકે આપવા અંદાજપત્રમાં જોગવાઇ કરેલ છે. પરંતુ વ્ય.મંડળના ઠરાવ મુજબ હોસ્પિટલના જુદા જુદા કાર્યો હાથ ધરવા, નવા અદ્યતન સાધનોની ખરીદી, તબીબી સેવા અદ્યતન અને અસરકારક બનાવવા તેમજ હોસ્પિટલના વિકાસ કાર્યને આગળ ધપાવવા ગ્રાન્ટની રકમ અપૂરતી હોઇ આ માટે ખૂટતી રકમ સામાન્ય ખર્ચ પેટે તેમજ અસામાન્ય ખર્ચમાં મળી વધુ રકમ રૂા.૨૬૫૦.૫૯ લાખ ફાળવવાનું ઠરાવવામાં આવે છે.

**(૭૮) શેઠ માણેકલાલ જેઠાલાલ પુસ્તકાલયને ગ્રાન્ટની ફાળવણી**

ઠરાવ કર્યો કે શેઠ માણેકલાલ જેઠાલાલ પુસ્તકાલયના વ્યવસ્થાપક મંડળે રૂા.૫૯૨.૭૫ લાખ ગ્રાન્ટ તરીકે આપવા ઠરાવેલ છે. તેની સામે મ્યુ. કમિશનરશ્રીએ કોર્પો.ના અંદાજપત્રમાં રૂા.૨૬૦.૫૦ લાખની જોગવાઇ કરી છે પરંતુ શહેરના સુજ્ઞ નાગરિકોની વાંચન ભૂખને સંતોષવા વધુ સારી સુવિધાઓ ઉભી કરી શકાય અને નવી પેઢીને સંસ્કાર ઘડતર, સાહિત્ય પ્રત્યે રસ જાગે તેવી પ્રવૃત્તિઓ હાથ ધરવા તેમજ નવીન આધુનિક આયોજનો માટે ગ્રાન્ટ અપૂરતી હોઇ, આ માટે બજેટમાં વધુ રૂા.૩૩૨.૨૫ લાખ ફાળવવાનું ઠરાવવામાં આવે છે.

**(૭૯) અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિને ગ્રાન્ટની ફાળવણી**

ઠરાવ કર્યો કે અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિએ પ્રાયમરી એજ્યુકેશન ફંડનું રૂા.૩૯૩ કરોડ ૪૮ લાખનું અંદાજપત્ર મંજુર કરેલ છે. જેમાં મ્યુ.સ્કુલબોર્ડ અંગે સરકારી અનુદાન રૂા.૨૪૫ કરોડ ૯૬ લાખ ૫૦ હજાર, પૂર્વ પ્રાથમિક વર્ગની ફી રૂા. ૨ લાખ તથા અન્ય પરચુરણ આવક રૂા.૭ લાખ મળી એકંદરે કુલ રૂા.૨૪૬ કરોડ ૫ લાખ પચાસ હજાર (અંકે રૂપિયા બસો છેતાલીસ કરોડ પાંચ લાખ પચાસ હજાર પુરા)ની આવક અંદાજેલ છે તેની સામે મ્યુ. કમિશનરશ્રીએ કોર્પોરેશનના અંદાજપત્રમાં અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ માટે સરકારી અનુદાન સાથે કુલ રૂા.૨૧૪ કરોડ ૨૦ લાખની જોગવાઇ કરેલ છે પરંતુ પ્રવર્તમાન આધુનિક સમયને અનુલક્ષીને પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે બાળકોનો વધુ સર્વાંગી વિકાસ થઈ શકે તે હેતુસર સ્કુલ બોર્ડના ઠરાવ મુજબ રાજય સરકારશ્રીની પ્રાથમિક કેળવણી માટેની ગ્રાન્ટમાં વધુ રૂા. ૫૫૫૫.૫૦ લાખ વધારો અંદાજી પ્રાથમિક કેળવણીના ખર્ચમાં વધુ રૂા. ૧૭૯૨૮.૦૦ લાખ ફાળવવાનું ઠરાવવામાં આવે છે.

**(૮૦) પ્લોટના વેચાણ, પ્રિમીયમની તથા એફ.એસ.આઈ.વાપરવા અંગેની ફી માં વધારાની આવક.**

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરમાં જૂની તથા નવી કુલ - ૧૦૦ ઉપરાંત ટાઉન પ્લાનીંગ સ્કીમ બનાવવામાં આવેલ છે. જે સ્કીમોમાં ઈન્ફ્રાસ્ટ્રકચર તથા વિકાસના કામો માટે ૧૦ ટકા થી ૧૫ ટકા જમીન કપાતમાં લેવામાં આવી છે. આ પ્રકારના પ્લોટોને જે તે હેતુ માટે વેચાણ કરી વિકાસ હેતુ માટે નાણાં ઉભા કરવાનું ઠરાવવામાં આવે છે. આ પ્રકારના પ્લોટના વેચાણથી વધારાની રૂા.૧૦૦.૦૦ કરોડની આવક અંદાજવામાં આવે છે તેમજ પ્રિમિયમની આવકમાં રૂા.૨૪.૫૦ કરોડ તથા વધારાની એફ.એસ.આઈ. વાપરવા અંગેની ફી માં રૂા.૩૦ કરોડનો વધારો અંદાજવામાં આવે છે.

**(૮૧) ઓકટ્રોયની અવેજીમાં મળતી ગ્રાન્ટમાં વધારો.**

ઠરાવ કર્યો કે રાજ્ય સરકારશ્રી તરફથી ઓકટ્રોયની અવેજીમાં આપવામાં આવતી ગ્રાન્ટમાં કુલ ૧૫% મુજબ ગ્રોથ રેટ ગણી વધારાની ગ્રાન્ટ રૂા.૫૦.૭૮ કરોડ અંદાજવામાં આવે છે.

**(૮૨) રાજ્ય સરકારશ્રીની મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની ગ્રાન્ટમાં વધારો.**

ઠરાવ કર્યો કે સ્વર્ણિમ જયંતિ વર્ષ અંતર્ગત રાજ્ય સરકારશ્રી તરફથી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે આપવામાં આવનાર ગ્રાન્ટમાં રૂા.૧૫૦ કરોડનો વધારો અંદાજવામાં આવે છે.

# પરિશિષ્ટ - ૧

**મ્યુનિસિપલ કમિશનરશ્રીની ઉપરોક્ત નોંધમાં જણાવ્યા મુજબ ધી બોમ્બે પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ એક્ટ-૧૯૪૯ની કલમ ૯૫(ડ) તથા તેને લગતી અન્ય કાનૂની જોગવાઈઓ અનુસાર અંદાજપત્રના વર્ષ માટે નીચે પ્રમાણેના કર-દરના ધોરણો રાખવા પેશ કરવામાં આવે છે.**

**૧.** ધી બોમ્બે પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૯૪૯ની કલમ ૧૪૧(બી) થી ૧૪૧(એફ) અન્વયે ગુજરાત રાજ્ય સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ સ્પેશ્યલ ઓર્ડીનન્સ નં. ૧/૨૦૦૭ તા. ૨૦-૧-૨૦૦૭ હેઠળ મિલકતવેરાને જનરલ ટેક્ષ એટલે કે સામાન્ય વેરો ગણવાનો રહેશે.

**સામાન્ય વેરો** = વાર્ષિક દર × મિલકતનું ક્ષેત્રફળ × (ફેકટર-૧ × ફેકટર-૨ × ફેકટર-૩ × ફેકટર-૪)

## ફોર્મ્યુલાની સમજૂતિ

**વાર્ષિક દર :**

ઉપરોક્ત ફોર્મ્યુલામાં મિલકતનો વાર્ષિક દર ચો.મીટર દીઠ મ્યુનિસિપલ કોર્પોરેશન દર વર્ષે બજેટ મંજૂર કરતી વખતે જાહેર કરશે અને તે દર નક્કી કરતી વખતે કોર્પોરેશને આગામી વર્ષ દરમ્યાન કોર્પોરેશનની નાણાંકિય જરૂરિયાતો લક્ષમાં લેશે.

**મિલકતનું ક્ષેત્રફળ :** મિલકતનું ક્ષેત્રફળ આકારણી હેઠળની મિલકતના કારપેટ એરીયા ઉપરથી નક્કી કરવામાં આવશે. કારપેટ એરિયા ગણતી વખતે મિલકતની બાહ્ય અને આંતરિક દિવાલો હેઠળના સિવાયનું તમામ ક્ષેત્રફળ ધ્યાને લેવાનું રહેશે. મિલકતનું ક્ષેત્રફળ નક્કી કરવા માટે કારપેટ એરિયાની વ્યાખ્યા પરિશિષ્ટ - 'અ' મુજબની રહેશે.

ખુલ્લી જમીન માટે જમીનોનું ક્ષેત્રફળ તેનું ખરેખર જે ક્ષેત્રફળ હશે તે ધ્યાને લેવામાં આવશે.

## આગામી વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માટે સૂચિત વાર્ષિક દર

| | | | |
|---|---|---|---|
| રહેઠાણની મિલકતો માટે | : | પ્રતિ ચોરસ મીટર પ્રતિ વર્ષ | ૧૦ |
| બીન રહેઠાણની મિલકતો માટે | : | પ્રતિ ચોરસ મીટર પ્રતિ વર્ષ | ૨૨ |

ખુલ્લી જમીનના વાર્ષિક દર માટે ડેવલપમેન્ટ પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણેના ઝોનીંગ મુજબ રહેઠાણ કે બિનરહેઠાણનો દર લાગુ પડશે.

**ફેક્ટરના પ્રકાર :**

**ફેક્ટર - ૧ : સ્થળ પરિસ્થિતિ (લોકેશન) અંગેનો ફેક્ટર**

**ફેક્ટર - ૨ : મિલકતના બાંધકામના વર્ષ આધારિત મિલકતના ઉંમર અંગેનો ફેક્ટર**

**ફેક્ટર - ૩ : રહેઠાણવાળી મિલકતના કિસ્સામાં તેના પ્રકાર અંગે જ્યારે બિન રહેઠાણવાળી મિલકતના કિસ્સામાં તેના ઉપયોગ અંગેનો ફેક્ટર**

**ફેક્ટર - ૪ : મિલકતનો ઉપયોગ કોણ કરે તે અંગેનો ફેક્ટર.**

## ફેક્ટર લાગુ પાડવાની પદ્ધતિ

**ફેક્ટર - ૧ : સ્થળ પરિસ્થિતિ (લોકેશન) અંગેનો ફેક્ટર**

અમદાવાદ શહેરનો કેટલોક વિસ્તાર સમૃદ્ધ છે, કેટલોક મધ્યમ કક્ષાનો છે અને કેટલાક વિસ્તારમાં ગરીબ પ્રજા રહે છે. તેથી અલગઅલગ વિસ્તારની સમૃદ્ધિને લક્ષમાં લઈને સ્થળ સ્થિતિ અંગે ફેક્ટર લાગુ પાડવાના રહે છે. તેથી પ્રવર્તમાન જમીનની કિંમત પરથી (અ) સમૃદ્ધ વિસ્તાર (બ) સારો વિસ્તાર (ક) મધ્યમ વિસ્તાર (ડ) નબળો વિસ્તાર એમ ચાર વિભાગ પાડવા. એમ ચારે વિભાગના અવયવના દર નીચે મુજબ રાખેલ છે.

| | | |
|---|---|---|
| **(અ)** | **સમૃદ્ધ વિસ્તાર** | **૧.૬૦** |
| **(બ)** | **સારો વિસ્તાર** | **૧.૧૦** |
| **(ક)** | **મધ્યમ વિસ્તાર** | **૦.૯૦** |
| **(ડ)** | **નબળો વિસ્તાર** | **૦.૬૦** |

બિન રહેઠાણની મિલકતો માટે વિસ્તારનું વિભાજન વધુ વાણિજ્ય શક્યતાઓ ધ્યાનમાં રાખીને કરેલ છે.

સારી વાણિજ્ય શક્યતાવાળા વિસ્તારના અવયવનો દર ઊંચો રાખવામાં આવેલ છે. જ્યારે નબળા વાણિજ્ય શક્યતાવાળા વિસ્તારના અવયવનો દર નીચો રાખવામાં આવેલ છે. આ અવયવોની કિંમત નીચે મુજબ રાખેલ છે.

| | | |
|---|---|---|
| **(અ)** | **ખૂબ જ સારી** | **૧.૬૦** |
| **(બ)** | **સારી** | **૧.૧૦** |
| **(ક)** | **મધ્યમ** | **૦.૯૦** |
| **(ડ)** | **નબળી** | **૦.૬૦** |

રાજ્ય સરકારની સ્ટેમ્પ્સ ડ્યુટી વિભાગ દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારો માટે જમીનની કિંમતો નક્કી થાય છે તેનો આધાર લઈને શહેરના આ પ્રમાણે વિભાજન કરવામાં આવશે.

**ફેક્ટર - ૨ : મિલકતના બાંધકામના વર્ષ આધારિત ફેક્ટર**

આ ફેક્ટર મિલકતના બાંધકામ વર્ષ ઉપર આધાર રાખે છે અને તેને અનુરૂપ ટેકસમાં રાહત આપવામાં આવશે. મિલકતના બાંધકામના વર્ષને ધ્યાનમાં લઈને પાંચ વિભાગ પાડવામાં આવેલ છે. તેને અનુરૂપ ફેક્ટરના અવયવો નીચે મુજબ રાખવામાં આવેલ છે.

| મિલકતની ઊંમર | | અવયવનો દર |
|---|---|---|
| (૧) | દશ વર્ષથી ઓછા સમયની | ૧.૦૦ |
| (૨) | દશ વર્ષથી વીસ વર્ષ સુધીના સમયની | ૦.૮૫ |
| (૩) | વીશ વર્ષથી ત્રીસ વર્ષ સુધી | ૦.૭૦ |
| (૪) | ત્રીસ વર્ષથી ચાલીસ  વર્ષ સુધી | ૦.૬૦ |
| (૫) | ચાલીસ વર્ષ કરતાં વધુ | ૦.૫૦ |

**ફેક્ટર - ૩ : રહેઠાણવાળી મિલકતોના પ્રકાર અંગેનો ફેક્ટર**

અમદાવાદ શહેરમાં રહેઠાણવાળી મિલકતોના જુદા જુદા પ્રકારો છે :

(૧) ઝૂંપડા

(૨) ચાલી

(૩) પોળ અને ગામતળના રહેઠાણવાળા મકાનો

(૪) ફ્લેટ

(૫) રો-હાઉસ - ટેનામેન્ટ

(૬) સ્વતંત્ર બંગલા

શહેરની તમામ રહેણાંકની મિલકતોને ઉપર મુજબ વહેંચી તેના માટે નીચે મુજબના અવયવના દર રાખેલ છે.

શહેરમાં આવેલી રહેણાંકની મિલકતોને ઉપર મુજબ વહેંચી તેના માટે નીચે મુજબના અવયવના દર રાખેલ છે.

| | મિલકતોનો પ્રકાર | અવયવનો દર |
|---|---|---|
| (૧) | ચાલી (૨૫ ચો.મી. કરતાં ઓછા) | ૦.૫૦ |
| (૨) | પોળ અને ગામતળના રહેઠાણવાળા મકાનો | ૦.૭૦ |
| (૩) | ફ્લેટ | ૦.૭૦ |
| (૪) | રો-હાઉસ - ટેનામેન્ટ | ૧.૦૦ |
| (૫) | સ્વતંત્ર બંગલા | ૧.૫૦ |

**(બ) બિનરહેઠાણવાળી મિલકતોના વપરાશ અંગેના ફેક્ટર :**

અમદાવાદ શહેરમાં વસવાટ સિવાયની મિલકતો જેનો જુદો જુદો વપરાશ થાય છે. વપરાશને લક્ષમાં લઈ નીચે મુજબનું વિભાજન કરવામાં આવેલ છે અને તેના અવયવો નીચે મુજબ રાખવામાં આવેલ છે.

## બિનરહેઠાણવાળી મિલકતોના વપરાશ અંગે અવયવ

| અ.નં. | બિનરહેઠાણવાળી મિલકતોના વપરાશ અંગે અવયવ | અવયવ |
|---|---|---|
| ૧ | **(અ) નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં, મુકરર કરેલ દર ૦.૦ વડે ગુણતાં જે આવે તે ઘટાડવો જોઈએ**<br>મંદિર, મસ્જીદ, દેરાસર (જૈન મંદિર), ચર્ચ, રોજા, કબર, ગુરૂદ્વારા (શીખ મંદિર), અપાસરા, દરગાહ, અગિયારી, સમાધિ, ગ્રેબયાર્ડ, કબ્રસ્તાન, સ્મશાનગૃહ, કૂવો, હવાડો, હમામખાના (જાહેર બાથ), માટીના અખાડા, મદ્રેસા, પાઠશાળા, મફત પાણીની પરબ | |
| | **(બ) નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં, મુકરર થયેલ દર વધારી શકાશે નહી અથવા ઘટાડી શકાશે નહિ**<br>પાણીની ટાંકી, વોટર પંપ રૂમ, ડ્રેનેજ પંપીંગ સ્ટેશન, ધોબીઘાટ, પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચલાવાતી ગ્રાન્ટેબલ શાળાઓ, પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ તથા ધાર્મિક સંસ્થાઓ દ્વારા ચલાવાતી હોય તેવી બોર્ડિંગ, લોજીંગ, હોસ્ટેલ, ધર્મશાળા, આશ્રમ, ગ્રંથાલય | ૧.૦૦ |
| ૨ | **શૈક્ષણિક અને સામાજીક સંસ્થાઓ :**<br>ખાનગી નર્સરી (બાલમંદિર), ખાનગી અને સરકારી શાળાઓ, ખાનગી અને સરકારી કોલેજો, યુનિવર્સિટી કેમ્પસ, મ્યુઝિયમ, કોમ્યુનિટી હોલ, પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત સામાજીક સંસ્થાઓ (નારી સંરક્ષણ તથા ઉત્થાન, ઘરડાઘર, બહેરામૂંગા, અંધજન, મંદબુદ્ધિ, શારિરીક ખોડખાંપણ સાથે સંકળાયેલ સંસ્થાઓ) તથા નોન ગ્રાન્ટેબલ શાળાઓ | ૨.૦૦ |
| 3 | **ઔદ્યોગિક એકમો અને કારખાના (ફક્ત ઉત્પાદન તથા પ્રોસેસીંગ કરતી ઈમારતો માટે) :**<br>વીજળી કંપનીનું પાવર હાઉસ, વિજળી સબ સ્ટેશન, એરેટેડ વોટર ફેકટરી, ભઠ્ઠા, બ્રાસ વર્કસ, બ્રીક સીરામીક વર્કસ, સીમેન્ટની વસ્તુઓ, ક્લે બનાવવા એકમો, કેમીકલ ફેકટરી, કન્ફેકશનરી, ડેરી, ડીસ્ટ્રીલીયરી, ફાઉન્ડ્રી, ફલોર ફેકટરી, આયર્ન ફેકટરી, જીન્ક ફેકટરી, સીલ્વર-ઓર્નામેન્ટ ફેકટરી, જગરી બનાવવાનું એકમ, લેધર મેન્યુફેકચરીંગ યુનિટ, ચૂના ચક્કી, ચૂના ભઠ્ઠી, ઓઈલ એકસ્ટ્રેશન, પેપર મેન્યુફેકચરીંગ, પ્લાસ્ટીક ફેકટરી, પોર્ટરી, સાગોળ મેન્યુફેકચરીંગ, સોપ મેન્યુફેકચરીંગ, સુગર મેન્યુફેકચરીંગ, ટીન ફેકટરી, તમાકુ ફેકટરી, વર્કશોપ, ફેકટરી સ્ટીમજીલ, ઓટો ગેરેજ, ફેકટરી-એ,બી,સી,ડી,ઈ,એફ, મીલ, પાવરલુમ, હેન્ડલુમ, બોન વોશીંગ, બ્લીચીંગ, કોટન, સ્પીનીંગ, ડાઈંગ, ડાઈંગ બ્લીચીંગ, | ૨.૦૦ |

ધાણા ફેક્ટરી, લેધર પ્રોસેસીંગ, સ્ક્રીન પ્રીન્ટીંગ, સલ્ફર પ્રોસેસીંગ, સ્ટાર્ચ પ્રોસેસીંગ, વરીયાળી પ્રોસેસીંગ, વુલ પ્રોસેસીંગ, કોલ્ડ સ્ટોરેજ, વુડપીઠા, ભઠીયાર ખાના, રીપેરીંગ વર્કસ, નર્સરી (ફૂલ-છોડ), એનીમલ માર્કેટ, ઢોરના તબેલા, પોલ્ટ્રી ફાર્મ, દૂધાળા ઢોરનો તબેલો, વે બ્રીજ, બાઈન્ડીંગ પ્રેસ, પ્રિન્ટીંગ પ્રેસ, પ્રોસેસ સ્ટુડીયો, ફોટો સ્ટુડીયો, કોમન એફ્લ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન, ઉપરોક્ત ઈમારતોના ગોડાઉન તથા વેર હાઉસીસ

(૪)૮ખ (૪)(ક) ૧ અને ૨ માં દર્શાવ્યા મુજબની ઈમારતોના ગોડાઉન તથા વેરહાઉસીસ કે જેમાં વેચાણની કામગીરી થતી ના હોય અને વેચાણની કામગીરી થતી હોય તે મિલકતથી સદર ગોડાઉન, વેરહાઉસીસથી અલગ આવેલા હોય અને તે ઈમારતનો ઉપયોગ ફક્ત માલસામાનનો સંગ્રહ કરવા અને ટ્રાન્સપોર્ટ કંપનીઓના માલસામાનનો સંગ્રહ કરવા થતો હોય તેવી જ ઈમારતોના ગોડાઉન અને વેરહાઉસીસ.

૪ **વાણિજ્યિક હેતુઓ માટેની મિલકતો :** ૭.૦૦

બેંકો, દવાખાના, હોસ્પિટલ, કલીનીક, પ્રસુતિગૃહ, લેબોરેટરી, સેન્ટ્રલ ગર્વમેન્ટ ઓફિસ, સ્ટેટ ગર્વ. ઓફિસ, લોકલ બોડીઝ ઓફિસ, પોસ્ટ ઓફિસ, વાણિજ્યિક અને/અથવા ઔદ્યોગિક એકમની કચેરી, ઓઈલ કું.ની ઓફિસ, વિવિધ કોર્પોરેશનની ઓફિસ, ટ્યુશન કલાસીસ, ટાઈપીંગ ઈન્સ્ટીટયુટ, ઉપરોક્ત ઈમારતોના ગોડાઉન તથા વેર હાઉસીસ અને આ ખંડના બીજા કોઈપણ પેટા ખંડમાં આવતી ન હોય તે મિલકતો

૫ **દુકાનો, હોટલ, રેસ્ટોરન્ટ, મનોરંજનના સ્થળો વિગેરે** ૬.૦૦

દુકાનો, હોટલ, રેસ્ટોરન્ટ, મનોરંજનના સ્થળો, ઓપન એર થીયેટર, પેટ્રોલ પંપ, સર્વિસ સ્ટેશન, સીનેમા, કલબ હાઉસ, જીમખાના, કલબ મેસ, લોજીંગ, લોજીંગ એન્ડ બોર્ડિંગ, પાર્ટી પ્લોટ (જ્ઞાતિની વાડીઓ સિવાયના હોલ) ડીશ એન્ટેના, પેજર એન્ટેના, ટાવર, સાઈન બોર્ડ, જાહેર ખબરના પાટિયા, મોબાઈલ ફોન ટાવર, ઉપરોક્ત ઈમારતોના ગોડાઉન તથા વેર હાઉસીસ

**ફેક્ટર - ૪ : મિલકતનો ઉપયોગ કોણ કરે છે તે આધારિત ફેક્ટર**

| | મિલકતોનો પ્રકાર | અવયવનો દર |
|---|---|---|
| (૧) | માલીક તાબેવાળી મિલકતો | ૧.૦૦ |
| (૨) | ભાડુઆત તાબેવાળી મિલકતનો | ૨.૦૦ |

કલમ - ૧૪૧ ઈ (૧) મુજબ શહેરની જે મિલકતો નોન-વોટર ઝોનમાં સમાવિષ્ટ થાય છે તેને તેનાં સામાન્ય કરમાં ૧૫% રિબેટ આપવામાં આવશે. કલમ - ૧૪૧ ઈ (૨) મુજબ બિન-રહેણાંકવાળી ગ્રાઉન્ડ ફ્લોર સિવાયની મિલકતોનાં સામાન્યવેરામાં ૨૦% રિબેટ આપવામાં આવશે.

આમ છતાં, ઓછામાં ઓછો સામાન્ય વેરો નીચે મુજબ રહેશે.

**(અ) <u>રહેણાંકવાળી મિલકતો માટે</u> :**

| | મિલકતનો પ્રકાર | મિલકતનું માપ (ચો.મીટર) | લઘુત્તમ સામાન્ય વેરો વોટર ઝોનમાં | લઘુત્તમ સામાન્ય વેરો નોનવોટર ઝોનમાં |
|---|---|---|---|---|
| ૧ | ઝૂંપડા | --- | ૮૪.૦૦ | ૭૧.૦૦ |
| ૨ | ચાલી | ૨૫ ચો.મી. થી નાના | ૨૬૪.૦૦ | ૨૨૪.૦૦ |
| ૩ | અન્ય | ૩૦ ચો.મી. થી નાના | ૨૬૪.૦૦ | ૨૨૪.૦૦ |
| ૪ | અન્ય | ૩૦ ચો.મી. થી ૫૦ ચો.મી. સુધીના | ૩૦૦.૦૦ | ૨૫૫.૦૦ |
| ૫ | અન્ય | ૫૦ ચો.મી. થી વધુ | ૩૩૦.૦૦ | ૨૮૦.૦૦ |

**ઝૂંપડા માટે મહત્તમ સામાન્ય વેરો રૂા. ૮૪/- તથા ૨૫ ચો.મી. થી નાના મકાનોવાળી ચાલીઓ માટે મહત્તમ સામાન્ય વેરો રૂા. ૨૬૪/- રહેશે.**

**(બ) <u>બિનરહેણાંકવાળી મિલકતો માટે</u> :**

| | મિલકતનો પ્રકાર | મિલકતનું માપ (ચો.મીટર) | લઘુત્તમ સામાન્ય વેરો વોટર ઝોનમાં | લઘુત્તમ સામાન્ય વેરો નોનવોટર ઝોનમાં |
|---|---|---|---|---|
| ૧ | બિનરહેણાંક | ૧૫ ચો.મી. થી નાના | ૫૪૦.૦૦ | ૪૫૯.૦૦ |
| ૨ | બિનરહેણાંક | ૧૫ થી ૩૦ ચો.મી. સુધીના | ૬૬૦.૦૦ | ૫૬૧.૦૦ |
| ૩ | બિનરહેણાંક | ૩૦ ચો.મી. થી વધુ | ૭૮૦.૦૦ | ૬૬૩.૦૦ |
| ૪ | નીચે ઉપયોગ માટે દર્શાવેલ બિનરહેણાંક | --- | ૯૦૦.૦૦ | ૭૬૫.૦૦ |

**ઉપયોગનો પ્રકાર :**

ઓપન એર થિયેટર, બ્રાસ વર્કસ, બ્રીક સીરેમીક, કલે મેન્યુફેકચરીંગ, કેમીકલ્સ, કન્ફેકશનરી, ડીસ્ટીલરી, ફાઉન્ડ્રી, ઈન્ક ફેકટરી, જોગરી મેન્યુફેકચરીંગ, લેધર મેન્યુફેકચરીંગ, લાઈમ ભઠ્ઠી, ઓઈલ એકસ્ટ્રેકશન, પેપર મેન્યુફેકચરીંગ, પોટરી, સાગોળ મેન્યુફેકચરીંગ, સોપ મેન્યુફેકચરીંગ, સુગર મેન્યુફેકચરીંગ, સ્વીટ્સ મેન્યુફેકચરીંગ, ટોબેકો, વર્કશોપ, ફેટ સ્ટેમ ઓઈલ, ફેકટરી ડી, લેબોરેટરી, ભઠીયારા ખાના, બોર્ડીંગ, હોસ્ટેલ, હોટલ, લોજીંગ, લોજીંગ એન્ડ બોર્ડીંગ, રેસ્ટોરન્ટ્સ, ટી શોપ, હોટલ બોર્ડીંગ, પાવરલુમ, હેન્ડલુમ, ગાર્ડન-પીકનીક, હેન્ડ પ્રિન્ટીંગ, પ્રિન્ટીંગ પ્રેસ, બોન્સ વોશીંગ, બ્લીચીંગ, ડાઈંગ, ડાઈંગ બ્લીચીંગ, ધાણા ફેકટરી, હેર વોશીંગ, લેધર પ્રોસેસ, સ્ક્રીન પ્રિન્ટીંગ, સલ્ફર પ્રોસેસ, સ્ટાર્ચ પ્રોસેસ, વરીયાળી પ્રોસેસ, વુલ પ્રોસેસ, એરેટેડ વોટર, કોલ્ડ્રીંક શોપ, ફરસાણ શોપ, આઈસ્ક્રીમ શોપ, મટન શોપ, પોલ્ટ્રી ફાર્મ, હવાડા

ધોબીઘાટ, એરેટેડ વોટર ફેકટરી, સીમેન્ટ આર્ટીકલ્સ, ડેરી, આઈસ ફેકટરી, લાઈમ ચક્કી, ફેકટરી બી, ફેકટરી સી, હમામખાના, મીલ્ક-કર્ડ-શોપ, ઢોર માર્કેટ, મીલ્ક-કેટલ સ્ટેબલ

૨. ધી બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯ ની કલમ ૧૪૧AA(a) હેઠળ મળેલ સત્તાની રૂએ પાણી પુરવઠાની સેવા પાછળ થતાં મહેસુલી ખર્ચને પહોંચીવળવા કલમ ૧૪૧B હેઠળ સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં સામાન્ય વેરાના ૩૦% પ્રમાણે પાણીનો કર વસુલ કરવા ભલામણ છે.

૩. ધી બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯ ની કલમ ૧૪૧AA(b) હેઠળ મળેલ સત્તાની રૂએ સુઅરેજ - ડ્રેનેજ તથા સેનીટેશનની સેવા પાછળ થતાં મહેસુલી ખર્ચને પહોંચીવળવા કલમ ૧૪૧B હેઠળ સામાન્ય વેરાના ૩૦% પ્રમાણે હલાલખોર કર વસુલ કરવા ભલામણ છે.

૪. ગુજરાત રાજ્ય સરકારશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક અમન/૮૦૨૦૦૮/૧૦૮૯/પી તા.૧૬-૫-૦૮થી મળેલ મંજુરી અનુસાર નવા રજીસ્ટર્ડ થયેલા વાહનો ઉપર આજીવન કર નીચે જણાવેલ શીડયુલ મુજબ લેવાનુ ઠરાવેલ છે.

| | વાહનનો પ્રકાર | આજીવન કરનો દર રૂા. |
|---|---|---|
| (૧) | સ્કૂટર, મોટર સાયકલ દ્વિચક્રી વાહનો | ૧૦૦૦.૦૦ |
| (૨) | ઓટો રીક્ષા | ૧૨૦૦.૦૦ |
| (૩) | લોડીંગ રીક્ષા | ૧૫૦૦.૦૦ |
| (૪) | મોટરકાર તથા જીપ ૧૦૦૦ સી.સી. સુધી તથા પ્રત્યેક વધારાના સી.સી. દીઠ રૂા.૨/- વધારાના લેવા | ૨૦૦૦.૦૦ |
| (૫) | મેટાડોર-મીની બસ | ૫૦૦૦.૦૦ |
| (૬) | ટ્રક તથા મોટી બસ | ૮૦૦૦.૦૦ |

***આ ઉપરાંત રૂા. ૨૫.૦૦ ટોકન ફી પેટે લેવામાં આવશે.***

લાઈફટાઈમ ટેક્ષ વસૂલ કરવા વખતોવખત ગુજરાત સરકાર દ્વારા બોમ્બે મોટર વ્હીકલ એક્ટ ૧૯૫૮માં વાહનની જે ઉંમર રાખવામાં આવે તે મુજબની ઉંમર પ્રમાણે લાઈફ ટાઈમ વ્હીકલ ટેક્ષ લેવામાં આવશે.

**૫. એકટની કલમ ૧૨૭ પેટા કલમ (૨) મુજબ બીજા કરો :**

**(અ) થિયેટર ટેક્ષ :** ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ નં. જી.એફ.સી./૧૧/૨૦૦૦/૨૫૦૫/૨ તા. ૯-૨-૨૦૦૧ના અનુસંધાને તથા મ્યુનિસિપલ કોર્પોરેશન ઠ.નં. ૬૦૫ તા. ૨૩-૧૧-૨૦૦૧થી શો દીઠ રૂા. ૫૦ વસુલ લે છે તેને ચાલુ રાખવા ભલામણ છે.

## ખુલ્લી જમીન ઉપર સામાન્ય વેરો (વેકેન્ટ લેન્ડ ટેક્ષ) :

અમદાવાદ શહેરમાં ખુલ્લા પ્લોટો આવેલા છે. જેનો વર્ષોથી ઉપયોગ થતો નથી. પ્લોટની સફાઈ રાખવામાં આવતી નથી પરિણામે આવા પ્લોટોમાં ગંદકી થાય છે. આથી જે પ્લોટો એન. એ. થયેલા છે જયાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટ ઉપર સામાન્ય વેરો વસુલાત કરવો જોઈએ. જેને અનુલક્ષીને આગામી વર્ષથી એન.એ. થયેલા છે જ્યાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટો પર નીચે મુજબના રૂલ્સ બનાવી સામાન્ય વેરો વસુલ લેવામાં આવશે.

# એનેક્ષર-એ

ધી બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિલ કોર્પોરેશન અધિનિયમ-૧૯૪૯ ની કલમ ૪૫૫ હેઠળ મળેલ સત્તાની રૂએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં મિલકતવેરાની વસુલાત અંગે કારપેટ એરિયા બેઈઝ, ફોર્મ્યુલા હેઠળ મિલકતવેરાની વસુલાત કરવા સંબંધિત ૨૦૦૧-૦૨ થી અમલમાં મૂકેલ બી.પી.એમ.સી. એક્ટની કલમ-૧૪૧બી મુજબની સામાન્ય વેરાની કારપેટ એરીયા બેઈઝ નવી ફોર્મ્યુલાના શીડ્યુલ-એ, પ્રકરણ-૮ માં નિયમ-૮(જ) નો ઉમેરો.

૮(જ) શહેરની હદમાં એન.એ. થયેલા હોય અને જ્યાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટો ઉપર સામાન્યવેરો લેવા માટે બનાવવામાં આવેલ ખાસ નિયમો

અમદાવાદ શહેરમાં ખુલ્લા પ્લોટો આવેલા છે. જેનો વર્ષોથી ઉપયોગ થતો નથી. પ્લોટની સફાઈ રાખવામાં આવતી નથી પરિણામે આવા પ્લોટોમાં ગંદકી થાય છે. આથી જે પ્લોટો એન. એ. થયેલા હોય અને જયાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટ ઉપર સામાન્ય વેરો વસુલાત કરવો જોઈએ. જેને અનુલક્ષીને આગામી વર્ષથી એન.એ. થયેલા હોય અને જ્યાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટો પર નીચે મુજબના નિયમોથી સામાન્ય વેરો લેવાનો રહેશે.

૧. પ્લોટો / જમીનોનું કુલ ક્ષેત્રફળને ગણતરીમાં લેવાનું રહેશે.

૨. પ્લોટો / જમીનોનું વર્ગીકરણ ડેવલપમેન્ટ પ્લાન મુજબ નક્કી થયેલ લેન્ડ યુઝ પ્રમાણે રહેણાંકના હેતુ માટે અને તે સિવાયની પ્લોટ / જમીનો રહેણાંક સિવાયના હેતુ માટેની ગણવાની રહેશે અને તેના કર-દર તેના હેતુ મુજબ સામાન્ય કર માટે રહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે રહેણાંકનો વાર્ષિક દર ચો.મી. પ્રમાણે તથા બિનરહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે બિનરહેણાંકનો વાર્ષિક દર ચો.મી. પ્રમાણે જે નક્કી કરવામાં આવે તે ગણવાનો રહેશે.

૩. પ્લોટો / જમીનોના સ્થળ પરિબળ અંગે રાજ્ય સરકારશ્રીના સ્ટેમ્પ ડ્યુટી વિભાગ દ્વારા શહેરના જુદા-જુદા વિસ્તારો માટે જમીનની કિંમતો નક્કી કરવામાં આવે છે તેનો આધાર લઈ ખુલ્લા પ્લોટ / જમીનની કિંમતના આધારે મંજૂર થયેલ સ્થળ પરિબળના અવયવના દર લાગુ પાડવાના રહેશે.

૪. પ્લોટો / જમીનો માટે દરેક ખુલ્લા પ્લોટ / જમીનની ઉંમરનો અવયવ દર એક (૧.૦૦) ગણવાનો રહેશે.

૫. પ્લોટો / જમીનોના વપરાશના પરિબળ માટે રહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે અવયવનો દર ૦.૧ તથા બિનરહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે અવયવનો દર ૦.૨ ગણવાનો રહેશે.

૬. પ્લોટો / જમીનોને માલિક તાબે ગણી અવયવનો દર એક (૧.૦૦) રાખવાનો રહેશે.

૭. જે-તે વર્ષમાં નાંખવામાં આવેલ વોટર ટેક્ષ અને કોન્ઝર્વન્સી ટેક્ષ ટકાવારી મુજબ લાગુ પડશે. પરંતુ શહેરની હદમાં એન.એ. થયેલા હોય અને જ્યાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટલાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટો / જમીનોને ધી બોમ્બે પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯ ના પ્રકરણ-૮ મુજબના ટેક્સેશન રૂલ્સ નં.૫૬ મુજબ મિલકત ખાલી રહેવા અંગેનું રીફંડ મળવાપાત્ર રહેશે નહિં.

ખુલ્લા પ્લોટ / જમીન ઉપર સામાન્ય વેરો લેવા માટે રાજ્ય સરકારશ્રીની મંજૂરી મેળવવાની રહેશે.

## રેવન્યુ આવકમાં વધારો

| અ.નં. | વિગત | આવકમાં વધારો (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧. | સામાન્ય વેરાની આવક (જુની બાકી પેટે) | ૫૦૦૦.૦૦ |
| ૨. | કોમર્શીયલ ડેવલપમેન્ટની આવક | ૧૦૦૦૦.૦૦ |
| ૩. | પ્રિમીયમની આવકમાં વધારો | ૨૪૫૦.૦૦ |
| ૪. | વધારાની એફએસઆઈ વાપરવા અંગેની ફી | ૩૦૦૦.૦૦ |
| ૫. | રાજય સરકારશ્રી તરફથી મળતી ઓકટ્રોયની ગ્રાન્ટમાં વધારો | ૫૦૭૮.૦૦ |
| ૬. | પ્રાથમિક કેળવણી માટે મળતી રાજય સારકારશ્રીની ગ્રાન્ટમાં વધારા | ૫૫૫૫.૫૦ |
| | કુલ :- | ૩૧૦૮૩.૫૦ |

## રેવન્યુ આવકમાં ઘટાડો

| અ.નં. | વિગત | આવકમાં ઘટાડો (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧. | સામાન્યવેરાની આવક (સામાન્ય વેરાના દરમાં વધારો નામંજુર કરતા) | ૫૦૦૦.૦૦ |
| | કુલ :- | ૫૦૦૦.૦૦ |

## રેવન્યુ ખર્ચમાં વધારો

| અ.નં. | વિગત | ખર્ચમાં વધારો (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧. | પ્રા.શિક્ષણ સમિતિની ગ્રાન્ટમાં વધારો | ૧૭૯૨૮.૦૦ |
| ૨. | શેઠ મા.જે.પુસ્તકાલયની ગ્રાન્ટમાં વધારો | ૩૩૨.૨૫ |
| ૩. | શેઠ વા.સા.હોસ્પિ.ની ગ્રાન્ટમાં વધારો | ૨૬૫૦.૫૯ |
| ૪. | સ્લમ વિસ્તારના બાળકોના ઉત્કર્ષ માટે સ્પર્ધાઓનું આયોજન. | ૫૦.૦૦ |
| ૫. | કોર્પો.ના ઠરાવોનું ડીઝીટલ સ્કેનીંગ તેમજ કોમ્પ્યુટાઈઝેશન | ૫૦.૦૦ |
| ૬. | શહેરની સ્થાપનાના ૬૦૦ વર્ષની ઉજવણી. | ૫૦.૦૦ |
| ૭. | મેઈન ટ્રન્ક તેમજ સ્ટોર્મ વોટર લાઈનોનું ડીસીલ્ટીંગ | ૧૫૦.૦૦ |
| | કુલ : | ૨૧૨૧૦.૮૪ |

ઉપર જણાવ્યા પ્રમાણે રેવન્યુ ખર્ચમાં રૂા.૨૧૨૧૦.૮૪ લાખનો વધારો થવા પામેલ છે. જેની સામે કુલ રેવન્યુ આવકમાં નેટ રૂા.૨૬૦૮૩.૫૦ લાખનો વધારો થવા પામેલ છે. તથા રૂા.૧૧૨૩૮૯.૦૦ લાખ વિકાસ કામો માટે ટ્રાન્સફર કરતાં આખરી સિલક રૂા. ૯૬.૯૦ લાખ રહેવા પામે છે.

## રેવન્યુ એકાઉન્ટ જમાબાજુ (રૂા. લાખમાં)

| અ.નં. | બજેટ હેડના નામ | સને ૨૦૧૦-૧૧ મ્યુ. કમિ.શ્રીએ સૂચવેલ અંદાજ | સ્ટે. કમિટી તરફથી સૂચિત વધારો-ઘટાડો | સને ૨૦૧૦-૧૧ કમિટીએ તૈયાર કરેલ અંદાજ |
|---|---|---|---|---|
| | ઉઘડતી સિલક... | ૬.૪૬ | | ૬.૪૬ |
| ૧ | ઓકટ્રોયની અવેજીમાં રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટ | ૧૧૧૯૫૨.૦૦ | ૫૦૭૮.૦૦ | ૧૧૭૦૩૦.૦૦ |
| ૨ | પ્રોપર્ટી ટેક્ષ તથા અન્ય સીધા કર | | | |
| | (અ) જનરલ ટેક્ષ | ૪૩૬૮૮.૦૦ | | ૪૩૬૮૮.૦૦ |
| | (બ) વોટર ટેક્ષ અને કોન્ઝર્વન્સી ટેક્ષ | ૧૫૫૦૦.૦૦ | | ૧૫૫૦૦.૦૦ |
| ૩ | પ્રોફેશનલ ટેક્ષ | ૭૧૫૦.૦૦ | | ૭૧૫૦.૦૦ |
| ૪ | નોન ટેક્ષ રેવન્યુ આવક | ૨૦૭૩૩.૩૮ | ૧૩૦૦૦.૦૦ | ૩૩૭૩૩.૩૮ |
| ૫ | રેવન્યુ ગ્રાન્ટ સબસીડી અને કોન્ટ્રીબ્યુશન | ૨૫૭૨૯.૦૭ | ૫૫૫૫.૫૦ | ૩૧૨૮૪.૫૭ |
| ૬ | બીજી આવક | ૭૯૫૪.૬૫ | ૨૪૫૦.૦૦ | ૧૦૪૦૪.૬૫ |
| | રેવન્યુ આવકનું કુલ... | ૨૩૨૭૦૭.૧૦ | ૨૬૦૮૩.૫૦ | ૨૫૮૭૯૦.૬૦ |
| | એકંદરે કુલ... | ૨૩૨૭૦૭.૧૦ | ૨૬૦૮૩.૫૦ | ૨૫૮૭૯૦.૬૦ |

# રેવન્યુ એકાઉન્ટ ખર્ચ બાજુ (રૂા.લાખમાં)

| અ.નં. | બજેટહેડના નામ | સને ૨૦૧૦-૧૧ મ્યુ.કમિ.શ્રી તરફથી સૂચવેલ અંદાજ | સ્ટે.કમિટીનો વધારો-ઘટાડો | સને ૨૦૧૦-૧૧નો સ્ટે.કમિટીએ તૈયાર કરેલ અંદાજ |
|---|---|---|---|---|
| ૧ | એસ્ટાબ્લીશમેન્ટ | ૬૦૫૪૯.૩૪ | ------ | ૬૦૫૪૯.૩૪ |
| ૨ | એડમીનીસ્ટ્રેટીવ અને જનરલ ખર્ચ | ૨૯૧૫.૮૫ | ૧૫૦.૦૦ | ૩૦૬૫.૮૫ |
| ૩ | મરામત અને નિભાવ | ૭૨૬૦.૮૬ | | ૭૨૬૦.૮૬ |
| ૪ | નર્મદા વોટર ચાર્જીસ | ૩૪૦૦.૦૦ | | ૩૪૦૦.૦૦ |
| ૫ | પાવર અને બળતણ | ૯૫૩૦.૯૫ | | ૯૫૩૦.૯૫ |
| ૬ | સર્વિસ આપવાના તથા પ્રોગ્રામના ખર્ચા | ૬૮૯૨.૫૭ | ૧૫૦.૦૦ | ૭૦૪૨.૫૭ |
| ૭ | કોન્ટ્રીબ્યુશન, ગ્રાન્ટ અને સબસીડી | ૩૨૨૮૦.૭૫ | ૨૦૯૧૦.૮૪ | ૫૩૧૯૧.૫૯ |
| ૮ | લોન ચાર્જીસ | ૧૯૪૯.૦૦ | | ૧૯૪૯.૦૦ |
| ૯ | અન્ય ખર્ચ | ૩૨૧.૦૦ | | ૩૨૧.૦૦ |
| (અ) | રેવન્યુ ખર્ચનું કુલ | ૧૨૫૧૦૦.૩૨ | ૨૧૨૧૦.૮૪ | ૧૪૬૩૧૧.૧૬ |
| | વિકાસના કામો માટે ટ્રાન્સફર | ૧૦૭૬૦૦.૦૦ | | ૧૧૨૩૮૯.૦૦ |
| | આખરી સિલક | ૧૩.૨૪ | | ૯૬.૯૦ |
| | એકંદરે કુલ.......... | ૨૩૨૭૧૩.૫૬ | ૨૧૨૧૦.૮૪ | ૨૫૮૭૯૭.૦૬ |

## -: સ્ટેન્ડીંગ કમિટીએ સૂચવેલ વિકાસ કાર્યો :-

| | | (રૂા. લાખમાં) |
|---|---|---|
| (૧) | અંતિમધામોમાં સ્ટ્રીટલાઇટની સુવિધા | ૩૦.૦૦ |
| (૨) | શાહીબાગ અન્ડરપાસમાં વધારાના આર્મની જોગવાઈ | ૩૦૦.૦૦ |
| (૩) | વાડીલાલ સારાભાઇ હોસ્પિટલ ખાતે સ્ટેમ્સ સેલ થેરાપી માટે નવું સેન્ટર | ૧૦૦૦.૦૦ |
| (૪) | શેઠ મંગળદાસ ટાઉનહોલનું આધુનિકરણ | ૧૨૫.૦૦ |
| (૫) | પશ્ચિમઝોનના ગટરના ખુલ્લા નાળાને બંધ કરવાનો નિર્ણય | ૪૫૦.૦૦ |
| (૬) | પૂર્વ વિસ્તારમાં ભાઇપુરા ખાતે નવી શાળાનું નિર્માણ | ૫૦.૦૦ |
| (૭) | દરિયાપુર ખાતે નવો કોમ્યુનિટી હોલ | ૧૫૦.૦૦ |
| (૮) | પૂર્વઝોનના ભાઇપુરા વોર્ડ ખાતે કોમ્યુનિટી હોલનું નિર્માણ | ૧૦૦.૦૦ |
| (૯) | મ્યુ. કર્મચારીઓ માટે સ્ટાફ કવાટર્સની જોગવાઈ. | ૫૦.૦૦ |
| (૧૦) | કોર્પોરેશનના કર્મચારીઓ માટે આવાસોનું આયોજન | ૧૨૦૦.૦૦ |
| (૧૧) | ‘‘એનર્જી કોન્ઝર્વેશન’’ના કન્સેપ્ટ અંતર્ગત પાવર સેવીંગ ટેકનોલોજીની સ્વિકૃતિ | ૩૦૦.૦૦ |
| (૧૨) | વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનોમાં સ્ટેન્ડબાય બોરનું આયોજન | ૩૦૦.૦૦ |
| (૧૩) | વિવિધ કોમ્યુનિટી હોલનું રીનોવેશન-અપગ્રેડેશન | ૨૦૦.૦૦ |
| (૧૪) | બહેરામપુરા થી કમોડ જતા રોડનું નવિનીકરણ | ૧૦૦.૦૦ |
| (૧૫) | હાઉસીંગ બોર્ડ તેમજ સ્લમ ક્લીયરન્સ બોર્ડની વસાહતોમાં પ્રાથમિક સુવિધાઓ | ૧૦૦૦.૦૦ |
| (૧૬) | સામાજિક પ્રસંગો ઉજવવા નવા પાર્ટી પ્લોટોનું આયોજન. | ૧૦૦.૦૦ |
| (૧૭) | વધારાના કોમ્યુનિટી હેલ્થ સેન્ટરોનું આયોજન | ૩૦૦.૦૦ |
| (૧૮) | શાળાના ઈન્ફ્રાસ્ટ્રકચરમાં જરૂરી આધુનિકરણ | ૭૦૦.૦૦ |
| (૧૯) | મ્યુ.શાળાઓના વિકાસ માટે વધુ નાણાની જોગવાઈ | ૨૦૦.૦૦ |
| (૨૦) | નગરજનોની સુવધિા અર્થે લાંભા અને ચાંદખેડા ખાતે નવી વોર્ડ ઓફીસો બનાવવા. | ૩૦૦.૦૦ |
| (૨૧) | લાલ બહાદુર શાસ્ત્રી સ્ટેડીયમને તળાવ તરીકે વિકાસ કરવાની કામગીરી | ૪૦૦.૦૦ |
| (૨૨) | તળાવોના વિકાસ દ્વારા વોટર રીચાર્જીંગ માટેનું આયોજન | ૭૪૦.૦૦ |
| (૨૩) | ખાનગી સોસાયટીઓમાં પ્રાથમિક સુવિધાઓ | ૬૦૦.૦૦ |
| (૨૪) | સ્વર્ણિમ ગુજરાતના સંકલ્પ અંતર્ગત તમામ સ્લમ્સમાં પ્રાથમિક સુવિધાઓની પૂર્તતા | ૩૦૦.૦૦ |
| (૨૫) | વેક્સીન ટ્રાન્સપોર્ટેશન વાનનું આયોજન. | ૫.૦૦ |
| (૨૬) | ડ્રેનેજ લાઇનોની સફાઇ માટે સુપર સકર મશીન | ૧૦૦.૦૦ |
| (૨૭) | જાહેર આરોગ્યની બાબતો સંદર્ભે જરૂરી વધારાના સાધનો વસાવવાનું આયોજન | ૨૫૦.૦૦ |
| (૨૮) | જાહેર આરોગ્ય જાળવવા માંદા તેમજ મરેલા જાનવરો લઈ જવા માટે જરૂરી વાહનો ખરીદવાનું આયોજન | ૧૦૦.૦૦ |

| | | |
|---|---|---|
| (૨૯) | પ્રોજેક્ટ્સના કાર્યો માટે જરૂરી વાહનોની સગવડ | ૭૦.૦૦ |
| (૩૦) | મોટી સુઅરલાઈનોના ચોકીંગના પ્રશ્નોના નિરાકરણ માટે સી.સી.ટી.વી. સર્વેવાનની સુવિધા | ૧૦૦.૦૦ |
| (૩૧) | હાર્ડ મટીરીયલના ડી-સીલ્ટીંગ માટે અત્યાધુનિક ટ્રક માઉન્ટેડ રોડીંગ મશીનની સુવિધા | ૫૦.૦૦ |
| (૩૨) | સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટના સ્વયંસંચાલન માટે લોજીકલ પેનલ ખરીદવાનું આયોજન | ૭૦.૦૦ |
| (૩૩) | ડ્રેનેજ લાઈનોના એફલ્યુઅન્ટના સતત પરિક્ષણ માટે ઓનલાઈન કવોલીટી મીટર | ૫૦.૦૦ |
| (૩૪) | ડ્રેનેજ લાઈનો માટે જરૂરી ફલોમીટર | ૫૦.૦૦ |
| (૩૫) | પ્રદુષણ નિયંત્રણના નિયમન માટે જરૂરી ઓનલાઈન કવોલીટી મોનીટરીંગ ઈન્સ્ટ્રુમેન્ટ | ૫૦.૦૦ |
| (૩૬) | પીવાના પાણીના મોનીટરીંગ માટે લોજીકલ પેનલ તેમજ ફલોમીટર. | ૧૦૦.૦૦ |
| (૩૭) | પીવાના પાણીના પ્રેશર નિયમન માટે અનિવાર્ય એવા પ્રેશર મોનીટરીંગ એપ્લાયન્સીસ. | ૭૫.૦૦ |
| (૩૮) | સોલર એનર્જીના મહત્તમ ઉપયોગ દ્વારા ઉર્જા બચત. | ૧૦.૦૦ |
| (૩૯) | કોતરપુર પ્રોજેકટ માટે પુરતુ પાણી મળી રહે તે સારૂ સાબરમતી નદીમાં પાળા કરવા માટે પ્રોકલેન-૯૦ મશીન ખરીદવાનું આયોજન. | ૧૦૦.૦૦ |
| (૪૦) | કોર્પોરેશનની ઈમારતોની જાળવણી | ૩૦૦.૦૦ |
| (૪૧) | યુ.સી.ડી. તેમજ ઉમ્મિદ કેન્દ્રોનો વિકાસ તથા જાળવણી | ૩૦.૦૦ |
| (૪૨) | વિસ્થાપિતો માટે પ્રાથમિક સુવિધાઓનું સુવ્યવસ્થિત આયોજન | ૨૦૦.૦૦ |
| (૪૩) | આંગણવાડીઓ દ્વારા સમાજનો ઉત્કર્ષ | ૩૦૦.૦૦ |
| (૪૪) | હયાત અંતિમધામોમાં અપગ્રેડેશન તથા નવા અંતિમધામો બનાવવાનું આયોજન. | ૩૦૦.૦૦ |
| (૪૫) | પીવાના પાણીની સીમેન્ટની પાઈપ લાઈનોના સ્થાને કાસ્ટ આર્યન લાઈનો | ૧૦૦.૦૦ |
| (૪૬) | ગામતળના રસ્તાઓ તથા ડ્રેનેજ લાઈનોની સુધારણા | ૧૦૦.૦૦ |
| (૪૭) | વોર્ડ સમિતિએ સૂચવેલા કાર્યોમાં સુધારા-વધારાનું આયોજન | ૬૦૦.૦૦ |
| (૪૮) | નવા ઈ.ડબલ્યુ.એસ. કવાટર્સમાં જરૂરી રસ્તાઓનું આયોજન | ૫૦૦.૦૦ |
| (૪૯) | નવા વિસ્તારો માટે પાકા રસ્તાઓની સુવિધાઓ | ૧૫૦૦.૦૦ |
| (૫૦) | એ.એમ.ટી.એસ. | ૫૬૮૪.૦૦ |
| | કુલ : | ૧૯૭૮૯.૦૦ |

## સને ૨૦૧૦-૨૦૧૧ ના વિકાસ કાર્યો માટે નાણાંકીય આયોજન

સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં રૂા.૨૨૪૭૮૯.૦૦ લાખના વિકાસ કાર્યો કરવા માટે નીચે મુજબ આવક અંદાજવામાં આવેલ છે.

| અ.નં. | વિગત | ૨૦૧૦-૧૧ ના વર્ષમાં વિકાસ ખર્ચનો સ્ટે. કમિટીએ સૂચવેલ અંદાજી આવક (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | રેવન્યુ પુરાંતમાંથી વિકાસ કાર્યો માટે તબદીલ | ૧૧૨૩૮૯.૦૦ |
| ૨ | ચાલુ કામો માટેની પુરાંત (બાકી આગળ) | ૬૮૦૦.૦૦ |
| ૩ | **JnNURM** અન્વયે સરકારશ્રીની ગ્રાન્ટ | ૫૨૦૨૬.૦૦ |
| ૪ | ટેક્ષ ફ્રી બોન્ડ (ઓપન માર્કેટ લોન) | ૨૫૦૦૦.૦૦ |
| ૫ | સફાઈ કામદાર આવાસ યોજના માટે લોન અને ગ્રાન્ટ | ૬૦૦.૦૦ |
| ૬ | સંસદસભ્યશ્રી / ધારાસભ્યશ્રીના મતવિસ્તારનાં વિકાસ કામોની ગ્રાન્ટ | ૯૫૦.૦૦ |
| ૭ | જી.એમ.એફ.બી.ની ગ્રાન્ટ | ૧૧૦૦.૦૦ |
| ૮ | મુખ્યમંત્રી શહેરી વિકાસ માટેની ગ્રાન્ટ | ૨૫૦૦૦.૦૦ |
| ૯ | ૧૧મા નાણા પંચની ભલામણ મુજબ કેન્દ્ર સરકારની ગ્રાન્ટ | ૨૦૦.૦૦ |
| ૧૦ | ફાયર ટેક્ષની આવક | ૩૫૦.૦૦ |
| ૧૧ | અન્ય | ૩૭૪.૦૦ |
| | કુલ ... | ૨૨૪૭૮૯.૦૦ |

## સને ૨૦૧૦-૨૦૧૧ ના વિકાસ કાર્યો :

સને ૨૦૧૦-૨૦૧૧ના વર્ષમાં મ્યુ.કમિશનરશ્રીએ સુચવેલ વિકાસના કામોમાં રૂા.૧૯૭૮૯.૦૦ લાખનો વધારો કરીને રૂા.૨૨૪૭૮૯.૦૦ લાખનાં વિકાસ કાર્યો કરવા માટેનું આયોજન છે.

(રૂા. લાખમાં)

| અ.નં. | વિગત | ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં વિકાસ ખર્ચનો મ્યુ.કમિશનરશ્રીએ સૂચવેલ અંદાજ | ૨૦૧૦-૧૧નાં વર્ષમાં વિકાસ ખર્ચનો સ્ટે.કમિટીએ સૂચવેલ અંદાજ |
|---|---|---|---|
| **(ક)** | **મ્યુનિસિપલ કોર્પોરેશન ફંડના કામો** | | |
| ૧. | ઝોનલ કેપીટલ વર્કસ | ૩૪૦૦૦ | ૩૪૬૦૦ |
| ૨. | રોડ પ્રોજેક્ટ | ૬૦૦૦ | ૭૭૯૦ |
| ૩. | બ્રીજ પ્રોજેક્ટ | ૪૦૦૦ | ૪૩૦૦ |
| ૪. | વોટર પ્રોજેક્ટ | ૮૩૯૦ | ૯૧૯૫ |
| ૫. | ડ્રેનેજ પ્રોજેક્ટ | ૩૬૪૦ | ૪૫૪૦ |
| ૬. | મકાન | ૯૫૯૭ | ૧૨૭૨૭ |
| ૭. | જાહેર સ્થળો | ૨૬૪૫ | ૫૦૬૦ |
| ૮. | સ્ટ્રીટ લાઈટ | ૨૨૦૦ | ૨૬૯૦ |
| ૯. | મેડીકલ સાધનો, ફાયર અને સોલીડ વેસ્ટ સાધનો તથા વાહનો | ૩૨૮૦ | ૪૯૫૫ |
| ૧૦. | ઈ-ગવર્નન્સ | ૫૦૦ | ૫૦૦ |
| ૧૧. | સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ | ૫૦૦ | ૮૦૦ |
| ૧૧. | જમીન સંપાદન | ૫૦૦ | ૫૦૦ |
| ૧૩. | આર્થિક રીતે નબળા વર્ગના લોકોના કામો | ૪૦૦૮ | ૫૭૦૮ |
| ૧૪. | અન્ય | ૪૦ | ૪૦ |
| | **(ક) નું કુલ** | **૭૯૩૦૦** | **૯૩૪૦૫** |
| **(ખ)** | એ.એમ.ટી.એસ. ને લોન | ૮૪૦૦ | ૧૪૦૮૪ |

| અ.નં. | વિગત | ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં વિકાસ ખર્ચનો મ્યુ.કમિશનરશ્રીએ સૂચવેલ અંદાજ | ૨૦૧૦-૧૧નાં વર્ષમાં વિકાસ ખર્ચનો સ્ટે.કમિટીએ સૂચવેલ અંદાજ |
|---|---|---|---|
| **(ગ)** | સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ | ૬૦૦૦.૦૦ | ૬૦૦૦.૦૦ |
| **(ઘ)** | અમદાવાદ જનમાર્ગ લિમીટેડ (AJL) | ૧૨૦૦.૦૦ | ૧૨૦૦.૦૦ |
| **(ચ)** | એ.એમ.સી. મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટ | ૧૨૦૦.૦૦ | ૧૨૦૦.૦૦ |
| **(છ)** | **JnNURM ના કામો** | | |
| ૧. | બી.આર.ટી.એસ. - જનમાર્ગ (ઈન્ફ્રાસ્ટ્રકચર) | ૨૭૫૦૦.૦૦ | ૨૭૫૦૦.૦૦ |
| ૨. | બી.આર.ટી.એસ. - જનમાર્ગ (બસ) | ૧૭૨૦૦.૦૦ | ૧૭૨૦૦.૦૦ |
| ૩. | સ્ટૉર્મ વૉટર ડ્રેઈન | ૭૦૦.૦૦ | ૭૦૦.૦૦ |
| ૪. | EWS હાઉસીંગ | ૧૮૦૦૦.૦૦ | ૧૮૦૦૦.૦૦ |
| ૫. | બ્રીજ તથા ફ્લાય ઓવર | ૨૫૦૦.૦૦ | ૨૫૦૦.૦૦ |
| ૬. | પાણી પુરવઠાના કામો | ૫૦૦.૦૦ | ૫૦૦.૦૦ |
| ૭. | ડ્રેનેજ પ્રોજક્ટ | ૧૦૦૦૦.૦૦ | ૧૦૦૦૦.૦૦ |
| ૮. | વાસણા-પીરાણા સુએજ પંપીંગ સ્ટેશન | ૨૦૦.૦૦ | ૨૦૦.૦૦ |
| ૯. | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ | ૮૦૦૦.૦૦ | ૮૦૦૦.૦૦ |
| ૧૦. | સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ | ૫૦૦.૦૦ | ૫૦૦.૦૦ |
| ૧૧. | હેરીટેજ પ્રોજેક્ટ (ભદ્ર અને ગાંધી આશ્રમ) | ૧૦૦૦૦.૦૦ | ૧૦૦૦૦.૦૦ |
| | **(છ) નું કુલ** | **૯૫૧૦૦.૦૦** | **૯૫૧૦૦.૦૦** |
| **(જ)** | **ગ્રાન્ટના કામો** | | |
| ૧. | મુખ્યમંત્રીશ્રીની શહેરી વિકાસ યોજના | ૧૦૦૦૦.૦૦ | ૧૦૦૦૦.૦૦ |
| ૨. | સફાઈ કામદાર આવાસ યોજના | ૧૪૦૦.૦૦ | ૧૪૦૦.૦૦ |
| ૩. | જી.એમ.એફ.બીની ગ્રાન્ટ | ૧૧૦૦.૦૦ | ૧૧૦૦.૦૦ |
| ૪. | સંસદ સભ્યશ્રી/ધારા સભ્યશ્રીની ગ્રાન્ટના કામો | ૯૫૦.૦૦ | ૯૫૦.૦૦ |
| ૫. | નાણા પંચની ગ્રાન્ટના કામો | ૨૦૦.૦૦ | ૨૦૦.૦૦ |
| ૬. | અન્ય ગ્રાન્ટ | ૧૫૦.૦૦ | ૧૫૦.૦૦ |
| | **(જ) નું કુલ** | **૧૩૮૦૦.૦૦** | **૧૩૮૦૦.૦૦** |
| **કુલ ખર્ચ (ક+ખ+ગ+ઘ+ચ+છ+જ)** | | **૨૦૫૦૦૦.૦૦** | **૨૨૪૭૮૯.૦૦** |

અંદાજપત્ર - સને ૨૦૧૦-૨૦૧૧ (રૂપીયા કરોડમાં)

| વિગત | મ્યુ.કમિશનરશ્રીની દરખાસ્ત | વધારો | સ્ટે. કમિટીએ તૈયાર કરેલ અંદાજપત્ર |
|---|---|---|---|
| રેવન્યુ ખર્ચ | ૧૨૫૧.૦૦ | ૨૧૨.૧૧ | ૧૪૬૩.૧૧ |
| વિકાસના કામો | ૨૦૫૦.૦૦ | ૧૯૭.૮૯ | ૨૨૪૭.૮૯ |
| કુલ બજેટ | ૩૩૦૧.૦૦ | ૪૧૦.૦૦ | ૩૭૧૧.૦૦ |

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
## અંદાજપત્ર : સને ૨૦૧૦-૨૦૧૧

### રૂપિયા કયાંથી આવશે ?

| | | |
|---|---|---|
| ૧ | ઓકટ્રોયની અવેજીમાં રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટ | ૪૫ પૈસા |
| ૨ | પ્રોપર્ટી ટેક્ષ તથા અન્ય સીધા કર | |
| | (અ) જનરલ ટેક્ષ | ૧૭ પૈસા |
| | (બ) વોટર અને કોન્ઝર્વન્સી ટેક્ષ | ૦૬ પૈસા |
| ૩ | પ્રોફેશનલ ટેક્ષ | ૦૩ પૈસા |
| ૪ | નોન ટેક્ષ રેવન્યુ આવક તથા ખાસ કાયદા મુજબની આવક | ૧૩ પૈસા |
| ૫ | ગ્રાન્ટ, સબસીડી કોન્ટ્રીબ્યુશન | ૧૨ પૈસા |
| ૬ | અન્ય આવક | ૦૪ પૈસા |
| | કુલ : | ૧૦૦ પૈસા |

### રૂપિયા કયાં જશે ?

| | | |
|---|---|---|
| ૧ | એસ્ટાબ્લીશમેન્ટ | ૨૩ પૈસા |
| ૨ | એડમિનિસ્ટ્રેટીવ તથા જનરલ ખર્ચ | ૦૧ પૈસા |
| ૩ | મરામત અને નિભાવ | ૦૪ પૈસા |
| ૪ | વિજળી અને બળતણ | ૦૪ પૈસા |
| ૫ | સર્વિસ તથા પ્રોગ્રામ ખર્ચ | ૦૩ પૈસા |
| ૬ | ગ્રાન્ટ અને કોન્ટ્રીબ્યુશન | ૨૧ પૈસા |
| ૭ | લોન ચાર્જીસ | ૦૧ પૈસા |
| ૮ | રેવન્યુ પુરાંતની વિકાસ કાર્યોમાં ટ્રાન્સફર | ૪૩ પૈસા |
| | કુલ : | ૧૦૦ પૈસા |

# મ્યુનિસિપલ કમિશનરશ્રીનું નિવેદન

ગુજરાત રાજ્યની સ્થાપનાને આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માં ૫૦ વર્ષ પૂર્ણ થતાં હોઈ ગુજરાત સરકારશ્રી દ્વારા ૨૦૧૦ ના વર્ષને સ્વર્ણિમ જ્યંતિ વર્ષ ૨૦૧૦ તરીકે ઉજવવામાં આવી રહેલ છે. સદરહુ ઉજવણીને શહેરી વિકાસ ક્ષેત્રે સીમાચિહ્નરૂપ બનાવવાના તેમજ શહેરી આંતરમાળખાકિય સુવિધાઓના સુદ્રઢીકરણ કરી નગરજનોને વધારે સુવિધા મળે તે હેતુથી રાજ્ય સરકારશ્રી દ્વારા Golden Goals 2010 અને સ્વર્ણિમ સિધ્ધિ ૫૦ મુદ્દા કાર્યક્રમ અમલી બનાવવામાં આવેલ છે.

સ્વર્ણિમ જ્યંતિ વર્ષ ઉજવણીના ભાગરૂપે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પુરી પાડવામાં આવતી સેવાઓ સ્વર્ણિમ ગુજરાતના સંકલ્પો પુરા કરવાનું માધ્યમ બને તથા Golden Goals 2010 પૂર્ણ કરી શકાય તે રીતનું સઘન આયોજન આગામી વર્ષના અંદાજપત્રમાં કરવામાં આવેલ છે. Golden Goals 2010 અંતર્ગત શહેરની આગવી ઓળખ પ્રસ્થાપિત થાય તે માટે ઉડીને આંખે વળગે તેવા આંતરમાળખાકિય સુવિધાના કામોનો સમાવેશ કરી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના ૧૦૦% વિસ્તારોમાં જળવિતરણ વ્યવસ્થાપન, ભૂગર્ભ ગટર વ્યવસ્થા, સુઅરેજ વોટરની ૧૦૦% ટ્રીટમેન્ટ ક્ષમતા, શહેરના સ્લમ અને ચાલી વિસ્તારોમાં માળખાગત સુવિધાઓ દ્વારા સ્લમ ફ્રી સીટી, શહેરને ઓપન ડેફિકેશનમાંથી મુક્તિ આપવી, શહેરી ગરીબ યુવાનોને રોજગારલક્ષી તાલીમ, ઈ-ગવર્નન્સ, ઘન કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ, આંગણવાડી કેન્દ્રો, પ્રાથમિક શાળાઓનું નવિનીકરણ તેમજ કોમ્પ્યુટર શિક્ષણની સુવિધા જેવા લક્ષ્યાંકો સ્વીકારવામાં આવેલ છે. Golden Goals 2010 અન્વયે કરવાની થતી આંતરમાળખાકિય સુવિધાઓને લગતી કામગીરી તથા સ્વીકારવામાં આવેલ લક્ષ્યાંકો પાર પાડવા માટે આગામી વર્ષના અંદાજપત્રમાં પૂરતા બજેટની જોગવાઈ કરવામાં આવેલ છે.

આગામી નાણાંકીય વર્ષના અંદાજપત્રનો સમગ્ર ઝોંક શહેરી આંતરમાળખાકિય સુવિધાઓના સુદ્રઢીકરણ, શહેરી ગરીબોનું આર્થિક અને સામાજીક ઉત્થાન, સ્લમ અને ચાલી વિસ્તારોમાં સુધારણા, સામાજીક સેવાઓનું વિસ્તૃતિકરણ, હરીયાળું અમદાવાદ વગેરે બાબતો ઉપર રહેવા પામેલ છે.

"સ્લમ ફ્રી" સીટીના સ્વપ્નને સાકાર કરવા શહેરમાં આવેલ સ્લમ તથા ચાલીઓમાં વસવાટ કરતાં લોકોને ગટર, પાણી, રસ્તા, વીજળી જેવા માળખાગત સુવિધાઓવાળા મકાન મળી રહે તેને માટે સ્લમ નેટવર્કીંગના કામો તેમજ હાઉસીંગ બોર્ડમાં રહેતા લોકોને ખૂટતી માળખાગત સુવિધાઓ મળી રહે તે માટે સઘન પ્રયત્ન હાથ ધરવામાં આવેલ છે. વધુમાં શહેરી ગરીબો માટે "જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન" (JnNURM) યોજના અંતર્ગત શહેરી ગરીબ આવાસ યોજના હેઠળ ૧૮,૯૭૬ આવાસો બનાવવામાં આવી રહેલ છે તથા શહેરી ગરીબો માટે વધુ ૯૦૦૦ આવાસો બનાવવા માટેનો પ્રોજેક્ટ તૈયાર કરીને JnNURM યોજના હેઠળ મંજૂરી અર્થે મોકલી આપવામાં આવેલ છે.

શહેરી ગરીબોને માળખાગત સુવિધાયુક્ત આવાસો પૂરા પાડવાની કામગીરી ઉપરાંત તેઓને આર્થિક અને સામાજીક સ્થિરતા બક્ષવાના ઉદ્દામ હેતુ સાથે ઉમ્મીદ કાર્યક્રમ હેઠળ જુદા-જુદા ૨૩ તાલીમ સેન્ટરો દ્વારા ૧૩,૦૦૦ જેટલાં શહેરી ગરીબ યુવાનોને રોજગારલક્ષી તાલીમ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. આ રોજગારલક્ષી તાલીમમાં આપવામાં આવતાં સર્ટીફિકેટને રાજ્ય સરકારશ્રીના શૈક્ષણિક કાર્યક્રમ સાથે જોડવા પ્રયત્ન હાથ ધરવામાં આવેલ છે. આગામી વર્ષમાં ૧૦ નવા તાલીમ સેન્ટર ઉભા કરવાનું તેમજ ૨૦,૦૦૦ જેટલા શહેરી ગરીબ યુવાનોને રોજગારલક્ષી તાલીમ આપવાનું આયોજન કરેલ છે. તદ્ઉપરાંત અંદાજપત્રમાં નવા ૨૦ અર્બન રીસોર્સ સેન્ટર શરૂ કરવાની કામગીરીનો પણ સમાવેશ કરવામાં આવેલ છે.

શહેરી ગરીબોના બાળકો માટે ૮૦૦ જેટલી આંગણવાડીના મકાનો બનાવવા તેમજ પ્રાથમિક શાળાઓના નવિનીકરણ અને પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર શિક્ષણની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટેનું સઘન આયોજન પણ આગામી વર્ષના અંદાજપત્રમાં કરવામાં આવેલ છે.

સ્વર્ણિમ સિધ્ધિ વર્ષ ૨૦૧૦ અંતર્ગત શહેરી આંતરમાળાખિય સુવિધાઓ સુદ્દઢ બને અને શહેરનો સમતોલ સર્વાંગી વિકાસ તે હેતુથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હાથ ધરવામાં આવેલ જુદા-જુદા પ્રોજેકટો તથા "જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન" (JnNURM) યોજના અંતર્ગત બ્રીજ, બી.આર.ટી.એસ., સ્ટૉર્મ વોટર ડ્રેઈન, જળ વિતરણ વ્યવસ્થાપન, સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, શહેરી ગરીબો માટે આવાસ જેવા પ્રોજેકટને કારણે અમદાવાદ શહેરની સને ૨૦૨૧ ની જરૂરિયાતોને પહોંચીવળી શકાય તે મુજબનું લાંબાગાળાનું આયોજન કરવામાં આવેલ છે. જે પૈકી સ્ટૉર્મ

વોટર ડ્રેઈન પ્રોજેકટના મોટાભાગના કામો થતાં શહેરીજનોને દર ચોમાસે પરેશાન કરતી પાણી ભરાવાની સમસ્યામાં મહદ્અંશે રાહત મળેલ છે તેમજ JnNURM યોજના હેઠળના બી.આર.ટી.એસ. ૧૨.૫ કિ.મી.ના આર.ટી.ઓ. થી પીરાણા કોરીડોર, બ્રીજ તથા ફ્લાયઓવર અને ૧૮૦ એમ.એલ.ડી. સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાની કામગીરી પૂર્ણ કરીને લોકાર્પણ કરવામાં આવેલ છે. બાકીના કામો ઝડપભેર પૂર્ણ થાય તે માટે ચોક્કસ આયોજન કરવામાં આવેલ છે. આગામી અંદાજપત્રમાં JnNURM ના કામો માટે રૂ.૯૫૧.૦૦ કરોડનું આયોજન કરવામાં આવેલ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નવી નગરપાલિકાઓ તથા ગ્રામ પંચાયતોનો સમાવેશને કારણે મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં લગભગ અઢીગણો વધારો થયેલ છે. નવા સમાયેલ વિસ્તારમાં પાણી અને ડ્રેનેજની સુવિધાઓ અપૂરતી હતી. નવા સમાવેશ કરાયેલ વિસ્તારમાં આગામી બે વર્ષમાં પાણી અને ગટર વ્યવસ્થાની સંપૂર્ણ સુવિધા પુરી પાડવાના કામો હાથ ધરવામાં આવેલ છે. શહેરમાં સમાવિષ્ટ પૂર્વ તથા પશ્ચિમ ઔડાના નવા વિસ્તારોમાં રૂ.૨૧૦.૦૦ કરોડના ખર્ચે ડ્રેનેજ નેટવર્કના કામો કરવામાં આવી રહેલ છે તથા સદરહુ નવા સમાવિષ્ટ વિસ્તારોમાં વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનો બનાવવાની, નવી પાણીની ટ્રન્ક મેઈન લાઈન નાંખવાનું, ટ્યુબવેલ સ્ટેશનોમાં સુધારા-વધારા, નવી અન્ડરગ્રાઉન્ડ તેમજ ઓવરહેડ ટાંકીઓ બનાવવાના કામો હાથ ધરવામાં આવેલ છે. આ વિસ્તારમાં નવા રસ્તા તથા સ્ટ્રીટ લાઈટનું કામ મોટા પાયે હાથ ધરવામાં આવેલ છે. સ્ટ્રીટ લાઈટના કામો માટે રૂ.૫.૦૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે. તદ્ઉપરાંત રમત-ગમતના મેદાનો, લાયબ્રેરી, જીમ્નેશીયમ, અર્બન હેલ્થ સેન્ટર વગેરે સુવિધાઓ ઉભી કરવામાં આવી રહેલ છે.

ટ્રાફિકની ગીચતા અને સક્ષમ જાહેર પરિવહન સેવાનો અભાવ એ અમદાવાદ શહેરના નાગરિકો માટે કાયમની સમસ્યા હતી. પરંતુ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અમલી બનાવાયેલ પરિવહન ક્ષેત્રે ટોટલ સોલ્યુશન સાબિત થયેલ બી.આર.ટી.એસ. પ્રોજેકટની સફળતાને કારણે ભારત સરકારશ્રીના શહેરી વિકાસ મંત્રાલય (શહેરી પરિવહન વિભાગ) દ્વારા સદરહુ પ્રોજેકટને "Best Mass Transit Project" નો એવોર્ડ ડીસેમ્બર-૨૦૦૯ માં આપવામાં આવેલ છે. જે આપણા સૌ માટે ગૌરવની બાબત છે. હાલમાં બી.આર.ટી.એસ. પ્રોજેકટ અંતર્ગત આર.ટી.ઓ. થી પીરાણા સુધીના સ્ટ્રેચ સુધી સફળ અમલીકરણ કરવામાં આવેલ છે જેનો શહેરીજનો દ્વારા લાભ લેવામાં આવી રહેલ છે. બી.આર.ટી.એસ. પ્રોજેકટને કારણે

અમદાવાદ શહેરની દેશ અને વિદેશમાં આગવી ઓળખ પ્રસ્થાપિત થયેલ છે. આગામી વર્ષમાં ૫૦ કિ.મી. બી.આર.ટી.એસ. કોરીડોરના કામો પૂર્ણ કરવામાં આવશે. શહેરના ૯૩ ટ્રાફિક પોઈન્ટના નિયમન માટે વિકટોરીયા ગાર્ડન ખાતે ટ્રાફિક કન્ટ્રોલ રૂમ બનાવવામાં આવી રહેલ છે. આગામી વર્ષની શરૂઆતથી લોકોને તેનો લાભ મળે તે પ્રમાણેનું આયોજન કરવામાં આવેલ છે.

"સ્વચ્છ શહેર, સુંદર શહેર" ના સૂત્રને ચરિતાર્થ કરવા ઘન કચરાના એકત્રિકરણ, વિભાજન, પરિવહન તથા આખરી નિકાલની પદ્ધતિ સુનિયોજીત કરી શહેરને સ્વચ્છ રાખી શકાય તે હેતુથી સોલીડવેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેકટ અંતર્ગત જુદા-જુદા ઝોનમાં ટ્રાન્સફર સ્ટેશન બનાવવાની તેમજ ઘન કચરાના પરિવહન અને નિકાલ માટે અદ્યતન સાધનો અને યાંત્રિક વાહનો ખરીદવાની કામગીરી કરવામાં આવી રહેલ છે તેમજ શહેરમાં ઉત્પન્ન થતાં ઘન કચરાની માત્રાના આધારે આગામી ૩૬ વર્ષ સુધી આ કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ થઈ શકે તે માટેની લેન્ડફીલ સાઈટ તૈયાર કરવાનું આયોજન કરવામાં આવેલ છે. જે પૈકી આગામી ૬ વર્ષ સુધીના ઘન કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ થઈ શકે તે માટેની લેન્ડફીલ સાઈટ તૈયાર કરવામાં આવેલ છે અને તેનો ઉપયોગ શહેરના હિતાર્થે શરૂ કરવામાં આવેલ છે. લેન્ડફીલ સાઈટમાં વૈજ્ઞાનિક ઢબે નિકાલ પામેલ ઘન કચરામાંથી મિથેન ગેસ ઉત્પન્ન કરી તેનો ઉપયોગ પાવર જનરેશન માટે કરવાનું આયોજન કરવામાં આવેલ છે. વધુમાં જૂની લેન્ડફીલ સાઈટને સંપૂર્ણપણે બંધ કરી તેના પર ગ્રીનપેચનું ડેવલપમેન્ટ કરીને સદરહુ જગ્યા શહેરીજનો પીકનીક અર્થે વાપરી શકે તેવું આયોજન કરવામાં આવનાર છે. ઘન કચરાના વિભાજન દ્વારા મેળવવામાં આવનાર ઓર્ગેનિક કચરામાંથી ખાતર બનાવવાની કામગીરી કરવામાં આવી રહેલ છે તેની સાથે-સાથે ઘન કચરામાંથી વિજળી ઉત્પન્ન કરવા માટેની કામગીરી પણ શરૂ કરવામાં આવેલ છે. હાલમાં કાર્યરત કરવામાં આવેલ સમગ્ર એશિયાના સૌથ મોટા ૧૮૦ એમ.એલ.ડી. ના સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી પણ વિજળીનું ઉત્પાદન કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

કોર્પોરેશન દ્વારા પ્રાયોગિક ધોરણે બે ગાર્ડનમાં સ્ટ્રીટ લાઈટોને સૌરઉર્જા આધારિત કરવામાં આવેલ છે તેની સફળતાને ધ્યાનમાં લઈ વધુ ૨૦૦ ટ્રેડીશનલ ઉર્જા આધારિત સોડીયમ સ્ટ્રીટ પોલને સૌરઉર્જા આધારિત કરવા માટેની કામગીરી હાથ ધરેલ છે. જે માટે અંદાજપત્રમાં રૂ.૨.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. એનર્જી સેવીંગ માટે વર્ષો જૂના વોટર પંપીંગ સ્ટેશનો તથા ડ્રેનેજ પંપીંગ સ્ટેશનોનું એનર્જી ઓડીટ કરાવીને અત્યાર સુધીમાં ૨૬ ડ્રેનેજ પંપીંગ સ્ટેશનોમાં ૩૪ પંપો તથા ૨૬ વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશનોમાં ૪૧

પંપો બદલવામાં આવેલ છે. બાકીના ડ્રેનેજ તથા વોટર પંપીંગ સ્ટેશનોના પંપો બદલવાની કાર્યવાહી ચાલુ છે. અમદાવાદ શહેરને પીવાનું પાણી પુરૂ પાડવા માટે નર્મદા કેનાલમાંથી એસ્કેપ મારફતે સાબરમતી નદીમાં છોડવામાં આવતાં દૈનિક ૪૦૦ ક્યુસેક પાણીના જથ્થાના પ્રવાહમાંથી ૪ મેગા વૉટ્ વિજળીનું ઉત્પાદન થઈ શકે તે પ્રકારનો હાઈડ્રો પાવર પ્લાન્ટ કોતરપુર ખાતે બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

શહેરના માર્ગો પર સ્વચ્છતાનું ધોરણ જળવાઈ રહે તેમજ નાગરિકોની ગમે ત્યાં કચરો ફેંકવાની કુટેવ પર અંકુશ આવે તે માટે સૌપ્રથમવાર મોબાઈલ કોર્ટનો પ્રયોગ અમલી બનાવાયેલ છે. જે ગમે ત્યાં કચરો ફેંકતા દુકાનદારો, રાહદારીઓ કે રહેવાસીઓ પાસેથી સ્થળ પર જ દંડ વસુલ કરવાની કાર્યવાહી કરે છે વધુમાં શહેરને ઓપન ડેફિકેશનની સમસ્યામાંથી મુક્તિ અપાવવા માટે સ્લમ અને ચાલી વિસ્તારોમાં મોટા પ્રમાણમાં વ્યક્તિગત શૌચાલયો, પબ્લિક શૌચાલયો તથા પે એન્ડ યુઝ ટોઈલેટ બનાવવા માટે પૂરતી જોગવાઈ આગામી વર્ષના અંદાજપત્રમાં કરવામાં આવેલ છે.

ગુજરાતની સ્થાપનાને ૫૦ વર્ષ પૂર્ણ થતાં હોઈ ગુજરાત રાજ્ય સરકારશ્રી દ્વારા સ્વર્ણિમ જ્યંતિ – મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અમલી બનાવવામાં આવનાર છે. ગુજરાતની શહેરીકરણની ઝડપી પ્રક્રિયાને કારણે શહેરીજનોને સર્વ સુવિધાઓ પુરી પાડવાના વિરાટ પડકારને પહોંચીવળવા તથા સુંદર, સ્વચ્છ અને વિકાસલક્ષી ધબકતા શહેરના નિર્માણ તેમજ સર્વાંગી વિકાસની જરૂરિયાતોને ધ્યાનમાં લઈને શહેરી વિકાસ વર્ષ – ૨૦૦૫ ની સફળતા ધ્યાનમાં રાખી શહેરીકરણના તમામ પાસાઓને આવરી લેતું, વિસ્તૃત અને લાંબાગાળાનું આયોજન એટલે સ્વર્ણિમ જ્યંતિ – મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના. ગુજરાત રાજ્યની સ્થાપનાના ૫૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે અને ગુજરાતમાં વધતી જતી શહેરીકરણની ઝડપ સાથે અને તદ્અન્વયે ઉપસ્થિત થતાં પડકારોને પહોંચીવળવા શહેરોની માળખાગત સુવિધાઓની જરૂરિયાત પુરી કરવાના આશયથી રાજ્ય સરકારશ્રીએ સ્વર્ણિમ જ્યંતિ – મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાનો અમલ વર્ષ ૨૦૦૯–૨૦૧૦ થી કરવાનું ઠરાવેલ છે. આ યોજનાનો આશય શહેરી સ્વરાજની સંસ્થાઓ સક્ષમ બને, તેમનો વહીવટ પારદર્શક તેમજ નાગરિક કેન્દ્રિત બને અને આ સંસ્થાઓ જાહેર સુખાકારીના ક્ષેત્રે અસરકારક ભૂમિકા ભજવે તે માટે તેઓની જરૂરિયાત મુજબની ઉડીને આંખે વળગે તેવી આંતરમાળખાકિય સુવિધાઓ ઉભી કરવા માટે સહાય આપવાની સાથે સંસ્થાઓ અને નાગરિકોને વિકાસ કાર્યોમાં સક્ષમ અને સહભાગીદાર બનાવવાનો છે.

સદરહુ યોજના અંતર્ગત નાગરિકોને વિકાસની પ્રક્રિયામાં સાંકળી શહેરોની માળખાકિય સુવિધાઓને અગ્રતા આપવાની સાથે-સાથે ગરીબ સમૃદ્ધિ યોજના હેઠળ આગામી પાંચ વર્ષમાં શહેરો સ્લમ ફ્રી સીટી બને અને શહેરોમાં "નિર્મળ જમીન", "નિર્મળ વાયુ" અને "નિર્મળ જળ" ઉપલબ્ધ થાય તે મુજબની કામગીરી કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

સ્વર્ણિમ જ્યંતિ – મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આગામી નાણાંકીય વર્ષ સને ૨૦૧૦-૨૦૧૧ માં અંદાજીત રૂ.૧૦૦.૦૦ કરોડની ગ્રાન્ટ મળનાર છે. જેમાંથી ગરીબ સમૃદ્ધિ યોજના હેઠળ સ્લમ વિસ્તારમાં માળખાગત સુવિધાઓ તેમજ આરોગ્યલક્ષી, શૈક્ષણિક તેમજ સામાજીક સુવિધાઓ, નિર્મળ ગુજરાત અંતર્ગતની કામગીરી, ગૌરવપથ તેમજ મુખ્ય ધોરીમાર્ગોનો વિકાસ, ફ્લાયઓવર-અન્ડરપાસ, અર્બન ગ્રીન પ્લાન, જાહેર ઉદ્યાનોનું નિર્માણ અને જાળવણી, જળસંચય, ઐતિહાસિક વારસાની જાળવણી વગેરે જેવા કામો કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

શહેરીજનોને મ્યુનિસિપલ કોર્પોરેશ દ્વારા પુરી પાડવામાં આવતી સેવાઓ પૈકી મોટાભાગની સેવાઓ એક જ જગ્યાએ મળી રહે અને મ્યુનિસિપલ કોર્પોરેશનની ઓફિસમાં આવવું ના પડે તે હેતુથી શહેરના દરેક વોર્ડમાં સીટી સીવિક સેન્ટર બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. આગામી નાણાંકીય વર્ષમાં સીટી સીવિક સેન્ટરોના સુદ્રઢીકરણની સાથે-સાથે તેની સંખ્યા ૨૬ થી વધારી ૫૫ કરવા માટે આયોજન કરવામાં આવેલ છે. જેથી શહેરીજનોના શ્રમ, સમય અને શક્તિનો બચાવ થશે અને શહેરીજનોને આશીર્વાદરૂપ બનશે.

સ્વર્ણિમ જ્યંતિ વર્ષમાં શહેરના દરેક ૫૦,૦૦૦ ની વસ્તી દીઠ એક અર્બન હેલ્થ સેન્ટરની વ્યવસ્થા થાય તે મુજબની માર્ગદર્શક સૂચનાઓ રાજ્ય સરકારશ્રીએ આપેલ છે તેના ભાગરૂપે અર્બન હેલ્થ સેન્ટરોની હાલની સંખ્યા ૫૫ થી વધારીને આગામી વર્ષે ૧૦૦ કરવામાં આવશે એટલે કે ૪૩ નવા અર્બન હેલ્થ સેન્ટર કાર્યરત કરવાનું નક્કી કરેલ છે. જે માટે અંદાજપત્રમાં રૂ.૧૩.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે તથા નવા વિસ્તારોમાં આરોગ્યની સેવાઓ મળી રહે તે માટે મોટેરા તથા સરખેજના કોમ્યુનીટી હેલ્થ સેન્ટરને રૂ.૨.૦૦ કરોડના ખર્ચે અપગ્રેડ કરવામાં આવશે. અર્બન હેલ્થ સેન્ટરો માટે રૂ.૩૨.૦૦ કરોડનો પ્રોજેક્ટ તૈયાર

કરી રાજ્ય સરકારશ્રી મારફતે કેન્દ્ર સરકારશ્રીના નેશનલ અર્બન હેલ્થ મીશનની મંજૂરી અર્થે સાદર કરવામાં આવેલ છે. વધુમાં આગામી વર્ષમાં શહેરની વા.સા.જનરલ હોસ્પીટલ ખાતે નર્સિંગ સ્કુલ તથા હોસ્ટેલ તથા એલ.જી. હોસ્પીટલ ખાતે નવી મલ્ટીસ્ટોરેજ હોસ્પીટલ કોમ્પ્લેક્ષ બનાવવામાં આવી રહેલ છે તેમજ રૂક્ષ્મણી હોસ્પીટલ ખાતે નવા બિલ્ડીંગના બાંધકામની કામગીરી ચાલુ છે. જે આગામી વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે.

ચાલુ વર્ષે ડેન્ટલ તથા મેડીકલ કોલેજનું કામ પૂર્ણ થયેલ છે. આગામી વર્ષમાં ડેન્ટલ હોસ્પીટલ અને હોસ્ટેલ તેમજ મેડીકલ કોલેજના વિદ્યાર્થીઓ તથા રેસીડન્ટ ડૉક્ટર્સ માટે હોસ્ટેલ બનાવવાની કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે. હયાત એન.એચ.એલ. મેડીકલ કોલેજ ઉપરાંત ગત વર્ષમાં ૧૫૦ સીટના નવા મેડીકલ કોલેજ તથા ૧૦૦ સીટના નવા ડેન્ટલ કોલેજ શરૂ થયેલ છે. આ ઉપરાંત પોસ્ટ ગ્રેજ્યુએટના નવા કોર્ષ શરૂ કરવામાં આવેલ છે. મેડીકલ એજ્યુકેશનની તમામ વ્યવસ્થા AMC Medical Education Trust હેઠળ આવરી લેવાના કારણે મ્યુનિસિપલ કોર્પોરેશન પર આર્થિક બોજો ઓછો થયેલ છે તેમજ એમ.બી.બી.એસ. તથા બી.ડી.એસ.ની ૧૫% સીટો ગુજરાત બહારના વિદ્યાર્થીઓથી ભરવામાં આવતી બંધ થયેલ છે. Medical Education Trust સેલ્ફ ફાઈનાન્સ થવાને કારણે એન.એચ.એલ. મેડીકલ કોલેજમાં એમ.ડી. (પી.જી.) ના કોર્ષમાં સેન્ટ્રલ ક્વોટાના ૫૦% અનામતપ્રથા બંધ થયેલ છે તેમજ આ નવી વ્યવસ્થાનો સંપૂર્ણ લાભ ગુજરાતના વિદ્યાર્થીઓને મળતો થયેલ છે. ઈમરજન્સી-ટ્રોમા સેન્ટર, વા.સા. જનરલ હોસ્પીટલ ખાતે એન.એચ.એલ. મેડીકલ કોલેજ હેઠળ ઈમરજન્સી મેડીસીનનો પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્ષ શરૂ કરવામાં આવેલ છે. જેમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દેશભરમાં મોખરે રહેવા પામેલ છે.

શહેરના નાગરિકોને સામાજીક સુવિધાઓ પૂરી પાડવામાં હંમેશા અગ્રેસર રહેનાર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આગામી વર્ષના અંદાજપત્રમાં કોમ્યુનીટી હોલ, જીમ્નેશીયમ, લાયબ્રેરી, સ્વીમીંગ પુલ, ઓડીટોરીયમ, બગીચાઓ વગેરે માટે અંદાજપત્રમાં પૂરતી જોગવાઈ રાખવામાં આવેલ છે.

છેલ્લા ત્રણ વર્ષના અંદાજપત્રથી શરૂ કરવામાં આવેલ વોર્ડ-વાઈઝ બજેટીંગથી કામો અગાઉથી નક્કી કરી તેના અગ્રતાક્રમ મુજબ નાણાંની ફાળવણી કરવાની પરંપરાને આગળ ધપાવતા વોર્ડ કમિટી દ્વારા આગામી નાણાંકિય વર્ષ માટેના કામોની પસંદગી અને અગ્રિમતા આપવામાં આવેલ છે. જે શહેરના સમતોલ વિકાસ માટે ખૂબ જ જરૂરી છે. ગત ત્રણ વર્ષથી શરૂ કરવામાં આવેલ સદરહુ પધ્ધત્તિને બહોળો પ્રતિસાદ

સાંપડેલ છે અને શહેરના પછાત વિસ્તારો સુધી વિકાસ કાર્યોના લાભો પહોંચતા થયેલ છે. વોર્ડ વાઈઝ બજેટના અમલીકરણને કારણે વિકાસ કાર્યોમાં ઝડપ આવવાની સાથે સાથે કામોમાં પ્રજાની જરૂરિયાત, માંગણીઓ અને ઇચ્છાઓનું પ્રતિબિંબ દ્રશ્યમાન થાય છે.

શહેરની ઐતિહાસિક અને સાંસ્કૃતિક વિરાસત જાળવી રાખવાના હેતુથી યુરો ઈન્ડિયા ફોરમ પ્રોગ્રામ અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા Cities Partnership on Heritage Conservation અન્વયે જર્મનીના હાલે, સ્પેનના વાલલોડીડ તથા ફ્રાન્સના લા રોચીલે શહેરો સાથે કરાર કરવામાં આવેલ છે. સદરહુ કાર્યક્રમ અંતર્ગત ઐતિહાસિક ઈમારતોની જાળવણી માટેની તાલીમ તથા તેની કુશળતાની આપ–લે માટેના કરારો અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઈજનેરોને ૧૦ દિવસના તાલીમ અને અભ્યાસ કાર્યક્રમ માટે ફ્રાન્સ મોકલવામાં આવેલ તેમજ હાલમાં ૨ સભ્યોની ટીમ સ્પેન ખાતે તાલીમ મેળવી રહેલ છે. યુરોપના દેશોએ પોતાના સાંસ્કૃતિક વારસાની જાળવણી તથા જૂના નગરોના પુનઃસ્થાપન દ્વારા ટુરીઝમનો વિકાસ કરી ખાસ્સી આવક ઉભી કરેલ છે. અમદાવાદ શહેરની ૬૦૦ વર્ષ જૂની પ્રાચીન સંસ્કૃતિ અને ઈતિહાસના વારસાની જાળવણી કરવામાં આવે તો શહેરમાં પ્રવાસીઓની સંખ્યાને આકર્ષી શકાય તે હેતુથી એ.એસ.આઈ. ની ભાગીદારીમાં શહેરની ઐતિહાસિક ઈમારતો, દરવાજાઓ વગેરેને વધુ સુંદર અને આકર્ષક બનાવવાનો કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ છે. શહેરની સ્થાપત્ય કળા વિશે વિદેશના લોકોને પણ જાણકારી ઉપલબ્ધ થાય તે હેતુથી હાલમાં મેયરશ્રીના અધ્યક્ષ સ્થાને સ્પેન ખાતે ગયેલ ડેલીગેશન દ્વારા અમદાવાદ શહેરના સાંસ્કૃતિક વારસાના પ્રતિકરૂપી હ્વેલીના મોડેલની સ્થાપના સ્પેન ખાતે કરવામાં આવેલ છે. વધુમાં શહેરમાં આવેલ પ્રાચીન ઈમારતો પૈકી ભદ્રના કિલ્લા તેમજ તેની આજુબાજુના વિસ્તારનું સુવ્યવસ્થિત વિકાસ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. અમદાવાદ શહેરના સ્થાપનાના ૬૦૦ વર્ષ પૂરા થાય છે. શહેરની સ્થાપનાના ૬૦૦ વર્ષની ઉજવણી કાર્યક્રમમાં શહેરીજનો પણ સામેલ થાય તે માટે લોકભાગીદારીથી ઐતિહાસિક ઈમારતો પર લાઈટીંગ તથા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજીને ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવેલ છે. શહેરીજનો માટે ગૌરવનું પ્રતિક બનેલા કાંકરીયા તળાવ આયોજનબદ્ધ વિકાસને કારણે શહેરીજનોમાં ભારે આકર્ષણનું કેન્દ્ર બનેલ છે. જેને કારણે શહેરની એક આગવી ઓળખ ઉભી થયેલ છે. કાંકરીયા તળાવના આકર્ષણમાં વધુ ઉમેરો કરતાં આગામી વર્ષના અંદાજપત્રમાં કાંકરીયા ખાતે કીડ્ઝ સીટી તથા મ્યુરલ (શિલ્પ કૃતિઓ) બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. વધુમાં રાજ્ય સરકારશ્રીના સહ્યોગથી ગાંધીઆશ્રમ વિસ્તારના ડેવલપમેન્ટનું પણ આયોજન આગામી વર્ષના અંદાજપત્રમાં કરવામાં આવેલ છે.

આંતરમાળખાકિય સુવિધાઓના સુદ્રઢીકરણ, સામાજીક અને આરોગ્યલક્ષી સુવિધાઓ, શહેરની આગવી ઓળખ પ્રસ્થાપિત થાય અને ઉડીને આંખે વળગે તેવા મોટાગજાના વિકાસ કાર્યો શહેરમાં એકીસાથે ચાલુ કરેલ છે. પૂર્વનિયોજીત યોજના અને ઉચ્ચ વહીવટી કાર્યદક્ષતાથી હાથ ધરવામાં આવેલ સદરહુ વિકાસ કાર્યો ઝડપથી અને ગુણવત્તાસભર રીતે પૂર્ણ થાય અને શહેરીજનોને તેનો લાભ પ્રાપ્ત થાય તે માટે સમગ્ર વહીવટી પ્રક્રિયાને આયોજનબદ્ધ રીતે અનુસરી તેનું સમયાંતરે મૂલ્યાંકન કરીને વધુમાં વધુ કામોનું ગુણવત્તા સાથે અમલીકરણ થાય તે સુનિશ્ચિત કરવામાં આવેલ છે.

કારપેટ એરીયા બેઈઝ ફેક્ટર આધારીત મિલકતવેરાની પદ્ધતિના અમલીકરણમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દેશભરમાં પ્રથમ છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સને ૨૦૦૧ માં શરૂ કરેલ મિલકતવેરાની આ પદ્ધતિ ખૂબ જ પારદર્શક છે. જેમાં નાગરિકો ઘરે બેઠા-બેઠા પોતાની મિલકતના ટેક્ષની ગણતરી કરી શકે છે. આ પદ્ધતિમાં જેમ-જેમ મિલકતની ઉંમર વધે તેમ-તેમ તેનો ટેક્ષ ઓછો થતો જાય છે અને છેલ્લા ૯ વર્ષમાં એટલે કે જ્યારથી આ ફોર્મ્યુલાનો અમલ શરૂ કરવામાં આવેલ છે ત્યારથી મિલકતવેરાના દરમાં કોઈ જ વધારો કરવામાં આવેલ નથી. હાલમાં બિનરહેઠાણ મિલકતોના સામાન્યવેરાનો વાર્ષિક દર પ્રતિ ચો.મી. રૂા.૨૨ છે જેને વધારીને વાર્ષિક દર પ્રતિ ચો.મી. રૂા.૨૬ સૂચવેલ છે જેનાથી આવકમાં રૂા.૫૦.૦૦ કરોડનો વધારો થવાનો અંદાજ છે.

**આમ, સ્વર્ણિમ સિધ્ધિ વર્ષ ૨૦૧૦ અંતર્ગત Golden Goals 2010 અન્વયે આંતરમાળખાકિય સુવિધાના કામો, સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના કામો, સામાજીક તેમજ આરોગ્યલક્ષી સુવિધાઓના કામો તથા "જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન" (JnNURM) યોજનાના વિકાસના ચાલતાં તમામ કાર્યોના અને વોર્ડ વાઈઝ વિકાસ કાર્યોના સંકલિત આયોજન અને કાર્યક્ષમ તથા પારદર્શી વહીવટ સાથેના આગામી વર્ષના રૂા.૧૦૭૬.૦૦ કરોડ રેવન્યુ પુરાંત કેપીટલ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી અંદાજીત રૂા.૨૦૫૦.૦૦ કરોડના વિકાસ કાર્યો સાથેનું નાણાંકિય વર્ષ સને ૨૦૧૦-૨૦૧૧ નું રૂા.૩૩૦૧.૦૦ કરોડનું અંદાજપત્ર હું આ સાથે રજૂ કરૂ છું.**

# ૧. સને ૨૦૦૮-૨૦૦૯ના વર્ષની ખરેખર પરિસ્થિતિ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સને ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષના સુધારેલા અંદાજપત્ર સામે ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષની ખરેખર આવક તથા ખર્ચમાં રહેલ છેવટની પરિસ્થિતિ તથા તેની વિગતો અને કેટલીક મુખ્ય હકીકતો આ સાથે રજૂ કરવામાં આવે છે.

## ૧. રેવન્યુ એકાઉન્ટ

(રૂા.લાખમાં)

| અ.નં. | વિગત | ૨૦૦૭-૨૦૦૮ના વર્ષનું ખરેખર આવક/ખર્ચ | સને ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષનો રીવાઇઝડ અંદાજ | વધ-ઘટ | સને ૨૦૦૮-૨૦૦૯ના વર્ષનું ખરેખર આવક/ખર્ચ |
|---|---|---|---|---|---|
| | **આવક** | | | | |
| ૧ | ઉઘડતી સિલક | ૯૪.૧૩ | ૫૩.૨૨ | -- | ૫૩.૨૨ |
| ૨ | રેવન્યુ આવક | ૧૪૦૦૯૦.૦૦ | ૧૭૫૩૯૮.૭૪ | ઘ-૧૯૯૮૨.૦૬ | ૧૫૫૪૧૬.૬૮ |
| | **કુલ** | **૧૪૦૧૮૪.૧૩** | **૧૭૫૪૫૧.૯૬** | | **૧૫૫૪૬૯.૯૦** |
| | **ખર્ચ** | | | | |
| ૧ | રેવન્યુ ખર્ચ | ૯૧૫૮૦.૯૧ | ૯૬૪૫૮.૭૯ | ઘ-૫૪૧૪.૫૩ | ૯૧૦૪૪.૨૬ |
| ૨ | કેપીટલ એકાઉન્ટમાં ટ્રાન્સફર | ૪૮૫૫૦.૦૦ | ૭૮૯૦૦.૦૦ | ઘ-૧૪૫૦૦.૦૦ | ૬૪૪૦૦.૦૦ |
| ૩ | આખરી સિલક | ૫૩.૨૨ | ૯૩.૧૭ | -- | ૨૫.૬૪ |
| | **કુલ** | **૧૪૦૧૮૪.૧૩** | **૧૭૫૪૫૧.૯૬** | | **૧૫૫૪૬૯.૯૦** |

## ૧.૧ રેવન્યુ આવક :

સને ૨૦૦૮-૨૦૦૯ ના સુધારેલા અંદાજપત્ર અનુસાર રેવન્યુ આવક **રૂા.૧૭૫૩૯૮.૭૪ લાખ** અંદાજવામાં આવેલી હતી જે સામે ખરેખર આવક **રૂા.૧૫૫૪૧૬.૬૮ લાખ** થયેલ છે. આમ સુધારેલ અંદાજ કરતાં **રૂા.૧૯૯૮૨.૦૬ લાખ**ની આવક ઓછી થવા પામેલ છે. જેના કારણોમાં મુખ્યત્વે ઓક્ટ્રોયની સરકારશ્રીની ગ્રાન્ટમાં અંદાજવામાં આવેલ ગ્રોથ રેટ ન મળવો, મિલકતવેરાની ઓછી વસુલાત તેમજ પ્રોફેશનલ ટેક્ષની આવકમાં ધારણા મુજબનો વધારો ન થવો વિગેરે છે.

## રેવન્યુ આવકનું પત્રક

(રૂા. લાખમાં)

| અ.નં. | બજેટ હેડના નામ | સને ૨૦૦૭-૦૮ ના વર્ષમાં થયેલ ખરેખર આવક | સને ૨૦૦૮-૦૯ ના વર્ષનો સુધારેલ અંદાજ | વધ/ઘટ | સને ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષમાં થયેલ ખરેખર આવક |
|---|---|---|---|---|---|
| | ઉઘડતી સિલક | ૯૪.૧૩ | ૫૩.૨૨ | | ૫૩.૨૨ |
| ૧. | ઓક્ટ્રોય | ૫૧૨૦૦.૯૩ | -- | -- | -- |
| ૨. | ઓક્ટ્રોયને બદલે સરકારશ્રીની ગ્રાન્ટ | ૩૦૮૫૪.૦૫ | ૮૮૫૦૦.૦૦ | (-)૫૮૨૮.૫૬ | ૮૨૬૭૧.૪૪ |
| ૩. | પ્રોપર્ટી ટેક્ષ | ૨૧૩૭૨.૩૧ | ૩૨૬૪૨.૧૫ | (-)૧૦૦૩૧.૨૯ | ૨૨૬૧૦.૮૬ |
| ૪. | વોટર અને સુએજ ચાર્જીસ | ૩૪૬૭.૩૪ | -- | -- | -- |
| ૫. | વોટર અને કોન્ઝર્વન્સી ટેક્ષ | -- | ૧૧૦૦૦.૦૦ | (-)૨૯૪૭.૫૪ | ૮૦૫૨.૪૬ |
| ૬. | પ્રોફેશનલ ટેક્ષ | -- | ૬૦૦૦.૦૦ | (-)૧૭૧૩.૪૯ | ૪૨૮૬.૫૧ |
| ૭. | નોન ટેક્ષ રેવન્યુ આવક | ૭૪૫૯.૩૨ | ૧૧૮૦૨.૩૨ | (-)૯૧૫.૭૪ | ૧૦૮૮૬.૫૮ |
| ૮. | રેવન્યુ ગ્રાન્ટ, સબસીડી અને કોન્ટ્રીબ્યુશન | ૧૧૭૬૭.૦૪ | ૧૬૦૭૬.૩૩ | (-)૧૬૮૫.૮૭ | ૧૪૩૯૦.૪૬ |
| ૯. | બીજી આવક | ૧૩૯૬૯.૦૧ | ૯૩૭૭.૯૪ | ૩૧૪૦.૪૩ | ૧૨૫૧૮.૩૭ |
| | **રેવન્યુ આવકનું કુલ** | **૧૪૦૦૯૦.૦૦** | **૧૭૫૩૯૮.૭૪** | **(-)૧૯૯૮૨.૦૬** | **૧૫૫૪૧૬.૬૮** |
| | **એકંદરે કુલ ...** | **૧૪૦૧૮૪.૧૩** | **૧૭૫૪૫૧.૯૬** | **--** | **૧૫૫૪૬૯.૯૦** |

- વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માં ઓકટ્રોયના દરો શૂન્ય કર્યા બાદ સરકારશ્રી તરફથી ઓકટ્રોય સામે મળેલ ગ્રાન્ટની આવક રૂ.૮૨૬૭૧.૪૪ લાખ થવા પામેલ છે. જે સુધારેલ અંદાજ મુજબની આવક રૂ.૮૮૫૦૦.૦૦ લાખ થી રૂ.૫૮૨૮.૫૬ લાખ ઓછી થવા પામેલ છે.

- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની આવકનો બીજો મહત્ત્વનો સ્રોત મિલકતવેરામાં સને ૨૦૦૮-૨૦૦૯ માં જનરલ ટેક્ષ તથા વોટર અને કોન્ઝર્વન્સી ટેક્ષ/ચાર્જની આવક રૂ.૩૦૬૬૩.૩૨ લાખ થવા પામેલ છે. જે વર્ષ ૨૦૦૭-૨૦૦૮ માં થયેલ આવક કરતાં રૂ.૫૮૨૩.૬૭ લાખ વધુ છે. શહેરમાં આવેલ મિલકતોના પ્રોપર્ટી ટેક્ષની ચાલુ વર્ષની રીકવરી તથા પાછલા વર્ષોના બાકી રીકવરી માટે કરવામાં આવેલ ઘનિષ્ઠ પ્રયાસોને કારણે પ્રોપર્ટી ટેક્ષ તથા વોટર અને કોન્ઝર્વન્સી ટેક્ષની આવકમાં વધારો થયેલ છે.

નોન ટેક્ષ રેવન્યુની આવકના ગ્રુપમાં ભાડુ, સેવાઓનો ચાર્જ તથા ટી.ડી.ઓ.ની આવકમાં વધારો થતાં સને ૨૦૦૭-૨૦૦૮ ના વર્ષની સરખામણીમાં સને ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષમાં રૂ.૩૪૨૭.૨૬ લાખ નો વધારો થયેલ છે.

આમ સને ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષના સુધારેલ અંદાજ રૂ.૧૭૫૩૯૮.૭૪ લાખની સામે ખરેખર રેવન્યુ આવક રૂ.૧૫૫૪૧૬.૬૮ લાખ થયેલ છે. જે રૂ.૧૯૯૮૨.૦૬ લાખનો ઘટાડો સૂચવે છે તથા સને ૨૦૦૭-૨૦૦૮ ના વર્ષમાં ખરેખર રેવન્યુ આવક રૂ.૧૪૦૦૯૦.૦૦ લાખની સામે રૂ.૧૫૩૨૬.૬૮ લાખનો વધારો સૂચવે છે.

## ૧.૨ રેવન્યુ ખર્ચ :

સને ૨૦૦૮-૨૦૦૯ ના સુધારેલા અંદાજોમાં રેવન્યુ ખર્ચ **રૂ.૯૬૪૫૮.૭૯ લાખ** અંદાજવામાં આવેલ. જે સામે વર્ષાન્તે ખરેખર ખર્ચ **રૂ.૯૧૦૪૪.૨૬ લાખ** થયેલ છે. આમ અંદાજેલ ખર્ચ સામે ખરેખર થયેલ ખર્ચમાં **રૂ.૫૪૧૪.૫૩ લાખ**નો ઘટાડો થયેલ છે. રેવન્યુ ખર્ચના મુખ્ય સદર પ્રમાણે થયેલ ખર્ચની વિગત નીચે જણાવેલ પત્રકમાં દર્શાવ્યા મુજબની છે.

## રેવન્યુ ખર્ચનું પત્રક

(રૂ. લાખમાં)

| અ. નં. | બજેટ હેડના નામ | સને ૨૦૦૭-૨૦૦૮ના વર્ષમાં થયેલ ખરેખર ખર્ચ | સને ૨૦૦૮-૨૦૦૯ના વર્ષનો સુધારેલો અંદાજ | વધ/ઘટ | સને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં થયેલ ખરેખર ખર્ચ |
|---|---|---|---|---|---|
| ૧ | એસ્ટાબ્લીશમેન્ટ | ૩૭૮૩૯.૨૪ | ૩૮૨૬૩.૧૪ | ૭-૨૩૮૯.૪૦ | ૩૫૮૭૩.૭૪ |
| ૨ | એડમીનીસ્ટ્રેટીવ અને જનરલ ખર્ચ | ૨૧૪૪.૮૫ | ૨૬૭૨.૨૦ | ૭-૨૯૩.૫૧ | ૨૩૭૮.૬૯ |
| ૩ | મરામત અને નિભાવ | ૩૫૪૮.૨૬ | ૬૧૧૩.૪૫ | ૭-૧૧૫૪.૬૭ | ૪૯૫૮.૭૮ |
| ૪ | નર્મદા સેસ | ૧૮૨૬.૪૮ | ૩૬૦૦.૦૦ | ૭-૪૮૯.૯૦ | ૩૧૧૦.૧૦ |
| ૫ | પાવર અને બળતણ | ૯૪૮૯.૯૪ | ૮૭૨૪.૯૪ | ૩૧૯.૨૬ | ૯૦૪૪.૨૦ |
| ૬ | સર્વિસીસ તથા પ્રોગ્રામના ખર્ચા | ૪૪૨૧.૫૮ | ૫૯૬૪.૬૩ | ૭-૧૧૨૨.૬૯ | ૪૮૪૧.૯૪ |
| ૭ | કોન્ટ્રીબ્યુશન, ગ્રાન્ટ અને સબસીડી | ૨૧૨૮૪.૩૯ | ૨૩૨૪૪.૨૩ | ૬૮૭.૬૮ | ૨૩૯૩૧.૯૧ |
| ૮ | લોન ચાર્જીસ | ૧૦૯૩૪.૨૪ | ૭૬૧૬.૨૦ | ૭-૭૩૩.૬૪ | ૬૮૮૨.૫૬ |
| ૯ | અન્ય ખર્ચ | ૯૧.૯૩ | ૨૬૦.૦૦ | ૭-૨૩૭.૬૬ | ૨૨.૩૪ |
| | રેવન્યુ ખર્ચનું કુલ... | ૯૧૫૮૦.૯૧ | ૯૬૪૫૮.૭૯ | - | ૯૧૦૪૪.૨૬ |
| | કેપીટલ એકાઉન્ટમાં ટ્રાન્સફર | ૪૮૫૫૦.૦૦ | ૭૮૯૦૦.૦૦ | - | ૬૪૪૦૦.૦૦ |
| | આખરી સિલક ... | ૫૩.૨૨ | ૯૩.૧૭ | | ૨૫.૬૪ |
| | **એકંદરે કુલ ...** | **૧૪૦૧૮૪.૧૩** | **૧૭૫૪૫૧.૯૬** | **--** | **૧૫૫૪૬૯.૯૦** |

- ✧ એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચમાં સને ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષમાં સુધારેલ અંદાજ રૂા.૩૮૨૬૩.૧૪ લાખની સામે ખરેખર રૂા.૩૫૮૭૩.૭૪ લાખનો ખર્ચ થયેલ છે તથા સને ૨૦૦૭-૨૦૦૮ ના વર્ષની સરખામણીમાં સને ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષમાં રૂા.૧૯૬૫.૫૦ લાખનો ઘટાડો થયેલ છે.

- ✧ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ તથા મ્યુનિસિપલ મિલકતોના મરામત-નિભાવની કામગીરી પાછળ સને ૨૦૦૭-૨૦૦૮ ની સરખામણીમાં સને ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષમાં રૂા.૧૪૧૦.૫૨ લાખનો વધારે ખર્ચ કરવામાં આવેલ છે.

- ✧ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સ્કુલ બોર્ડ, વી. એસ. હોસ્પિટલ તથા એમ. જે. લાયબ્રેરીને આપવામાં આવતી ગ્રાન્ટના ખર્ચમાં સને ૨૦૦૭-૨૦૦૮ ના વર્ષની સરખામણીમાં સને ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષમાં રૂા.૨૬૪૭.૫૨ લાખનો વધારો થયેલ છે તથા સર્વિસ અને પ્રોગ્રામના ખર્ચમાં સને ૨૦૦૭-૨૦૦૮ ના વર્ષની સરખામણીમાં સને ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષમાં રૂા.૪૨૦.૩૬ લાખ નો વધારો થયેલ છે.

આમ, સને ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષમાં થયેલ કુલ આવક રૂા.૧૫૫૪૧૬.૬૮ લાખમાંથી સને ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષમાં થયેલ કુલ રેવન્યુ ખર્ચ રૂા.૯૧૦૪૪.૨૬ લાખ બાદ કરી રૂા.૨૫.૬૪ લાખ આખરની સિલક રાખતાં **રૂા.૬૪૪૦૦.૦૦ લાખની માતબર રકમ વિકાસના કામો માટે ટ્રાન્સફર કરવામાં આવેલ છે.**

## ૧.૩ કેપીટલ ખર્ચ :

સને ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષમાં કેપીટલ એકાઉન્ટમાં વિકાસ કામો માટે **રૂ.૯૨૭૬૯.૪૧ લાખ** તથા એ.એમ.ટી.એસ.ને લોન પેટે **રૂ.૧૦૩૪૯.૪૮ લાખ** મળી કુલ **રૂ.૧૦૩૧૧૮.૮૯ લાખ** ખર્ચ થયેલ છે.

(રૂા. લાખમાં)

| અ.નં. | વિગત | ૨૦૦૭-૨૦૦૮ નું ખરેખર | ૨૦૦૮-૨૦૦૯નો સુધારેલ અંદાજ | ૨૦૦૮-૨૦૦૯ નું ખરેખર |
|---|---|---|---|---|
| (ક) | **મ્યુનિસિપલ કોર્પોરેશન ફંડના કામો** | | | |
| ૧. | રસ્તા તથા પુલો | ૬૭૯૯.૧૩ | ૧૪૯૮૦.૯૯ | ૧૫૧૬૦.૦૩ |
| ૨. | પાણી પુરવઠો | ૩૪૩૭.૭૮ | ૭૭૧૭.૦૦ | ૫૮૧૦.૮૮ |
| ૩. | ડ્રેનેજ | ૨૮૪૦.૨૮ | ૪૧૦૬.૧૬ | ૨૨૯૬.૬૦ |
| ૪. | મકાન | ૨૬૦૮.૧૨ | ૬૦૨૫.૬૫ | ૪૯૦૫.૭૯ |
| ૫. | જાહેર સ્થળો | ૪૭૫૯.૪૩ | ૭૮૮૩.૨૦ | ૫૫૫૦.૯૮ |
| ૬. | સ્ટ્રીટ લાઈટ | ૭૯.૬૯ | ૨૦૫.૦૦ | ૪૮.૩૨ |
| ૭. | મોટર ટ્રાન્સપોર્ટ સાધનો અને પ્લાન્ટ-મશીનરી | ૮૫૩.૧૭ | ૧૪૩૫.૦૦ | ૪૨૭.૩૮ |
| ૮. | ઈ-ગવર્નન્સ | ૧૪૮.૫૦ | ૩૭૫.૦૦ | ૯૦.૫૬ |
| ૯. | સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ | ૯૩.૯૫ | ૧૪૨.૦૦ | ૫૧.૭૨ |
| ૧૦. | જમીન સંપાદન | ૫૮૮.૮૬ | ૬૦૦.૦૦ | ૩૨૦.૨૫ |
| ૧૧. | આર્થિક રીતે નબળા વર્ગના લોકોના કામો | ૧૦૭.૬૯ | ૨૭૦.૦૦ | ૬૭.૧૮ |
| ૧૨. | અન્ય | ૮.૯૪ | ૫૦.૦૦ | ૭.૬૮ |
| | **(ક) નું કુલ** | **૨૨૩૨૫.૫૪** | **૪૩૭૯૦.૦૦** | **૩૪૭૩૭.૩૭** |
| **(ખ)** | **એ.એમ.ટી.એસ. ને લોન** | **૮૫૬૦.૨૯** | **૧૦૫૦૮.૦૦** | **૧૦૩૪૯.૪૮** |
| **(ગ)** | **સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ** | **૧૮૫૬.૬૩** | **૧૩૪૦૦.૦૦** | **૧૩૯૦૫.૨૫** |
| **(ઘ)** | **અમદાવાદ જનમાર્ગ લિમીટેડ (AJL)** | **૦.૦૦** | **૫૦૦.૦૦** | **૫૦૦.૦૦** |
| **(ચ)** | **એ.એમ.સી. મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટ** | **૦.૦૦** | **૫૦૦.૦૦** | **૫૦૦.૦૦** |

| અ.નં. | વિગત | ૨૦૦૭-૨૦૦૮ નું ખરેખર | ૨૦૦૮-૨૦૦૯નો સુધારેલ અંદાજ | ૨૦૦૮-૨૦૦૯ નું ખરેખર |
|---|---|---|---|---|
| (છ) | **JnNURM ના કામો** | | | |
| ૧. | બી.આર.ટી.એસ. - જનમાર્ગ | ૨૯૮૩.૮૭ | ૧૭૭૫૪.૦૦ | ૧૩૧૬૨.૩૪ |
| ૨. | વાસણા-પીરાણા પંપીંગ સ્ટેશન | ૩૩૩૪.૩૪ | ૩૩૭૫.૦૦ | ૩૬૪૭.૮૮ |
| ૩. | સ્ટૉર્મ વોટર ડ્રેઈન | ૪૦૩૨.૦૯ | ૧૫૦૦૦.૦૦ | ૧૩૦૬૦.૭૮ |
| ૪. | EWS હાઉસીંગ | ૧૭૯૧.૧૩ | ૭૬૪૦.૦૦ | ૬૫૬૧.૦૩ |
| ૫. | બ્રીજ તથા ફ્લાય ઓવર | ૨૪૫૦.૮૫ | ૫૯૩૫.૦૦ | ૩૯૭૬.૭૮ |
| ૬. | રાસ્કા ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને નર્મદા મેઈન કેનાલથી કોતરપુર વોટર વર્કસ સુધીની પાઈપ લાઈન | ૧૦૪.૨૩ | ૨૯૭.૦૦ | ૨૩૯.૯૪ |
| ૭. | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ | ૦.૦૦ | ૨૦૦૦.૦૦ | ૨૦૩.૦૬ |
| | **(છ) નું કુલ** | **૧૪૬૯૬.૫૧** | **૫૨૦૦૧.૦૦** | **૪૦૮૫૧.૮૧** |
| (જ) | **ગ્રાન્ટના કામો** | | | |
| ૧. | નાણા પંચની ગ્રાન્ટના કામો | ૧૨૨.૯૦ | ૫૦૦.૦૦ | ૯૩.૩૧ |
| ૨. | સંસદસભ્યશ્રી/ધારાસભ્યશ્રીની ગ્રાન્ટના કામો | ૧૦૩૮.૯૯ | ૯૫૦.૦૦ | ૧૦૯૬.૮૧ |
| ૩. | જી.એમ.એફ.બીની ગ્રાન્ટ | ૧૩૧.૬૯ | ૧૬૦૦.૦૦ | ૬૭૩.૦૪ |
| ૪. | ટી.સી.આઇ.ડી.એસ. પ્રોજેક્ટના કામો | ૧૬૨.૬૪ | ૨૦૦.૦૦ | ૭૭.૭૩ |
| ૫. | સફાઈ કામદાર આવાસ યોજના | ૦.૦૦ | ૫૦૦.૦૦ | ૧૯૭.૧૭ |
| ૬. | જી.આઇ.ડી.સી.એફ્લ્યુઅન્ટ ડીસ્પોઝલ સ્કીમ | ૮.૬૨ | ૫૦.૦૦ | ૧.૬૯ |
| ૭. | વામ્બે પે એન્ડ યુઝ ટોઈલેટના કામો | ૧૩૩.૨૩ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૮. | જી.એસ.ડી.એમ.એ. - એ.ડી.બી. ના કામો | ૯૪.૩૪ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૯. | અન્ય ગ્રાન્ટ | ૨૫૪.૫૫ | ૨૪૮.૪૬ | ૧૩૫.૨૩ |
| | **(જ) નું કુલ** | **૧૯૪૬.૯૬** | **૪૦૪૮.૪૬** | **૨૨૭૪.૯૮** |
| | **કુલ ખર્ચ (ક+ખ+ગ+ઘ+ચ+છ+જ)** | **૪૯૩૮૫.૯૩** | **૧૨૪૭૪૭.૪૬** | **૧૦૩૧૧૮.૮૯** |

## ૧.૪ મ્યુનિસિપલ કોર્પોરેશનના દેવાની વિગત :

વર્ષ આખરે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની બાકી દેવાની લોન વાઈઝ વિગતો નીચે મુજબ છે.

## સને ૨૦૦૮-૨૦૦૯ ના અંતે મ્યુનિસિપલ કોર્પોરેશનનું કુલ દેવું

(રૂા. લાખમાં)

| અ. નં. | લોનનો પ્રકાર | તા.૧-૪-૦૮ ના રોજ ઉઘડતી સિલક | નવી આવેલ લોન | કુલ લોન | ભરપાઇ કરેલ લોન | તા.૩૧-૩-૦૯ ના રોજની આખરની સિલક |
|---|---|---|---|---|---|---|
| ૧. | સરકારી લોન | ૮૦૧૦.૬૪ | - | ૮૦૧૦.૬૪ | 0.00 | ૮૦૧૦.૬૪ |
| ૨. | પબ્લીક લોન (ઓપન માર્કેટ બોરોઇંગ) | ૩૨૬૯.૦૧ | - | ૩૨૬૯.૦૧ | ૧૦૩૪.00 | ૨૨૩૫.૦૧ |
| ૩. | આર્થિક રીતે નબળા વર્ગ માટે નેશનલ હાઉસીંગ બેંકની લોન | ૩૮૧.૪૬ | - | ૩૮૧.૪૬ | ૧૩૭.૨૪ | ૨૪૪.૨૨ |
| ૪. | ટેક્ષ ફ્રી બોન્ડ-૨૦૦૪ | ૫૮૦૦.૦૦ | - | ૫૮૦૦.૦૦ | ૪૨૧૦.૦૦ | ૧૫૯૦.૦૦ |
| ૫. | ટેક્ષ ફ્રી બોન્ડ-૨૦૦૫ | ૧૦૦૦૦.૦૦ | - | ૧૦૦૦૦.૦૦ | 0.00 | ૧૦૦૦૦.૦૦ |
| | **કુલ** | **૨૭૪૬૧.૧૧** | **-** | **૨૭૪૬૧.૧૧** | **૫૩૮૧.૨૪** | **૨૨૦૭૯.૮૭** |

# ૨. સને ૨૦૦૯-૨૦૧૦ ના વર્ષ માટેના સુધારેલ અંદાજો

સને ૨૦૦૯-૨૦૧૦ ના વર્ષ માટેના સુધારેલ અંદાજો આ સાથેના રેવન્યુ આવક તથા રેવન્યુ ખર્ચના પત્રક મુજબ રાખવા યોગ્ય જણાયેલ છે.

## ૨.૧ રેવન્યુ આવક :

(રૂા. લાખમાં)

| અ.નં. | બજેટ હેડના નામ | સને ૨૦૦૯-૨૦૧૦ના વર્ષનો અંદાજ | વધ / ઘટ | સને ૨૦૦૯-૨૦૧૦ના વર્ષનો સુધારેલ અંદાજ |
|---|---|---|---|---|
| | **ઉઘડતી સિલક...** | **૯૩.૧૭** | | **૨૫.૬૪** |
| ૧. | ઓક્ટ્રોયની અવેજીમાં રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટ | ૧૦૧૭૭૫.૦૦ | ૦.૦૦ | ૧૦૧૭૭૫.૦૦ |
| ૨. | જનરલ ટેક્ષ તથા અન્ય સીધા કર | ૪૧૩૫૦.૨૧ | (-)૮૧૧૦.૨૧ | ૩૩૨૪૦.૦૦ |
| ૩. | વોટર અને કોન્ઝર્વન્સી ટેક્ષ | ૧૫૦૦૦.૦૦ | (-)૩૫૦૦.૦૦ | ૧૧૫૦૦.૦૦ |
| ૪. | પ્રોફેશનલ ટેક્ષ | ૬૫૦૦.૦૦ | ૦.૦૦ | ૬૫૦૦.૦૦ |
| ૫. | નોન ટેક્ષ રેવન્યુ આવક | ૨૨૯૫૫.૯૮ | (-)૪૯૦૯.૫૭ | ૧૮૦૪૬.૪૧ |
| ૬. | રેવન્યુ ગ્રાન્ટ સબસીડી અને કોન્ટ્રીબ્યુશન | ૨૩૩૯૧.૫૮ | ૦.૦૦ | ૨૩૩૯૧.૫૮ |
| ૭. | બીજી આવક | ૧૦૨૬૬.૭૬ | (-)૩૬૨૯.૭૫ | ૬૬૩૭.૦૧ |
| | **રેવન્યુ આવકનું કુલ...** | **૨૨૧૨૩૯.૫૩** | **(-)૨૦૧૪૯.૫૩** | **૨૦૧૦૯૦.૦૦** |
| | **એકંદરે કુલ...** | **૨૨૧૩૩૨.૭૦** | **--** | **૨૦૧૧૧૫.૬૪** |

સને ૨૦૦૯-૨૦૧૦ ના સુધારેલ અંદાજમાં ઓક્ટ્રોયની અવેજીમાં રાજ્ય સરકારશ્રી તરફથી આપવામાં આવતી ગ્રાન્ટ તેમજ વર્ષના શરૂઆતના ૬ માસની આવકોને ધ્યાને લઈ અંદાજીત કુલ રેવન્યુ આવક **રૂા.૨૨૧૨૩૯.૫૩ લાખ**માં **રૂા.૨૦૧૪૯.૫૩ લાખ**નો ઘટાડો કરી સુધારેલ આવક **રૂા.૨૦૧૦૯૦.૦૦ લાખ** અંદાજેલ છે.

## ૨.૨ રેવન્યુ ખર્ચ :

### રેવન્યુ ખર્ચનું પત્રક

(રૂા. લાખમાં)

| અ.નં. | બજેટ હેડના નામ | સને ૨૦૦૯-૨૦૧૦ના વર્ષનો અંદાજ | વધ / ઘટ | સને ૨૦૦૯-૨૦૧૦ના વર્ષનો સુધારેલ અંદાજ |
|---|---|---|---|---|
| ૧. | એસ્ટાબ્લીશમેન્ટ | ૫૦૭૨૨.૯૩ | ૨૫૪૪.૧૫ | ૫૩૨૬૭.૦૮ |
| ૨. | એડમીનીસ્ટ્રેટીવ અને જનરલ ખર્ચ | ૨૭૭૨.૪૨ | (-)૧.૧૦ | ૨૭૭૧.૩૨ |
| ૩. | મરામત અને નિભાવ | ૭૩૩૨.૨૫ | (-)૮૦૨.૨૮ | ૬૫૨૯.૯૭ |
| ૪. | નર્મદા સેસ | ૩૭૦૦.૦૦ | (-)૭૦૦.૦૦ | ૩૦૦૦.૦૦ |
| ૫. | પાવર અને બળતણ | ૯૩૦૩.૪૩ | (-)૧૫૩.૨૭ | ૯૧૫૦.૧૬ |
| ૬. | સર્વિસ આપવાના તથા પ્રોગ્રામના ખર્ચા | ૬૫૨૯.૪૫ | ૪૨.૩૬ | ૬૫૭૧.૮૧ |
| ૭. | કોન્ટ્રીબ્યુશન, ગ્રાન્ટ, અને સબસીડી | ૩૮૪૭૨.૩૯ | (-)૮૬૨૨.૫૦ | ૨૯૮૪૯.૮૯ |
| ૮. | લોન ચાર્જીસ | ૮૦૪૭.૪૫ | (-)૧૧૭૦.૦૦ | ૬૮૭૭.૪૫ |
| ૯. | અન્ય ખર્ચ | ૨૬૦.૦૦ | ૩૧.૫૦ | ૨૯૧.૫૦ |
| | **રેવન્યુ ખર્ચનું કુલ...** | **૧૨૭૧૪૦.૩૨** | **(-)૮૮૩૧.૧૪** | **૧૧૮૩૦૯.૧૮** |
| | **વિકાસના કાર્યોમાં ટ્રાન્સફર** | **૯૪૧૬૮.૦૦** | **(-)૧૧૩૬૮.૦૦** | **૮૨૮૦૦.૦૦** |
| | **આખરી સિલક...** | **૨૪.૩૮** | | **૬.૪૬** |
| | **એકંદરે કુલ....** | **૨૨૧૩૩૨.૭૦** | | **૨૦૧૧૧૫.૬૪** |

છઠ્ઠા પગારપંચના અમલ તેમજ ભથ્થાંઓમાં થતાં વધારાઓને કારણે એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ જે સને ૨૦૦૯-૨૦૧૦ ના વર્ષનાં અંદાજમાં **રૂા.૫૦૭.૨૩ કરોડ** અંદાજવામાં આવેલ જે સુધારેલ અંદાજમાં **રૂા.૫૩૨.૬૭ કરોડ** થવાનો અંદાજ છે તથા પાવર અને બળતણનો ખર્ચ સને ૨૦૦૯-૨૦૧૦ ના વર્ષનો અંદાજ **રૂા.૯૩.૦૩ કરોડ** અંદાજેલ. જે સુધારેલ અંદાજમાં **રૂા.૯૧.૫૦ કરોડ** થવાનો અંદાજ છે.

સને ૨૦૦૯-૨૦૧૦ ના વર્ષમાં રેવન્યુ ખર્ચના **રૂા.૧૨૭૧.૪૦ કરોડ** ના અંદાજ સામે સુધારેલ અંદાજમાં **રૂા.૧૧૮૩.૦૯ કરોડ** અંદાજીને **રૂા.૮૨૮.૦૦ કરોડ** વિકાસના કામો માટે ટ્રાન્સફર કરવાનું વિચારેલ છે. સને ૨૦૦૯-૨૦૧૦ ના વર્ષની આખરે રેવન્યુ એકાઉન્ટમાં **રૂા.૬.૪૬ લાખ**ની આખરી સિલક રહેવા અંદાજ છે.

## ૨.૩ વિકાસ કાર્યો :

સને ૨૦૦૯-૨૦૧૦ માં અંદાજેલ **રૂ.૨૩૦૦૧૮.૬૦ લાખ**ના વિકાસ કાર્યોની સામે રીવાઈઝ અંદાજમાં **રૂ.૧૮૦૦૮૮.૨૫ લાખ**ના કામો થવાની સંભાવના રહેલ છે.

(રૂા. લાખમાં)

| અ.નં. | વિગત | ૨૦૦૯-૨૦૧૦ નો અંદાજ | ૨૦૦૯-૨૦૧૦નો સુધારેલ અંદાજ |
|---|---|---|---|
| (ક) | **મ્યુનિસિપલ કોર્પોરેશન ફંડના કામો** | | |
| ૧. | ઝોનલ કેપીટલ વર્કસ | ૩૫૫૧૫.૧૦ | ૨૪૬૫૬.૫૯ |
| ૨. | રસ્તા તથા પુલો | ૧૭૦૭૦.૫૦ | ૧૪૨૩૦.૦૦ |
| ૩. | પાણી પુરવઠો | ૮૭૬૦.૦૦ | ૮૧૮૦.૦૦ |
| ૪. | ડ્રેનેજ | ૫૮૮૦.૦૦ | ૨૮૭૭.૦૦ |
| ૫. | મકાન | ૧૧૧૦૮.૦૦ | ૭૨૩૬.૦૦ |
| ૬. | જાહેર સ્થળો | ૬૮૨૦.૦૦ | ૩૦૯૦.૦૦ |
| ૭. | સ્ટ્રીટ લાઈટ | ૧૨૧૫.૦૦ | ૧૧૪૦.૦૦ |
| ૮. | મેડીકલ સાધનો, ફાયર અને સોલીડ વેસ્ટ સાધનો તથા વાહનો | ૪૧૦૦.૦૦ | ૨૫૫૦.૦૦ |
| ૯. | ઈ-ગવર્નન્સ | ૧૫૦૦.૦૦ | ૧૦૮૦.૬૬ |
| ૧૦. | સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ | ૨૬૦.૦૦ | ૨૦૦.૦૦ |
| ૧૧. | જમીન સંપાદન | ૬૦૦.૦૦ | ૪૦૦.૦૦ |
| ૧૨. | આર્થિક રીતે નબળા વર્ગના લોકોના કામો | ૩૯૦૬.૫૦ | ૧૮૧૧.૦૦ |
| ૧૩. | અન્ય | ૪૫.૦૦ | ૨૫.૦૦ |
| | **(ક) નું કુલ** | **૯૬૭૮૦.૧૦** | **૬૭૪૭૬.૨૫** |
| **(ખ)** | **એ.એમ.ટી.એસ. ને લોન** | **૧૪૦૭૩.૦૦** | **૧૧૫૭૩.૦૦** |
| **(ગ)** | **સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ** | **૮૦૦૦.૦૦** | **૧૨૪૦૦.૦૦** |
| **(ઘ)** | **અમદાવાદ જનમાર્ગ લિમીટેડ (AJL)** | **૫૦૦.૦૦** | **૧૦૦૦.૦૦** |
| **(ચ)** | **એ.એમ.સી. મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટ** | **૫૦૦.૦૦** | **૧૦૦૦.૦૦** |

| અ.નં. | વિગત | ૨૦૦૯-૨૦૧૦ નો અંદાજ | ૨૦૦૯-૨૦૧૦નો સુધારેલ અંદાજ |
|---|---|---|---|
| **(છ)** | **JnNURM ના કામો** | | |
| ૧. | બી.આર.ટી.એસ. - જનમાર્ગ ઈન્ફ્રાસ્ટ્રકચર | ૩૨૯૦૦.૦૦ | ૨૨૫૦૦.૦૦ |
| ૨. | બી.આર.ટી.એસ. - જનમાર્ગ બસ | ૦.૦૦ | ૮૦૦૦.૦૦ |
| ૩. | વાસણા-પીરાણા સુએજ પંપીંગ સ્ટેશન | ૧૪૦૫.૦૦ | ૩૧૨૧.૦૦ |
| ૪. | સ્ટૉર્મ વોટર ડ્રેઈન | ૧૮૯૯૦.૦૦ | ૧૬૦૦૦.૦૦ |
| ૫. | EWS હાઉસીંગ | ૨૪૪૫૧.૦૦ | ૧૨૫૦૦.૦૦ |
| ૬. | બ્રીજ તથા ફલાય ઓવર | ૭૬૬૪.૫૦ | ૫૦૦૦.૦૦ |
| ૭. | પાણી પુરવઠાના કામો | ૩૨૯૦.૦૦ | ૩૯૦૦.૦૦ |
| ૮. | સોલીડવેસ્ટ મેનેજમેન્ટ | ૧૧૦૦૦.૦૦ | ૪૦૦૦.૦૦ |
| ૯. | ડ્રેનેજ પ્રોજેક્ટ | ૨૦૦૦.૦૦ | ૭૧૯૩.૦૦ |
| ૧૦. | સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ | ૧૧૪૦.૦૦ | ૨૦૦.૦૦ |
| ૧૧. | હેરીટેજ | ૧૦૦૦.૦૦ | ૫૦૦.૦૦ |
| ૧૨. | વોટર મેનેજમેન્ટ પ્રોજેક્ટ (સ્કાડા) | ૨૦૦૦.૦૦ | ૦.૦૦ |
| | **(છ) નું કુલ** | **૧૦૫૮૪૦.૫૦** | **૮૨૯૧૪.૦૦** |
| **(જ)** | **ગ્રાન્ટના કામો** | | |
| ૧. | નાણા પંચની ગ્રાન્ટના કામો | ૪૨૫.૦૦ | ૪૨૫.૦૦ |
| ૨. | સંસદસભ્યશ્રી/ધારાસભ્યશ્રીની ગ્રાન્ટના કામો | ૯૫૦.૦૦ | ૯૫૦.૦૦ |
| ૩. | જી.એમ.એફ.બીની ગ્રાન્ટ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ |
| ૪. | સફાઈ કામદાર આવાસ યોજના | ૧૭૫૦.૦૦ | ૧૨૦૦.૦૦ |
| ૫. | અન્ય ગ્રાન્ટ | ૨૦૦.૦૦ | ૧૫૦.૦૦ |
| | **(જ) નું કુલ** | **૪૩૨૫.૦૦** | **૩૭૨૫.૦૦** |
| | **કુલ ખર્ચ (ક+ખ+ગ+ઘ+ચ+છ+જ)** | **૨૩૦૦૧૮.૬૦** | **૧૮૦૦૮૮.૨૫** |

## ૨.૪ કેપીટલ આવક :

સને ૨૦૦૯-૨૦૧૦ ના વર્ષમાં કેપીટલ આવકનો સુધારેલ અંદાજ નીચે મુજબ છે.

(રૂા. લાખમાં)

| અ.નં. | વિગત | ૨૦૦૯-૨૦૧૦ નો સુધારેલ અંદાજ |
|---|---|---|
| ૧. | રેવન્યુ પુરાંતમાંથી વિકાસ કાર્યો માટે તબદીલ | ૮૨૮૦૦.૦૦ |
| ૨. | JnNURM અન્વયે સરકારશ્રીની ગ્રાન્ટ | ૪૫૦૬૬.૫૫ |
| ૩. | ટેક્ષ ફ્રી બોન્ડ | ૧૦૦૦૦.૦૦ |
| ૪. | કેપીટલ એકાઉન્ટનું બેલેન્સ | ૩૯૧૬૦.૦૦ |
| ૫. | સંસદસભ્ય/ધારાસભ્યશ્રીના મત વિસ્તારમાં વિકાસ કામો માટેની ગ્રાન્ટ | ૯૫૦.૦૦ |
| ૬. | જી.એમ.એફ.બી. ની ગ્રાન્ટ | ૭૦૦.૦૦ |
| ૭. | નાણાંપંચની ગ્રાન્ટ | ૨૦૦.૦૦ |
| ૮. | ફાયર ટેક્ષની આવક | ૩૨૫.૦૦ |
| ૯. | સફાઈ કામદાર માટે આવાસ યોજનાની ગ્રાન્ટ | ૫૦૦.૦૦ |
| ૧૦. | અન્ય આવક | ૩૮૬.૭૦ |
| | કુલ..... | ૧૮૦૦૮૮.૨૫ |

## ૨.૫ મ્યુનિસિપલ કોર્પોરેશનના દેવાની વિગત :

સને ૨૦૦૯-૨૦૧૦ ના વર્ષને અંતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની લોન વાઈઝ નીચે મુજબ બાકી દેવું રહેવાનો અંદાજ છે.

### સને ૨૦૦૯-૨૦૧૦ ના અંતે મ્યુનિસિપલ કોર્પોરેશનનું કુલ દેવું

(રૂા. લાખમાં)

| અ. નં. | લોનનો પ્રકાર | તા.૧-૪-૦૯ ના રોજ ઉઘડતી સિલક | નવી આવેલ લોન | કુલ લોન | ભરપાઇ કરેલ લોન | તા.૩૧-૩-૧૦ ના રોજની આખરની સિલક |
|---|---|---|---|---|---|---|
| ૧. | સરકારી લોન | ૮૦૧૦.૬૪ | - | ૮૦૧૦.૬૪ | 0.00 | ૮૦૧૦.૬૪ |
| ૨. | પબ્લીક લોન (ઓપન માર્કેટ બોરોઇંગ) | ૨૨૩૫.૦૧ | - | ૨૨૩૫.૦૧ | ૯૮૫.૦૦ | ૧૨૫૦.૦૧ |
| ૩. | આર્થિક રીતે નબળા વર્ગ માટે નેશનલ હાઉસીંગ બેંકની લોન | ૨૪૪.૨૨ | - | ૨૪૪.૨૨ | ૧૩૭.૨૪ | ૧૦૬.૯૮ |
| ૪. | ટેક્ષ ફ્રી બોન્ડ-૨૦૦૪ | ૧૫૯૦.૦૦ | - | ૧૫૯૦.૦૦ | 0.00 | ૧૫૯૦.૦૦ |
| ૫. | ટેક્ષ ફ્રી બોન્ડ-૨૦૦૫ | ૧૦૦૦૦.૦૦ | - | ૧૦૦૦૦.૦૦ | ૧૦૦૦૦.૦૦ | 0.00 |
| | **કુલ** | **૨૨૦૭૯.૮૭** | **-** | **૨૨૦૭૯.૮૭** | **૧૧૧૨૨.૨૪** | **૧૦૯૫૭.૬૩** |

# સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષનું અંદાજપત્ર

ગુજરાત રાજ્યની સ્થાપનાને ૫૦ વર્ષ પૂર્ણ થતાં હોઈ ગુજરાત સરકાર દ્વારા ૨૦૧૦ નું વર્ષ સ્વર્ણિમ ગુજરાત વર્ષ તરીકે ઉજવવામાં આવી રહેલ છે. સદરહુ ઉજવણી અંતર્ગત દેશ અને વિદેશમાં ગુજરાતના શહેરોની આગવી ઓળખ પ્રસ્થાપિત થાય અને શહેરી જનજીવનધોરણ ઉંચુ આવે તે પ્રકારની માળખાગત સુવિધાઓ ઉભી કરવા ગુજરાત રાજ્ય સરકારશ્રી દ્વારા જુદા-જુદા Golden Goals 2010 નક્કી કરવામાં આવેલ છે.

રાજ્ય સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ Golden Goals 2010 સિધ્ધ કરી શકાય અને અમદાવાદ શહેરનો સર્વાંગી વિકાસ થઈ તેની આગવી ઓળખ પ્રસ્થાપિત થાય તે હેતુથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા Golden Goals 2010 અંતર્ગત નીચે જણાવેલ લક્ષ્યાંકો સ્વીકારવામાં આવેલ છે.

- ➢ શહેરના ૧૦૦% વિસ્તારને જળવિતરણ વ્યવસ્થા હેઠળ આવરી લેવો.
- ➢ શહેરના ૧૦૦% વિસ્તારને ભૂગર્ભ ગટર વ્યવસ્થા હેઠળ આવરી લેવો તથા વેસ્ટ વોટરની ૧૦૦% ટ્રીટમેન્ટ કેપેસીટી વિકસાવવી.
- ➢ ચાલી અને સ્લમ વિસ્તારોમાં માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી
- ➢ શહેરને ઓપન ડેફીકેશનમાંથી મુક્તિ અપાવવી
- ➢ ઈ-ગવર્નન્સનો વ્યાપ વધારવો
- ➢ ઘન કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ
- ➢ આંગણવાડી કેન્દ્રોને પાકા મકાનો ઉપલબ્ધ કરાવવા
- ➢ પ્રાથમિક શાળાઓનું નવિનીકરણ
- ➢ પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર શિક્ષણની સુવિધા
- ➢ રોજગારલક્ષી તાલિમ - ઉમ્મીદ

સ્વર્ણિમ સિધ્ધિ Golden Goals 2010 ના ઉપરોક્ત લક્ષ્યાંકો પરિપૂર્ણ થાય તે મુજબનું સઘન આયોજન વિચારી આગામી નાણાંકીય વર્ષ સને ૨૦૧૦-૨૦૧૧ નું અંદાજપત્ર તૈયાર કરવામાં આવેલ છે.

# સ્વર્ણિમ જયંતિ ૫૦ મુદ્દા કાર્યક્રમ :

આગામી વર્ષ સને ૨૦૧૦ એ ગુજરાત રાજ્યની સ્થાપનાનું ૫૦ મું વર્ષ છે. એટલે કે ગુજરાત રાજ્ય તેની સ્થાપનાની સુવર્ણ જયંતિ ઉજવી રહેલ છે. તેના અનુસંધાને ગુજરાત રાજ્યના શહેરોમાં જનસુખાકારીમાં વધારો થાય, માળખાગત સુવિધાઓ જેવી કે પાણી પુરવઠો, ગટર વ્યવસ્થા, સફાઈ વગેરે સુદૃઢ બને, શહેરમાં વસતાં ગરીબ નાગરિકોને રોજગારલક્ષી તાલીમ મળી રહે અને આવાસો ઉપલબ્ધ થાય, જાહેર પરિવહન સેવાનું સ્તર ઉંચુ આવે તેવા ઉદ્દેશો સાથેના વિકાસ કાર્યો હાથ ધરી શહેરી જનજીવન ધોરણ ઉંચુ લાવવા માટે રાજ્ય સરકારશ્રી દ્વારા સ્વર્ણિમ જયંતિ ૫૦ મુદ્દા કાર્યક્રમ આરંભ કરવામાં આવેલ છે. જેમાં ઉપર જણાવ્યા મુજબ શહેરી વિકાસને લગતાં જુદા-જુદા કામોનો સમાવેશ થાય છે.

સ્વર્ણિમ જયંતિ ૫૦ મુદ્દા કાર્યક્રમ અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હાથ ધરવામાં આવેલ વિકાસ કાર્યોની વિગતો નીચે મુજબ છે.

- ➢ શહેરી ગરીબ યુવાનોને ઉમ્મીદ કાર્યક્રમ હેઠળ રોજગારલક્ષી તાલીમ - ૨૦૧૦-૧૧ માં ૨૦,૦૦૦ લાભાર્થીઓને તાલીમ આપવાનું તથા હાલના ૨૩ ઉપરાંત નવા ૧૦ તાલીમ કેન્દ્રો શરૂ કરવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

- ➢ શહેરી ગરીબોને માલિકી હક સાથે સુવિધા યુક્ત આવાસ ફાળવીને માળખાગત સુવિધાઓ ઉપરાંત શાળા, આરોગ્ય કેન્દ્ર, આંગણવાડી વગેરે જેવી સુવિધાઓ પુરી પાડવા માટે કરવામાં આવેલ સઘન આયોજન અંતર્ગત JnNURM પ્રોજેક્ટ અન્વયે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા ઔડા દ્વારા ૩૨,૬૪૦ આવાસો બાંધવાની કામગીરી હાલમાં ચાલુ છે. JnNURM યોજના હેઠળ વધુ ૯૦૦૦ આવાસો બનાવવા માટેનો પ્રોજેક્ટ તૈયાર કરીને મંજૂરી અર્થેમોકલી આપવામાં આવેલ છે.

- ➢ સ્લમ વિસ્તારોમાં ચાલુ વર્ષે ૧૬,૦૦૦ વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવેલ છે અને વધુ ૧૦,૦૦૦ વ્યક્તિગત શૌચાલય બનાવવાની કામગીરી હાલમાં ચાલુ છે. જયાં વ્યક્તિગત શૌચાલય બની શકે તેમ નથી તેવી જગ્યાઓએ પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોક બનાવી ડીસેમ્બર-૨૦૧૦ સુધીમાં શહેરને ઓપન ડેફીકેશનમાંથી મુક્ત કરવાનું આયોજન કરવામાં આવેલ છે. હાલમાં શહેરમાં ૨૯૩ જગ્યાઓએ પે એન્ડ યુઝ ટોઈલેટ કાર્યરત છે. આગામી વર્ષમાં વધુ ૪૧ જગ્યાઓએ પે એન્ડ યુઝ ટોઈલેટ બનાવવાનું આયોજન છે.

➢ શહેરના દરેક ૫૦,૦૦૦ ની વસ્તી દીઠ એક અર્બન હેલ્થ સેન્ટરની વ્યવસ્થા થાય તે મુજબની માર્ગદર્શક સૂચનાઓ રાજ્ય સરકારશ્રીએ આપેલ છે તેના ભાગરૂપે શહેરી ગરીબોને તેઓના રહેઠાણની નજીકમાં આરોગ્ય અને તબીબી અંગેની પ્રાથમિક સુવિધાઓ મળી રહે તે હેતુથી શહેરમાં હાલમાં કાર્યરત ૫૭ અર્બન હેલ્થ સેન્ટરો ઉપરાંત આગામી વર્ષે વધુ ૪૩ અર્બન હેલ્થ સેન્ટર બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

➢ શહેરી ગરીબોના બાળકો માટે હાલમાં કુલ ૧૩૯૫ આંગણવાડી કાર્યરત છે. આગામી નાણાંકીય વર્ષોમાં વધુ ૮૦૦ આંગણવાડી બનાવવાનું તેમજ જે આંગણવાડીને મકાનોની સગવડ નથી તેને પાકા મકાનોની સગવડ આપવાનું આયોજન કરવામાં આવેલ છે.

➢ ઘરે-ઘરેથી કચરો એકત્ર કરવાની યોજના અંતર્ગત શહેરમાં આવેલ ૯૫% મિલકતોને આવરી લેવામાં આવેલ છે. હાલમાં સદરહુ કામગીરીમાં ૯૨૪ જેટલાં રેસીડન્ટ વેલ્ફેર એસોસીએશન જોડાયેલા છે. આગામી વર્ષે શહેરની તમામ મિલકતોને સદરહુ યોજના હેઠળ આવરી લેવાનું આયોજન કરવામાં આવેલ છે.

➢ શહેરની ૧૦૦% વસ્તીને વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન હેઠળ આવરી લેવા હાલમાં ૨૪ જગ્યાએ નવા વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન તથા તેમાં સુધારા-વધારા કરવાની કામગીરી ચાલી રહેલ છે. તદ્ઉપરાંત નવા સમાવિષ્ઠ થયેલ વિસ્તારોમાં નર્મદાનું પાણી પુરૂ પાડવા ૨૮.૭૪ કિ.મી. ની ટ્રન્ક મેઈન નાંખવાની કામગીરી તથા વોટર પાઈપ લાઈન ડીસ્ટ્રીબ્યુશન નેટવર્કની કામગીરી કરવામાં આવી રહેલ છે.

➢ શહેરની ૧૦૦% વસ્તીને ભૂગર્ભ ગટર યોજના હેઠળ આવરી લેવા માટે નવા પશ્ચિમ અમદાવાદ વિસ્તારમાં ૨૭૩ કિ.મી. લંબાઈ તથા નવા પૂર્વ અમદાવાદ વિસ્તારમાં ૧૭૮ કિ.મી. લંબાઈનું સુઅરેજ નેટવર્ક નાંખવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. તદ્ઉપરાંત આંબાવાડી - સરદારનગર, બહેરામપુરા, ચાંદખેડા વગેરે જગ્યાઓએ નવા ડ્રેનેજ પંપીંગ સ્ટેશન બનાવવાની કામગીરી પણ હાથ ધરવામાં આવેલ છે. સને ૨૦૨૧ ની અંદાજીત વસ્તી દ્વારા ઉત્પાદિત થનાર સુઅરેજ ફ્લોની ૧૦૦% ટ્રીટમેન્ટ ક્ષમતા હાંસલ કરી શકાય તે હેતુથી હયાત સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ઉપરાંત નવા પીરાણા, જૂના પીરાણા, વાસણા અને વિંઝોલ ખાતે નવા ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાની કામગીરી કરવામાં આવી રહેલ છે.

➢ શહેરના તમામ ૭૧૦ સ્લમ વિસ્તારના રહેવાસીઓનો સોશીયો ઈકોનોમીક અને બાયોમેટ્રીક સર્વે કરી આઈડેન્ટીટી કાર્ડ ઈસ્યુ કરવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

# નાણાંકિય આયોજન વર્ષ ૨૦૧૦-૨૦૧૧ :

## ➡ સામાન્ય વેરાના દરમાં ફેરફાર :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સને ૨૦૦૧-૨૦૦૨ ના વર્ષથી લોકમાન્ય અને નિર્વિવાદિત એવી સરળ એરીયા બેઈઝ મિલકતવેરાની પદ્ધતિ અમલમાં મૂકેલ છે. જેના પરિણામ સ્વરૂપ દરેક નાગરિક માત્ર ઘરે બેસીને પોતાની જાતે ટેક્ષની ગણતરી કરી શકે તેવી સવલત ઉભી થયેલ છે. સદરહુ પદ્ધતિમાં

- રહેઠાણની મિલકતો માટે રૂા. ૧૦
- બિનરહેણાંકની મિલકતો માટે રૂા. ૨૨

સામાન્ય વેરાનો દર નક્કી કરવામાં આવેલ. આ દરમાં ત્યાર પછી ગત ૯ વર્ષ દરમિયાન કોઈપણ ફેરફાર કરવામાં આવેલ નથી.

ઓકટ્રોય અને પ્રોપર્ટી ટેક્ષ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આવકના મુખ્ય સ્ત્રોત છે. પરંતુ ઓકટ્રોય નાબૂદ કરવામાં આવેલ હોવાથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓને જાળવી રાખવા માટે સામાન્ય વેરામાં વધારો કરવો અત્યંત જરૂરી છે.

આથી, આગામી નાણાંકિય વર્ષ સને ૨૦૧૦-૨૦૧૧ માટે સામાન્ય વેરાના વાર્ષિક દર નીચે મુજબ રાખવા ભલામણ છે.

| મિલકતનો પ્રકાર | હયાત દર રૂા. | સૂચિત દર રૂા. |
|---|---|---|
| રહેઠાણવાળી મિલકત | ૧૦ | ૧૦ |
| બિનરહેણાંકવાળી મિલકત | ૨૨ | ૨૬ |

સામાન્ય વેરાના દરમાં ઉપરોક્ત વધારો કરવાથી કોર્પોરેશનને મિલકતવેરાની વધારાની રૂા.૫૦.૦૦ કરોડની આવક થવાનો અંદાજ છે.

# ૩. સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષનું અંદાજપત્ર :

ગત ત્રણ વર્ષ દરમિયાન થયેલ ખરેખર આવક અને ખર્ચની સરેરાશને તથા ચાલુ વર્ષના આવકના પ્રવાહ તથા સૂચિત કરદરને ધ્યાનમાં લઈ આગામી ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં રેવન્યુ આવક **રૂ.૨૩૨૭૦૭.૧૦ લાખ** અંદાજવામાં આવેલ છે. કોર્પોરેશનના હયાત સ્રોતના કાર્યક્ષમ ઉપયોગ તથા ઉત્પાદકતા અને ક્ષમતા વધારવાના અભિગમ સાથે ખર્ચમાં કરકસર કરી રેવન્યુ ખર્ચ **રૂ.૧૨૫૧૦૦.૩૨ લાખ** અંદાજીને **રૂ.૧૦૭૬૦૦.૦૦ લાખ** રેવન્યુ પુરાંત કેપીટલ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરીને આગામી વર્ષમાં **રૂ.૨૦૫૧૦૦.૦૦ લાખ**ના વિકાસ કાર્યો કરવાનું આયોજન કરવામાં આવેલ છે. સને ૨૦૧૦-૨૦૧૧ ના નાણાંકીય વર્ષના અંતે રેવન્યુ એકાઉન્ટમાં **રૂ.૧૩.૨૪ લાખ** ની સિલક રહેવાનો અંદાજ છે.

આગામી વર્ષ સને ૨૦૧૦-૨૦૧૧ નું અંદાજપત્ર નીચે મુજબ સૂચવવામાં આવે છે.

## ૩.૧ રેવન્યુ આવક :

### રેવન્યુ આવકનું પત્રક

(રૂ. લાખમાં)

| અ.નં. | બજેટ હેડના નામ | સને ૨૦૦૯-૨૦૧૦ના વર્ષનો સુધારેલ અંદાજ | સને ૨૦૧૦-૨૦૧૧ના વર્ષનો મ્યુનિ. કમિશ્નરશ્રી એ સૂચવેલ અંદાજ | વધ / ઘટ ટકાવારી |
|---|---|---|---|---|
| | **ઉઘડતી સિલક...** | **૨૫.૬૪** | **૬.૪૬** | |
| ૧. | ઓક્ટ્રોયની અવેજીમાં રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટ | ૧૦૧૭૭૫.00 | ૧૧૧૯૫૨.00 | ૧૦.00% |
| ૨. | જનરલ ટેક્ષ તથા અન્ય સીધા કર | ૩૩૨૪૦.00 | ૪૩૬૮૮.00 | ૩૧.૪૩% |
| ૩. | વોટર ટેક્ષ અને કોન્ઝર્વન્સી ટેક્ષ | ૧૧૫00.00 | ૧૫૫00.00 | ૩૪.૭૮% |
| ૪. | પ્રોફેશનલ ટેક્ષ | ૬૫00.00 | ૭૧૫0.00 | ૧૦.00% |
| ૫. | નોન ટેક્ષ રેવન્યુ આવક | ૧૮0૪૬.૪૧ | ૨0૭૩૩.૩૮ | ૧૪.૮૯% |
| ૬. | રેવન્યુ ગ્રાન્ટ સબસીડી અને કોન્ટ્રીબ્યુશન | ૨૩૩૯૧.૫૮ | ૨૫૭૨૯.0૭ | ૯.૯૯% |
| ૭. | બીજી આવક | ૬૬૩૭.0૧ | ૭૯૫૪.૬૫ | ૧૯.૮૫% |
| | **રેવન્યુ આવકનું કુલ...** | **૨૦૧૦૯૦.૦૦** | **૨૩૨૭૦૭.૧૦** | **૧૫.૭૨%** |
| | **એકંદરે કુલ...** | **૨૦૧૧૧૫.૬૪** | **૨૩૨૭૧૩.૫૬** | |

## REVENUE INCOME BY SOURCE (BUDGET) 2010-2011




આવકના મુખ્ય સ્રોત ઓક્ટ્રોય નાબૂદ થતાં તેના બદલે સરકારશ્રી તરફથી આપવામાં આવતી ગ્રાન્ટ, મિલક્તવેરા તથા વોટર ટેક્ષ અને કોન્ઝર્વન્સી ટેક્ષના દરમાં વધારાને ધ્યાનમાં રાખીને સને ૨૦૦૯-૨૦૧૦ ના સુધારેલ અંદાજમાં **૧૫.૭૨% વધારો** કરીને **રૂ.૩૧૬૧૭.૧૦ લાખ**ની વધારાની આવક અંદાજેલ છે. આ સાથે સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં કુલ રેવન્યુ આવક **રૂ.૨૩૨૭૦૭.૧૦ લાખ** અંદાજેલ છે.

આમ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સને ૨૦૧૦-૨૦૧૧ માં રૂપિયાની આવક નીચે પ્રમાણે રહેશે.

| ક્રમ | આવક | ૨૦૧૦-૨૦૧૧ |
|---|---|---|
| ૧ | ઓક્ટ્રોયની અવેજીમાં રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટ | ૪૮ પૈસા |
| ૨ | જનરલ ટેક્ષ તથા અન્ય સીધા કર | ૧૯ પૈસા |
| ૩ | વોટર અને કોન્ઝર્વન્સી ટેક્ષ | ૭ પૈસા |
| ૪ | પ્રોફેશનલ ટેક્ષ | ૩ પૈસા |
| ૫ | નોન ટેક્ષ રેવન્યુ આવક તથા ખાસ કાયદા મુજબની આવક | ૯ પૈસા |
| ૬ | ગ્રાન્ટ, સબસીડી કોન્ટ્રીબ્યુશન | ૧૧ પૈસા |
| ૭ | અન્ય આવક | ૩ પૈસા |
| | કુલ | ૧૦૦ પૈસા |


REVENUE INCOME
RS. IN CRORE
YEAR
0
500
1000
1500
2000
2500
2000-01
2001-02
2002-03
2003-04
2004-05
2005-06
2006-07
2007-08
2008-09
2009-10(RB)
2010-11(B)
562.58
561.84
615.64
690.67
807.08
902.38
1196.04
1400.90
1554.17
2010.90
2327.07

## ૩.૨ રેવન્યુ ખર્ચ :

સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં ખર્ચમાં રેવન્યુ ખર્ચનો અંદાજ **રૂ.૧૨૫૧૦૦.૩૨ લાખ** અંદાજવામાં આવેલ છે. અંદાજીત રેવન્યુ ખર્ચનું પત્રક નીચે મુજબ છે.

## રેવન્યુ ખર્ચનું પત્રક

(રૂા. લાખમાં)

| અ.નં. | બજેટ હેડના નામ | સને ૨૦૦૯-૨૦૧૦ ના વર્ષનો સુધારેલો અંદાજ | સને ૨૦૧૦-૨૦૧૧ના વર્ષનો મ્યુનિસિપલ કમિશનરશ્રીએ સૂચવેલ અંદાજ | વધ / ઘટ ટકાવારી |
|---|---|---|---|---|
| ૧. | એસ્ટાબ્લીશમેન્ટ | ૫૩૨૬૭.૦૮ | ૬૦૫૪૯.૩૪ | ૧૩.૬૭% |
| ૨. | એડમીનીસ્ટ્રેટીવ અને જનરલ ખર્ચ | ૨૭૭૧.૩૨ | ૨૯૧૫.૮૫ | ૫.૨૨% |
| ૩. | મરામત અને નિભાવ | ૬૫૨૯.૯૭ | ૭૨૬૦.૮૬ | ૧૧.૧૯% |
| ૪. | નર્મદા વોટર સેસ | ૩૦૦૦.૦૦ | ૩૪૦૦.૦૦ | ૧૩.૩૩% |
| ૫. | પાવર અને બળતણ | ૯૧૫૦.૧૬ | ૯૫૩૦.૯૫ | ૪.૧૬% |
| ૬. | સર્વિસ આપવાના તથા પ્રોગ્રામના ખર્ચા | ૬૫૭૧.૮૧ | ૬૮૯૨.૫૭ | ૪.૮૮% |
| ૭. | કોન્ટ્રીબ્યુશન, ગ્રાન્ટ અને સબસીડી | ૨૯૮૪૯.૮૯ | ૩૨૨૮૦.૭૫ | ૮.૧૪% |
| ૮. | લોન ચાર્જીસ | ૬૮૭૭.૪૫ | ૧૯૪૯.૦૦ | ૭-૭૧.૬૬% |
| ૯. | અન્ય ખર્ચ | ૨૯૧.૫૦ | ૩૨૧.૦૦ | ૧૦.૧૨ |
| | **રેવન્યુ ખર્ચનું કુલ** | **૧૧૮૩૦૯.૧૮** | **૧૨૫૧૦૦.૩૨** | **૫.૭૪%** |
| | **વિકાસના કામો માટે ટ્રાન્સફર** | **૮૨૮૦૦.૦૦** | **૧૦૭૬૦૦.૦૦** | **-** |
| | **આખરી સિલક** | **૬.૪૬** | **૧૩.૨૪** | **-** |
| | **એકંદરે કુલ..........** | **૨૦૧૧૧૫.૬૪** | **૨૩૨૭૧૩.૫૬** | **-** |

## REVENUE EXPENDITURE BY SOURCE (BUDGET) 2010-2011




સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં રેવન્યુ ખર્ચમાં સને ૨૦૦૯-૨૦૧૦ ના સુધારેલ અંદાજની સરખામણીમાં **૫.૭૪%** જેટલો વધારો અંદાજેલ છે. આમ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પુરી પાડવામાં આવતી સેવાઓને અસરકારક બનાવવા માટેના આવશ્યક ખર્ચાઓ કરવાના અભિગમ સાથે આગામી ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં **રૂા.૧૨૫૧૦૦.૩૨ લાખ**નો રેવન્યુ ખર્ચ અંદાજેલ છે.

આમ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સને ૨૦૧૦-૨૦૧૧ માં રૂપિયાની જાવક નીચે પ્રમાણે રહેશે.

| ક્રમ | ખર્ચ | ૨૦૧૦-૨૦૧૧ |
|---|---|---|
| ૧ | એસ્ટાબ્લીશમેન્ટ | ૨૬ પૈસા |
| ૨ | એડમિનિસ્ટ્રેટીવ તથા જનરલ ખર્ચ | ૧ પૈસા |
| ૩ | મરામત અને નિભાવ | ૩ પૈસા |
| ૪ | નર્મદા વોટર સેસ | ૧ પૈસા |
| ૫ | વિજળી અને બળતણ | ૪ પૈસા |
| ૬ | સર્વિસ તથા પ્રોગ્રામ ખર્ચ | ૩ પૈસા |
| ૭ | ગ્રાન્ટ અને કોન્ટ્રીબ્યુશન | ૧૫ પૈસા |
| ૮ | લોન ચાર્જીસ | ૧ પૈસા |
| ૯ | રેવન્યુ પુરાંતની વિકાસ કાર્યોમાં ટ્રાન્સફર | ૪૬ પૈસા |
| | કુલ | ૧૦૦ પૈસા |


REVENUE EXPENDITURE
RS. IN CRORE
YEAR
1400
1200
1000
800
600
400
200
0
2000-01
2001-02
2002-03
2003-04
2004-05
2005-06
2006-07
2007-08
2008-09
2009-10(RB)
2010-11(B)
561.2
559.54
581.9
562.64
605.58
628.60
779.17
915.81
910.44
1183.09
1251.00


ESTABLISHMENT EXP.
RS. IN CRORE
YEAR
0
100
200
300
400
500
600
700
2000-01
2001-02
2002-03
2003-04
2004-05
2005-06
2006-07
2007-08
2008-09
2009-10(RB)
2010-11(B)
253.53
235.23
237.71
245.27
246.74
269.40
310.81
378.39
358.74
532.67
605.49


LOAN CHARGES
RS. IN CRORE
YEAR
0
20
40
60
80
100
120
2000-01
2001-02
2002-03
2003-04
2004-05
2005-06
2006-07
2007-08
2008-09
2009-10(RB)
2010-11(B)
71.91
77.76
92.48
79.86
96.35
78.06
94.70
109.34
68.82
68.77
19.49

## ૩.૩ સને ૨૦૧૦-૨૦૧૧ ના વિકાસ કાર્યો માટે નાણાંકીય આયોજન :

સને ૨૦૦૯-૨૦૧૦ ના વર્ષના ચાલુ કામો તથા સને ૨૦૧૦-૨૦૧૧ ના નવા કામો સાથે સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં **રૂ.૨૦૫૦૦૦.૦૦ લાખ**ના વિકાસ કાર્યો કરવા માટે નીચે મુજબ આવક અંદાજવામાં આવેલ છે.

(રૂા. લાખમાં)

| અ.નં. | વિગત | ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષના વિકાસ કાર્યો માટે મ્યુ.કમિશનરશ્રીએ સૂચવેલ અંદાજી આવક |
|---|---|---|
| ૧. | રેવન્યુ પુરાંતમાંથી વિકાસ કાર્યો માટે તબદીલ | ૧૦૭૬૦૦.૦૦ |
| ૨. | JnNURM અન્વયે સરકારશ્રીની ગ્રાન્ટ | ૫૨૦૨૬.૦૦ |
| ૩. | ટેક્ષ ફ્રી બોન્ડ (ઓપન માર્કેટ લોન) | ૨૫૦૦૦.૦૦ |
| ૪. | મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની ગ્રાન્ટ | ૧૦૦૦૦.૦૦ |
| ૫. | કેપીટલ એકાઉન્ટનું બેલેન્સ | ૬૮૦૦.૦૦ |
| ૬. | સફાઈ કામદાર આવાસ યોજના માટે લોન અને ગ્રાન્ટ | ૬૦૦.૦૦ |
| ૭. | સંસદસભ્યશ્રી / ધારાસભ્યશ્રીના મતવિસ્તારનાં વિકાસ કામોની ગ્રાન્ટ | ૯૫૦.૦૦ |
| ૮. | જી.એમ.એફ.બી.ની ગ્રાન્ટ | ૧૧૦૦.૦૦ |
| ૯. | ૧૧મા નાણા પંચની ભલામણ મુજબ કેન્દ્ર સરકારની ગ્રાન્ટ | ૨૦૦.૦૦ |
| ૧૦. | ફાયર ટેક્ષની આવક | ૩૫૦.૦૦ |
| ૧૧. | અન્ય | ૩૭૪.૦૦ |
| | કુલ ... | ૨૦૫૦૦૦.૦૦ |


TRANSFER TO CAP. A/C
RS. IN CRORE
YEAR
0
200
400
600
800
1000
1200
2000-01
2001-02
2002-03
2003-04
2004-05
2005-06
2006-07
2007-08
2008-09
2009-10(RB)
2010-11(B)
0
0
37
128
201
275.00
416.00
485.50
644.00
828.00
1076.00

## ૩.૪ સને ૨૦૧૦-૨૦૧૧ ના વિકાસ કાર્યો :

સને ૨૦૦૯-૨૦૧૦ ના વર્ષના બજેટના ચાલુ કામો તથા સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં હાથ ધરવાના નવા કામો સાથે સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં **રૂ.૨૦૫૦૦૦.૦૦ લાખ**ના વિકાસ કાર્યો કરવા માટેનું આયોજન છે.

(રૂા. લાખમાં)

| અ.નં. | વિગત | સને ૨૦૦૯-૨૦૧૦ ના વર્ષનો સુધારેલો અંદાજ | સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં વિકાસ ખર્ચનો મ્યુ.કમિશનરશ્રીએ સૂચવેલ અંદાજ |
|---|---|---|---|
| (ક) | **મ્યુનિસિપલ કોર્પોરેશન ફંડના કામો** | | |
| ૧. | ઝોનલ કેપીટલ વર્ક્સ | ૨૪૬૫૬.૫૯ | ૩૪૦૦૦.૦૦ |
| ૨. | રોડ પ્રોજેક્ટ | ૭૭૩૦.૦૦ | ૬૦૦૦.૦૦ |
| ૩. | બ્રીજ પ્રોજેક્ટ | ૬૫૦૦.૦૦ | ૪૦૦૦.૦૦ |
| ૪. | વોટર પ્રોજેક્ટ | ૮૧૮૦.૦૦ | ૮૩૯૦.૦૦ |
| ૫. | ડ્રેનેજ પ્રોજેક્ટ | ૨૮૭૭.૦૦ | ૩૬૪૦.૦૦ |
| ૬. | મકાન | ૭૨૩૬.૦૦ | ૯૫૯૭.૦૦ |
| ૭. | જાહેર સ્થળો | ૩૦૯૦.૦૦ | ૨૬૪૫.૦૦ |
| ૮. | સ્ટ્રીટ લાઈટ | ૧૧૪૦.૦૦ | ૨૨૦૦.૦૦ |
| ૯. | મેડીકલ સાધનો, ફાયર અને સોલીડ વેસ્ટ સાધનો તથા વાહનો | ૨૫૫૦.૦૦ | ૩૨૮૦.૦૦ |
| ૧૦. | ઈ-ગવર્નન્સ | ૧૦૮૦.૬૬ | ૫૦૦.૦૦ |
| ૧૧. | સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ | ૨૦૦.૦૦ | ૫૦૦.૦૦ |
| ૧૨. | જમીન સંપાદન | ૪૦૦.૦૦ | ૫૦૦.૦૦ |
| ૧૩. | આર્થિક રીતે નબળા વર્ગના લોકોના કામો | ૧૮૧૧.૦૦ | ૪૦૦૮.૦૦ |
| ૧૪. | અન્ય | ૨૫.૦૦ | ૪૦.૦૦ |
| | **(ક) નું કુલ** | **૬૭૪૭૬.૨૫** | **૭૯૩૦૦.૦૦** |
| **(ખ)** | **એ.એમ.ટી.એસ. ને લોન** | **૧૧૫૭૩.૦૦** | **૮૪૦૦.૦૦** |
| **(ગ)** | **સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ** | **૧૨૪૦૦.૦૦** | **૬૦૦૦.૦૦** |
| **(ઘ)** | **અમદાવાદ જનમાર્ગ લિમીટેડ (AJL)** | **૧૦૦૦.૦૦** | **૧૨૦૦.૦૦** |

| અ.નં. | વિગત | સને ૨૦૦૯-૨૦૧૦ ના વર્ષનો સુધારેલો અંદાજ | સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં વિકાસ ખર્ચનો મ્યુ.કમિશનરશ્રીએ સૂચવેલ અંદાજ |
|---|---|---|---|
| (ચ) | **એ.એમ.સી. મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટ** | **૧૦૦૦.૦૦** | **૧૨૦૦.૦૦** |
| (છ) | **JnNURM ના કામો** | | |
| ૧. | બી.આર.ટી.એસ. - જનમાર્ગ ઈન્ફ્રાસ્ટ્રકચર | ૨૨૫૦૦.૦૦ | ૨૭૫૦૦.૦૦ |
| ૨. | બી.આર.ટી.એસ. - જનમાર્ગ બસ | ૮૦૦૦.૦૦ | ૧૭૨૦૦.૦૦ |
| ૩. | સ્ટોર્મ વોટર ડ્રેઈન | ૧૬૦૦૦.૦૦ | ૭૦૦.૦૦ |
| ૪. | EWS હાઉસીંગ | ૧૨૫૦૦.૦૦ | ૧૮૦૦૦.૦૦ |
| ૫. | બ્રીજ તથા ફલાય ઓવર | ૫૦૦૦.૦૦ | ૨૫૦૦.૦૦ |
| ૬. | પાણી પુરવઠાના કામો | ૩૯૦૦.૦૦ | ૫૦૦.૦૦ |
| ૭. | ડ્રેનેજ પ્રોજક્ટ | ૭૧૯૩.૦૦ | ૧૦૦૦૦.૦૦ |
| ૮. | વાસણા-પીરાણા સુએજ પંપીંગ સ્ટેશન | ૩૧૨૧.૦૦ | ૨૦૦.૦૦ |
| ૯. | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ | ૪૦૦૦.૦૦ | ૮૦૦૦.૦૦ |
| ૧૦. | સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ | ૨૦૦.૦૦ | ૫૦૦.૦૦ |
| ૧૧. | હેરીટેજ (ભદ્ર તથા ગાંધી આશ્રમ) | ૫૦૦.૦૦ | ૧૦૦૦૦.૦૦ |
| | **(છ) નું કુલ** | **૮૨૯૧૪.૦૦** | **૯૫૧૦૦.૦૦** |
| (જ) | **ગ્રાન્ટના કામો** | | |
| ૧. | મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના | ૦.૦૦ | ૧૦૦૦૦.૦૦ |
| ૨. | સફાઈ કામદાર આવાસ યોજના | ૧૨૦૦.૦૦ | ૧૪૦૦.૦૦ |
| ૩. | જી.એમ.એફ.બી. ની ગ્રાન્ટ | ૧૦૦૦.૦૦ | ૧૧૦૦.૦૦ |
| ૪. | સંસદસભ્યશ્રી/ધારાસભ્યશ્રીની ગ્રાન્ટના કામો | ૯૫૦.૦૦ | ૯૫૦.૦૦ |
| ૫. | નાણા પંચની ગ્રાન્ટના કામો | ૪૨૫.૦૦ | ૨૦૦.૦૦ |
| ૬. | અન્ય ગ્રાન્ટ | ૧૫૦.૦૦ | ૧૫૦.૦૦ |
| | **(જ) નું કુલ** | **૩૭૨૫.૦૦** | **૧૩૮૦૦.૦૦** |
| | **કુલ ખર્ચ (ક+ખ+ગ+ઘ+ચ+છ+જ)** | **૧૮૦૦૮૮.૨૫** | **૨૦૫૦૦૦.૦૦** |


CAPITAL EXPENDITURE
RS. IN CRORE
2500
2000
1500
1000
500
0
YEAR
2000-01
2001-02
2002-03
2003-04
2004-05
2005-06
2006-07
2007-08
2008-09
2009-10(RB)
2010-11(B)
136.14
69.94
65.37
243.39
190.28
181.99
360.65
493.86
1031.18
1800.88
2050.00

# સ્વર્ણિમ સિધ્ધિ ૨૦૧૦ :

ગુજરાત રાજ્યની સ્થાપનાને ૫૦ વર્ષ પૂર્ણ થતાં હોઈ ગુજરાત સરકાર દ્વારા ૨૦૧૦ નું વર્ષ સ્વર્ણિમ ગુજરાત વર્ષ તરીકે ઉજવવામાં આવી રહેલ છે. ગુજરાત રાજ્યના સ્થાપનાના ૫૦ મા વર્ષની ઉજવણી સમગ્ર રાજ્યમાં કરવામાં આવનાર છે. જેમાં મુખ્ય ઉજવણી માટે અમદાવાદ શહેરની પસંદગી કરવામાં આવેલ છે. આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૦-૨૦૧૧ ના અંદાજપત્રમાં સદરહુ ઉજવણી માટે રૂા.૫૧.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

સદરહુ ઉજવણી અંતર્ગત દેશ અને વિદેશમાં ગુજરાતના શહેરોની આગવી ઓળખ પ્રસ્થાપિત થાય અને શહેરી જનજીવનધોરણ ઉંચુ આવે તે પ્રકારની માળખાગત સુવિધાઓ ઉભી કરવા ગુજરાત રાજ્ય સરકારશ્રી દ્વારા જુદા-જુદા Golden Goals 2010 નક્કી કરવામાં આવેલ છે. રાજ્ય સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ Golden Goals 2010 માં કાર્યક્ષમ જળવિતરણ વ્યવસ્થા, ગટર યોજના, ઘન કચરાનું ડોર ટુ ડોર એકત્રીકરણ અને વૈજ્ઞાનિક પદ્ધતિએ નિકાલ, પબ્લિક શૌચાલયની સુવિધા, આર્થિક રીતે પછાત વર્ગના ઘરવિહોણા લોકો માટે સુવિધા યુક્ત આવાસો, ઉમ્મીદ યોજના અંતર્ગત શહેરી ગરીબ યુવાનોને રોજગારલક્ષી તાલિમ, નગરરચના આયોજન, ઈ-ગવર્નન્સ, નાણાંકીય સંચાલન અને કાર્યક્ષમ મહેકમનો સમાવેશ થાય છે.

રાજ્ય સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ ઉપરોક્ત Golden Goals 2010 સિદ્ધ કરી શકાય અને શહેરનો સર્વાંગી વિકાસ થઈ તેની આગવી ઓળખ પ્રસ્થાપિત થાય તે હેતુથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આગામી નાણાંકીય વર્ષ સને ૨૦૧૦-૨૦૧૧ ના અંદાજપત્રમાં માળખાગત સુવિધાઓને લગતાં કામોને વિશેષ પ્રાધાન્ય આપી Golden Goals 2010 ના લક્ષ્યાંકો સિદ્ધ થાય તે મુજબનું સઘન આયોજન કરવામાં આવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

## જળ વિતરણ વ્યવસ્થા હેઠળ શહેરના ૧૦૦% વિસ્તારોનો સમાવેશ (જળ વિતરણ વ્યવસ્થાપન) :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરી નાગરિકોને પ્રતિદિન પ્રતિ વ્યક્તિ ૧૪૦ થી ૧૫૦ લીટર પાણી પૂરૂ પાડવામાં આવે છે. શહેરમાં હાલમાં કુલ ૧૨૨ વિતરણ કેન્દ્રોની ભૂગર્ભ ટાંકીની તથા ઓવરહેડ ટાંકીની ક્ષમતા ૯૦૦ એમ.એલ.ડી. જેટલી છે તથા આશરે ૩૯૦૦ કિ.મી. નો જુદી-જુદી સાઈઝમાં ડી.આઈ. પાઈપ લાઈનનું નેટવર્ક પથરાયેલ છે. શહેરમાં હાલમાં પાણી શુદ્ધિકરણના કુલ ૧૦૬૭ એમ.એલ.ડી. ક્ષમતાના ૩ પ્લાન્ટ છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરીજનોને હાલમાં દરરોજ સવારે બે કલાક પાણી પુરૂ પાડવામાં આવે છે આ ઉપરાંત વર્ષ દરમ્યાન

ઉનાળા તથા તહેવારના દિવસોમાં સાંજે પણ પાણી પુરૂ પાડવામાં આવે છે. સદરહુ જળ વિતરણ વ્યવસ્થા અંતર્ગત શહેરની ૮૫% જેટલી વસ્તીને હાલમાં આવરી લેવામાં આવેલ છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૨૦૨૧ ની વસ્તીને ધ્યાનમાં લેતાં પાણીની માંગ ૧૨૭૩ એમ.એલ.ડી. જેટલી રહેશે તે સામે જુદા-જુદા સ્ત્રોતોમાંથી ૧૬૪૫ એમ.એલ.ડી. પાણીનો જથ્થો સને ૨૦૨૧ સુધી મળી રહે તે મુજબનું આગોતરૂ આયોજન કરવામાં આવેલ છે. આગામી સુવર્ણ સિધ્ધિ વર્ષ ૨૦૧૦ માં શહેરની ૧૦૦% વસ્તીને જળ વિતરણ વ્યવસ્થા હેઠળ આવરી લેવાનું લક્ષ્યાંક રાખવામાં આવેલ છે.

જે માટે નીચે મુજબનું આયોજન કરવામાં આવેલ છે.

- ➢ અમદાવાદ શહેરના નોન વોટર ઝોન વિસ્તારોમાં જળ વિતરણ વ્યવસ્થા શરૂ કરવી
- ➢ ઓછા પ્રેશરથી જતાં પાણીવાળા વિસ્તારોમાં પાણીનું પ્રેશર સુધારવું
- ➢ બોર આધારીત જળ વિતરણ વ્યવસ્થામાં ફેરફાર કરી તેને ભૂમિગત જળ આધારીત કરવી
- ➢ રાસ્કા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતેથી દક્ષિણ અને પૂર્વ વિસ્તારને સીધો પાણી પુરવઠો આપવો
- ➢ શહેરના જુદા જુદા જળ સ્ત્રોત વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા ટ્રંક મેઈન્સથી શહેરનાં જુદા જુદા વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનને પુરા પાડવામાં આવતાં પાણી પુરવઠાનું તમામ જગ્યાએ ફલોમીટર મુકી વોટર ઓડીટ કરવાની કામગીરી

આ માટે નીચે મુજબના વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન, ભૂગર્ભ ટાંકીઓ તથા ડીસ્ટ્રીબ્યુશન નેટવર્કના કામો કરવામાં આવી રહેલ છે.

| અ.નં. | કામની વિગત | અંદાજીત રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | જગતપુર, ચેનપુર, છારોડી, ત્રાગડ, મકરબા, મક્તમપુરા, વણઝર, નરીમાનપુરા, ફતેહવાડી, આશાપુરા, ઓગણજ, ભાડજ, શીલજ તથા હેબતપુર નવી એમ.એસ./ ડી.આઈ. પાઈપલાઈન નાંખવા | ૬૯૨૩.૬૮ |
| ૨ | જુદી-જુદી જગ્યાએ ભૂગર્ભ ટાંકી તથા પંપ હાઉસ બનાવવા | ૧૫૦૦.૦૦ |
| ૩ | ઘાટલોડીયા ખાતે નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવા | ૪૬૪.૦૦ |

| અ.નં. | કામની વિગત | અંદાજીત રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૪ | સાબરતી ધર્મનગર પાસે નવી ટાંકી તથા નેટવર્ક બનાવવા | ૪૮૨.૪૧ |
| ૫ | પાલડી વોર્ડમાં એલીસબ્રીજ ખાતે ઓવરહેડ ટાંકી તથા પંપ હાઉસ બનાવવા | ૬૨૧.૦૦ |
| ૬ | ચાંદખેડા વોર્ડમાં નેટવર્ક સુધારણાના કામો | ૧૦૦.૦૦ |
| ૭ | નવરંગપુરા વોર્ડમાં નવી ભૂગર્ભ ટાંકી તથા પંપ હાઉસ બનાવવા | ૬૦૫.૬૫ |
| ૮ | નવા વાડજ વોર્ડમાં ભૂગર્ભ ટાંકી તથા નેટવર્ક બનાવવા | ૫૭૦.૯૦ |
| ૯ | જૂના વાડજ વોર્ડમાં હયાત ટાંકીનું નવીનીકરણ તથા નેટવર્ક બનાવવા | ૪૨૪.૦૦ |
| ૧૦ | ઈસનપુર ખાતે નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન તથા નેટવર્ક બનાવવા | ૪૭૩.૦૦ |
| ૧૧ | જશોદાનગર ખાતે ટાંકીના નેટવર્કનું કામ | ૫૭૬.૦૦ |
| ૧૨ | સૈજપુર બંગલા એરીયા ખાતે પાણીની ટાંકી તથા નેટવર્ક | ૫૨૨.૦૦ |
| ૧૩ | નરોડા મુઠીયા ખાતે નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવા | ૭૭૦.૦૦ |
| ૧૪ | જુદી-જુદી ઓવરહેડ ટાંકી રીપેરીંગ કરવા અંગે | ૨૦૦.૦૦ |
| ૧૫ | દુધેશ્વર વોટર વર્કસ ખાતે બે ઓવરહેડ ટાંકી બનાવવા | ૨૯૦.૨૪ |

તદ્ઉપરાંત નવા પશ્ચિમ ઝોન તથા પૂર્વ, ઉત્તર તથા દક્ષિણ વિસ્તારનાં ઔડા વિસ્તારમાંની તાજેતરમાં સમાવેશ કરેલ નગરપાલિકા તથા ગ્રામ પંચાયતના વિસ્તારમાં ભવિષ્યનાં વિકાસને ધ્યાને રાખી નવા વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનો બનાવવાનું, નવી પાણીની ટ્રંક મેઈન લાઈન નાંખવાનું, ટ્યુબવેલ સ્ટેશનોમાં સુધારા-વધારા, નવી અન્ડરગ્રાઉન્ડ અને ઓવરહેડ ટાંકીઓ બનાવવાની તેમજ હયાત ટાંકીઓના રીનોવેશન, ગેશીયસ ક્લોરીનેશન પ્લાન્ટ બનાવવાનું, વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનોની ક્ષમતા વધારવાની તેમજ વોટરપ્રેશર સુધારણા તથા નેટવર્ક આઈસોલેશનના જુદા-જુદા કામો કરવાનું આયોજન કરવામાં આવેલ છે. અમદાવાદ શહેરને પીવાનું પાણી પુરૂ પાડવા માટે નર્મદા કેનાલમાંથી એસ્કેપ મારફતે સાબરમતી નદીમાં છોડવામાં આવતાં દૈનિક ૪૦૦ ક્યુસેક પાણીના જથ્થાના પ્રવાહમાંથી ૪ મેગા વૉટ્ વિજળીનું ઉત્પાદન થઈ શકે તે પ્રકારનો હાઈડ્રો પાવર પ્લાન્ટ કોતરપુર ખાતે બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

આગામી સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષના બજેટમાં વોટર પ્રોજેક્ટ માટે રૂા.૮૩૯૦.૦૦ લાખનું બજેટ ફાળવવામાં આવેલ છે.

## ગટર વ્યવસ્થા હેઠળ શહેરના ૧૦૦% વિસ્તારોનો સમાવેશ અને ૧૦૦% સુઅરેજ ટ્રીટમેન્ટ ક્ષમતા :

સુવર્ણ સિધ્ધિ વર્ષ ૨૦૧૦ અંતર્ગત Golden Goals 2010 અન્વયે શહેરના ૧૦૦% વિસ્તારને ભૂગર્ભ ગટર વ્યવસ્થા હેઠળ આવરી લેવાનું લક્ષ્યાંક રાખવામાં આવેલ છે. સદરહુ લક્ષ્યાંકને સિધ્ધ કરવા માટે આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૦-૨૦૧૧ ના નીચે જણાવેલ કામગીરી કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

- ➢ શહેરમાં સમાવિષ્ટ પૂર્વ તથા પશ્ચિમ ઔડાના નવા વિસ્તારો ગ્રામપંચાયતો/નગરપાલિકાઓમાં ડ્રેનેજ ડીસ્પોઝલ વ્યવસ્થા ૬૫% થી વધારી ૧૦૦% કરવા માટે નવા વિસ્તારોમાં ૬૬૬ કી.મી. લંબાઈમાં ડ્રેનેજ નેટવર્ક રૂ. ૨૧૦ કરોડના ખર્ચે આગામી બે વર્ષમાં પૂર્ણ કરવાની કામગીરી હાથ ધરાયેલ છે.જે તબકકાવાર પૂર્ણ કરી લોકોપયોગમાં મૂકી શહેરને સ્વચ્છ અને નીરોગી બનાવવાનો સઘન પ્રયાસ કરેલ છે.
- ➢ ભૂમીગત ડ્રેનેજની સફાઈ માટે નામદાર હાઈકોર્ટના આદેશને ધ્યાનમાં લઈ ડ્રેનેજ લાઈન મેન્યુઅલી સફાઈ ન થવાના કારણે ડીસીલ્ટીંગ મશીનરીની જરૂરીયાત ઉપસ્થિત થતાં મ્યુ. કોર્પો.ની હયાત મશીનરીમાં ૮- જેટીંગ કમ સકશન મશીનનો વધારો કરી દરેક ઝોનને ફાળવવાની વ્યવસ્થા કરેલ છે. બે સુપરસકર મશીનના વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે.નવા હાઈફ્લો જેટીંગ મશીન, રોડીંગ મશીન તથા શહેરની પોળ તથા સાંકડા રસ્તા ઓની ડ્રેનેજની સફાઈ માટે ૮ નંગ ટાટા-૪૧૦ પરના જેટીંગ યુનીટ ખરીદવાનું કામ હાથ ધરાયેલ છે.
- ➢ વર્ષો જુની ડ્રેનેજ લાઈનોમાં સીલ્ટને કારણે તેની વહનક્ષમતા ઓછી થવાના કારણે ડ્રેનેજ લાઈનો બેકીંગ થવાના પ્રશ્નોના નિવારણ અર્થે ચોકીંગ પોઈન્ટ શોધવા માટે સી.સી.ટી.વી. સર્વે કરી ડીસીલ્ટીંગ અથવા જુની લાઈનોના રીહેબીલીટેશનના પ્રયત્નો હાથ ધરાયેલ છે.

### ➢ સુઅરેજ ટ્રીટમેન્ટની ૧૦૦% ક્ષમતા :

- ➢ એશિયાના સૌથી મોટા ૧૮૦ એમ.એલ.ડી.ની સુએજ ટ્રીટમેન્ટ ક્ષમતાના પ્લાન્ટની ૧૦૦% ઓટોમાઈઝેશન સીસ્ટમની સફળતાને ધ્યાને લઈ હયાત સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટને પણ સંપૂર્ણ ઓટોમાઈઝેશન કરવું તેમજ શકય હોય ત્યાં સોલર એનર્જીથી (રીન્યુઅલ એનર્જી) કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.
- ➢ ૧૮૦ એમ.એલ.ડી. સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટના એડમીનીસ્ટ્રેટીવ બીલ્ડીંગને અમ.મ્યુ.કોર્પો.નું પ્રથમ ગ્રીન બીલ્ડીંગ તરીકે રજીસ્ટર કરવામાં આવેલ છે.

- ➤ શહેરના હયાત ૧૦૬ એમ.એલ.ડી. તથા નવા બંધાતા ૬૦ તથા ૩૫ એમ.એલ.ડી. સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સેલ્ફ સસ્ટેન્ડ થાય તે હેતુથી ગેસ એન્જીનની ખરીદી કરવાનું કામ હાથ ધરાનાર છે.જેથી ગેસમાંથી ઈલેકટ્રીસીટીનું ઉત્પાદન કરી પ્લાન્ટ ચલાવવાનું આયોજન છે.

- ➤ હયાત ૪૩ સુએજ પંપીંગ સ્ટેશનો પૈકી જુના પંપીંગ સ્ટેશનો પર કુલ ૨૧ પંપો બદલવાનું કામ પુરૂં થયેલ છે અને હવે આ વર્ષે કુલ ૨૬ પંપો બદલવાનું કામ હાથ ધરાનાર છે.જેથી પંપીંગ સ્ટેશનની કાર્યક્ષમતામાં સુધારો થશે અને ચોકીંગના પ્રશ્નો હળવા થશે.

- ➤ સાબરમતી નદીમાં નાળાઓ મારફતે ગંદુ પાણી છોડવામાં આવે છે જેના કારણે સાબરમતી નદીનું પાણી પ્રદૂષિત બનવા પામે છે. આથી સાબરમતી નદીનું પાણી સ્વચ્છ રહે તે માટે સાબરમતી નદીના બંને કિનારે ઈન્ટર સેપ્ટર સુઅર લાઈન નાંખી આ ગંદા નાળાઓનું પાણી તેના દ્વારા ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી પહોંચાડી ટ્રીટમેન્ટ બાદ છોડવા માટે આયોજન કરવામાં આવેલ છે. જે પૈકી સુભાષબ્રીજથી સરદારબ્રીજ સુધીના કિનારે ઈન્ટર સેપ્ટર સુઅર લાઈન નાંખવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. જ્યારે સરદારબ્રીજ થી વાસણા બેરેજ સુધી ઈન્ટર સેપ્ટર સુઅર લાઈન તેમજ સુઅરેજ પંપીંગ સ્ટેશન બનાવવાની કામગીરી આગામી વર્ષે પૂર્ણ કરવામાં આવનાર છે.

## ➢ સુઅરેજ વોટર રી-સાઈકલીંગ :

અમદાવાદ શહેરમાં દૈનિક સરેરાશ અંદાજે ૭૦૦ એમ.એલ.ડી. જેટલું ગટરનું ગંદુ પાણી ઉત્પન્ન થાય છે. જે જુદા-જુદા ૪૩ સુઅરેજ પંપીંગ સ્ટેશનો અને ૪ સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ મારફતે અંતિમ નિકાલ પામે છે. આ તમામ ગંદુ પાણી જરૂરી ટ્રીટમેન્ટ બાદ અન્ય કોઈ ઉપયોગ વગર નિકાલ થવા પામે છે. આથી આગામી નાણાંકિય વર્ષમાં સુઅરેજ વોટરનું રી-સાઈકલીંગ કરી તેનો બગીચાઓના વિકાસમાં ઉપયોગ કરવાનું આયોજન કરેલ છે. જે માટે સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે ૧૦,૦૦૦ લીટર ક્ષમતાનો ટર્સરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યરત કરવામાં આવેલ છે. જેના પરિણામોને ધ્યાને લઈ ૨ એમ.એલ.ડી. ક્ષમતાનો કાર્બન રેપીડ સેન્ડ ફિલ્ટર કરી શહેરના ગાર્ડનમાં વપરાતાં ગ્રાઉન્ડ વોટર સોર્સને બદલે સુઅરેજનું રી-સાઈકલ વોટર પુરૂ પાડવા માટે આયોજન કરવામાં આવેલ છે. જેના કારણે પીવાલાયક શુદ્ધ પાણીનો વપરાશ બગાયતના કામોમાં ઘટવા પામશે.

આગામી સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષના બજેટમાં Golden Goals 2010 પૈકી ૧૦૦% ગટર વ્યવસ્થા અને સુઅરેજ ટ્રીટમેન્ટની ૧૦૦% ક્ષમતા હાંસલ કરવા માટે કરવાની થતી વિવિધ કામગીરીઓ માટે રૂા.૩૬૪૦.૦૦ લાખનું બજેટ ફાળવવામાં આવેલ છે.

## શહેરના સ્લમ અને ચાલી વિસ્તારોમાં માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી :

અમદાવાદ શહેરને "સ્લમ ફ્રી" સીટી તરીકે વિકસીત કરવા માટે લાંબાગાળાનું અને ટૂંકાગાળાનું સઘન આયોજન કરવામાં આવેલ છે. જેમાં શહેરના ૨૦ જેટલા સ્લમ વિસ્તારોમાં માળખાકિય અને સામાજીક સુવિધાઓ પુરી પાડવી, શહેરના ૨૦૦ જેટલા ચાલી વિસ્તારોમાં જૂની જર્જરીત પીવાના પાણીની તેમજ ડ્રેનેજ લાઈનો બદલવાની કામગીરી, આર્થિક રીતે નબળા વર્ગના ક્વાટર્સમાં જરૂરી સુધારા-વધારા, હાઉસીંગ બોર્ડના વિસ્તારોમાં માળખાગત સુવિધા આપવા તથા સ્લમ એરીયામાં પબ્લિક જાજરૂઓને અદ્યતન બનાવવાની તેમજ પે એન્ડ યુઝ ટોઈલેટ બનાવવાની કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ છે. વધુમાં "જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન" (JnNURM) યોજના અંતર્ગત શહેરી ગરીબો માટે ૧૮,૯૭૬ આવાસો બાંધવાની કામગીરી ચાલી રહેલ છે તથા વધુ ૯,૦૦૦ આવાસો બનાવવા માટેનો પ્રોજેક્ટ JnNURM માં મંજૂર અર્થે રજૂ કરવામાં આવેલ છે. ઉપરોક્ત કામગીરીના પરિણામે અમદાવાદ શહેર "સ્લમ ફ્રી" સીટી બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહેલ છે.

### ➢ સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ :



અમદાવાદ શહેર વિસ્તારમાં કુલ્લે ૭૯૨ જગ્યાઓએ ઝુંપડપટ્ટી તેમજ ૯૫૮ જગ્યાઓએ ચાલીઓ સહીત કુલ્લે ૧૭૫૦ જગ્યાઓએ સ્લમ વિસ્તાર આવેલ છે. આવા વિસ્તારોમાં વસતા નાગરીકોના જીવનની ગુણવત્તાનું ધોરણ ઉંચુ લાવવાના શુભ આશયથી સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ અન્વયે કામગીરી કરવામાં આવે છે.

આ યોજના અંતર્ગત સ્લમ વિસ્તારોમાં ઘેર-ઘેર ગટર કનેકશન, પાણીના કનેકશન, ઘરદીઠ જાજરૂ, પાકા રસ્તા, વરસાદી પાણીના નીકાલની વ્યવસ્થા, સ્ટ્રીટ લાઈટ, કચરાના નિકાલની વ્યવસ્થા તેમજ વૃક્ષારોપણ જેવી પાયાની સુવિધાઓ એકી સાથે પુરી પાડવામાં આવે છે. આવી આંતરીક સુવિધાઓને બાહ્ય સેવાઓ સાથે સાંકળી લેવામાં આવે છે. આ સમગ્ર સુવિધાઓ પુરી પાડી યોજનાનો અમલ કરવા માટે હાલમાં મ્યુનિ. કોર્પો .ને આશરે ઘર દીઠ રૂા.૨૦,૦૦૦ જેટલો ખર્ચ થાય છે. જે પૈકી રૂા.૨૧૦૦.૦૦ લાભાર્થીઓ પાસેથી ઘરદીઠ લોક ફાળો લેવામાં આવે છે.

સદરહુ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૪૫ સ્લમ વિસ્તારમાં ૮૩૪૮ મકાનોને સગવડ આપવામાં આવેલ છે. જે અંતર્ગત ૩૯૦૪૫ લોકોએ લાભ મેળવેલ છે તેમજ કુલ ૫ સ્લમ વિસ્તારમાં કામગીરી ચાલુ છે. જે અંતર્ગત ૪૯૧ મકાનો અને ૨૪૫૫ લોકોને આવરી લેવામાં આવેલ છે. શહેરની ૨૦૦ ચાલી વિસ્તારમાં પાણી તેમજ ડ્રેનેજની જૂની જર્જરીત લાઈનો બદલવા તેમજ ૨૦ સ્લમ લોકેશનોને સ્લમ નેટવર્કીંગ કાર્યક્રમ અંતર્ગત પાણી, ડ્રેનેજની સુવિધા ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે.

આ ઉપરાંત શહેરના બધા જ સ્લમ વિસ્તારોમાં માળખાગત સુવિધાઓ આપવા માટે, Socio Economic સર્વે તેમજ ટોટલ સ્ટેશન સર્વેની હાલમાં ચાલુ કામગીરી આગામી વર્ષે પૂર્ણ કરવામાં આવશે. Socio Economic સર્વે અંતર્ગત શહેરના સ્લમ વિસ્તારોમાં વસતાં રહીશોના નામો, જાતિ, ઉંમર, વસવાટનો સમયગાળો વગેરે માહિતી એકઠી કરવામાં આવનાર છે. જેનો ડેટાબેઈઝ તરીકે ઉપયોગ કરી આગામી વર્ષોમાં શહેરને સ્લમ ફ્રી સીટી બનાવવા માટેના કામોના આયોજનમાં ઉપયોગ કરી શકાશે.

આગામી સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષના બજેટમાં સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ માટે રૂા.૫૦૦.૦૦ લાખનું બજેટ ફાળવવામાં આવેલ છે.

## ➢ સફાઈ કામદારો માટે આવાસ યોજના :

અમદાવાદ મ્યુનિસપલ કોર્પોરેશનના સફાઈ કામદારોના આવાસો માટે મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના ઉપક્રમે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સફાઈ કામદારોનું જીવનધોરણ ઉંચું આવે તેમજ તેમને સારા રહેણાંક મળી રહે તે માટેના આયોજનમાં બનાવવાના થતાં કુલ ૩૦૦૦ આવાસો બનાવવાનું આયોજન છે.

સદરહુ આવાસો અત્યંત આધુનિક ટેકનોલોજીથી મોનોલીથીક ટાઈપના કે જેમાં તમામ દિવાલો આર.સી.સી.ની અને આકર્ષક ફીનીશીંગ વાળી બનશે. આ આવાસો બે રૂમ, રસોડું, ટોયલેટ , બાથરૂમ તેમજ બાલ્કની ની સવલતવાળા તેમજ ગ્રાઉન્ડ +૩ મુજબના બનાવવામાં આવનાર છે. જેનો બીલ્ટઅપ એરીયા ૩૬.૫ ચો.મી. અને કારપેટ એરીયા ૨૬.૭૭ ચો.મી. છે. આવાસો જરૂરી માળખાકીય સુવિધાઓ જેવી કે પાણી, ડ્રેનેજ, સ્ટ્રીટલાઈટ, ઈન્ટર્નલ રોડ, પેવીંગ, કમ્પાઉન્ડ વોલ, ટ્રી પ્લાન્ટેશન, સ્ટૉર્મ વોટર ડ્રેઈન વિગેરે સહિતના બનાવવામાં આવનાર છે.

સદરહુ આવાસની અંદાજીત કિંમત આવાસ દીઠ રૂા. ૧,૭૫,૦૦૦/- થાય છે. જે પૈકી રાજ્ય સરકારશ્રી તરફથી ડૉ. આંબેડકર આવાસ યોજના અન્વયે રૂા.૪૦,૦૦૦/- સબસીડી પેટે, સફાઈ કામદાર વિકાસ નિગમ તરફથી રૂા.૬૦,૦૦૦/- ની લોન તથા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી રૂા.૪૦,૦૦૦/- સબસીડી પેટે આપવામાં

આવશે. બાકીના રૂા.૩૫,૦૦૦/- લાભાર્થી પાસેથી ફાળા પેટે લેવામાં આવશે. આવાસો માટેની જમીન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વિનામૂલ્યે ફાળવેલ છે.

આગામી સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષના બજેટમાં સફાઈ કામદાર આવાસ યોજના માટે રૂા.૧૪૦૦.૦૦ લાખનું બજેટ ફાળવવામાં આવેલ છે.

શહેરમાં આવેલ ચાલીઓ તથા સ્લમ એરીયા માટે સને ૨૦૧૦-૨૦૧૧ ના અંદાજપત્રમાં નીચે મુજબની ફાળવણી કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| ➤ ચાલીઓમાં માળખાગત સુવિધાઓ અપગ્રેડ કરવા | રૂા.૧૮૦૧.૦૦ લાખ |
| ➤ સ્લમ એરીયામાં આવેલ પબ્લિક જાજરૂઓને અદ્યતન બનાવવા તથા પે એન્ડ યુઝ ટોયલેટ બનાવવા | રૂા.૫૬૬.૦૦ લાખ |
| ➤ ૯૦-૧૦ ની યોજના હેઠળ ઘરદીઠ જાજરૂ બનાવવા | રૂા.૭૧.૦૦ લાખ |
| ➤ કલમ ૧૮૮ હેઠળ ડ્રેનેજના કામો માટે | રૂા.૬૧.૦૦ લાખ |
| ➤ આર્થિક રીતે નબળા વર્ગના ક્વાટર્સમાં જરૂરી સુધારા-વધારા | રૂા.૯૦.૦૦ લાખ |
| ➤ નિર્મળ ગુજરાત અંતર્ગત વ્યક્તિગત જાજરૂ બનાવવા | રૂા.૨૦૦.૦૦ લાખ |
| ➤ હાઉસીંગ બોર્ડના વિસ્તારોમાં સુવિધા આપવા | રૂા.૧૫૦૦.૦૦ લાખ |

તદ્ઉપરાંત અમદાવાદ શહેરને "સ્લમ ફ્રી" સીટી તરીકે વિકસીત કરવા લાંબાગાળા અને ટૂંકાગાળાના આયોજન માટે રૂા.૨૦૦.૦૦ લાખની જોગવાઈ સને ૨૦૧૦-૨૦૧૧ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ છે.

## રોજગારલક્ષી તાલીમ - "ઉમ્મીદ" :



ભારતના બંધારણમાં થયેલ ૭૪ માં સુધારા અન્વયે શહેરી વિસ્તારમાં ગરીબી નિવારણને સ્થાનિક સ્વરાજયને સોંપવામાં આવેલ કાર્ય છે. શહેરી વિસ્તારમાં વધતી જતી ઝૂંપડપટ્ટીની સમસ્યાના મૂળમાં રહેલ ગરીબીના નિવારણ માટે રોજગારીની યોગ્ય તકો ઉભી કરવી અત્યંત આવશ્યક બની રહે છે.

આથી ગરીબ લોકો સ્વરોજગારી મેળવી પગભર થાય તે માટે હોસ્પીટાલીટી મેનેજમેન્ટ, લોજીસ્ટીક, બિઝનેસ પ્રોસેસ આઉટસોર્સીસ, કસ્ટમર રીલેશન એન્ડ સેલ્સ ઈન્ફોર્મેશન ટેકનોલોજી એન્ડ એનેબલ સર્વીસ, કોમ્પ્યુટર શિક્ષણ,

સીવણ વર્ગ, ભરતગૂંથણ, ટાઈપવર્ગ, સૌંદર્ય પ્રસાધન, ટી.વી. રેડીયો રીપેરીંગ, સીલાઈ મશીન રીપેરીંગ જેવા તાલીમવર્ગો નજીવી ફી લઈને જુદા-જુદા ૨૩ સેન્ટરો ઉપર શરૂ કરવામાં આવેલ છે. જેના અનુસંધાનમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારના જુદા-જુદા વોર્ડ વિસ્તારમાં સ્થાનિક શહેરી ગરીબ કુટુંબના યુવક/યુવતીઓને આ પ્રકારની તાલીમ રાજ્ય સરકાર દ્વારા નક્કી થયેલ ધોરણો મુજબ સંસ્થા મારફત હાથ ધરવામાં આવેલ છે.



આ માટેના લાભાર્થીઓની પસંદગી ચાલી વિસ્તારોમાં જરૂરી લોકજાગૃતિ કેળવણી કરવામાં આવે છે. આ કાર્યક્રમ અંતર્ગત વ્યક્તિ પોતાની જાતે નાનો-મોટો ધંધો કરી શકે તે માટેની તાલીમ પણ પૂરી પાડવામાં આવે છે. તાલીમ માટેના સેન્ટર, ફર્નિચર તેમજ અન્ય આનુષાંગિક સુવિધાઓ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પૂરી પાડવામાં આવે છે.

ઉમ્મીદ કાર્યક્રમ હેઠળ અત્યાર સુધી જુદા-જુદા ૨૩ તાલીમ સેન્ટરો દ્વારા શહેરી ગરીબ યુવાનોને રોજગારલક્ષી તાલીમ ઉપલબ્ધ કરવામાં આવેલ છે. આ રોજગારલક્ષી તાલીમમાં આપવામાં આવતાં સર્ટીફિકેટને રાજ્ય સરકારશ્રીના શૈક્ષણિક કાર્યક્રમ સાથે જોડવા પ્રયત્ન હાથ ધરવામાં આવેલ છે. આગામી વર્ષમાં ૧૦ નવા તાલીમ સેન્ટર ઉભા કરવાનું તેમજ ૨૦,૦૦૦ જેટલા શહેરી ગરીબ યુવાનોને રોજગારલક્ષી તાલીમ આપવાનું આયોજન કરેલ છે.

## ➢ અર્બન રીસોર્સ સેન્ટર (યુ.આર.સી.) :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરી ગરીબોને શહેરોમાં શ્રમ બજારમાં કામદારો અને કામે રાખનારની વચ્ચે સંતુના અભાવને કારણ કામદારોના શોષણની ફરીયાદો ઉઠતી હોય છે. આ ઉપરાંત કામદારની અર્ધકુશળતા અને તાલીમની જરૂરીયાત, સેવા મેળવનારને પડતી હાડમારી, રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ માટે માહિતી કેન્દ્ર, કડિયા નાકાનો વિકાસ, કામદાર અને સેવા મેળવનાર વચ્ચે સેતુ, નાગરિકો અને સરકારી એજન્સી વચ્ચે સેતુ, માહિતી ઉપલબ્ધ જેવી બહુવિધ પ્રશ્નોના નિરાકરણ કરી અસંગઠિત ક્ષેત્રના કામદારના વિકાસ તથા નાગરિકોની સુવિધામાં વધારો કરવા સમગ્ર શહેરી વિસ્તારોમાં અસંગઠિત કામદાર માટે અર્બન રીસોર્સ સેન્ટર શરૂ કરવાની પહેલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને કરેલ છે.

ચાલુ વર્ષે ૧૦ યુ.આર.સી. સેન્ટર રૂા.૧૦.૦૦ લાખના ખર્ચે "સાથ" સંસ્થા દ્વારા શરૂ કરવામાં આવેલ છે. તેમજ નવા ૨૦ યુ.આર.સી. સેન્ટર જુદા-જુદા વોર્ડમાં તબક્કાવાર ખોલવા માટે આગામી વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માં આયોજન કરવામાં આવેલ છે. જે પૈકી રૂા.૧.૦૦ કરોડ આવા સેન્ટરના ઈન્ફ્રાસ્ટ્રકચર તેમજ અન્ય આનુષાંગિક કામો માટે ફાળવવામાં આવે છે.

## ઈ-ગવર્નન્સ :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કોમ્પ્યુટર ટેકનોલોજીનો વ્યાપકપણે ઉપયોગ કરી મ્યુનિસિપલ સેવાઓને નાગરિકોના ઘર આંગણે પહોંચાડવા નાગરિક સુવિધા કેન્દ્રો (સીટી સીવિક સેન્ટર) ઉભા કરવામાં આવેલ છે. હાલમાં જુદા-જુદા ઝોનમાં કુલ ૨૬ જેટલા સીટી સીવિક સેન્ટરો કાર્યરત છે. ઈ-ગવર્નન્સ હેઠળ નાગરિક ફરીયાદના ત્વરીત નિકાલ તેમજ ટેક્ષ વસુલાતની વ્યવસ્થા સુદ્રઢ કરવા માટે તબક્કાવાર વોર્ડ દીઠ સીવિક સેન્ટર શરૂ કરી તેની સંખ્યા વધારીને ૫૫ કરવામાં આવશે. ચાલુ વર્ષના અંત સુધીમાં નવા ૧૨ સીટી સીવિક સેન્ટરો તથા આગામી વર્ષમાં બાકીના ૧૯ સીટી સીવિક સેન્ટરો શરૂ કરવામાં આવશે. જેમાં હયાત સુવિધા ઉપરાંત ડેટા સેન્ટર, ઈ-ડેટા સ્ટોરેજ, એન્જીનીયરીંગ મોડ્યુલ અને હોલ બુકીંગ જેવી વધારાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે. જેના માટે રૂા.૩૦૦.૦૦ લાખની જોગવાઈ સને ૨૦૧૦-૨૦૧૧ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ છે.

''જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન'' (JnNURM) અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પુરી પાડવામાં આવતી વિવિધ નાગરિક સુવિધાઓ જેવી કે, જન્મ-મરણ નોંધણી, મિલકતવેરો અને તેની વસુલાત, પાણીના કનેકશન, નાગરિક ફરીયાદોની નોંધણી અને તેનો નિકાલ, બિલ્ડીંગ પ્લાન એપ્રુવલ, ઈ-પ્રોક્યુરમેન્ટ, પ્રોજેક્ટ મોનીટરીંગ, વિવિધ પ્રકારના લાઈસન્સ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, એકાઉન્ટ તેમજ ફાઈનાન્સ, હોસ્પીટલ મેનેજમેન્ટ, મીટીરીયલ મેનેજમેન્ટ વગેરેને આવરી લઈ પ્રાઈસવોટરહાઉસ કુપર કંપની મારફતે ડી.પી.આર. તૈયાર કરાવવામાં આવી રહેલ છે. સદરહુ ડી.પી.આર. ની મંજૂરી મળેથી આ અંગેના વિવિધ કોમ્પ્રીહેન્સીવ સોફ્ટવેર મોડ્યુલ તેમજ વેબ પોર્ટલ આગામી વર્ષમાં વિકસાવવામાં આવનાર છે.

તદ્ઉપરાંત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત તમામ મોટી હોસ્પીટલોની તમામ કામગીરીને ઈ-ગવર્નન્સ હેઠળ આવરી લેવામાં આવેલ છે. આગામી નાણાંકીય વર્ષમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત તમામ મોટી હોસ્પીટલોની ઓ.પી.ડી., આઈ.પી.ડી., એક્સ-રે લેબોરેટરી વગેરે તમામ પ્રકારની કામગીરીનું સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝેશન કાર્યાન્વિત થશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ફાઈનાન્સીયલ એકાઉન્ટીંગ સીસ્ટમનું ઈન્ટીગ્રેશન, એન્જીનીયરીંગ મોડ્યુલ તથા મ્યુનિસિપલ શાળાઓના વહીવટનું કોમ્પ્યુટરાઈઝેશનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

આગામી સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં ઈ-ગવર્નન્સની કામગીરી માટે રૂા.૫૦૦.૦૦ લાખનું બજેટ ફાળવવામાં આવેલ છે.

## શહેરને ઓપન ડેફીકેશનમાંથી મુક્તિ :

- શહેરને ઓપન ડેફીકેશનમાંથી મુક્ત કરવા ૫૦,૦૦૦ વ્યક્તિગત શૌચાલયની સુવિધા ઉપલબ્ધ કરવી તેમજ વધારાની પબ્લિક ટોઈલેટ અને પે એન્ડ યુઝ ટોઈલેટની વ્યવસ્થા ઉભી કરવી
- જી.એમ.એફ.બી. ની ગ્રાન્ટ તેમજ ૯૦-૧૦ ની સ્કીમ અંતર્ગત ૧૬,૦૦૦ વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવી રહેલ છે.
- ચાલી તેમજ સ્લમમાં વ્યક્તિગત શૌચાલય માટે શહેરમાં ૨૧,૦૦૦ વ્યક્તિગત શૌચાલયની જરૂરીયાત છે. જે આગામી વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે.
- જે જગ્યાએ વ્યક્તિગત શૌચાલય બનાવી શકાય તેમ નથી તે રહીશો માટે ૪૧ જગ્યાએ પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોક બનાવવામાં આવશે.

આગામી સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં શહેરને ઓપન ડેફીકેશનમાંથી મુક્તિ અપાવવા માટે વ્યક્તિગત શૌચાલયની સુવિધા, પે એન્ડ યુઝ ટોઈલેટની વ્યવસ્થા, પબ્લિક ટોઈલેટના સુધારા-વધારા જેવી કામગીરી માટે કુલ રૂા.૮૯૨.૫૦ લાખનું બજેટ ફાળવવામાં આવેલ છે.

## ઘન કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ :

શહેરમાં ઉત્પન્ન થતાં ઘન કચરાની માત્રાના આધારે આગામી ૩૬ વર્ષ સુધી આ કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ થઈ શકે તે માટેની લેન્ડફીલ સાઈટ તૈયાર કરવાનું આયોજન કરવામાં આવેલ છે. જે પૈકી આગામી ૬ વર્ષ સુધીના ઘન કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ થઈ શકે તે માટેની લેન્ડફીલ સાઈટ તૈયાર કરવામાં આવેલ છે અને તેનો ઉપયોગ શહેરના હિતાર્થે શરૂ કરવામાં આવેલ છે. લેન્ડફીલ સાઈટમાં વૈજ્ઞાનિક ઢબે નિકાલ પામેલ ઘન કચરામાંથી મિથેન ગેસ ઉત્પન્ન કરી તેનો ઉપયોગ ઔદ્યોગિક એકમોને જરૂરિયાત મુજબ ઈંધણ પુરૂ પાડવા માટે કરવામાં આવનાર છે. ઘન કચરાના વિભાજન દ્વારા મેળવવામાં આવનાર ઓર્ગેનિક કચરામાંથી ખાતર બનાવવાની કામગીરી કરવામાં આવી રહેલ છે તેની સાથે-સાથે ઘન કચરામાંથી વિજળી ઉત્પન્ન કરવા માટેની કામગીરી પણ શરૂ કરવામાં આવેલ છે.

## સોલીડ વેસ્ટ મેનેજમેન્ટનું આધુનિકરણ :

“જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન” (JnNURM) યોજના અંતર્ગત ઘન કચરા એકત્રીકરણ અને પરિવહનની સુવિધાને સુદૃઢ બનાવવા માટે અદ્યતન સાધનો અને યાંત્રિક વાહનોની ખરીદી તેમજ ઘન કચરાના ઝડપી પરિવહન માટે ટ્રાન્સફર સ્ટેશન બનાવવા માટે અંદાજીત રૂા.૧૨૦૦૦.૦૦ લાખના ડી.પી.આર. ની મંજૂરી મળેલ છે. જે અન્વયે સાધનો અને યાંત્રિક વાહનો ખરીદવાની કામગીરી ચાલુ કરવામાં આવેલ છે.

## શહેરમાં ચાલતા ૮૦૦ આંગણવાડી કેન્દ્રોને પાકા મકાન ઉપલબ્ધ કરાવવા :

- ૩૫૧ આંગણવાડી માટે સ્થળો નક્કી કરી રૂા.૧૦૦૦.૦૦ લાખના અંદાજીત ખર્ચે આંગણવાડીના મકાનો બનાવવાની કામગીરી ચાલુ કરવામાં આવેલ છે. આ આંગણવાડીના મકાનોમાં સ્લમ વિસ્તારમાં વસતાં ગરીબ નાના બાળકોને પોષણયુક્ત આહાર, રમત-ગમત સાથે જ્ઞાન આપવાનું આયોજન કરવામાં આવેલ છે.
- ૪૨ મ્યુનિસિપલ શાળાઓમાં આંગણવાડી ખસેડવાનું આયોજન
- શહેરી ગરીબો માટેના બનાવવામાં આવી રહેલ આવાસોમાં ૨૨ આંગણવાડીઓની જોગવાઈ
- નવા સમાવાયેલ વિસ્તારોમાં આંગણવાડી માટે સર્વેની કામગીરી

આગામી સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં આંગણવાડીઓની કામગીરી માટે રૂા.૫૦૦.૦૦ લાખનું બજેટ ફાળવવામાં આવેલ છે.

## પ્રાથમિક શાળાઓનું નવિનીકરણ :

- ૧૦૦ મ્યુનિસિપલ શાળાઓનું રીનોવેશનનુંઆયોજન
- ૨૫ મ્યુનિસિપલ શાળાઓનું નવિનીકરણનું આયોજન
- રૂા.૨૭૬.૫૦ લાખના અંદાજીત ખર્ચે વાસણા, શાહવાડી અને વટવા અંબિકા ખાતે તથા રૂા.૨૦૬.૧૩ લાખના અંદાજીત ખર્ચે ઉત્તર ઝોન સૈજપુરબોઘા વોર્ડમાં ત્રણ સ્કુલો બનાવવાની કામગીરી કરવામાં આવી રહેલ છે.

આગામી સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં શાળાઓના નવીનીકરણની કામગીરી માટે રૂા.૧૨૦૮.૫૦ લાખનું બજેટ ફાળવવામાં આવેલ છે.

## પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર શિક્ષણની સુવિધા :

- મ્યુનિસિપલ પ્રાથમિક શાળાઓમાં પાંચમા ધોરણથી ઉપરના તમામ વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર શિક્ષણની સુવિધા ઉપલબ્ધ કરાવવી
- મ્યુનિસિપલ શાળાઓ માટે ૩૬ કોમ્પ્યુટર કેન્દ્રો કાર્યરત કરવા
- સરકારશ્રીના "સ્કોપ" કાર્યક્રમ હેઠળ ધોરણ ૫ થી ૭ ના બાળકોને અંગ્રેજી ભાષાનું શિક્ષણ આપવા માટે પ્રારંભિક તબક્કે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત ૧૦ શાળાઓની પસંદગી કરવામાં આવેલ છે.

સ્વર્ણિમ સિધ્ધિ વર્ષ ૨૦૧૦ તથા Golden Goals 2010 અન્વયે કરવાની થતી આંતરમાળખાકિય સુવિધાઓને લગતી કામગીરી તથા સ્વીકારવામાં આવેલા લક્ષ્યાંકો પાર પાડવા માટે આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૦-૨૦૧૧ ના અંદાજપત્રમાં વિવિધ યોજનાઓ માટે કુલ રૂા.૪૯૫.૩૨ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે અને સ્વર્ણિમ સિધ્ધિ વર્ષ ૨૦૧૦ અંતર્ગત નિર્ધારિત કરવામાં આવેલા લક્ષ્યાંકો હાંસલ કરવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન કટીબદ્ધ છે.

# સ્વર્ણિમ જયંતિ–મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના :

ગુજરાતની શહેરીકરણની ઝડપી પ્રક્રિયાને કારણે શહેરીજનોને સર્વ સુવિધાઓ પુરી પાડવાના વિરાટ પડકારને પહોંચીવળવા તથા સુંદર, સ્વચ્છ અને વિકાસલક્ષી ધબકતા શહેરના નિર્માણ તેમજ સર્વાંગી વિકાસની જરૂરિયાતોને ધ્યાનમાં લઈને શહેરી વિકાસ વર્ષ - ૨૦૦૫ ની સફળતા ધ્યાનમાં રાખી શહેરીકરણના તમામ પાસાઓને આવરી લેતું, વિસ્તૃત અને લાંબાગાળાનું આયોજન એટલે સ્વર્ણિમ જયંતિ - મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના.

ગુજરાત રાજયની સ્થાપનાના ૫૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે અને ગુજરાતમાં વધતી જતી શહેરીકરણની ઝડપ સાથે અને તદ્અન્વયે ઉપસ્થિત થતાં પડકારોને પહોંચીવળવા શહેરોની માળખાગત સુવિધાઓની જરૂરિયાત પુરી કરવાના આશયથી રાજય સરકારશ્રીએ સ્વર્ણિમ જયંતિ - મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાનો અમલ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ થી કરવાનું ઠરાવેલ છે. આ યોજનાનો આશય શહેરી સ્વરાજની સંસ્થાઓ સક્ષમ બને, તેમનો વહીવટ પારદર્શક તેમજ નાગરિક કેન્દ્રિત બને અને આ સંસ્થાઓ જાહેર સુખાકારીના ક્ષેત્રે અસરકારક ભૂમિકા ભજવે તે માટે તેઓની જરૂરિયાત મુજબની ઉડીને આંખે વળગે તેવી આંતરમાળખાકિય સુવિધાઓ ઉભી કરવા માટે સહાય આપવાની સાથે સંસ્થાઓ અને નાગરિકોને વિકાસ કાર્યોમાં સક્ષમ અને સહભાગીદાર બનાવવાનો છે.

સદરહુ યોજના અંતર્ગત નાગરિકોને વિકાસની પ્રક્રિયામાં સાંકળી શહેરોની માળખાકિય સુવિધાઓને અગ્રતા આપવાની સાથે-સાથે ગરીબ સમૃદ્ધિ યોજના હેઠળ આગામી પાંચ વર્ષમાં શહેરો સ્લમ ફ્રી સીટી બને અને શહેરોમાં "નિર્મળ જમીન", "નિર્મળ વાયુ" અને "નિર્મળ જળ" ઉપલબ્ધ થાય તે મુજબની કામગીરી કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

સ્વર્ણિમ જયંતિ - મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આગામી નાણાંકીય વર્ષ સને ૨૦૧૦-૨૦૧૧ માં અંદાજીત રૂા.૧૦૦.૦૦ કરોડની ગ્રાન્ટ મળનાર છે. જેનો વપરાશ નીચે જણાવ્યા મુજબ કરવાનો થાય છે.

- **૧૦% રકમ ગરીબ સમૃદ્ધિ યોજના હેઠળ સ્લમ વિસ્તારમાં કરવાના કામો જેવા કે રસ્તા, સ્ટ્રીટ લાઈટ, સ્ટૉર્મ વોટર, ડ્રેનેજ વગેરે માટે**
- **૧૦% રકમ સ્લમ વિસ્તારમાં આરોગ્યલક્ષી તેમજ શૈક્ષણિક સેવાઓમાં અને પોષણક્ષમ આહાર પુરૂ પાડવા જેવી સામાજીક સેવાઓમાં સંબંધિત વિભાગો સાથે યોગ્ય સંકલન કરીને સામાજીક સેવાઓ સુદૃઢ બનાવવા**
- **૫% રકમ નિર્મળ ગુજરાતની સિધ્ધિના કામો માટે**

✧ **૭૫% રકમ શહેરની આગવી ઓળખ ઉભી કરવાના કામો માટે**

અમદાવાદ શહેરની આગવી ઓળખ ઉભી થાય તે માટે ઉડીને આંખે વળગે તેવા આંતરમાળખાકિય કામો અન્વયે સદરહુ ગ્રાન્ટમાંથી નીચે જણાવ્યા મુજબની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

- **ગૌરવપથ તેમજ મુખ્ય ધોરી માર્ગો સુસજ્જ કરવાના કામો**

જેમાં રસ્તા ઉપરના દબાણો દૂર કરી રસ્તાઓને સીધી લાઈન દોરીમાં લાવવા, ફૂટપાથ સુધારણા, સાઈનબોર્ડ, રસ્તાની બંને બાજુની ઈમારતોના સમાન કલર કોડ, સ્ટ્રીટ ફર્નિચર, આકર્ષક ડસ્ટબીન, રોડ ડીવાઈડર, સ્ટ્રીટ લાઈટ, માર્કેટ/હોકર્સ ઝોન, પાર્કિંગ ઝોન, ફ્લાયઓવર-અન્ડરપાસ વગેરેને લગતાં કામોનો સમાવેશ થાય છે.

- **હરીયાળા શહેરોનું નિર્માણ**

શહેરી વિસ્તારોમાં આવેલ ઈકો ક્લબ/નેચર ક્લબ/બિનસરકારી સંગઠનો વગેરે સંસ્થાઓનો સહયોગ લઈ વૃક્ષારોપણ અને પર્યાવરણ જાળવણીની કામગીરી, પંચવટી અભિગમ હેઠળ સામાજીક વનીકરણ, જાહેર ઉદ્યાનોનું નિર્માણ અને જાળવણી, ગ્રીન ગાર્ડ વોલેન્ટીઅરની રચના, સ્મૃતિવન-દિવંગત આત્માની સ્મૃતિ માટે વૃક્ષારોપણ, પુનિતવન, નક્ષત્રવન, રાશિવન, નવગ્રહવન, કૈલાસવન વગેરેનું નિર્માણ જેવી કામગીરી કરવાની થાય છે.

- **સુરમ્ય શહેરો**

શહેરને "સ્વચ્છ શહેર, સુરમ્ય શહેર" બનાવવા માટે ઘન કચરાના એકત્રિકરણ અને પરિવહન તથા નિકાલની પદ્ધતિ સુનિશ્ચિત કરવી તેમજ કચરાનું વિભાજન, ઘરદીઠ કચરાનું એકત્રિકરણ, પરિવહન તથા નિકાલ માટે વૈજ્ઞાનિક પદ્ધતિથી તૈયાર કરવામાં આવેલ લેન્ડફીલ સાઈટનો વિકાસ કરવો વગેરે જેવી કામગીરી કરવાની થાય છે. તદ્ઉપરાંત "અર્બન ગ્રીન પ્લાન" અંતર્ગત ખુલ્લી જગ્યાઓ તથા રસ્તાઓ અને રેલ્વેની બંને બાજુ વૃક્ષારોપણ, શાળાઓના વર્ગદીઠ ઓછામાં ઓછા ૧૦ વૃક્ષો તેમજ વિરાંજલીવન અને ઓક્સીજન પાર્ક વિકસાવવાની કામગીરીનો સમાવેશ થાય છે.

- **હેરીટેજ (ઐતિહાસિક વારસાની જાળવણી)**

શહેરમાં આવેલ ઐતિહાસિક મહત્ત્વ ધરાવતાં સ્થાપત્યોનો ઈતિહાસ મેળવી તેનું દસ્તાવેજીકરણ કરવું તેમજ સ્થાપત્યોનું જાળવણી કરવી તથા હેરીટેજ વૉકને ઉત્તેજીત આપી ઐતિહાસિક વારસાની જાળવણી માટે નગરોત્સવનું આયોજન કરવું જેવી કામગીરીનો સમાવેશ થાય છે.

# મ્યુનિસિપલ કોર્પોરેશન ફંડના વિકાસ કાર્યો

તદ્ઉપરાંત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફંડ તેમજ પબ્લિક બોન્ડમાંથી નીચે મુજબના વિકાસ કાર્યો કરવાનું આયોજન કરેલ છે.

## ઝોનલ પ્રાયોરીટી વર્કસ :

સને ૨૦૦૪-૨૦૦૫ માં ઝોનવાઈઝ ફંડ ફાળવી શરૂ કરવામાં આવેલ વિકાસ કાર્યોની પરંપરામાં સને ૨૦૦૭-૨૦૦૮ ના અંદાજપત્રથી સુધારો કરી તેને પ્રથમવાર વોર્ડ વાઈઝ કામો અગાઉથી નક્કી કરી તે મુજબ અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવેલ. આ પરંપરાને આગળ વધારતાં આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧ માં કરવાના થતાં ઝોનલ પ્રાયોરીટી વર્કસ હેઠળના કામો માટે વોર્ડ વાઈઝ ગઠન કરવામાં આવેલ વોર્ડ કમિટીની બેઠક બોલાવી વોર્ડ વાઈઝ કરવાના થતાં વિકાસ કાર્યો નક્કી કરવામાં આવેલ છે અને તે મુજબ અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવેલ છે. જેની ઝોન વાઈઝ અને વોર્ડ વાઈઝ વિગતો નીચે મુજબ છે.

(રૂા. લાખમાં)

| ક્રમ | ઝોનનું નામ | ફાળવવામાં આવેલ રકમ |
|---|---|---|
| ૧ | મધ્ય ઝોન | ૩૫૦૦.૦૦ |
| ૨ | પશ્ચિમ ઝોન | ૫૫૦૦.૦૦ |
| ૩ | ઉત્તર ઝોન | ૫૫૦૦.૦૦ |
| ૪ | પૂર્વ ઝોન | ૫૫૦૦.૦૦ |
| ૫ | દક્ષિણ ઝોન | ૫૫૦૦.૦૦ |
| ૬ | નવા પશ્ચિમ ઝોન | ૮૫૦૦.૦૦ |
| કુલ | | ૩૪૦૦૦.૦૦ |

આગામી નાણાંકિય વર્ષમાં રૂા.૨૬૦૦૦.૦૦ લાખના નવા ઝોનલ વિકાસ કાર્યો તથા પાછલા વર્ષોના ચાલુ રૂા.૮૦૦૦.૦૦ લાખ વિકાસ કાર્યો મળી કુલ રૂા.૩૪૦૦૦.૦૦ લાખની ઝોનલ પ્રાયોરીટી વર્કસ હેઠળ ફાળવવામાં આવેલ છે. આગામી નાણાંકીય વર્ષમાં કરવાના થતાં રૂા.૨૬૦૦૦.૦૦ લાખના નવા ઝોનલ વિકાસ કાર્યોની વોર્ડ વાઈઝ ફાળવણી આ સાથે સામેલ છે.

## સને ૨૦૧૦-૨૦૧૧

## વિકાસ કાર્યો માટે વોર્ડ - વિભાગવાર બજેટ ફાળવણી

### મધ્ય ઝોન

(રૂા. લાખમાં)

| અ.નં. | વોર્ડ નંબર | વિભાગ | રોડ-ફુટપાથ | પાણી પુરવઠો | ગટર વ્યવસ્થા | બિલ્ડીંગ/અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| | | વોર્ડનું નામ | | | | | |
| ૧ | ૧ | ખાડિયા | ૧૨૫.૦૦ | ૩૫.૮૧ | ૩૩.૦૦ | ૩૯.૦૦ | ૨૩૨.૮૧ |
| ૨ | ૨ | કાલુપુર | ૯૧.૦૦ | ૫૭.૦૦ | ૬૨.૦૦ | ૧૫.૦૦ | ૨૨૫.૦૦ |
| ૩ | ૩ | દરિયાપુર | ૯૦.૦૦ | ૩૦.૦૦ | ૪૫.૦૦ | ૯૩.૦૦ | ૨૫૮.૦૦ |
| ૪ | ૪ | શાહપુર | ૭૨.૦૦ | ૨૬.૦૦ | ૬૩.૦૦ | ૬૬.૦૦ | ૨૨૭.૦૦ |
| ૫ | ૫ | રાયખડ | ૧૬૮.૫૦ | ૧૩.૦૦ | ૪૦.૨૦ | ૪૦.૫૦ | ૨૬૨.૨૦ |
| ૬ | ૬ | જમાલપુર | ૮૦.૯૦ | ૩૫.૦૦ | ૭૨.૦૦ | ૬૯.૦૦ | ૨૫૬.૯૦ |
| ૭ | ૧૬ | દુધેશ્વર | ૨૦૫.૦૦ | ૧૦.૦૦ | ૭૭.૦૦ | ૧૦૭.૦૦ | ૩૯૯.૦૦ |
| ૮ | ૧૭ | માધુપુરા | ૧૫૪.૫૦ | ૧૪.૦૦ | ૬૯.૦૦ | ૭૦.૦૦ | ૩૦૭.૫૦ |
| ૯ | ૧૮ | ગિરધરનગર | ૨૧૩.૦૦ | ૨૧.૦૦ | ૨૦.૦૦ | ૭૫.૦૦ | ૩૨૯.૦૦ |
| કુલ | | | ૧૧૯૯.૯૦ | ૨૪૧.૮૧ | ૪૮૧.૨૦ | ૫૭૪.૫૦ | ૨૪૯૭.૪૧ |

## સને ૨૦૧૦-૨૦૧૧

## વિકાસ કાર્યો માટે વોર્ડ - વિભાગવાર બજેટ ફાળવણી

### પશ્ચિમ ઝોન

(રૂા. લાખમાં)

| અ.નં. | વોર્ડ નંબર | વિભાગ / વોર્ડનું નામ | રોડ-ફુટપાથ | પાણી પુરવઠો | ગટર વ્યવસ્થા | બિલ્ડીંગ/અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૭ | પાલડી | ૩૬૮.૫૦ | ૭૫.૦૦ | ૪૭.૦૦ | ૧૨૭.૦૦ | ૬૧૭.૫૦ |
| ૨ | ૮ | વાસણા | ૪૩૭.૧૩ | ૩૦.૦૦ | ૩૫.૦૦ | ૪૦.૦૦ | ૫૪૨.૧૩ |
| ૩ | ૯ | ગાંધીગ્રામ | ૨૮૩.૦૦ | ૧૦૦.૦૦ | ૧૫.૦૦ | ૫૫.૦૦ | ૪૫૩.૦૦ |
| ૪ | ૧૦ | નવરંગપુરા | ૨૮૦.૨૦ | ૭૦.૦૦ | ૩૧.૦૦ | ૬૧.૦૦ | ૪૪૨.૨૦ |
| ૫ | ૧૧ | સ્ટેડીયમ | ૨૩૪.૫૭ | ૭૫.૦૦ | ૩૫.૦૦ | ૩૦.૦૦ | ૩૭૪.૫૭ |
| ૬ | ૧૨ | નારણપુરા | ૫૮૩.૦૦ | ૧૨૨.૦૦ | ૨૯.૦૦ | ૧૧૨.૮૦ | ૮૪૬.૮૦ |
| ૭ | ૧૩ | નવા વાડજ | ૩૪૮.૦૦ | ૩૦.૦૦ | ૬૦.૦૦ | ૧૦.૦૦ | ૪૪૮.૦૦ |
| ૮ | ૧૪ | જૂના વાડજ | ૨૪૨.૦૦ | ૨૨.૫૦ | ૧૩૯.૫૦ | ૪૦.૦૦ | ૪૪૪.૦૦ |
| ૯ | ૧૫ | સાબરમતી | ૨૦૪.૮૧ | ૪૮.૦૦ | ૯૭.૮૦ | ૧૩૨.૦૦ | ૪૮૨.૬૧ |
| ૧૧ | ૫૬ | ચાંદખેડા | ૨૦૪.૧૯ | ૨૨.૦૦ | ૫૫.૦૦ | ૪૫.૦૦ | ૩૨૬.૧૯ |
| ૧૦ | ૫૭ | મોટેરા | ૬૦.૦૦ | ૧૧૦.૦૦ | ૩૯.૦૦ | ૧૦.૦૦ | ૨૧૯.૦૦ |
| કુલ | | | ૩૨૪૫.૪૦ | ૭૦૪.૫૦ | ૫૮૩.૩૦ | ૬૬૨.૮૦ | ૫૧૯૬.૦૦ |

## સને ૨૦૧૦-૨૦૧૧

## વિકાસ કાર્યો માટે વોર્ડ - વિભાગવાર બજેટ ફાળવણી

## ઉત્તર ઝોન

(રૂા. લાખમાં)

| અ.નં. | વોર્ડ નંબર | વિભાગ | રોડ-ફુટપાથ | પાણી પુરવઠો | ગટર વ્યવસ્થા | બિલ્ડીંગ/અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| | | વોર્ડનું નામ | | | | | |
| ૧ | ૧૯ | અસારવા | ૨૦૯.૩૦ | ૩.૦૦ | ૧૦.૦૦ | ૨૫૯.૭૯ | ૪૮૨.૦૯ |
| ૨ | ૨૦ | નરોડા રોડ | ૧૯૦.૦૦ | ૧૩૩.૦૦ | ૬૮.૯૫ | ૬૦.૦૦ | ૪૫૧.૯૫ |
| ૩ | ૨૧ | સરસપુર | ૧૭૩.૦૦ | ૧૧૨.૨૫ | ૨૪.૫૦ | ૩૫૫.૧૦ | ૬૬૪.૮૫ |
| ૪ | ૨૨ | પોટલીયા | ૩૪૧.૫૦ | ૧૪.૦૦ | ૨૫.૦૦ | ૯૫.૦૦ | ૪૭૫.૫૦ |
| ૫ | ૨૩ | કુબેરનગર | ૮૦.૦૦ | ૫.૦૦ | ૫.૦૦ | ૨૪૫.૦૦ | ૩૩૫.૦૦ |
| ૬ | ૨૪ | સરદારનગર | ૧૧૭.૦૦ | ૨૯.૫૦ | ૩૦.૦૦ | ૨૦૨.૦૦ | ૩૭૮.૫૦ |
| ૭ | ૨૫ | સૈજપુર | ૨૦૫.૯૦ | ૫૯.૪૦ | ૪૦.૫૦ | ૧૪૪.૦૦ | ૪૪૯.૮૦ |
| ૮ | ૨૬ | ઠક્કરનગર | ૩૪૫.૮૦ | ૮.૦૦ | ૨૫.૦૦ | ૨૩.૧૫ | ૪૦૧.૯૫ |
| ૯ | ૨૭ | નરોડા-મુઠીયા | ૨૧૯.૫૦ | ૩.૦૦ | ૫૫.૦૦ | ૧૬૦.૦૦ | ૪૩૭.૫૦ |
| ૧૦ | ૫૫ | નવો નરોડા | ૩૮૦.૦૩ | ૨.૦૦ | ૨.૦૦ | ૪૦.૦૦ | ૪૨૪.૦૩ |
| કુલ | | | ૨૨૬૨.૦૩ | ૩૬૯.૧૫ | ૨૮૫.૯૫ | ૧૫૮૪.૦૪ | ૪૫૦૧.૧૭ |

## સને ૨૦૧૦-૨૦૧૧

## વિકાસ કાર્યો માટે વોર્ડ - વિભાગવાર બજેટ ફાળવણી

## પૂર્વ ઝોન

(રૂા. લાખમાં)

| અ.નં. | વોર્ડ નંબર | વિભાગ | રોડ-ફુટપાથ | પાણી પુરવઠો | ગટર વ્યવસ્થા | બિલ્ડીંગ/અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| | | વોર્ડનું નામ | | | | | |
| ૧ | ૨૮ | બાપુનગર | ૨૦૦.૦૮ | ૨૭.૪૭ | ૫.૦૦ | ૧૨૦.૦૦ | ૩૫૨.૫૫ |
| ૨ | ૨૯ | રખિયાલ | ૧૮૫.૦૦ | ૦.૦૦ | ૫૪.૦૦ | ૦.૦૦ | ૨૩૯.૦૦ |
| ૩ | ૩૦ | ગોમતીપુર | ૧૪૫.૦૦ | ૨૦.૦૦ | ૬૨.૦૦ | ૯.૦૦ | ૨૩૬.૦૦ |
| ૪ | ૩૧ | રાજપુર | ૨૧૫.૦૦ | ૪૦.૦૦ | ૨૩.૫૦ | ૩૬.૦૦ | ૩૧૪.૫૦ |
| ૫ | ૩૨ | અમરાઈવાડી | ૧૪૪.૫૦ | ૨.૫૦ | ૩૫.૦૦ | ૧૫૫.૦૦ | ૩૩૭.૦૦ |
| ૬ | ૩૩ | ભાઈપુરા | ૧૦૬.૦૦ | ૫૦.૦૦ | ૬૬.૦૦ | ૨૯.૦૦ | ૨૫૧.૦૦ |
| ૭ | ૩૪ | નિકોલ | ૪૧૧.૦૦ | ૨૧.૦૦ | ૪૦.૫૬ | ૧૧૯.૫૦ | ૫૯૨.૦૬ |
| ૮ | ૩૫ | ઓઢવ | ૪૯૬.૦૦ | ૧૦૦.૦૦ | ૪૫.૦૦ | ૬૦.૦૦ | ૭૦૧.૦૦ |
| ૯ | ૩૬ | ખોખરા | ૨૪૫.૦૦ | ૪૦.૦૦ | ૨૩.૫૦ | ૨૪૫.૦૦ | ૫૫૩.૫૦ |
| ૧૦ | ૫૪ | વસ્ત્રાલ | ૩૩૧.૩૮ | ૧૫૦.૦૦ | ૦.૦૦ | ૧૦.૦૦ | ૪૯૧.૩૮ |
| કુલ | | | ૨૪૭૮.૯૬ | ૪૫૦.૯૭ | ૩૫૪.૫૬ | ૭૮૩.૫૦ | ૪૦૬૭.૯૯ |

## સને ૨૦૧૦-૨૦૧૧

## વિકાસ કાર્યો માટે વોર્ડ - વિભાગવાર બજેટ ફાળવણી

## દક્ષિણ ઝોન

(રૂા. લાખમાં)

| અ.નં. | વોર્ડ નંબર | વિભાગ<br>વોર્ડનું નામ | રોડ-ફુટપાથ | પાણી પુરવઠો | ગટર વ્યવસ્થા | બિલ્ડીંગ/અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૩૭ | મણિનગર | ૧૨૦.૦૦ | ૫.૦૦ | ૬૨.૦૦ | ૧૬૨.૦૦ | ૩૪૯.૦૦ |
| ૨ | ૩૮ | કાંકરિયા | ૬૦.૦૦ | ૩૪.૦૦ | ૩૫.૦૦ | ૪૦.૦૦ | ૧૬૯.૦૦ |
| ૩ | ૩૯ | બહેરામપુરા | ૧૪૦.૦૦ | ૧૫.૦૦ | ૧૩૫.૦૦ | ૧૨૫.૦૦ | ૪૧૫.૦૦ |
| ૪ | ૪૦ | દાણીલીમડા | ૧૬૦.૦૦ | ૧૦૫.૦૦ | ૧૧૫.૦૦ | ૮૬.૦૦ | ૪૬૬.૦૦ |
| ૫ | ૪૧ | બાગેફિરદોશ | ૩૫૫.૦૦ | ૩૦.૦૦ | ૧૬૭.૦૦ | ૬૧૫.૦૦ | ૧૧૬૭.૦૦ |
| ૬ | ૪૨ | વટવા | ૫૫૭.૦૦ | ૨૬૮.૦૦ | ૩૧૩.૦૦ | ૫૧.૦૦ | ૧૧૮૯.૦૦ |
| ૭ | ૪૩ | ઈસનપુર | ૩૬૨.૦૦ | ૫૦.૦૦ | ૧૪૦.૦૦ | ૭૨.૦૦ | ૬૨૪.૦૦ |
| ૮ | ૫૩ | લાંભા | ૩૮૫.૦૦ | ૧૨૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૧૫.૦૦ | ૭૨૦.૦૦ |
| કુલ | | | ૨૧૩૯.૦૦ | ૬૨૭.૦૦ | ૧૦૬૭.૦૦ | ૧૨૬૬.૦૦ | ૫૦૯૯.૦૦ |

## સને ૨૦૧૦-૨૦૧૧

## વિકાસ કાર્યો માટે વોર્ડ - વિભાગવાર બજેટ ફાળવણી

## નવા પશ્ચિમ ઝોન

(રૂા. લાખમાં)

| અ.નં. | વોર્ડ નંબર | વિભાગ<br>વોર્ડનું નામ | રોડ-ફુટપાથ | પાણી પુરવઠો | ગટર વ્યવસ્થા | બિલ્ડીંગ/અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૪૪ | સરખેજ | ૩૫૨.૦૧ | ૧૦૦.૨૧ | ૫૦.૦૦ | ૧૩૫.૦૦ | ૬૩૭.૨૨ |
| ૨ | ૪૫ | કાળી | ૩૨૬.૯૪ | ૮૧.૨૪ | ૨૫.૦૦ | ૯૦.૦૦ | ૫૨૩.૧૮ |
| ૩ | ૪૬ | થલતેજ | ૩૮૩.૮૪ | ૭૮.૦૩ | ૨૦.૦૦ | ૧૬૫.૦૦ | ૬૪૬.૮૭ |
| ૪ | ૪૭ | વેજલપુર | ૩૨૭.૬૦ | ૨૬.૭૨ | ૫.૦૦ | ૮૪.૦૦ | ૪૪૩.૩૨ |
| ૫ | ૪૮ | બોડકદેવ | ૪૪૨.૨૧ | ૪૧.૪૨ | ૨૦.૦૦ | ૧૧૫.૦૦ | ૬૧૮.૬૩ |
| ૬ | ૪૯ | રાણીપ | ૨૬૫.૧૦ | ૨૦.૦૪ | ૨૫.૦૦ | ૧૨૫.૦૦ | ૪૩૫.૧૪ |
| ૭ | ૫૦ | ઘાટલોડીયા | ૫૭૨.૫૨ | ૬૦.૧૩ | ૧૦.૦૦ | ૧૬૦.૦૦ | ૮૦૨.૬૫ |
| ૮ | ૫૧ | ચાંદલોડીયા | ૩૦૭.૬૯ | ૨૬.૭૨ | ૨૦.૦૦ | ૨૦.૦૦ | ૩૭૪.૪૧ |
| ૯ | ૫૨ | જોધપુર | ૨૩૧.૭૯ | ૬૫.૪૭ | ૧૫.૦૦ | ૧૫.૦૦ | ૩૨૭.૨૬ |
| કુલ | | | ૩૨૦૯.૭૦ | ૪૯૯.૯૮ | ૧૯૦.૦૦ | ૯૦૯.૦૦ | ૪૮૦૮.૬૮ |

## રોડ પ્રોજેક્ટ :

અમદાવાદ શહેરના કુલ ૪૫૦ ચો.કિ.મી. ના ક્ષેત્રફળમાં અંદાજીત ૨૧૫૦ કિ.મી. લંબાઈના ટી.પી. રસ્તા આવેલા છે. શહેરના ઔદ્યોગિક વિકાસની સાથે સાથે વસ્તી તથા વાહનોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહેલ છે. વાહનોની ગીચતાને કારણે શહેરમાં ટ્રાફિકના પ્રશ્નો પણ એટલા જ વિકટ બનતા જાય છે તથા શહેરના રસ્તાની બંને બાજુએ વોલ ટુ વોલ કાર્પેટીંગ કરવામાં ન આવેલ હોવાથી રસ્તાની બંને બાજુ સરફેઈસ નહીં થયેલા ભાગમાંથી ધૂળ ઉડીને રસ્તા ઉપર જમા થવાથી રસ્તાઓ ગંદા દેખાતા હોય છે. આ માટે શહેરના હયાત રસ્તાઓમાં સુધારા-વધારા કરીને પહોળા કરવાની તથા વોલ ટુ વોલ કાર્પેટ (ડસ્ટ ફ્રી રોડ) કરવાની કામગીરી કરવામાં આવી રહેલ છે.

આગામી વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માં શહેરના જુદા-જુદા ઝોનના કુલ ૩૧ કિ.મી. ના મુખ્ય રસ્તાઓ રીગ્રેડ કરીને રીસરફેઈસ કરવાનું આયોજન કરેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | કામની વિગત | અંદાજીત રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | પશ્ચિમ ઝોન તથા નવા પશ્ચિમ ઝોનના રસ્તા રીસરફેઈસ કરવા | ૩૯૨૧.૦૪ |
| ૨ | ઉત્તર ઝોન, દક્ષિણ ઝોન તથા પૂર્વ ઝોનના રસ્તા રીસરફેઈસ કરવા | ૨૧૦૫.૨૩ |
| ૩ | મધ્ય ઝોન, પૂર્વ ઝોન, ઉત્તર ઝોન તથા દક્ષિણ ઝોનના જુદા-જુદા રસ્તા ઉપર ફુટપાથ બનાવવા | ૧૫૦.૦૦ |
| ૪ | પશ્ચિમ અને નવા પશ્ચિમ ઝોનના જુદા-જુદા રસ્તા ઉપર ફુટપાથ બનાવવા | ૧૫૦.૦૦ |

આગામી સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષના બજેટમાં રોડ પ્રોજેક્ટ માટે રૂા.૫૫૦૦.૦૦ લાખનું બજેટ ફાળવવામાં આવેલ છે.

## બ્રીજ પ્રોજેક્ટ :

અમદાવાદ શહેરનાં ટ્રાફિકના પ્રશ્નોના ઉકેલ માટે ટ્રાફિકની ગીચતાં ધરાવતાં હોય તેવા રેલ્વે ક્રોસીંગ અને મુખ્ય માર્ગો પર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નીચે મુજબ નવા બ્રીજ તથા ફ્લાયઓવર/અન્ડરપાસ બનાવવામાં આવે છે.

| વિગત | અંદાજ (રૂા. કરોડમાં) | ૧૫ ડીસેમ્બર-૦૯ સુધી થયેલ ભૌતિક પ્રગતિ (%) |
|---|---|---|
| કુબેરનગર આઈ.ટી.આઈ. અન્ડરપાસ | ૧૧.૫૨ | કામ ચાલુ |
| જમાલપુર જંકશન ફ્લાયઓવર | ૫૩.૭૦ | ૪૨% કામ પૂર્ણ |
| ડૉક્ટર હાઉસ અન્ડરપાસ | ૧૭.૮૦ | ૪૭% કામ પૂર્ણ |
| ગોતા ક્રોસીંગ રેલ્વે ઓવરબ્રીજ | ૪૦.૧૫ | ૪૦% કામ પૂર્ણ |

આગામી સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષના બજેટમાં બ્રીજ પ્રોજેક્ટ માટે રૂા.૪૦૦૦.૦૦ લાખ ફાળવવામાં આવેલ છે.

## ટ્રાફિક મેનેજમેન્ટ સીસ્ટમ :

હાલની ટ્રાફિક સિગ્નલ વ્યવસ્થા ટાઈમીંગ સીસ્ટમ આધારિત છે. આથી ટ્રાફિકની ઘનતાને આધારે તે પરિવર્તનશીલ રહેવા પામતી નથી એટલે કે એક ચાર રસ્તા પછીના બીજા ચાર રસ્તા પરની ટ્રાફિક સિગ્નલ સીસ્ટમ અગાઉથી નક્કી કરવામાં આવેલ નિશ્ચિત સમય પ્રમાણે ચાલે છે. કોઈ એક ચાર રસ્તા પર સર્જાયેલ ટ્રાફિક જામ ના નિકાલ માટે તેની આગળના ચાર રસ્તાઓ પરની ટ્રાફિક સિગ્નલ સીસ્ટમમાં ફેરફાર કરી શકાતો નથી અને તે અગાઉથી નિશ્ચિત કરેલ ટાઈમ પ્રમાણે જ વર્તે છે. નવી સીસ્ટમ મુજબ શહેરના તમામ ટ્રાફિક સિગ્નલોને ઓટોમેટીક કરી અદ્યતન કરવાની કામગીરી કરવામાં આવશે. આ તમામ ટ્રાફિક સિગ્નલોને નેટવર્કથી જોડી તેનો અલાયદો કન્ટ્રોલ રૂમ ઉભો કરવામાં આવશે. જેમાં ટ્રાફિકને લગતી તમામ માહિતી, ટ્રાફિકની ગીચતા વગેરે વિગતો ઉપલબ્ધ રહેવા પામતાં તેમજ તમામ ટ્રાફિક સિગ્નલો કન્ટ્રોલ રૂમ સાથે જોડાયેલા હોઈ જે-તે માર્ગ ઉપર ટ્રાફિકની ગીચતા અને તેના આગળના જંકશનોની પરિસ્થિતિ, ટ્રાફિકનો પ્રવાહ વગેરે લક્ષમાં લઈ ટ્રાફિક સિગ્નલ સીસ્ટમમાં ત્વરિતપણે ફેરફાર કરી શકાશે. સદરહુ પદ્ધતિ દ્વારા કોઈ જંકશન ઉપર સર્જાયેલ ટ્રાફિક જામના પ્રશ્નને હલ કરવામાં ખૂબ જ મદદ પ્રાપ્ત થશે.

ધંધા, રોજગાર, વેપાર તથા સામાજીક કામ અર્થે લોકો શહેરના એક ખૂણે થી બીજા ખૂણે અવર-જવર કરતાં હોય છે. શહેરમાં વધતી જતી આર્થિક પ્રવૃત્તિઓને કારણે તેઓની આવી અવર-જવરમાં વધારો થવા પામે છે. તદ્‌ઉપરાંત શહેરના મુખ્ય માર્ગો ઉપર ફેરીયાઓ અને લારીગલ્લા મારફતે અનેકવિધ ચીજવસ્તુઓનું વેચાણ કરવામાં આવતું હોઈ તેને કારણે પણ મુખ્ય માર્ગો પરથી પસાર થતાં ટ્રાફિકના પ્રવાહને અડચણો ઉભી થાય છે તેમજ શહેરમાં પર્સનલ મોટોરાઈઝ વ્હીકલની મોટી સંખ્યાને લીધે શહેરના રોડ પર ટ્રાફિક જામ તથા સમય અને ઈંધણનો બગાડ જેવા પ્રશ્નો

સર્જાય છે. આ સમસ્યા સવાર અને સાંજના પીક-અવર્સ દરમ્યાન વિકરાળ સ્વરૂપ ધારણ કરે છે. જેના કારણે પ્રદૂષણની માત્રામાં પણ વધારો થવા પામે છે. આથી આ સમસ્યાના નિરાકરણ માટે ટ્રાફિક ફ્લો મેનેજમેન્ટ સીસ્ટમ અમલી બનાવવાનું આયોજન છે.

આગામી સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં ટ્રાફિક મેનેજમેન્ટની કામગીરી માટે રૂા.૫૦૦.૦૦ લાખનું બજેટ ફાળવવામાં આવેલ છે.

## જાહેર સ્થળો :

### ➢ કાંકરીયા લેઈક ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ :



શહેરીજનોના આનંદપ્રમોદ માટેના રમણીય સ્થળ તથા શહેરની ઐતિહાસિક તથા સાંસ્કૃતિક વિરાસત ધરાવતાં કાંકરિયા તળાવની સહેલગાહે આવતા નાગરિકોને હરવા-ફરવા માટે મોકળાશ મળે તેમજ આનંદપ્રમોદની વધુ સુવિધાઓ કાંકરિયા તળાવની આસપાસ મળી રહે તે હેતુથી કાંકરિયા તળાવ ફરતેના સમગ્ર વિસ્તારને અદ્યતન રીતે વિકસિત કરવા માટે રૂા.૩૬.૦૦ કરોડના ખર્ચે કાંકરિયા લેઈક ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટનું કામ પૂર્ણ કરી કાંકરીયા તળાવને ખુલ્લુ મૂકવામાં આવેલ છે. જેમાં યુ.કે. થી આયાત કરાયેલ ૧૪૪ બેઠકોવાળી મીની ટ્રેન મુખ્ય આકર્ષણ છે.

### ➢ મ્યુરલ (શિલ્પકૃતિઓ) :

નવીનીકરણ પામેલ કાંકરીયા તળાવના આકર્ષણમાં વધારો થાય તે હેતુથી કાંકરીયા તળાવની અંદરની દિવાલો પર અમદાવાદ શહેરની વિકાસગાથા, ઐતિહાસિક વારસો અને સંસ્કૃતિ તેમજ ગુજરાતની વિકાસગાથાને ઉજાગર કરે તે પ્રકારની શિલ્પકૃતિઓ અંક્તિ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. આ શિલ્પકૃતિઓને આરસપહાણના પથ્થરોમાં કંડારી કાંકરીયા તળાવની ફરતે પ્રસ્થાપિત કરવામાં આવનાર છે. શહેરના નાગરિકો તેને નિહાળી શકે તે હેતુથી કાંકરીયા તળાવની અંદર શિલ્પકૃતિઓ સુધી પહોંચવા માટેનો વૉક-વે તૈયાર કરવામાં આવનાર છે. શિલ્પકૃતિઓના આકર્ષણમાં વધારો કરવાના હેતુથી તેને વિવિધ પ્રકારની રંગીન રોશનીથી ઝળહળા કરવામાં આવનાર છે.

આગામી સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં સદરહુ કામગીરી માટે રૂા.૩૦૦.૦૦ લાખનું બજેટ ફાળવવામાં આવેલ છે.

## ➢ કીડ્ઝ સીટી :



અમદાવાદ શહેરના તથા અમદાવાદની મુલાકાતે આવતાં ગુજરાતના તથા અન્ય રાજ્યોના બાળકો માટે અમદાવાદ શહેરમાં તથા રાજ્યમાં ચાલતી વિવિધ સરકારી સેવા તથા અન્ય પ્રવૃત્તિઓને પ્રત્યક્ષ રીતે અનુભવ કરી નીહાળી શકે તેવી તેઓની બાળસહજ જીજ્ઞાસાવૃત્તિને વેગ મળે તે હેતુથી દુનિયાના અન્ય મોટા શહેરો જેવા કે મેક્સીકો, ટોકિયો, જાકાર્તા વગેરેમાં ચાલતાં એન્ટરટેઈનમેન્ટ વીથ એજ્યુકેશન પાર્ક જેવો પાર્ક અમદાવાદ શહેરમાં બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં આશરે ૪૦૦૦ ચો.મી. ના પ્લોટમાં ૩૬૦૦ ચો.મી. નું બાંધકામ કરવામાં આવનાર છે. જ્યારે આશરે ૩૦૦૦ ચો.મી. ની જગ્યા પાર્કિંગ તરીકે ડેવલપ કરવામાં આવશે.

સદર તૈયાર થનાર કીડ્ઝ સીટીમાં બાળકો તેઓની બાળસહજ જીજ્ઞાસાવૃત્તિથી પ્રેરાઈને સામાજીક સેવાઓ આપતાં સંકુલો, ઉદ્યોગગૃહો, સેવાકીય એકમો વગેરેને પ્રત્યક્ષ અનુભવી શકે તે માટે હોસ્પીટલ તથા ડેન્ટલ ક્લીનીક, ફાયર સ્ટેશન, પોલીસ એકેડમી, કોર્ટ રૂમ, સાયન્સ લેબોરેટરી, બેન્ક અને એ.ટી.એમ., ન્યુઝ પેપર મિડીયા, ટી.વી. મિડીયા, રેડીયો જોકી, સીવિક સેન્ટર, બસ સ્ટેશન, સપોર્ટ્સ એકેડમી, ટેક્ષ ડીપાર્ટમેન્ટની કામગીરી, પવનચક્કી દ્વારા ઊર્જા, એરોપ્લેન અને એરપોર્ટ, આઈસક્રીમ ફેકટરી, ચોકલેટ ફેકટરી, બિસ્કીટ ફેકટરી, ટેલીકોમ - વોકીટોકી - મોબાઈલ વગેરે, થીયેટર એક્ટીવીટી માટે ઓડીટોરીયમ, શીપીંગ ઉદ્યોગની કામગીરી દર્શાવતું મોડેલ, ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશનની ખનીજ સંશોધનની કામગીરી દર્શાવતું મોડેલ, ગુજરાત પ્રવાસન - હેરીટેજ સાઈટની વિગત, ફુડ કોર્ટ, પ્રોગ્રામ પૂરો થાય એટલે ડાન્સ, ગરબા, નૃત્ય તથા બાળકોને નાચવાની જગ્યા પુરૂ પાડતું પ્લેટફોર્મ વગેરેના મોડેલ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં બાળકોને લર્ન વીથ ફન અર્થાત્ જ્ઞાન સાથે ગમ્મત આપવામાં આવશે જેથી તેઓ પોતાની રીતે વિચારીને નિર્ણયો લઈ શકે અને ભારતનું ભાવિ આ રીતે તૈયાર થાય. આમાં મુખ્યત્વે બાળકોને ગમ્મત સાથે જ્ઞાન આપવાનું હોવાથી બાળકો સાથે કેરટેકર તરીકે જ તેમના મા-બાપને પ્રવેશ આપવામાં આવશે.




આગામી સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષના બજેટમાં કીડ્ઝ સીટી માટે રૂા.૮૦૦.૦૦ લાખનું બજેટ ફાળવવામાં આવેલ છે.

## ➢ મુવીંગ ટાવર :

ગર્વમેન્ટ ઓફ ગુજરાત દ્વારા ગોલ્ડન ગોલ્સ પ્રોગ્રામ હેઠળ અમદાવાદમાં કોલમ સ્ટ્રક્ચર - મુવીગ ટાવર ઉભું કરવાનું નક્કી કરવામાં આવેલ છે. આ મુવીગ ટાવર એ ખૂબજ સ્પેશીયલ પ્રકારનો પ્રોજેક્ટ છે. આ મુવીગ ટાવર સ્ટેઇનલેસ સ્ટીલનો બનાવવામાં આવનાર છે જેની ઉંચાઇ ૨૫.૨ મી. થશે જ્યારે તેનો બેઇઝ ૩.૬ મી. x ૩.૬ મી. પહોળાઈનો રહેશે. આ મુવીગ ટાવરને ઉંચાઈના પ્રમાણમાં ૬ બ્લોક્સમાં ડીવાઇડ કરવામાં આવેલ છે. નીચેથી ઉપર જતાં દરેક બ્લોક એક બીજા સાથે ૧૫ ડીગ્રીનો ખુણો બનાવશે. આ બધા જ બ્લોક્સ કોઇપણ દિશામાં એટલે કે ક્લોકવાઇઝ તેમજ એન્ટી ક્લોકવાઇઝ ફરી શકશે. આમ દરેક બ્લોક એક જ સમયે જુદી જુદી દિશામાં ફરી શકવાને કારણે આ મુવીગ ટાવર જુદા જુદા સમયે જુદા જુદા રૂપ ધારણ કરશે. જેને લીધે તે જોવામાં ખુબજ રમણીય અને આશ્ચર્ય પમાડશે.

આ પ્રોજેક્ટ બનાવવાનો ખર્ચ રૂા.૫૫૮.૭૮ લાખ અંદાજવામાં આવેલ છે. આ પ્રોજેક્ટની ફીઝીબીલીટી સ્ટડી નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ડીઝાઇન દ્વારા કરવામાં આવેલ છે.

## ➢ હરીયાળું અમદાવાદ :

હરીયાળા અમદાવાદની પરિકલ્પનાને સાકાર કરવાના હેતુથી તેમજ અર્બન ગ્રીન પ્લાનના અમલીકરણ માટે શહેરી વિસ્તારોમાં આવેલ ઈકો ક્લબ/નેચર ક્લબ/બિનસરકારી સંગઠનો વગેરે સંસ્થાઓનો સહયોગ લઈ વૃક્ષારોપણ અને પર્યાવરણ જાળવણીની કામગીરી, પંચવટી અભિગમ હેઠળ સામાજીક વનીકરણ, જાહેર ઉદ્યાનોનું નિર્માણ અને જાળવણી, ગ્રીન ગાર્ડ વોલેન્ટીઅરની રચના, સ્મૃતિવન-દિવંગત આત્માની સ્મૃતિ માટે વૃક્ષારોપણ, પુનિતવન, નક્ષત્રવન, રાશિવન, નવગ્રહવન, કૈલાસવન વગેરેનું નિર્માણ જેવી કામગીરી કરવાની થાય છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરને સ્વચ્છ, હરીયાળું અને સુંદર બનાવવાના ઘનિષ્ઠ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. શહેરની સુંદરતામાં વધારો થાય તેમજ આપણું શહેર પ્રદૂષણ મુક્ત શહેર બને અને શહેરીજનોની આરોગ્ય સુખાકારી જળવાઈ રહે તથા પર્યાવરણ સુરક્ષા હેતુસર કોર્પોરેશન દ્વારા નવા બગીચાઓ બનાવવામાં આવી રહ્યા છે તથા હયાત બગીચાઓનું રીનોવેશન કરવામાં આવી રહેલ છે.

આગામી નાણાંકીય વર્ષે શહેરના મુખ્ય માર્ગોની શોભામાં અભિવૃદ્ધિ થાય અને હરીયાળા અમદાવાદના પ્રકલ્પને સાકાર કરી શકાય તે હેતુથી શહેના મુખ્ય માર્ગો પર આવેલ સેન્ટ્રલ વર્જમાં ચેઈનલીંક ફેન્સીંગ સાથેનું ઘનિષ્ઠ પ્લાન્ટેશન, બગીચાઓમાં સ્પ્રિન્કલર સીસ્ટમ, કોતરપુર વોટર વર્કસ તથા મ્યુનિસિપલ મિલકતો/પ્લોટોમાં ઘનિષ્ઠ વૃક્ષારોપણ વગેરે જેવા કામો હાથ ધરવામાં આવનાર છે.

ચાલુ વર્ષે નિકોલ-શિરોમણી સોસાયટી પાસેના પ્લોટ, આઝાદ હલવાઈ આશ્રમ રોડ પાછળનો પ્લોટ, વાસણા બેરેજ ગાર્ડન, બાગેફિરદોશ વોર્ડમાં આવેલ મ્યુનિસિપલ પ્લોટ ટી.પી. નં. ૫૦, વાડજ ખાતે ટાઈગર ફ્લેટ પાસેનો બગીચો, અંબર સિનેમા પાસે મંછાની મસ્જીદ પાસેના બગીચાના રીનોવેશનની કામગીરી કરવામાં આવી રહેલ છે.

આગામી ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં નવા મ્યુનિસિપલ ગાર્ડન ડેવલપ કરવાની તથા જૂના બગીચાઓનું રીનોવેશન કરવાની કામગીરી કરવામાં આવશે. આ માટે રૂા.૮૮૬.૮૦ લાખનું બજેટ ફાળવવામાં આવેલ છે.

## કોમ્યુનિટી હોલ તથા ઓડીટોરીયમ :

શહેરમાં વસતા ગરીબ અને મધ્યમ વર્ગના નાગરિકોને સામાજીક અને સાંસ્કૃતિક પ્રસંગોએ તેમને પોષાય તેવા દરે હોલની સુવિધાઓ ઉપલબ્ધ થાય તે હેતુથી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં કોમ્યુનિટી હોલ તથા ઓડીટોરીયમ બનાવવામાં આવશે.

| અ.નં. | વિગત | અંદાજ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | નવરંગપુરા ડી.કે. પટેલ હોલનું રીનોવેશન | ૨૦૦.૦૦ |
| ૨ | કાંકરીયા પીકનીક હાઉસને અપગ્રેડ કરવા | ૧૫૦.૦૦ |
| ૩ | નિકોલ વોર્ડમાં ઓડીટોરીયમ હોલ | ૬૦૦.૦૦ |
| ૪ | રખિયાલ એવરેસ્ટ સિનેમા પાસે કોમ્યુનીટી હોલ | ૧૮૦.૦૦ |
| ૫ | માધુપુરા વોર્ડમાં લાલાજી કુંવરજી હોલનું રીનોવેશન | ૧૩૦.૦૦ |
| ૬ | આંબેડકર હોલનું રીનોવેશન | ૨૩૬.૦૦ |
| ૭ | કુબરેનગર વોર્ડમાં કોમ્યુનીટી હોલ | ૫૦.૦૦ |

આગામી સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં સદરહુ પ્રોજેક્ટ માટે જુદા-જુદા સદરોમાં મળી કુલ રૂા.૧૫૨૭.૦૦ લાખનું બજેટ ફાળવવામાં આવેલ છે.

## સ્વીમીંગ પુલ તથા સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ :

આપણા શહેરના નાગરિકોની શારીરિક સુખાકારી જળવાઈ રહે અને તે માટે જરૂરી કસરત માટેની જગ્યા તેમજ સાધનો ઉપલબ્ધ થાય તે હેતુથી શહેરમાં નવા સ્વીમીંગ પુલ બનાવવાનું તથા જૂના સ્વીમીંગ પુલોનું નવીનીકરણ કરવાની તથા નવા સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ બનાવવાની કામગીરી કરવામાં આવી રહેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

| સ્વીમીંગ પુલ / સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ | અંદાજ (રૂા. લાખમાં) |
|---|---|
| ઓઢવ વોર્ડમાં અંબિકાનગર ખાતે સ્વીમીંગ પુલ | ૩૯૧.૦૦ |
| મેમ્કો સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ | ૧૧૩૮.૦૦ |
| રાયપુર કામદાર કલ્યાણ કેન્દ્રમાં સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ | ૭૯૯.૦૦ |
| નરોડા મુઠીયા વોર્ડમાં સ્વીમીંગ પુલ | ૧૦૦.૦૦ |
| બાગેફિરદોશ વોર્ડમાં રીક્રિએશન સેન્ટર | ૫૦૦.૦૦ |
| રાણીપ વોર્ડમાં સ્વીમીંગ પુલ | ૨૪૩.૫૦ |
| સરદારનગર વોર્ડમાં જીમ્નેશીયમ | ૬૫.૦૦ |
| કાંકરીયા ખાતે ચીલ્ડ્રન સ્વીમીંગ પુલ | ૭૦.૦૦ |
| નવરંગપુરા વોર્ડમાં સ્કેટીંગ રીંગ તથા જીમખાના | ૬૫.૦૦ |
| સાબરમતી વોર્ડમાં સ્કેટીંગ રીંગ | ૨૫.૦૦ |

શહેરીજનોની સ્વાસ્થ્ય સુખાકારી માટે જુદા-જુદા વિસ્તારોમાં રીક્રીએશન સેન્ટર, સ્વીમીંગ પુલ તથા જીમ્નેશીયમ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. તદ્‌ઉપરાંત બાળકોને પ્રિય એવી સ્કેટીંગની રમત માટેની અદ્યતન સગવડો ઉપલબ્ધ થાય તે હેતુથી શહેરમાં જુદી-જુદી જગ્યાઓએ સ્કેટીંગ રીંગ બનાવવાનું આયોજન આગામી વર્ષના અંદાજપત્રમાં કરવામાં આવેલ છે.

આગામી સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં સદરહુ પ્રોજેક્ટ માટે જુદા-જુદા સદરોમાં મળી કુલ રૂા.૧૭૪૬.૧૪ લાખનું બજેટ ફાળવવામાં આવેલ છે.

## લાયબ્રેરી (વાંચનાલય) :

અમદાવાદ શહેરની વાંચન પ્રેમી પ્રજાની વાંચન ભૂખ સંતોષવા તેમજ આર્થિક રીતે નબળા વિસ્તારમાં વસતા વિદ્યાર્થીઓને અભ્યાસ માટે તૈયારી કરવાની સુવિધા ઉપલબ્ધ થાય તે હેતુથી શહેરના અલગ-અલગ વિસ્તારમાં નવા પુસ્તકલાય બનાવવાનું આયોજન છે. આ પુસ્તકાલયમાં તમામ પ્રકારની સુવિધાઓ તેમજ વાંચનસામગ્રીથી સજ્જ હોય તે બાબતનું આયોજનમાં ખાસ ધ્યાન રાખવામાં આવેલ છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જુદી-જુદી જગ્યાઓએ બનાવવામાં આવી રહેલ લાયબ્રેરીની વિગતો નીચે મુજબ છે.

| લાયબ્રેરી | અંદાજ (રૂા. લાખમાં) |
|---|---|
| નવરંગપુરા વોર્ડમાં લાયબ્રેરી | ૬૦.૦૦ |
| નરોડા રોડ વોર્ડમાં લાયબ્રેરી તથા જીમ્નેશીયમ | ૩૦.૦૦ |
| સરદારનગર વોર્ડમાં જીમ્નેશીયમ | ૫૦.૦૦ |
| નવા વાડજ વોર્ડમાં લાયબ્રેરી | ૨૫.૦૦ |
| ખોખરા વોર્ડમાં લાયબ્રેરી તથા સીવિક સેન્ટર | ૨૦.૦૦ |
| થલતેજ વોર્ડમાં લાયબ્રેરી તથા જીમ્નેશીયમ | ૫૦.૦૦ |

આગામી સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં સદરહુ કામગીરી માટે રૂા.૨૫૯.૦૦ લાખનું બજેટ ફાળવવામાં આવેલ છે.

## મોક્ષધામ :

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં આવેલ મોક્ષધામોમાં વિસામો બનાવવાનું, લાકડાનું ગોડાઉન, શેડ બનાવવાનું તેમજ ઈલેકટ્રીફિકેશનની અદ્યતન સુવિધાઓથી સજ્જ કરવાની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

| સ્મશાનગૃહ | અંદાજ (રૂા. લાખમાં) |
|---|---|
| વાસણા શાહવાડી સ્મશાનગૃહ | ૧૭૫.૦૦ |
| નરોડા સ્મશાનગૃહ | ૧૦૦.૦૦ |
| સપ્તર્ષી સ્મશાનગૃહ | ૧૦૦.૦૦ |
| કાળી સ્મશાનગૃહ | ૫૦.૦૦ |
| સરખેજ સ્મશાનગૃહ | ૬૫.૦૦ |
| વેજલપુર સ્મશાનગૃહ | ૪૦.૦૦ |

આગામી સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં સ્મશાનગૃહના આધુનિકરણ માટે રૂા.૪૨૩.૫૦ લાખનું બજેટ ફાળવવામાં આવેલ છે.

## હોસ્પીટલોનું આધુનિકરણ :

### ➢ વી.એસ.હોસ્પીટલ :



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત વી.એસ. જનરલ હોસ્પીટલ ખાતે ટ્રોમા સેન્ટરમાં ગ્રાઉન્ડ ફલોર ઉપર ૬- ટ્રોમા બેડ, ઈમરજન્સી માટે મીની ઓપરેશન થીયેટર, ફર્સ્ટ ફલોર ઉપર આઈ.સી.યુ. અને એકયુટ કેરની સગવડ, સેકન્ડ ફલોરમાં એકિસડન્ટ વોર્ડ તથા થર્ડ ફલોર ઉપર બે મોડયુલર ઓપરેશન થીયેટર સાથે પોસ્ટ ઓપરેટીવ કેર વોર્ડ કાર્યરત કરવામાં આવેલ છે. જેમાં વેન્ટીલેટર, મલ્ટીપેરા મોનીટર, ડીફેબ્રીલેટર, સીટી સ્કેન, પોર્ટેબલ એક્સ-રે યુનીટ, સક્શન અને ઈન્ફ્યુઝન પમ્પ વગેરે જેવા અદ્યતન સાધનો વસાવવામાં આવેલ છે. એન.એચ.એલ. મેડીકલ કોલેજ અંતર્ગત સદરહુ ઈમરજન્સી-ટ્રોમા સેન્ટર ખાતે ઈમરજન્સી મેડીસીનનો પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્ષ શરૂ કરવામાં આવેલ છે. તબીબી શિક્ષણ ક્ષેત્રે આ કોર્ષ શરૂ કરવામાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન મોખરે રહેવા પામેલ છે.

તેમજ હાલમાં વી.એસ. હોસ્પીટલમાં કાર્ડીયોથોરોસીક ઓપરેશન થિયેટર અને વોર્ડ , સ્ત્રી - પુરુષના જનરલ વોર્ડ તેમજ બેસમેન્ટનું રીટ્રોફીટીંગ- રીપેરીંગ, રેડિયોલોજી બિલ્ડીંગ તથા સ્પેશીયલ રૂમોને અદ્યતન બનાવવા, નવી કાર્ડીયાક કેથલેબ વસાવવાની અને હયાત કેથલેબના રીસ્ટોરેશનની તથા આઈ.સી.સી.યુ. વોર્ડનું રીનોવેશન તેમજ નવી નર્સિંગ સ્કુલ તથા હોસ્ટેલ બનાવવાની કામગીરી ચાલુ છે. જે આગામી વર્ષે પૂર્ણ કરવામાં આવશે. જેની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | કામની વિગત | અંદાજીત રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | વા.સા. હોસ્પીટલ ખાતે નર્સીંગ સ્કુલ તથા હોસ્ટેલ | ૧૨૩૩.૦૯ |
| ૨ | વા.સા. હોસ્પીટલ ખાતે કેથલેબનું રીનોવેશન | ૧૮૦.૯૪ |
| ૩ | વા.સા. હોસ્પીટલના વોર્ડ બિલ્ડીંગનું રીનોવેશન | ૪૪૪.૨૭ |
| ૪ | વા.સા. હોસ્પીટલ ખાતે ફીઝીયોથેરાપીના મકાનનું એક્ષ્ટેન્સન | ૧૪૦.૦૦ |

## ➢ શેઠ એલ. જી. હોસ્પીટલ ખાતે મલ્ટીસ્ટોરીડ હોસ્પિટલ કોમ્પ્લેક્ષ :

મણિનગર વિસ્તારમાં આવેલ શેઠ એલ.જી. હોસ્પીટલના સંકુલમાં રૂા.૪૪.૦૦ કરોડના અંદાજીત ખર્ચે ૫૨૬૦૦ ચો.મી. બીલ્ટઅપ એરીયા ૧૦ માળની મલ્ટી સ્ટોરીડ હોસ્પીટલ કોમ્પ્લેક્ષ બનાવવામાં આવી રહેલ છે. સદરહુ હોસ્પીટલ કોમ્પ્લેક્ષમાં દર્દીઓ માટે ૪૫૦ બેડની સુવિધા ઉભી કરવામાં આવશે તથા આધુનિક સુવિધા સાથે ઓ.પી.ડી., નવા જનરલ વોર્ડ, એડમીનીસ્ટ્રેટીવ બ્લોક્સ, આઈ.સી.સી.યુ., સીટી સ્કેન એન્ડ એમ.આર.આઈ., ઓપરેશન થીયેટર્સ તથા કેન્ટીન બનાવવામાં આવનાર છે. જેની ૬૦% જેટલી કામગીરી પૂર્ણ થયેલ છે.

આગામી સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં સદરહુ કામગીરી માટે રૂા.૧૮૭૦.૦૦ લાખનું બજેટ ફાળવવામાં આવેલ છે.

## ➢ રૂક્ષ્મણીબેન હોસ્પીટલ :

પૂર્વ ઝોનના ખોખરા વોર્ડમાં આવેલ રૂક્ષ્મણીબેન હોસ્પીટલમાં રૂા.૨૨૫.૦૦ લાખના અંદાજીત ખર્ચે નવું મકાન બનાવવાની કામગીરી કરવામાં આવી રહેલ છે.

## ➢ મેડીકલ - ડેન્ટલ કોલેજ :

શહેરના નાગરિકોને તબીબી શિક્ષણની સુવિધાઓ મળી રહે તે હેતુથી હાલમાં એલ. જી. હોસ્પીટલ ખાતે નવી મેડીકલ કોલેજ તેમજ ખોખરા ખાતે ડેન્ટલ કોલેજનું બાંધકામ ચાલુ છે. વધુમાં એન.એચ.એલ. મેડીકલ કોલેજમાં પણ જરૂરી સુધારા-વધારા કરવાની કામગીરી ચાલુ છે. જેની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | કામની વિગત | અંદાજીત રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | એન.એચ.એલ. મેડીકલ કોલેજમાં લાયબ્રેરી/જીમ્નેશીયમ રૂમ, લેકચર રૂમ, કેડેવરી સેન્ટરમાં રીનોવેશનના કામ બાબત | ૨૦૦.૦૦ |
| ૨ | એલ. જી. હોસ્પીટલ કેમ્પસ ખાતે નવી બનનાર મેડીકલ કોલેજ માટે જનરલ પી.જી. હોસ્ટેલ બનાવવા | ૨૦૦૦.૦૦ |
| ૩ | એલ. જી. હોસ્પીટલ કેમ્પસ ખાતે કાફેટેરીયા બિલ્ડીંગ બનાવવા | ૨૯૫.૨૦ |
| ૪ | એલ. જી. હોસ્પીટલ કેમ્પસ ખાતે નવી બનનાર મેડીકલ કોલેજ માટે યુ.જી. હોસ્ટેલ બનાવવા | ૨૦૦૦.૦૦ |

આગામી સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં હોસ્પીટલ, મેડીકલ-ડેન્ટલ કોલેજ તથા મેડીકલ સાધનોને લગતી કામગીરી માટે રૂા.૬૨૮૪.૦૦ લાખનું બજેટ ફાળવવામાં આવેલ છે.

## અર્બન હેલ્થ સેન્ટર :

શહેરીજનોની સ્વાસ્થ્ય સુખાકારી જળવાઈ રહે તથા તેઓને ઘરઆંગણે પ્રાથમિક તબીબી સારવાર ઉપલબ્ધ થઈ શકે તે હેતુથી શહેરમાં ૫૭ જેટલા અર્બન હેલ્થ સેન્ટર ચલાવવામાં આવી રહેલ છે. જેમાં જનરલ ઓ.પી.ડી., ઈમ્યુનાઈઝેશન, આરોગ્ય શિક્ષણ, સગર્ભા બહેનોનું રજીસ્ટ્રેશન અને એન્ટીનેટલ કેર, પરિવાર કલ્યાણની સેવાઓ, જન્મ-મરણ અને લગ્નની નોંધણી, લેબોરેટરી વગેરે સેવાઓ આપવામાં આવે છે. અર્બન હેલ્થ સેન્ટરમાં આપવામાં આવતી સુવિધાઓનો શહેરમાં પછાત વિસ્તારમાં વસતાં નાગરિકો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરી રહેલ છે.

સ્વર્ણિમ જયંતિ વર્ષમાં શહેરના દરેક ૫૦,૦૦૦ ની વસ્તી દીઠ એક અર્બન હેલ્થ સેન્ટરની વ્યવસ્થા થાય તે મુજબની માર્ગદર્શક સૂચનાઓ રાજ્ય સરકારશ્રીએ આપેલ છે તેના ભાગરૂપે અર્બન હેલ્થ સેન્ટરોની હાલની સંખ્યા ૫૫ થી વધારીને આગામી વર્ષે ૧૦૦ કરવામાં આવશે એટલે કે ૪૩ નવા અર્બન હેલ્થ સેન્ટર કાર્યરત કરવાનું નક્કી કરેલ છે. જે માટે અંદાજપત્રમાં રૂા.૧૩.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે તથા નવા વિસ્તારોમાં આરોગ્યની સેવાઓ મળી રહે તે માટે મોટેરા તથા સરખેજના કોમ્યુનીટી હેલ્થ સેન્ટરને રૂા.૨.૦૦ કરોડના ખર્ચે અપગ્રેડ કરવામાં આવશે. અર્બન હેલ્થ સેન્ટરો માટે રૂા.૩૨.૦૦ કરોડનો પ્રોજેક્ટ તૈયાર કરી રાજ્ય સરકારશ્રી મારફતે કેન્દ્ર સરકારશ્રીના નેશનલ અર્બન હેલ્થ મીશનની મંજૂરી અર્થે સાદર કરવામાં આવેલ છે.

## મુખ્ય ઓફિસ તથા વોર્ડ ઓફિસ :

➤ મ્યુનિસિપલ કોર્પોરેશન અમદાવાદની મુખ્ય ઓફિસ જે સરદાર પટેલ ભવન તરીકે ઓળખાય છે તેના બ્લોક નં. એ, બી તથા સી ઘણા જ જૂના છે. હયાત બ્લોક-એ ને હેરીટેજ બિલ્ડીંગ તરીકે જાળવીને તેની તે જ સ્થિતિમાં રીપેરીંગ તથા રીટ્રોફીટીંગ કરવાની કામગીરી હાલમાં ચાલુ છે. તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશનના હયાત બ્લોક-એ ને હેરીટેજ કેટેગરીમાં જાળવી તેનો મ્યુઝીયમ તરીકે ઉપયોગ કરવાનું આયોજન હોવાથી પાછળના ખુલ્લા પ્લોટ તથા બ્લોક-સી ને દૂર કરીને તે સમગ્ર જગ્યાએ રૂા.૧૨૯૮.૦૦ લાખના ખર્ચે બેઝમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર + છ માળની અદ્યતન નવી મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય ઓફિસ તમામ સવલતો સાથે બનાવવામાં આવી રહેલ છે. જેની કામગીરી પૂર્ણતાને આરે છે.

- ➤ શહેરની હદમાં ભેળવવામાં આવેલ પશ્ચિમ વિસ્તારની નગરપાલિકાઓ અને ગ્રામપંચાયતોના વહીવટ સરળ અને ઝડપી થાય તે હેતુથી નવા પશ્ચિમ ઝોનની રચના કરવામાં આવેલ છે. નવા પશ્ચિમ ઝોનમાં વસતા નાગરિકોના પ્રશ્નો અને સમસ્યાઓનું ઝડપથી નિરાકરણ મળી રહે તે માટે વહીવટી વિકેન્દ્રીકરણના સિદ્ધાંતને અનુસરીને નવા પશ્ચિમ ઝોન માટેની ઝોનલ ઓફિસ બોડકદેવ ખાતે અંદાજીત રૂા.૫૮૧.૦૦ લાખના ખર્ચે બનાવવામાં આવી રહેલ છે.
- ➤ તદ્ઉપરાંત શહેરના જુદા-જુદા વોર્ડમાં વોર્ડ ઓફિસ તેમજ સબ ઝોનલ ઓફિસ બનાવવામાં આવશે. તેની વિગતો નીચે મુજબ છે.

| વોર્ડ ઓફિસ | અંદાજીત ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|
| અમરાઈવાડી સબ ઝોનલ ઓફિસ | ૧૦૫.૦૦ |
| નવા વાડજ સબ ઝોનલ | ૬૫.૦૦ |
| ગીરધરનગર વોર્ડ ઓફિસ | ૭૫.૦૦ |
| બાપુનગર સબ ઝોનલ ઓફિસ | ૩૫.૦૦ |
| બોડકદેવ વોર્ડ ઓફિસ | ૫૦.૦૦ |
| પાલડી મસ્ટર સ્ટેશન | ૫૦.૦૦ |
| સૈજપુર વોર્ડ ઓફિસ | ૪૦.૦૦ |

આગામી સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં સદરહુ પ્રોજેક્ટ માટે જુદા-જુદા સદરોમાં મળી કુલ રૂા.૨૩૭૧.૫૦ લાખનું બજેટ ફાળવવામાં આવેલ છે.

## સ્ટાફ ટ્રેનીંગ :

કર્મચારી સારી રીતે કામ કરી શકે તે માટે તે શારીરિક તેમજ માનસિક રીતે સ્વસ્થ હોય તે ખૂબ જ જરૂરી છે. કર્મચારી માનસિક રીતે સ્વસ્થ બની સારી રીતે પોતાની ફરજ બજાવી શકે તે માટે તેમજ દેશના અન્ય વિકસિત શહેરના વિકાસમાં તમામ પાસાનું નોલેજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારી તેમજ અધિકારીને હોય તે અત્યંત જરૂરી છે. આ માટે ચાલુ વર્ષે વધુમાં વધુ કર્મચારી તેમજ અધિકારીઓને વિવિધ ટ્રેનીંગ તેમજ સેમીનારમાં મોકલવાનું આયોજન છે. જેથી તેમની કાર્યદક્ષતામાં વધારો થશે. તદ્ઉપરાંત મેનહોલ વર્કરોને તેમની કામગીરી માટે ખાસ પ્રકારની તાલીમ આપવા માટે સઘન આયોજન કરવામાં આવેલ છે. આ માટે વર્ષ ૨૦૧૦-૨૦૧૧ ના બજેટમાં રૂા. ૫૦.૦૦ લાખ ફાળવવામાં આવેલ છે.

## સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ :



સાબરમતી નદીના બંને કાંઠાનો વિકાસ કરી અમદાવાદ શહેરના નાગરિકો માટે આનંદપ્રમોદ અને મનોરંજનના સાધનો ઉભા કરવા ઉપરાંત અનેકવિધ ઉદ્દેશો ધરાવતો સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ ઝડપથી, સરળતાથી તથા અસરકારક રીતે સાકાર કરવાના હેતુસર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન મારફતે સને ૧૯૯૭ માં કંપનીધારા ૧૯૫૬ હેઠળ (SRFDCL) સ્વાયત્ત કંપનીની સ્થાપના કરવામાં આવેલ છે. જેના દ્વારા નદી કાંઠાનો વિકાસ કરવાની કામગીરી હાથ ઉપર લેવામાં આવેલ છે. સાબરમતી નદીના શુદ્ધિકરણ સાથે અમદાવાદના પર્યાવરણની જાળવણી સાથેના સમગ્રતયા મહાનગરના ઐતિહાસિક સ્થાપત્યો, ભદ્રકાળી કિલ્લો, ત્રણ દરવાજા, હવેલી સહિતના સાંસ્કૃતિક વિરાસતની પ્રતિષ્ઠાને આવરી લેવા આ રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટના બંને કાંઠાના વિઝનરી વિકાસ આયોજન અંગેની તથા પર્યાવરણીય પાસાઓ સાથે નદીના બંને કાંઠે ઠલવાતાં સુએજને સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી ડાયવર્ટ કરવા અંગેની અને તેને સંલગ્ન કામગીરી અંગેનું પણ આયોજન આ યોજનામાં કરવામાં આવેલ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ અમદાવાદ મહાનગરનો પર્યાવરણીય માળખાકિય વિકાસ પ્રકલ્પ છે. ઐતિહાસિક સાબરમતી નદીના બંને કાંઠાના સમગ્ર ૨૧ કિ.મી. ના વિસ્તારો આયોજીત વિકાસ અને દૂરંદેશીના અભાવથી ઉપેક્ષિત રહેલ તેનો આધુનિક કાયાકલ્પ કરવા પ્રથમ તબક્કામાં ડફનાળાથી વાસણા બેરેજ સુધીના વિસ્તારનો વિકાસ કરવા માટે અંદાજે રૂા.૧૧૮૨.૦૦ કરોડનો આ મહત્ત્વકાંક્ષી પ્રોજેક્ટ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શરૂ કરવામાં આવેલ છે.

ડફનાળાથી વાસણા બેરેજ સુધીના અંદાજે ૧૦.૫ કિ.મી. લંબાઈના વિસ્તારમાં હાલમાં પ્રોજેક્ટમાંની ડાયાફ્રામ વોલનું કામ પૂર્ણ થઈ ગયેલ છે અને બંને તરફની રીટેનીંગ વોલનું કામ પૂરજોશમાં ચાલુ છે અને પૂર્ણતાને આરે છે તથા જરૂરી ઘાટ અને નીચેના વૉક-વે લેવલે પહોંચવા માટેની સીડીઓનું કામ પણ પૂરજોશમાં ચાલુ છે. રીટેનીંગ વોલની પાછળ સ્પે.અર્થ ફીલીંગ તેમજ જનરલ અર્થ ફીલીંગનું કામ પૂરજોશમાં ચાલુ છે. જે નદીના પૂર્વ કિનારે સુભાષબ્રીજથી દૂધેશ્વર સુધી તેમજ પશ્ચિમ કિનારે ઉસ્માનપુરા થી સરદાર બ્રીજ સુધીના વિસ્તારમાં પૂર્ણતાને આરે છે. નદીમાં બંને બાજુએ આવેલ સ્ટૉર્મ વોટર આઉટલેટમાંથી બારેમાસ આવતાં ગંદા પાણીને ડાયવર્ટ કરવા ઈન્ટરસેપ્ટર લાઈન, ઈન્ટરનલ સુએજ પપીંગ સ્ટેશન તથા ટર્મીનલ સુએજ પપીંગ સ્ટેશન વિગેરે કામો પૈકી બંને કિનારા ઉપર સરદાર

બ્રીજ સુધી પાઈપ લાઈન નાંખવાની કામગીરી પૂર્ણ થયેલ છે. જ્યારે જરૂરી ઈન્ટર મીડીયેટ તેમજ ટર્મીનલ પપીંગ સ્ટેશનો અને આર.સી.સી. જંકશન ચેમ્બર બનાવવાની કામગીરી બંને કાંઠે ચાલુ છે તથા સરદાર બ્રીજની ડાઉન સ્ટ્રીમમાં પૂર્વ કિનારે આર.સી.સી. પાઈપલાઈન નાંખવાની કામગીરી મહદ્અંશે પૂર્ણ થયેલ છે અને અનુક્રમે પૂર્વ તથા પશ્ચિમ કિનારા ઉપર ડક્ટ લાઈનની કામગીરી પૂરજોશમાં ચાલુ છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટમાં નાણાંકીય સહાયના ભાગરૂપે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રૂ.૨૪૦ કરોડ શેર કેપીટલમાં રોકાણ કરવામાં આવેલ છે. તદ્ઉપરાંત સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમીટેડ દ્વારા પ્રોજેક્ટ માટે હુડકોમાંથી મેળવેલ લોનના વ્યાજ તથા મુદ્દલની ચૂકવણી જ્યાં સુધી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ થકી રીક્લેઈમ થઈ મળનારી જમીનના ડેવલપમેન્ટસ રાઈટસની આવક કંપનીને ન મળે ત્યાં સુધી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવશે. સાથે-સાથે જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેટ કોર્પોરેશન લિમીટેડને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બ્રીજ લોન તરીકે નાણાંકીય સહાય પૂરી પાડવામાં આવે છે. અત્યાર સુધી હુડકો પાસેથી રૂ.૨૦૦.૦૦ કરોડ લોન રૂપે મેળવેલ છે અને તાજેતરમાં વધુ રૂ.૩૫૦.૦૦ કરોડની લોન મંજૂર થયેલ છે.



સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટમાં હાલ રૂ.૭૦૨.૦૦ કરોડના વિવિધલક્ષી કામો ચાલે છે. જેમાં તા.૩૧-૧૦-૦૯ સુધીમાં આ યોજના પાછળ કુલ રૂ.૫૮૭.૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.

## અગ્નિશમન સેવાઓનું આધુનિકરણ :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના નાગરિકોના જાન-માલની સલામતી માટે અગ્નિશમન સેવાઓ પુરી પાડવામાં આવેલ છે. અમદાવાદ શહેર ઉપરાંત નજીકના ગામો તથા શહેરોને જરૂર પડે ત્યારે ફાયર સેવાની મદદ આપવામાં આવે છે. શહેરના ઔદ્યોગિક વિકાસ તથા વધતી જતી વસ્તીની ગીચતાના કારણે શહેરમાં બહુમાળી મકાનોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહેલ છે તથા નવા વિસ્તારોનો સમાવેશ કરાતાં અમદાવાદ શહેરનો વિસ્તાર ૧૯૦.૮૪ ચો.કિ.મી. વધીને લગભગ ૪૬૬.૦૦ ચો.કિ.મી. જેટલો થયેલ છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં સમાવેશ થયેલ નવા વિસ્તારોમાં ઝડપથી અગ્નિશમન સેવાઓ પુરી પાડી શકાય તે માટે અસલાલી ઓકટ્રોય નાકાની જગ્યામાં, સોલા-થલતેજ, વસ્ત્રાલ-રામોલ, ચાંદખેડા તથા સરખેજ-મકરબામાં નવા આધુનિક ફાયર સ્ટેશન બનાવવાનું આયોજન છે.

તદ્‌ઉપરાંત આગામી વર્ષમાં હાઈ પ્રેશન મીની ફાયર ટેન્ડર, વોટર ટેન્ડર ટાઈપ બી, વોટર ટેન્ડર વીથ ફોમ, હાઈડ્રોલીક ક્રેન ૪૫ ટન, હાઈ એક્ષપેન્શન ફોમ જનરેટર, મીડીયમ રેસ્ક્યુ વ્હીકલ, વોટર ટેન્ડર્સ ૧૦૦૦ લીટર્સ, હાઈડ્રોલીક પ્લેટફોર્મ જેવા આધુનિક અગ્નિશમન સાધનો ખરીદવાનું આયોજન છે.

આ માટે આગામી સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષના બજેટમાં રૂા.૨૪૯૫.૫૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

## સ્ટ્રીટ લાઈટ :

કોર્પોરેશન દ્વારા પ્રાયોગિક ધોરણે બે ગાર્ડનમાં સ્ટ્રીટ લાઈટોને સૌરઉર્જા આધારિત કરવામાં આવેલ છે તેની સફળતાને ધ્યાનમાં લઈ વધુ ૨૦૦ ટ્રેડીશનલ ઉર્જા આધારિત સોડીયમ સ્ટ્રીટ પોલને સૌરઉર્જા આધારિત કરવા માટેની કામગીરી હાથ ધરેલ છે. જેના માટે અંદાજપત્રમાં રૂા.૨૦૦ લાખની જોગવાઈ કરેલ છે. વધુમાં શહેરના મુખ્ય ટ્રાફિક સિગ્નલો પણ સૌરઉર્જા આધારિત કરવામાં આવેલ છે. શહેરની હદમાં સમાવિષ્ટ થયેલ નગરપાલિકા અને ગ્રામપંચાયતના નવા વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટની સુવિધા આપવા માટે પણ પૂરતી જોગવાઈ અંદાજપત્રમાં કરવામાં આવેલ છે. સ્ટ્રીટ લાઈટની કામગીરી માટે સને ૨૦૧૦-૨૦૧૧ ના અંદાજપત્રમાં રૂા.૨૨૦૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

## એનર્જી સેવીંગ :

એનર્જી સેવીંગ માટે વર્ષો જૂના વોટર પંપીંગ સ્ટેશનો તથા ડ્રેનેજ પંપીંગ સ્ટેશનોનું એનર્જી ઓડીટ કરાવીને અત્યાર સુધીમાં ૨૬ ડ્રેનેજ પંપીંગ સ્ટેશનોમાં ૩૪ પંપો તથા ૨૬ વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશનોમાં ૪૧ પંપો બદલવામાં આવેલ છે. બાકીના ડ્રેનેજ તથા વોટર પંપીંગ સ્ટેશનોના પંપો બદલવાની કાર્યવાહી ચાલુ છે.

# "જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન" (JnNURM) યોજના

"જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન" (JnNURM) યોજના અંતર્ગત શહેરી સુખાકારી, વાહનવ્યવહાર અને વિવિધ ક્ષેત્રે હાથ ધરવામાં આવેલ અંદાજીત રૂા.૨૨૮૫.૯૮ કરોડના કામો પૈકી બ્રીજ તથા ફ્લાય ઓવર, પાણી પુરવઠો, શહેરી ગરીબો માટે આવાસ તેમજ સ્ટૉર્મ વોટર ડ્રેઈનના મોટાભાગના કામો પૂર્ણ થવાના આરે છે. બી.આર.ટી.એસ. - જનમાર્ગ પ્રોજેક્ટ પૈકી આર.ટી.ઓ. થી ચંદ્રનગર (વાસણા) સુધીનો માર્ગ કાર્યરત કરવામાં આવેલ છે. "જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન" (JnNURM) યોજના અંતર્ગત શહેરમાં ચાલુ કામોની વધુ માહિતી નીચે મુજબ છે.

## જનમાર્ગ (બી.આર.ટી.એસ.) :



શહેરની ટ્રાફિકની સમસ્યા હલ કરવા તથા સક્ષમ પરિવહન સેવા પુરી પાડવા બી.આર.ટી.એસ. પ્રોજેક્ટનું અમલીકરણ હાથ ધરવામાં આવેલ છે. બી.આર.ટી.એસ. - જનમાર્ગનું ત્રણ ફેઝમાં આયોજન કરવામાં આવેલ છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | ફેઝ-૧ | ૬૦ કિ.મી. | અંદાજ રૂા. ૪૯૬.૯૩ કરોડ |
| ૨. | ફેઝ-૨ | ૩૪ કિ.મી. | અંદાજ રૂા. ૪૮૮.૧૩ કરોડ |

**બી.આર.ટી.એસ. - જનમાર્ગ પ્રોજેક્ટના મુખ્ય અંશો નીચે મુજબ છે.**

- રોડની મધ્યમાં ડેડીકેટેડ બસ લેન
- ૩૫ મી. થી વધુ રાઈટ-વે ધરાવતાં માર્ગો પર ફુટપાથ તથા સાઈકલ ટ્રેક
- સરફેઈસ ડ્રેઈન માટે ફુટપાથ નીચે આર.સી.સી. ડક્ટ
- બસ શેલ્ટર, ટર્મિનલ સ્ટેશન, બસ ડેપો તથા વર્કશોપ
- જી.પી.એસ. સીસ્ટમ દ્વારા બસોની અવર-જવરનું નિયમન
- ટ્રાન્ઝીટ મેપ, બસ રૂટની માહિતી, પેસેન્જર ઈન્ફર્મેશન સીસ્ટમ સાથેના સેન્સરથી કન્ટ્રોલ થતાં દરવાજાઓવાળા બસ સ્ટેશનો



ભારત સરકારશ્રીની જવાહરલાલ નહેરૂ અર્બન રીન્યુઅલ મીશન (JnNURM) હેઠળ ફેઝ-૧ માટે રૂા. ૪૯૩.૩૨ કરોડના પ્રોજેક્ટને તથા ફેઝ-૨ ના રૂા. ૪૮૮.૧૩ કરોડના જનમાર્ગ પ્રોજેક્ટને મંજૂરી મળેલ છે. જે પૈકી ફેઝ-૧ માં વિકાસ કરવામાં આવી રહેલ આ પ્રોજેક્ટમાં આર.ટી.ઓ. થી ચંદ્રનગર (વાસણા) સુધીના ૧૨.૨૫ કિ.મી.ના કોરીડોર ઉપર જનમાર્ગના કામો પૂર્ણ કરી બસ ફરતી કરવામાં આવેલ છે. જ્યારે ચંદ્રનગર (વાસણા) થી પીરાણા થઈને નારોલ-નરોડા સુધીના જનમાર્ગના કામો પૂરજોશમાં ચાલુ છે. બસ સ્ટોપ, નેટવર્ક, સેન્ટ્રલાઈઝ કન્ટ્રોલ રૂમ, વર્કશોપના કામો ચાલુ કરેલ છે. બી.આર.ટી.એસ. ના ફેઝ-૧ નું સંપૂર્ણ કામ સપ્ટેમ્બર-૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

જનમાર્ગ ફેઝ-૨ માટે ૨૬ કિ.મી. ના વિવિધ કોરીડોર આવરી લેવામાં આવેલ છે. તેમજ દરિયાપુર દરવાજા સરસપુર સુધી ૪.૫૦ કિ.મી. નો એલીવેટેડ બી.આર.ટી.એસ. રોડનું આયોજન કરવામાં આવેલ છે. જેની ડીઝાઈન અને ટેન્ડરીંગના કામો ચાલુ કરેલ છે.

જનમાર્ગ યોજના હેઠળ બી.આર.ટી.એસ. રૂટ ઉપર ૧૩૨ ફૂટ રીંગ રોડ તેમજ ૨૦૦ ફૂટના નારોલ-નરોડા રોડ ઉપર તથા સાબરમતી નદી ઉપર બ્રીજ/ફ્લાયઓવર તથા આર.ઓ.બી. બનાવવામાં આવી રહેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

**(રૂા. કરોડમાં)**

| ક્રમ | વિગત | અંદાજીત રકમ | ૧૫ ડીસેમ્બર-૦૯ સુધી થયેલ ભૌતિક પ્રગતિ (%) |
|---|---|---|---|
| ૧ | વાડજ દુધેશ્વરને જોડતો રીવર બ્રીજ | ૩૩.૪૮ | ૭૦% કામ પૂર્ણ |
| ૨ | ઓમકાર આર.ઓ.બી. | ૩૫.૬૮ | ૭૨% કામ પૂર્ણ |
| ૩ | સોની ની ચાલી જંકશન | ૨૧.૮૪ | ૪૨% કામ પૂર્ણ |
| ૪ | સી.ટી.એમ. જંકશન | ૪૨.૯૪ | ૪૭% કામ પૂર્ણ |
| ૫ | જશોદાનગર જંકશન | **૨૮.૩૬** | ૫૨% કામ પૂર્ણ |
| ૬ | ઈસનપુર જંકશન | ૨૪.૯૪ | ૩૭% કામ પૂર્ણ |

| ક્રમ | વિગત | અંદાજીત રકમ | ૧૫ ડીસેમ્બર-૦૯ સુધી થયેલ ભૌતિક પ્રગતિ (%) |
|---|---|---|---|
| ૭ | ઠક્કરબાપાનગર જંકશન | ૨૯.૭૦ | ૫% કામ પૂર્ણ |
| ૮ | ગીરધરનગર-શાહીબાગ (લાડલાપીર) રેલ્વે ઓવરબ્રીજ | ૨૧.૫૫ | ૯૨% કામ પૂર્ણ |
| ૯ | વટવા અંબિકા રેલ્વે ઓવરબ્રીજ | ૩૫.૧૯ | ૮૩% કામ પૂર્ણ |

સપ્ટેમ્બર-૨૦૧૦ સુધીમાં પૂર્ણ થનાર બી.આર.ટી.એસ. ના પ્રથમ ફેઝ માટેની બસો તથા તેની ફીડર બસો માટે પણ આયોજન કરવામાં આવેલ છે. જેના માટે JnNURM પ્રોજેક્ટ અંતર્ગત ૭૩૦ બસો માટે અંદાજીત રૂા.૨૫૨.૦૦ કરોડના ડી.પી.આર. ની મંજૂરી મળેલ છે. આ માટે લૉ-ફ્લોર, ઓટોમેટીક ડોર ધરાવતી, યુરો-૩ ડીઝલ બસો પસંદ કરવામાં આવેલ છે. જેમાં જી.પી.એસ./જી.પી.આર.એસ., એલ.ઈ.ડી. અને સ્પીકર્સ દ્વારા એનાઉન્સમેન્ટ જેવી અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરી તેને યુઝર ફ્રેન્ડલી બનાવવામાં આવેલ છે. આ બસોમાં ૩૬ ની સીટીંગ કેપેસીટી અને ૫૦ પેસેન્જરની સ્ટેન્ડીંગ કેપેસીટી ઉપલબ્ધ છે. જે માટે અત્યાર સુધીમાં ૨૫૫ બસોનો ઓર્ડર આપવામાં આવેલ છે. આથી બસોની ડીલીવરી મળતાં બી.આર.ટી.એસ. ફેઝ-૧ સંપૂર્ણ પણે કાર્યરત થઈ શકશે. આ માટે ખરીદ કરવાની થતી બસોની અંદાજીત કુલ કિંમત રૂા.૨૫૨.૦૦ કરોડ થાય છે. જે પૈકી ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૦૯-૨૦૧૦ માં રૂા.૮૦.૦૦ કરોડ તથા આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૦-૨૦૧૧ રૂા.૧૭૨.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

વિવિધ બ્રીજ, આર.ઓ.બી. તથા સ્પ્લીટ ફ્લાયઓવરના કારણે જનમાર્ગ ઉપર દોડનાર બી.આર.ટી. બસ સરળતાથી કોઈપણ પ્રકારના અવરોધ વગર પસાર થઈ શકશે. જનમાર્ગની સુવિધાને કારણે નાગરિકોના પરિવહનના સમયમાં ઘટાડો થશે, શહેરમાં ટ્રાફિકની ગીચતામાં ઘટાડો થશે, કિંમતી ઈંધણ બચશે તેમજ હવામાં પ્રદૂષણનું પ્રમાણ ઘટશે. સમગ્ર ભારત તેમજ એશિયામાં જનમાર્ગનું અમલીકરણ પ્રથમવાર થઈ રહેલ છે અને જેને કારણે સામાન્ય નાગરિકને ખૂબ જ લાભ થશે તથા જનમાર્ગ આશીર્વાદરૂપ બનશે.



ભારત સરકારશ્રીના શહેરી વિકાસ મંત્રાલય (શહેરી પરિવહન વિભાગ) દ્વારા સદરહુ પ્રોજેક્ટને "Best Mass Transit Project" નો નેશનલ એવોર્ડ ડીસેમ્બર-૨૦૦૯ માં આપવામાં આવેલ છે.

સદરહુ યોજના અંતર્ગત ચાલુ નાણાંકિય વર્ષમાં રૂા.૩૦૫.૦૦ કરોડ તથા આગામી સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષના બજેટમાં રૂા.૪૪૭.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે.

## સ્ટોર્મ વોટર ડ્રેઈન :



"જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન" (JnNURM) અંતર્ગત વરસાદી પાણીના ઝડપી નિકાલ, ચોમાસાના સમયે ડ્રેનેજ પંપીંગ સ્ટેશનો પર પડતાં લોડ તેમજ મશીનરીને થતાં નુકસાન ઓછું કરવાના આશય સાથે સમગ્ર શહેરને આવરી લેતાં રૂા.૩૦૨.૮૫ કરોડના સ્ટૉર્મ વોટર ડ્રેનેજ પ્રોજેક્ટની યોજના હેઠળ મંજૂરી મળેલ છે. પ્રોજેક્ટનું અમલીકરણ જુદા-જુદા ૧૩ પેકેજમાં હાથ ધરવામાં આવેલ છે. જે પૂર્ણતાને આરે છે.

ચાલુ નાણાંકિય વર્ષ સને ૨૦૦૯-૨૦૧૦ માં રૂા.૧૬૦૦૦.૦૦ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે તથા સને ૨૦૧૦-૧૧ ના વર્ષમાં રૂા.૭૦૦.૦૦ લાખ બજેટ ફાળવવામાં આવેલ છે.

## સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ :

અમદાવાદ શહેરમાં હાલમાં કુલ ૪૦૦ એમ.એલ.ડી. કેપેસીટીના ચાર સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યરત છે. પરંતુ ભવિષ્યની (૨૦૨૧) આશરે ૭૦ લાખની વસ્તીને ગણતરીમાં લેતાં આ કેપેસીટી ઘણી જ ઓછી પડે તેમ છે આથી "જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન" (JnNURM) યોજના અન્વયે **એક્ટીવેટેડ સ્લજ પ્રોસેસ** ટાઈપના સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવામાં આવી રહેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | ટ્રીટમેન્ટ પ્લાન્ટનું નામ | અંદાજીત રકમ (રૂા. કરોડમાં) | ૧૫ ડીસેમ્બર-૦૯ સુધી થયેલ ભૌતિક પ્રગતિ (%) |
|---|---|---|---|
| ૧ | ૩૫ એમ.એલ.ડી. સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ | ૧૫.૯૨ | ૮૯% કામપૂર્ણ |

૧૮૦ એમ.એલ.ડી. નો સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ૧૦૦% ઓટોમાઈઝેશન સીસ્ટમ સાથે કાર્યરત કરવામાં આવેલ છે. જેની સફળતાથી પ્રેરાઈને ૬૦ તેમજ ૩૫ એમ.એલ.ડી. ના બન્ને સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ૧૦૦% ઓટોમાઈઝેશન સાથે ડીસેમ્બર-૨૦૦૯ સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે.

ચાલુ નાણાંકિય વર્ષમાં સદરહુ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવશે. સદરહુ યોજના માટે ચાલુ નાણાંકિય વર્ષ સને ૨૦૦૯-૧૦ માં રૂા.૩૧૨૧.૦૦ લાખ તથા આગામી સને ૨૦૧૦-૧૧ ના વર્ષમાં રૂા.૨૦૦.૦૦ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે.

## જળ વિતરણ વ્યવસ્થાપન :



"જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન" (JnNURM) પ્રોજેકટ અંતર્ગત જળ વિતરણ વ્યવસ્થાપન માટે (૧) નર્મદા મેઈન કેનાલથી કોતરપુર વોટર વર્કસ સુધી ૨૫૦૦ એમ.એમ. ડાયાની પાઈપ લાઈન નાંખવાની (૨) ૩૩૦ એમ.એલ.ડી. નો ઈન્ટેકવેલ બનાવવાની તથા (૩) રાસ્કા ખાતે નવો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાની રૂા. ૫૩.૮૩ કરોડની યોજનાઓ મંજૂર થયેલ છે. જે પૈકી નર્મદા મેઈન કેનાલથી કોતરપુર વોટર વર્કસ સુધી ૨૫૦૦ એમ.એમ. ડાયાની પાઈપ લાઈન નાંખવાનું કામ તથા ૩૩૦ એમ.એલ.ડી. ના ઈન્ટેકવેલનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે.

શહેરના દક્ષિણ તથા પૂર્વ વિસ્તારોના રાસ્કા વોટર રાસ્કા ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતેથી પૂરૂ પાડી શકાય તે આશયથી રૂા. ૩૫.૫૦ કરોડના અંદાજીત ખર્ચે હાથ ધરવામાં આવેલ ૨૦૦ એમ.એલ.ડી.ના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાની કામગીરી રાસ્કા ખાતે પૂરજોશમાં ચાલુ છે.

આ માટે આગામી સને ૨૦૧૦-૧૧ ના વર્ષના બજેટમાં રૂા.૫૦૦.૦૦ લાખની ફાળવણી કરવામાં આવેલ છે.

## શહેરી ગરીબો માટે આવાસ યોજના (EWS) :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન યોજના અંતર્ગત શહેરી ગરીબો માટે ૧૮,૯૭૬ આવાસો બનાવવા રૂા. ૩૩૮.૮૭ કરોડના પ્રોજેકટને કેન્દ્ર સરકારશ્રીની મંજૂરી મળેલ છે.

સદરહુ પ્રોજેકટ અન્વયે શહેરમાં કુલ ૬.૭૨ લાખ સ્કેવર મીટર જમીનમાં જુદી જુદી ઓગણત્રીસ (૨૯) જગ્યાએ કુલ ૧૮૯૭૬ આવાસો બાંધવાનું આયોજન કરવામાં આવેલ છે. કુલ જમીન ૬.૭૨ લાખ સ્કેવર મીટરમાં બંધ મીલોની મળેલ ૧.૭૧ લાખ સ્કેવર મીટર જમીનનો પણ સમાવેશ થાય છે.

આ આવાસો બેડરૂમ, કીચન, હોલ તેમજ ટોયલેટ અને બાથરૂમ સહીત ૩૬.૫ સ્કેવર મીટર સુપર બીલ્ટ અપ અને ૨૬.૭૭ સ્કેવર મીટર કાર્પેટ એરીયાના અત્યંત આધુનિક ટેકનોલોજી કે જેમાં તમામ દિવાલો આર.સી.સી.ની અને આકર્ષક ફિનીશીંગવાળી બનશે. આવાસો માટે જરૂરી માળખાકિય સુવિધાઓ જેવી કે ઈન્ટર્નલ રોડ, પેવીંગ, કમ્પાઉન્ડવોલ તેમજ આઉટર ઈન્ફ્રાસ્ટ્રકચરની વ્યવસ્થા સહિતના બનાવવામાં આવશે. આવાસોની ફાળવણીમાં શહેરી ગરીબો જેઓને વૈકલ્પિક વ્યવસ્થા કાયદાકીય રીતે આપવાની થતી હોય તેમજ અન્ય અસરગ્રસ્તો ને પ્રાધાન્ય આપવામાં આવશે.



સદરહુ યોજના હેઠળ જુદા-જુદા પાંચ પેકેજમાં બનાવવાના થતાં ૧૮૯૭૬ આવાસો પૈકી નવેમ્બર-૦૯ સુધીમાં ૬૪૧૨ આવાસોનું બાંધકામ પૂર્ણ કરેલ છે. બાકીના આવાસો બનાવવાની કામગીરી ચાલુ છે તથા આવાસો માટે ઈન્ફ્રાસ્ટ્રકચરની કામગીરી જેવી કે ગટર, પાણી, કમ્પાઉન્ડ વોલ, સ્ટ્રોમ વોટર ડ્રેનેજ ની કામગીરી પણ હાલમાં ચાલુ છે. તેમજ સોશીયલ ઈન્ફ્રાસ્ટ્રકચર ના કામ અંતર્ગત આંગણવાડી, હેલ્થ સેન્ટર અને સ્કુલનું પ્રોવિઝન કરવામાં આવેલ છે.

ચાલુ નાણાંકિય વર્ષ સને ૨૦૦૯-૧૦ માં રૂા.૧૨૫.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે તથા આગામી સને ૨૦૧૦-૨૦૧૧ ના બજેટમાં રૂા.૧૮૦.૦૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.

## સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ :




અમદાવાદ શહેરમાં રોજેરોજ સરેરાશ ૨૩૦૦ મેટ્રીક ટન ઘન કચરો ઉત્પન્ન થાય છે. જેમાંના ૮૦% કચરો રોજેરોજ ઉપાડવામાં આવે છે. વધુમાં વધારાના કર્મચારીઓ અને સાધનો કામે લગાડી સરેરાશ ૯૮% કચરો ઉપાડી લેવામાં આવે છે. જેનો નિકાલ પીરાણા ખાતેની ૮૪ હેકટર જગ્યામાં ફેલાયેલી લેન્ડ ફીલ સાઈટમાં કરવામાં આવે છે. હાલની સરેરાશ મુજબ સને ૨૦૧૧ સુધીમાં અમદાવાદ શહેરમાં રોજેરોજ સરેરાશ ૨૬૦૦ મેટ્રીક ટન ઘન કચરો ઉત્પન્ન થવાની ધારણા છે. આ કચરાના ઉદ્‌ભવ સ્થાનેથી એકત્રીકરણ, વહન અને વૈજ્ઞાનિક પદ્ધિતસરના નિકાલ માટે MOEF ની ગાઈડલાઈન મુજબની કાર્યક્ષમ અને લાંબાગાળા સુધી અસરકારક રહે તેવી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ સીસ્ટમ ઉભી કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટના આધુનિકરણ માટે ડી.પી.આર. બનાવીને રાજ્ય સરકારશ્રી મારફતે કેન્દ્ર સરકારના ''જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન'' (JnNURM) સમક્ષ મંજૂરી અર્થે રજૂ કરવામાં આવેલ છે. સદરહુ રૂા.૧૧૮.૮૪ કરોડના ડી.પી.આર. ને ભારત સરકારશ્રીની મંજૂરી મળેલ છે. આ યોજનામાં,

- ઉત્પન્ન થતાં તમામ કચરાનું ડોર ટુ ડોર વેસ્ટ કલેકશન સીસ્ટમ દ્વારા ઉદ્‌ભવ સ્થાનેથી એકત્રીકરણ તથા વર્ગીકરણ
- કચરાનો પદ્ધતિસરનો અને વૈજ્ઞાનિક રીતે નિકાલ તેમજ પુનઃઉપયોગ
- વહન અને નિકાલની પ્રક્રિયામાં કાર્યક્ષમતા હાંસલ કરવી
- ચાલી, ઝુંપડપટ્ટી, શાકબજારો અને માર્કેટ તથા મુખ્ય માર્ગોની સફાઈને પ્રાધાન્ય
- લેન્ડફીલ સાઈટ અને કચરામાંથી વિજળી ઉત્પન્ન કરવા માટેના મેનેજમેન્ટ કોન્ટ્રાક્ટ

વગેરે બાબતોનો સમાવેશ થાય છે.

મંજૂર થયેલ પ્રોજેક્ટ અંતર્ગત શહેરના પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ અને નવા પશ્ચિમ ઝોનમાં હેવી કેપેસીટીના કન્ટેઈનરો અને હાઈડ્રોલીક વાહનો દ્વારા ઘન કચરાનું ઝડપી પરિવહન કરી આખરી નિકાલ કરવા છ ટ્રાન્સફર સ્ટેશન બનાવવાની કામગીરી ચાલુ કરવામાં આવેલ છે. તદ્‌ઉપરાંત ૩૫ નંગ હાઈડ્રોલીક ડમ્પર પ્લેસર વાહનો તેમજ ૭ ક્યુબીક લીટર કેપેસીટીના ૪૦૦ નંગ કન્ટેઈનર્સ ખરીદ કરવામાં આવેલ છે. વધુમાં ૫૩ નંગ હાઈડ્રોલીક ડમ્પર પ્લેસર વાહનો અને ૧૮૩૬ નંગ કન્ટેઈનર્સ ખરીદવાનું આયોજન કરવામાં આવેલ છે.

સદરહુ પ્રોજેક્ટ માટે સને ૨૦૧૦-૨૦૧૧ ના બજેટમાં રૂા.૮૦.૦૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.

## સાંસ્કૃતિક વારસાની જાળવણી :

અમદાવાદ શહેર મહાનગર બનેલ છે તેમજ શહેર હરણફાળ ગતિથી આર્થિક પ્રગતિ કરી આધુનિક અને નવું બની રહ્યુ છે ત્યારે શહેરના ભવ્ય ભૂતકાળ અને સાંસ્કૃતિક વારસાને જાળવી રાખવો એ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની અનિવાર્ય ફરજ બની રહેલ છે. આગામી વર્ષોમાં શહેરના સાંસ્કૃતિક વારસાની જાળવણી માટે નીચે મુજબ આયોજન કરેલ છે.

## ➢ ભદ્ર એરિયા તથા ગાંધીઆશ્રમ વિસ્તારનો વિકાસ

અમદાવાદ શહેરમાં ભદ્રનો કિલ્લો ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે. આ સ્થળની આજુ-બાજુનો વિસ્તાર જુદી-જુદી અનેકવિધ પ્રવૃત્તિઓથી ધબકતો હોય છે. ભદ્રના કિલ્લાથી સાબરમતી નદી સુધી તેમજ ત્રણ દરવાજા તથા માણેકચોકનો વિસ્તાર ડેવલપ કરવાની જરૂર છે.

આ માટે સમગ્ર ભદ્ર વિસ્તારને "No Vehicle Zone" તરીકે વિકસાવી સમગ્ર વિસ્તારને પ્રદૂષણ રહિત અને વધુ લોકભોગ્ય બનાવવાનું આયોજન વિચારવામાં આવેલ છે. જેમાં રાહદારીઓ માટે સુગમ અને સલામત રસ્તાઓ, સાઈનેજ, લાઈટનીંગ, લેન્ડ સ્કેપીંગ, આકર્ષક સ્ટ્રીટ ફર્નિચર વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે. વધુમાં ભદ્રનો કિલ્લો તથા લાલ દરવાજા બસ સ્ટેશન જેવા મહત્ત્વના સ્થળોના રીસ્ટોરેશન અને રીસ્ટ્રકચરીંગની કામગીરીનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. જેમાં ભદ્રના કિલ્લા ખાતે મ્યુઝીયમ તેમજ સીટી સેન્ટર વિકસાવવાની કામગીરી કરવામાં આવનાર છે. આમ ભદ્ર વિસ્તારને ડેવલપ કરવા પબ્લિક ટોઈલેટ, પાર્કિંગ, બાગ-બગીચા, રસ્તા ડેવલપમેન્ટ, સ્ટ્રીટ લાઈટ, રિક્ષા-ટેક્ષી સ્ટેન્ડ, પાથરણાં બજાર તથા ઐતિહાસિક ઈમારતોનું લાઈટીંગ વિગેરે કામગીરી કરવાનું આયોજન છે. ત્રણ દરવાજા થી ભદ્રકાળી મંદિર સુધીના માર્ગને પેડેસ્ટ્રીઅન પ્લાઝા તરીકે વિકસાવી આ વિસ્તારમાં વાહનોની અવર-જવર નિયંત્રિત કરવામાં આવનાર છે. તદ્ઉપરાંત ભદ્ર વિસ્તારની સીધી કનેક્ટીવીટી સાબરમતી રીવર ફ્રન્ટ સાથે થાય તે મુજબનું આયોજન કરવામાં આવેલ છે. આ માટેનો વિગતવાર ડી.પી.આર. તૈયાર કરીને JnNURM સમક્ષ મૂકવામાં આવતાં કુલ અંદાજીત ખર્ચ રૂા.૯૨.૨૮ કરોડની મંજૂરી મળેલ છે.

વધુમાં આઝાદીની ચળવળમાં અમદાવાદ શહેરના પ્રદાન તથા દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જીવનની યાદોથી જે જગ્યા મહેંકી રહેલ છે તેવા ગાંધી આશ્રમ તથા તેની આસપાસના સમગ્ર વિસ્તારને રી-ડેવલપમેન્ટ કરી તેને પ્રવાસીઓને આકર્ષી શકે તેવો બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં દાંડીબ્રીજનો વિકાસ, ચંદ્રભાગા નાળાનો વિકાસ, ગાંધી મ્યુઝીયમનું ડેવલપમેન્ટ, પેડેસ્ટ્રીઅન પાથ-વે વિકસાવવા માટે છ લેનનો એલીવેટેડ બ્રીજ તથા પાર્કિંગ એરીયા વગેરેની કામગીરી કરવામાં આવનાર છે. જે અંતર્ગત આશ્રમ વિસ્તારની વચ્ચેથી પસાર થતાં હયાત આશ્રમ રોડને ગાંધીઆશ્રમ સાથે ભેળવી દેવામાં આવશે. ગાંધીઆશ્રમ વિસ્તારના વિકાસ માટેની સદરહુ યોજના માનનીય રાજ્યપાલશ્રી તથા માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ સેપ્ટ યુનીર્વસીટી દ્વારા તૈયાર કરવામાં આવી રહેલ છે. આ સમગ્ર યોજના સરકારશ્રીની આર્થિક સહાયથી અંદાજીત રૂા.૨૮૬.૦૦ કરોડના ખર્ચે અમલી બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

આગામી સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં હેરીટેજની કામગીરી માટે રૂા.૧૦૦૦૦.૦૦ લાખનું બજેટ ફાળવવામાં આવેલ છે.

# સમાપના

શહેરી આંતરમાળખાકિય સુવિધાઓના સુદ્દઢીકરણના મોટા પાયે હાથ ધરવામાં આવેલ વિકાસ કાર્યો ઝડપી અમલીકરણ દ્વારા સમય મર્યાદામાં ગુણવત્તા સાથે પૂર્ણ કરી જાહેર સુખાકારીમાં વધારો કરવા અને અમદાવાદ શહેરની વૈશ્વિક સ્તરે આગવી ઓળખ ઉભી કરવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો અધિકારી અને કર્મચારી ગણ કટિબદ્ધ છે. તે બાબતની હું વિશ્વાસપૂર્વક ખાત્રી આપુ છું.

અંદાજપત્રમાં નાણાંની ફાળવણી વોર્ડ કમિટી દ્વારા નક્કી કરવામાં આવેલ વિકાસ કામોને વોર્ડ વાઈઝ અગ્રિમતાના ધોરણે કરવાને કારણે શહેરનો સમતોલ અને સર્વાંગી વિકાસ શકય બનેલ છે તેમજ માળખાગત સુવિધાઓના વિકાસ અને વિસ્તારના લાભો શહેરના છેવાડાના નાગરિકો અને પછાત વિસ્તારો સુધી પહોંચી શકેલ છે.

સ્વર્ણિમ સિધ્ધિ વર્ષ ૨૦૧૦ તથા Golden Goals 2010 અન્વયે કરવાની થતી આંતરમાળખાકિય સુવિધાઓને લગતી કામગીરી તથા સ્વીકારવામાં આવેલા લક્ષ્યાંકો પાર પાડવા માટે આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૦-૨૦૧૧ ના અંદાજપત્રમાં પાણી, ગટર, રસ્તા, બ્રીજ, ફ્લાય ઓવર, જાહેર આરોગ્ય, જાહેર પરિવહન સેવા તેમજ સાંસ્કૃતિક વારસાની જાળવણીને પ્રાધાન્ય આપી સમગ્રપણે નાગરિક સેવાઓનું સ્તર ઉચ્ચકક્ષાનું બની રહે તે માટેની વિવિધ યોજનાઓ માટે અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવેલ છે અને સ્વર્ણિમ સિધ્ધિ વર્ષ ૨૦૧૦ અંતર્ગત નિર્ધારિત કરવામાં આવેલા લક્ષ્યાંકો હાંસલ કરવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન કટીબદ્ધ છે.

ચાલુ વર્ષે વહિવટીતંત્ર તથા ચૂંટાયેલી પાંખ ઉપરાંત નાગરિકો શહેરના અખબારો તેમજ મીડીયાના જે-જે મિત્રોએ સાથ અને સહકાર આપેલ છે તેમનો અત્રે આભાર માનું છું અને આગામી વર્ષે પણ વહીવટીતંત્રને વધુ જાગૃત અને કાર્યશીલ બનાવવા સૌનો સહકાર મળે તેવી અપેક્ષા સાથે આ ડ્રાફટ અંદાજપત્ર રજૂ કરી વિરમું છું.

શહેર માટે જરૂરી માળખાગત સુવિધાઓના વિકાસ તથા વિસ્તાર માટેના નાણાંકિય આયોજનના ભાગરૂપે અંદાજપત્રમાં સૂચવેલ દરખાસ્તો મંજૂર કરી શહેરના ઝડપી વિકાસ અને માળખાગત સુવિધાઓના સુદ્દઢીકરણમાં સહભાગી થશો તેવી અપેક્ષા સહ......

માનનીય મેયરશ્રી, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેનશ્રી તથા મ્યુનિસિપલ કાઉન્સીલરશ્રીઓ તેમજ અધિકારી-કર્મચારીગણ દ્વારા અત્યાર સુધી મહાનગર સેવા સદનના સંચાલનમાં જે સાથ અને સહકાર મળેલ છે તેને હું બિરદાવું છું અને ભવિષ્યમાં પણ આવો જ સાથ અને સહકાર મળી રહેશે તેવી અપેક્ષા રાખું છું.

**આઈ. પી. ગૌતમ**
**મ્યુનિસિપલ કમિશનર**
**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**

**તા.૧૭-૧૨-૨૦૦૯**

# પરિશિષ્ટ - ૧

**મ્યુનિસિપલ કમિશનરશ્રીની ઉપરોક્ત નોંધમાં જણાવ્યા મુજબ ધી બોમ્બે પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ એક્ટ-૧૯૪૯ની કલમ ૯૫(ડ) તથા તેને લગતી અન્ય કાનૂની જોગવાઈઓ અનુસાર અંદાજપત્રના વર્ષ માટે નીચે પ્રમાણેના કર-દરના ધોરણો રાખવા પેશ કરવામાં આવે છે.**

**૧.** ધી બોમ્બે પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૯૪૯ની કલમ ૧૪૧(બી) થી ૧૪૧(એફ) અન્વયે ગુજરાત રાજ્ય સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ સ્પેશ્યલ ઓર્ડીનન્સ નં. ૧/૨૦૦૭ તા. ૨૦-૧-૨૦૦૭ હેઠળ મિલકતવેરાને જનરલ ટેક્ષ એટલે કે સામાન્ય વેરો ગણવાનો રહેશે.

**સામાન્ય વેરો** = વાર્ષિક દર × મિલકતનું ક્ષેત્રફળ × (ફેકટર-૧ × ફેકટર-૨ × ફેકટર-૩ × ફેકટર-૪)

## ફોર્મ્યુલાની સમજૂતિ

**વાર્ષિક દર :**

ઉપરોક્ત ફોર્મ્યુલામાં મિલકતનો વાર્ષિક દર ચો.મીટર દીઠ મ્યુનિસિપલ કોર્પોરેશન દર વર્ષે બજેટ મંજૂર કરતી વખતે જાહેર કરશે અને તે દર નક્કી કરતી વખતે કોર્પોરેશને આગામી વર્ષ દરમ્યાન કોર્પોરેશનની નાણાંકિય જરૂરિયાતો લક્ષમાં લેશે.

**મિલકતનું ક્ષેત્રફળ :** મિલકતનું ક્ષેત્રફળ આકારણી હેઠળની મિલકતના કારપેટ એરીયા ઉપરથી નક્કી કરવામાં આવશે. કારપેટ એરિયા ગણતી વખતે મિલકતની બાહ્ય અને આંતરિક દિવાલો હેઠળના સિવાયનું તમામ ક્ષેત્રફળ ધ્યાને લેવાનું રહેશે. મિલકતનું ક્ષેત્રફળ નક્કી કરવા માટે કારપેટ એરિયાની વ્યાખ્યા પરિશિષ્ટ - 'અ' મુજબની રહેશે.

ખુલ્લી જમીન માટે જમીનોનું ક્ષેત્રફળ તેનું ખરેખર જે ક્ષેત્રફળ હશે તે ધ્યાને લેવામાં આવશે.

## આગામી વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માટે સૂચિત વાર્ષિક દર

| | | | |
|---|---|---|---|
| રહેઠાણની મિલકતો માટે | : | પ્રતિ ચોરસ મીટર પ્રતિ વર્ષ | ૧૦ |
| બીન રહેઠાણની મિલકતો માટે | : | પ્રતિ ચોરસ મીટર પ્રતિ વર્ષ | ૨૬ |

ખુલ્લી જમીનના વાર્ષિક દર માટે ડેવલપમેન્ટ પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણેના ઝોનીંગ મુજબ રહેઠાણ કે બિનરહેઠાણનો દર લાગુ પડશે.

**ફેકટરના પ્રકાર :**

**ફેકટર - ૧ : સ્થળ પરિસ્થિતિ (લોકેશન) અંગેનો ફેકટર**

**ફેકટર - ૨ : મિલકતના બાંધકામના વર્ષ આધારિત મિલકતના ઉંમર અંગેનો ફેકટર**

**ફેકટર - ૩ : રહેઠાણવાળી મિલકતના કિસ્સામાં તેના પ્રકાર અંગે જ્યારે બિન રહેઠાણવાળી મિલકતના કિસ્સામાં તેના ઉપયોગ અંગેનો ફેકટર**

**ફેકટર - ૪ : મિલકતનો ઉપયોગ કોણ કરે તે અંગેનો ફેકટર.**

## ફેકટર લાગુ પાડવાની પદ્ધતિ

**ફેકટર - ૧ : સ્થળ પરિસ્થિતિ (લોકેશન) અંગેનો ફેકટર**

અમદાવાદ શહેરનો કેટલોક વિસ્તાર સમૃદ્ધ છે, કેટલોક મધ્યમ કક્ષાનો છે અને કેટલાક વિસ્તારમાં ગરીબ પ્રજા રહે છે. તેથી અલગઅલગ વિસ્તારની સમૃદ્ધિને લક્ષમાં લઈને સ્થળ સ્થિતિ અંગે ફેકટર લાગુ પાડવાના રહે છે. તેથી પ્રવર્તમાન જમીનની કિંમત પરથી (અ) સમૃદ્ધ વિસ્તાર (બ) સારો વિસ્તાર (ક) મધ્યમ વિસ્તાર (ડ) નબળો વિસ્તાર એમ ચાર વિભાગ પાડવા. એમ ચારે વિભાગના અવયવના દર નીચે મુજબ રાખેલ છે.

| | | |
|---|---|---|
| **(અ)** | **સમૃદ્ધ વિસ્તાર** | **૧.૬૦** |
| **(બ)** | **સારો વિસ્તાર** | **૧.૧૦** |
| **(ક)** | **મધ્યમ વિસ્તાર** | **૦.૯૦** |
| **(ડ)** | **નબળો વિસ્તાર** | **૦.૬૦** |

બિન રહેઠાણની મિલકતો માટે વિસ્તારનું વિભાજન વધુ વાણિજ્ય શક્યતાઓ ધ્યાનમાં રાખીને કરેલ છે.

સારી વાણિજ્ય શક્યતાવાળા વિસ્તારના અવયવનો દર ઊંચો રાખવામાં આવેલ છે. જ્યારે નબળા વાણિજ્ય શક્યતાવાળા વિસ્તારના અવયવનો દર નીચો રાખવામાં આવેલ છે. આ અવયવોની કિંમત નીચે મુજબ રાખેલ છે.

| | | |
|---|---|---|
| **(અ)** | **ખૂબ જ સારી** | **૧.૬૦** |
| **(બ)** | **સારી** | **૧.૧૦** |
| **(ક)** | **મધ્યમ** | **૦.૯૦** |
| **(ડ)** | **નબળી** | **૦.૬૦** |

રાજ્ય સરકારની સ્ટેમ્પ્સ ડ્યુટી વિભાગ દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારો માટે જમીનની કિંમતો નક્કી થાય છે તેનો આધાર લઈને શહેરના આ પ્રમાણે વિભાજન કરવામાં આવશે.

**ફેકટર - ૨ : મિલકતના બાંધકામના વર્ષ આધારિત ફેકટર**

આ ફેકટર મિલકતના બાંધકામ વર્ષ ઉપર આધાર રાખે છે અને તેને અનુરૂપ ટેકસમાં રાહત આપવામાં આવશે. મિલકતના બાંધકામના વર્ષને ધ્યાનમાં લઈને પાંચ વિભાગ પાડવામાં આવેલ છે. તેને અનુરૂપ ફેકટરના અવયવો નીચે મુજબ રાખવામાં આવેલ છે.

| મિલકતની ઊંમર | અવયવનો દર |
|---|---|
| (૧) દશ વર્ષથી ઓછા સમયની | ૧.૦૦ |
| (૨) દશ વર્ષથી વીસ વર્ષ સુધીના સમયની | ૦.૮૫ |
| (૩) વીશ વર્ષથી ત્રીસ વર્ષ સુધી | ૦.૭૦ |
| (૪) ત્રીસ વર્ષથી ચાલીસ વર્ષ સુધી | ૦.૬૦ |
| (૫) ચાલીસ વર્ષ કરતાં વધુ | ૦.૫૦ |

**ફેક્ટર - ૩ : રહેઠાણવાળી મિલકતોના પ્રકાર અંગેનો ફેક્ટર**

અમદાવાદ શહેરમાં રહેઠાણવાળી મિલકતોના જુદા જુદા પ્રકારો છે :

(૧) ઝૂંપડા

(૨) ચાલી

(૩) પોળ અને ગામતળના રહેઠાણવાળા મકાનો

(૪) ફ્લેટ

(૫) રો-હાઉસ - ટેનામેન્ટ

(૬) સ્વતંત્ર બંગલા

શહેરની તમામ રહેણાંકની મિલકતોને ઉપર મુજબ વહેંચી તેના માટે નીચે મુજબના અવયવના દર રાખેલ છે.

શહેરમાં આવેલી રહેણાંકની મિલકતોને ઉપર મુજબ વહેંચી તેના માટે નીચે મુજબના અવયવના દર રાખેલ છે.

| | મિલકતોનો પ્રકાર | અવયવનો દર |
|---|---|---|
| (૧) | ચાલી (૨૫ ચો.મી. કરતાં ઓછા) | ૦.૫૦ |
| (૨) | પોળ અને ગામતળના રહેઠાણવાળા મકાનો | ૦.૭૦ |
| (૩) | ફ્લેટ | ૦.૭૦ |
| (૪) | રો-હાઉસ - ટેનામેન્ટ | ૧.૦૦ |
| (૫) | સ્વતંત્ર બંગલા | ૧.૫૦ |

**(બ) બિનરહેઠાણવાળી મિલકતોના વપરાશ અંગેના ફેક્ટર :**

અમદાવાદ શહેરમાં વસવાટ સિવાયની મિલકતો જેનો જુદો જુદો વપરાશ થાય છે. વપરાશને લક્ષમાં લઈ નીચે મુજબનું વિભાજન કરવામાં આવેલ છે અને તેના અવયવો નીચે મુજબ રાખવામાં આવેલ છે.

## બિનરહેઠાણવાળી મિલકતોના વપરાશ અંગે અવયવ

| અ.નં. | બિનરહેઠાણવાળી મિલકતોના વપરાશ અંગે અવયવ | અવયવ |
|---|---|---|
| ૧ | **(અ) નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં, મુકરર કરેલ દર ૦.૦ વડે ગુણતાં જે આવે તે ઘટાડવો જોઈએ**<br>મંદિર, મસ્જીદ, દેરાસર (જૈન મંદિર), ચર્ચ, રોજા, કબર, ગુરૂદ્વારા (શીખ મંદિર), અપાસરા, દરગાહ, અગિયારી, સમાધિ, ગ્રેબયાર્ડ, કબ્રસ્તાન, સ્મશાનગૃહ, કૂવો, હવાડો, હમામખાના (જાહેર બાથ), માટીના અખાડા, મદ્રેસા, પાઠશાળા, મફત પાણીની પરબ | |
| | **(બ) નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં, મુકરર થયેલ દર વધારી શકાશે નહી અથવા ઘટાડી શકાશે નહિ**<br>પાણીની ટાંકી, વોટર પંપ રૂમ, ડ્રેનેજ પંપીંગ સ્ટેશન, ધોબીઘાટ, પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચલાવાતી ગ્રાન્ટેબલ શાળાઓ, પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ તથા ધાર્મિક સંસ્થાઓ દ્વારા ચલાવાતી હોય તેવી બોર્ડિંગ, લોજીંગ, હોસ્ટેલ, ધર્મશાળા, આશ્રમ, ગ્રંથાલય | ૧.૦૦ |
| ૨ | **શૈક્ષણિક અને સામાજીક સંસ્થાઓ :**<br>ખાનગી નર્સરી (બાલમંદિર), ખાનગી અને સરકારી શાળાઓ, ખાનગી અને સરકારી કોલેજો, યુનિવર્સિટી કેમ્પસ, મ્યુઝિયમ, કોમ્યુનિટી હોલ, પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત સામાજીક સંસ્થાઓ (નારી સંરક્ષણ તથા ઉત્થાન, ઘરડાઘર, બહેરામૂંગા, અંધજન, મંદબુદ્ધિ, શારિરીક ખોડખાંપણ સાથે સંકળાયેલ સંસ્થાઓ) તથા નોન ગ્રાન્ટેબલ શાળાઓ | ૨.૦૦ |
| ૩ | **ઔદ્યોગિક એકમો અને કારખાના (ફક્ત ઉત્પાદન તથા પ્રોસેસીંગ કરતી ઈમારતો માટે) :**<br>વીજળી કંપનીનું પાવર હાઉસ, વિજળી સબ સ્ટેશન, એરેટેડ વોટર ફેકટરી, ભઠ્ઠા, બ્રાસ વર્કસ, બ્રીક સીરામીક વર્કસ, સીમેન્ટની વસ્તુઓ, ક્લે બનાવવા એકમો, કેમીકલ ફેકટરી, કન્ફેકશનરી, ડેરી, ડીસ્ટ્રીલીયરી, ફાઉન્ડ્રી, ફલોર ફેકટરી, આયર્ન ફેકટરી, જીન્ક ફેકટરી, સીલ્વર-ઓર્નામેન્ટ ફેકટરી, જગરી બનાવવાનું એકમ, લેધર મેન્યુફેકચરીંગ યુનિટ, ચૂના ચક્કી, ચૂના ભઠ્ઠી, ઓઈલ એકસ્ટ્રેશન, પેપર મેન્યુફેકચરીંગ, પ્લાસ્ટીક ફેકટરી, પોર્ટરી, સાગોળ મેન્યુફેકચરીંગ, સોપ મેન્યુફેકચરીંગ, સુગર મેન્યુફેકચરીંગ, ટીન ફેકટરી, તમાકુ ફેકટરી, વર્કશોપ, ફેકટરી સ્ટીમજીલ, ઓટો ગેરેજ, ફેકટરી-એ,બી,સી,ડી,ઈ,એફ, મીલ, | ૨.૦૦ |

પાવરલુમ, હેન્ડલુમ, બોન વોશીંગ, બ્લીચીંગ, કોટન, સ્પીનીંગ, ડાઈંગ, ડાઈંગ બ્લીચીંગ, ધાણા ફેક્ટરી, લેધર પ્રોસેસીંગ, સ્ક્રીન પ્રીન્ટીંગ, સલ્ફર પ્રોસેસીંગ, સ્ટાર્ચ પ્રોસેસીંગ, વરીયાળી પ્રોસેસીંગ, વુલ પ્રોસેસીંગ, કોલ્ડ સ્ટોરેજ, વુડપીઠા, ભઠીયાર ખાના, રીપેરીંગ વર્કસ, નર્સરી (ફૂલ-છોડ), એનીમલ માર્કેટ, ઢોરના તબેલા, પોલ્ટ્રી ફાર્મ, દૂધાળા ઢોરનો તબેલો, વે બ્રીજ, બાઈન્ડીંગ પ્રેસ, પ્રિન્ટીંગ પ્રેસ, પ્રોસેસ સ્ટુડીયો, ફોટો સ્ટુડીયો, કોમન એફલ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન, ઉપરોક્ત ઈમારતોના ગોડાઉન તથા વેર હાઉસીસ

| | | |
|---|---|---|
| ૪ | **વાણિજ્યિક હેતુઓ માટેની મિલકતો :**<br>બેંકો, દવાખાના, હોસ્પિટલ, કલીનીક, પ્રસુતિગૃહ, લેબોરેટરી, સેન્ટ્રલ ગર્વમેન્ટ ઓફિસ, સ્ટેટ ગર્વ. ઓફિસ, લોકલ બોડીઝ ઓફિસ, પોસ્ટ ઓફિસ, વાણિજ્યિક અને/અથવા ઔદ્યોગિક એકમની કચેરી, ઓઈલ ક્રાં.ની ઓફિસ, વિવિધ કોર્પોરેશનની ઓફિસ, ટ્યુશન કલાસીસ, ટાઈપીંગ ઈન્સ્ટીટયુટ, ઉપરોક્ત ઈમારતોના ગોડાઉન તથા વેર હાઉસીસ અને આ ખંડના બીજા કોઈપણ પેટા ખંડમાં આવતી ન હોય તે મિલકતો | **૭.૦૦** |
| ૫ | **દુકાનો, હોટલ, રેસ્ટોરન્ટ, મનોરંજનના સ્થળો વિગેરે**<br>દુકાનો, હોટલ, રેસ્ટોરન્ટ, મનોરંજનના સ્થળો, ઓપન એર થીયેટર, પેટ્રોલ પંપ, સર્વિસ સ્ટેશન, સીનેમા, કલબ હાઉસ, જીમખાના, કલબ મેસ, લોજીંગ, લોજીંગ એન્ડ બોર્ડીંગ, પાર્ટી પ્લોટ (જ્ઞાતિની વાડીઓ સિવાયના હોલ) ડીશ એન્ટેના, પેજર એન્ટેના, ટાવર, સાઈન બોર્ડ, જાહેર ખબરના પાટિયા, મોબાઈલ ફોન ટાવર, ઉપરોક્ત ઈમારતોના ગોડાઉન તથા વેર હાઉસીસ | **૬.૦૦** |

**ફેક્ટર - ૪ : મિલકતનો ઉપયોગ કોણ કરે છે તે આધારિત ફેક્ટર**

| | મિલકતોનો પ્રકાર | અવચવનો દર |
|---|---|---|
| (૧) | માલીક તાબેવાળી મિલકતો | ૧.૦૦ |
| (૨) | ભાડુઆત તાબેવાળી મિલકતનો | ૨.૦૦ |

કલમ - ૧૪૧ ઈ (૧) મુજબ શહેરની જે મિલકતો નોન-વોટર ઝોનમાં સમાવિષ્ટ થાય છે તેને તેનાં સામાન્ય કરમાં ૧૫% રિબેટ આપવામાં આવશે. કલમ - ૧૪૧ ઈ (૨) મુજબ બિન-રહેણાંકવાળી ગ્રાઉન્ડ ફલોર સિવાયની મિલકતોનાં સામાન્યવેરામાં ૨૦% રિબેટ આપવામાં આવશે.

આમ છતાં, ઓછામાં ઓછો સામાન્ય વેરો નીચે મુજબ રહેશે.

**(અ) રહેણાંકવાળી મિલકતો માટે :**

| | મિલકતનો પ્રકાર | મિલકતનું માપ (ચો.મીટર) | લઘુત્તમ સામાન્ય વેરો વોટર ઝોનમાં | લઘુત્તમ સામાન્ય વેરો નોનવોટર ઝોનમાં |
|---|---|---|---|---|
| ૧ | ઝૂંપડા | --- | ૮૪.૦૦ | ૭૧.૦૦ |
| ૨ | ચાલી | ૨૫ ચો.મી. થી નાના | ૨૬૪.૦૦ | ૨૨૪.૦૦ |
| ૩ | અન્ય | ૩૦ ચો.મી. થી નાના | ૨૬૪.૦૦ | ૨૨૪.૦૦ |
| ૪ | અન્ય | ૩૦ ચો.મી. થી ૫૦ ચો.મી. સુધીના | ૩૦૦.૦૦ | ૨૫૫.૦૦ |
| ૫ | અન્ય | ૫૦ ચો.મી. થી વધુ | ૩૩૦.૦૦ | ૨૮૦.૦૦ |

**ઝૂંપડા માટે મહત્તમ સામાન્ય વેરો રૂા. ૮૪/- તથા ૨૫ ચો.મી. થી નાના મકાનોવાળી ચાલીઓ માટે મહત્તમ સામાન્ય વેરો રૂા. ૨૬૪/- રહેશે.**

**(બ) બિનરહેણાંકવાળી મિલકતો માટે :**

| | મિલકતનો પ્રકાર | મિલકતનું માપ (ચો.મીટર) | લઘુત્તમ સામાન્ય વેરો વોટર ઝોનમાં | લઘુત્તમ સામાન્ય વેરો નોનવોટર ઝોનમાં |
|---|---|---|---|---|
| ૧ | બિનરહેણાંક | ૧૫ ચો.મી. થી નાના | ૫૪૦.૦૦ | ૪૫૯.૦૦ |
| ૨ | બિનરહેણાંક | ૧૫ થી ૩૦ ચો.મી. સુધીના | ૬૬૦.૦૦ | ૫૬૧.૦૦ |
| ૩ | બિનરહેણાંક | ૩૦ ચો.મી. થી વધુ | ૭૮૦.૦૦ | ૬૬૩.૦૦ |
| ૪ | નીચે ઉપયોગ માટે દર્શાવેલ બિનરહેણાંક | --- | ૯૦૦.૦૦ | ૭૬૫.૦૦ |

## ઉપયોગનો પ્રકાર :

ઓપન એર થિયેટર, બ્રાસ વર્કસ, બ્રીક સીરેમીક, કલે મેન્યુફેકચરીંગ, કેમીકલ્સ, કન્ફેકશનરી, ડીસ્ટીલરી, ફાઉન્ડ્રી, ઈન્ક ફેકટરી, જોગરી મેન્યુફેકચરીંગ, લેધર મેન્યુફેકચરીંગ, લાઈમ ભઠ્ઠી, ઓઈલ એકસ્ટ્રેકશન, પેપર મેન્યુફેકચરીંગ, પોટરી, સાગોળ મેન્યુફેકચરીંગ, સોપ મેન્યુફેકચરીંગ, સુગર મેન્યુફેકચરીંગ, સ્વીટ્સ મેન્યુફેકચરીંગ, ટોબેકો, વર્કશોપ, ફેટ સ્ટેમ ઓઈલ, ફેકટરી ડી, લેબોરેટરી, ભઠીયારા ખાના, બોર્ડીંગ, હોસ્ટેલ, હોટલ, લોજીંગ, લોજીંગ એન્ડ બોર્ડીંગ, રેસ્ટોરન્ટ્સ, ટી શોપ, હોટલ બોર્ડીંગ, પાવરલુમ, હેન્ડલુમ, ગાર્ડન-પીકનીક, હેન્ડ પ્રિન્ટીંગ, પ્રિન્ટીંગ પ્રેસ, બોન્સ વોશીંગ, બ્લીચીંગ, ડાઈંગ, ડાઈંગ બ્લીચીંગ, ધાણા ફેકટરી, હેર વોશીંગ, લેધર પ્રોસેસ, સ્ક્રીન પ્રિન્ટીંગ, સલ્ફર પ્રોસેસ, સ્ટાર્ચ પ્રોસેસ, વરીયાળી પ્રોસેસ, વુલ પ્રોસેસ, એરેટેડ વોટર, કોલ્ડ્રીંક શોપ, ફરસાણ શોપ, આઈસ્ક્રીમ શોપ, મટન શોપ, પોલ્ટ્રી ફાર્મ, હવાડા

ધોબીઘાટ, એરેટેડ વોટર ફેકટરી, સીમેન્ટ આર્ટીકલ્સ, ડેરી, આઈસ ફેકટરી, લાઈમ ચક્કી, ફેકટરી બી, ફેકટરી સી, હમામખાના, મીલ્ક-કર્ડ-શોપ, ઢોર માર્કેટ, મીલ્ક-કેટલ સ્ટેબલ

૨. ધી બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯ ની કલમ ૧૪૧AA(a) હેઠળ મળેલ સત્તાની રૂએ પાણી પુરવઠાની સેવા પાછળ થતાં મહેસુલી ખર્ચને પહોંચીવળવા કલમ ૧૪૧B હેઠળ સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં સામાન્ય વેરાના ૩૦% પ્રમાણે પાણીનો કર વસુલ કરવા ભલામણ છે.

૩. ધી બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯ ની કલમ ૧૪૧AA(b) હેઠળ મળેલ સત્તાની રૂએ સુઅરેજ - ડ્રેનેજ તથા સેનીટેશનની સેવા પાછળ થતાં મહેસુલી ખર્ચને પહોંચીવળવા કલમ ૧૪૧B હેઠળ સામાન્ય વેરાના ૩૦% પ્રમાણે હલાલખોર કર વસુલ કરવા ભલામણ છે.

૪. ગુજરાત રાજ્ય સરકારશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક અમન/૮૦૨૦૦૮/૧૦૮૯/પી તા.૧૬-૫-૦૮થી મળેલ મંજુરી અનુસાર નવા રજીસ્ટર્ડ થયેલા વાહનો ઉપર આજીવન કર નીચે જણાવેલ શીડયુલ મુજબ લેવાનુ ઠરાવેલ છે.

| | વાહનનો પ્રકાર | આજીવન કરનો દર રૂા. |
|---|---|---|
| (૧) | સ્કૂટર, મોટર સાયકલ દ્વિચક્રી વાહનો | ૧૦૦૦.૦૦ |
| (૨) | ઓટો રીક્ષા | ૧૨૦૦.૦૦ |
| (૩) | લોડીંગ રીક્ષા | ૧૫૦૦.૦૦ |
| (૪) | મોટરકાર તથા જીપ ૧૦૦૦ સી.સી. સુધી તથા પ્રત્યેક વધારાના સી.સી. દીઠ રૂા.૨/- વધારાના લેવા | ૨૦૦૦.૦૦ |
| (૫) | મેટાડોર-મીની બસ | ૫૦૦૦.૦૦ |
| (૬) | ટ્રક તથા મોટી બસ | ૮૦૦૦.૦૦ |

***આ ઉપરાંત રૂા. ૨૫.૦૦ ટોકન ફી પેટે લેવામાં આવશે.***

લાઈફટાઈમ ટેક્ષ વસૂલ કરવા વખતોવખત ગુજરાત સરકાર દ્વારા બોમ્બે મોટર વ્હીકલ એક્ટ ૧૯૫૮માં વાહનની જે ઉંમર રાખવામાં આવે તે મુજબની ઉંમર પ્રમાણે લાઈફ ટાઈમ વ્હીકલ ટેક્ષ લેવામાં આવશે.

**૫. એક્ટની કલમ ૧૨૭ પેટા કલમ (૨) મુજબ બીજા કરો :**

**(અ) થિયેટર ટેક્ષ :** ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ નં. જી.એફ.સી./૧૧/૨૦૦૦/૨૫૦૫/૨ તા. ૯-૨-૨૦૦૧ના અનુસંધાને તથા મ્યુનિસિપલ કોર્પોરેશન ઠ.નં. ૬૦૫ તા. ૨૩-૧૧-૨૦૦૧થી શો દીઠ રૂા. ૫૦ વસુલ લે છે તેને ચાલુ રાખવા ભલામણ છે.

## ખુલ્લી જમીન ઉપર સામાન્ય વેરો (વેકેન્ટ લેન્ડ ટેક્ષ) :

અમદાવાદ શહેરમાં ખુલ્લા પ્લોટો આવેલા છે. જેનો વર્ષોથી ઉપયોગ થતો નથી. પ્લોટની સફાઈ રાખવામાં આવતી નથી પરિણામે આવા પ્લોટોમાં ગંદકી થાય છે. આથી જે પ્લોટો એન. એ. થયેલા છે જયાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટ ઉપર સામાન્ય વેરો વસુલાત કરવો જોઈએ. જેને અનુલક્ષીને આગામી વર્ષથી એન.એ. થયેલા છે જ્યાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટો પર નીચે મુજબના રૂલ્સ બનાવી સામાન્ય વેરો વસુલ લેવામાં આવશે.

# એનેક્ષર-એ

ધી બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિલ કોર્પોરેશન અધિનિયમ-૧૯૪૯ ની કલમ ૪૫૫ હેઠળ મળેલ સત્તાની રૂએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં મિલકતવેરાની વસુલાત અંગે કારપેટ એરિયા બેઈઝ, ફોર્મ્યુલા હેઠળ મિલકતવેરાની વસુલાત કરવા સંબંધિત ૨૦૦૧-૦૨ થી અમલમાં મૂકેલ બી.પી.એમ.સી. એક્ટની કલમ-૧૪૧બી મુજબની સામાન્ય વેરાની કારપેટ એરીયા બેઈઝ નવી ફોર્મ્યુલાના શીડ્યુલ-એ, પ્રકરણ-૮ માં નિયમ-૮(જ) નો ઉમેરો.

૮(જ) શહેરની હદમાં એન.એ. થયેલા હોય અને જ્યાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટો ઉપર સામાન્યવેરો લેવા માટે બનાવવામાં આવેલ ખાસ નિયમો

અમદાવાદ શહેરમાં ખુલ્લા પ્લોટો આવેલા છે. જેનો વર્ષોથી ઉપયોગ થતો નથી. પ્લોટની સફાઈ રાખવામાં આવતી નથી પરિણામે આવા પ્લોટોમાં ગંદકી થાય છે. આથી જે પ્લોટો એન. એ. થયેલા હોય અને જયાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટ ઉપર સામાન્ય વેરો વસુલાત કરવો જોઈએ. જેને અનુલક્ષીને આગામી વર્ષથી એન.એ. થયેલા હોય અને જ્યાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટો પર નીચે મુજબના નિયમોથી સામાન્ય વેરો લેવાનો રહેશે.

૧. પ્લોટો / જમીનોનું કુલ ક્ષેત્રફળને ગણતરીમાં લેવાનું રહેશે.

૨. પ્લોટો / જમીનોનું વર્ગીકરણ ડેવલપમેન્ટ પ્લાન મુજબ નક્કી થયેલ લેન્ડ યુઝ પ્રમાણે રહેણાંકના હેતુ માટે અને તે સિવાયની પ્લોટ / જમીનો રહેણાંક સિવાયના હેતુ માટેની ગણવાની રહેશે અને તેના કર-દર તેના હેતુ મુજબ સામાન્ય કર માટે રહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે રહેણાંકનો વાર્ષિક દર ચો.મી. પ્રમાણે તથા બિનરહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે બિનરહેણાંકનો વાર્ષિક દર ચો.મી. પ્રમાણે જે નક્કી કરવામાં આવે તે ગણવાનો રહેશે.

૩. પ્લોટો / જમીનોના સ્થળ પરિબળ અંગે રાજ્ય સરકારશ્રીના સ્ટેમ્પ ડ્યુટી વિભાગ દ્વારા શહેરના જુદા-જુદા વિસ્તારો માટે જમીનની કિંમતો નક્કી કરવામાં આવે છે તેનો આધાર લઈ ખુલ્લા પ્લોટ / જમીનની કિંમતના આધારે મંજૂર થયેલ સ્થળ પરિબળના અવયવના દર લાગુ પાડવાના રહેશે.

૪. પ્લોટો / જમીનો માટે દરેક ખુલ્લા પ્લોટ / જમીનની ઉંમરનો અવયવ દર એક (૧.૦૦) ગણવાનો રહેશે.

૫. પ્લોટો / જમીનોના વપરાશના પરિબળ માટે રહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે અવયવનો દર ૦.૧ તથા બિનરહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે અવયવનો દર ૦.૨ ગણવાનો રહેશે.

૬. પ્લોટો / જમીનોને માલિક તાબે ગણી અવયવનો દર એક (૧.૦૦) રાખવાનો રહેશે.

૭. જે-તે વર્ષમાં નાંખવામાં આવેલ વોટર ટેક્ષ અને કોન્ઝર્વન્સી ટેક્ષ ટકાવારી મુજબ લાગુ પડશે. પરંતુ શહેરની હદમાં એન.એ. થયેલા હોય અને જ્યાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટલાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટો / જમીનોને ધી બોમ્બે પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯ ના પ્રકરણ-૮ મુજબના ટેક્સેશન રૂલ્સ નં.૫૬ મુજબ મિલકત ખાલી રહેવા અંગેનું રીફંડ મળવાપાત્ર રહેશે નહિં.

ખુલ્લા પ્લોટ / જમીન ઉપર સામાન્ય વેરો લેવા માટે રાજ્ય સરકારશ્રીની મંજૂરી મેળવવાની રહેશે.

# રેવન્યુ આવક

## સને ૨૦૧૦ - ૨૦૧૧

## અમદાવાદ

## મ્યુનિસિપલ કોર્પોરેશન

# રેવન્યુ આવક તથા ખર્ચનું એબસ્ટ્રેક્ટ

(રૂા. લાખમાં)

| એકાઉન્ટ હેડ | ૨૦૦૭-૨૦૦૮નું ખરેખર | ૨૦૦૮-૨૦૦૯નું ખરેખર | ૨૦૦૯-૧૦નો અંદાજ | ૨૦૦૯-૨૦૧૦નો રીવાઈઝ અંદાજ | ૨૦૧૦-૨૦૧૧નો મ્યુ.કમિ.શ્રીએ સૂચવેલ અંદાજ | ૨૦૧૦-૨૦૧૧નો સ્ટે. ક.એ મંજૂર કરેલ અંદાજ | ૨૦૧૦-૨૦૧૧નો મ્યુનિ. બોર્ડે મંજૂર કરેલ અંદાજ |
|---|---|---|---|---|---|---|---|
| **રેવન્યુ એકાઉન્ટ** | | | | | | | |
| (અ) શરૂઆતની સિલક | ૯૪.૧૩ | ૫૩.૨૨ | ૯૩.૧૭ | ૨૫.૬૪ | ૬.૪૬ | ૬.૪૬ | ૬.૪૬ |
| (બ) રેવન્યુ આવક | ૧૪૦૦૯૦.૦૦ | ૧૫૫૪૧૬.૬૮ | ૨૨૧૨૩૯.૫૩ | ૨૦૧૦૯૦.૦૦ | ૨૩૨૭૦૭.૧૦ | ૨૫૮૭૯૦.૬૦ | ૨૫૮૭૯૦.૬૦ |
| (ક) રેવન્યુ ખર્ચ | ૯૧૫૮૦.૯૧ | ૯૧૦૪૪.૨૬ | ૧૨૭૧૪૦.૩૨ | ૧૧૮૩૦૯.૧૮ | ૧૨૫૧૦૦.૩૨ | ૧૪૬૩૧૧.૧૬ | ૧૪૬૩૧૧.૧૬ |
| (ડ) કુલ (અ+બ–ક) | ૪૮૬૦૩.૨૨ | ૬૪૪૨૫.૬૪ | ૯૪૧૯૨.૩૮ | ૮૨૮૦૬.૪૬ | ૧૦૭૬૧૩.૨૪ | ૧૨૦૪૨૫.૧૦ | ૧૨૦૪૨૫.૧૦ |
| (ઈ) વિકાસના કામો માટે ટ્રાન્સ. | ૪૮૫૫૦.૦૦ | ૬૪૪૦૦.૦૦ | ૯૪૧૬૮.૦૦ | ૮૨૮૦૦.૦૦ | ૧૦૭૬૦૦.૦૦ | ૧૧૨૩૮૯.૦૦ | ૧૧૨૩૮૯.૦૦ |
| **(ફ) આખરી સિલક (ડ – ઈ)** | **૫૩.૨૨** | **૨૫.૬૪** | **૨૪.૩૮** | **૬.૪૬** | **૧૩.૨૪** | **૯૬.૯૦** | **૯૬.૯૦** |

# રેવન્યુ આવકનું એબસ્ટ્રેક્ટ

(રૂા. લાખમાં)

| એકાઉન્ટ હેડ | ૨૦૦૭-૨૦૦૮નું ખરેખર | ૨૦૦૮-૨૦૦૯નું ખરેખર | ૨૦૦૯-૧૦નો અંદાજ | ૨૦૦૯-૨૦૧૦નો રીવાઈઝ અંદાજ | ૨૦૧૦-૨૦૧૧નો મ્યુ.કમિ.શ્રીએ સૂચવેલ અંદાજ | ૨૦૧૦-૨૦૧૧નો સ્ટે. ક.એ મંજૂર કરેલ અંદાજ | ૨૦૧૦-૨૦૧૧નો મ્યુનિ. બોર્ડે મંજૂર કરેલ અંદાજ |
|---|---|---|---|---|---|---|---|
| ઓક્ટ્રોય | ૫૧૨૦૦.૯૩ | --- | --- | --- | --- | --- | --- |
| ઓક્ટ્રોયને બદલે સરકારશ્રીની ગ્રાન્ટ | ૩૦૮૫૪.૦૫ | ૮૨૬૭૧.૪૪ | ૧૦૧૭૭૫.૦૦ | ૧૦૧૭૭૫.૦૦ | ૧૧૧૯૫૨.૦૦ | ૧૧૭૦૩૦.૦૦ | ૧૧૭૦૩૦.૦૦ |
| પ્રોપર્ટીટેક્ષ અનેઅન્યસીધા કર | ૨૧૩૭૨.૩૧ | ૨૨૬૧૦.૮૬ | ૪૧૩૫૦.૨૧ | ૩૩૨૪૦.૦૦ | ૪૩૬૮૮.૦૦ | ૪૩૬૮૮.૦૦ | ૪૩૬૮૮.૦૦ |
| વોટર અને સુઅરેજ ચાર્જ | ૩૪૬૭.૩૪ | --- | --- | --- | --- | --- | --- |
| વોટર ટેક્ષ અને કોન્ઝર્વન્સી ટેક્ષ | --- | ૮૦૫૨.૪૬ | ૧૫૦૦૦.૦૦ | ૧૧૫૦૦.૦૦ | ૧૫૫૦૦.૦૦ | ૧૫૫૦૦.૦૦ | ૧૫૫૦૦.૦૦ |
| પ્રોફેશનલ ટેક્ષ | --- | ૪૨૮૬.૫૧ | ૬૫૦૦.૦૦ | ૬૫૦૦.૦૦ | ૭૧૫૦.૦૦ | ૭૧૫૦.૦૦ | ૭૧૫૦.૦૦ |
| નોન ટેક્ષ રેવન્યુ આવક | ૭૪૫૯.૩૨ | ૧૦૮૮૬.૫૮ | ૨૨૯૫૫.૯૮ | ૧૮૦૪૬.૪૧ | ૨૦૭૩૩.૩૮ | ૩૩૭૩૩.૩૮ | ૩૩૭૩૩.૩૮ |
| રેવન્યુ ગ્રાન્ટ સબસીડી/ કોન્ટ્રીબ્યુશન | ૧૧૭૬૭.૦૪ | ૧૪૩૯૦.૪૬ | ૨૩૩૯૧.૫૮ | ૨૩૩૯૧.૫૮ | ૨૫૭૨૯.૦૭ | ૩૧૨૮૪.૫૭ | ૩૧૨૮૪.૫૭ |
| **અન્ય** | ૧૩૯૬૯.૦૧ | ૧૨૫૧૮.૩૭ | ૧૦૨૬૬.૭૬ | ૬૬૩૭.૦૧ | ૭૯૫૪.૬૫ | ૧૦૪૦૪.૬૫ | ૧૦૪૦૪.૬૫ |
| **કુલ.......** | **૧૪૦૦૯૦.૦૦** | **૧૫૫૪૧૬.૬૮** | **૨૨૧૨૩૯.૫૩** | **૨૦૧૦૯૦.૦૦** | **૨૩૨૭૦૭.૧૦** | **૨૫૮૭૯૦.૬૦** | **૨૫૮૭૯૦.૬૦** |

રેવન્યુ આવક (રૂપિયા હજારમાં)

| ડિપાર્ટમેન્ટ/ એકાઉન્ટ કોડ | ખાતું તથા એકાઉન્ટ હેડનું નામ | ૨૦૦૭-૦૮ આવક | ૨૦૦૮-૦૯ આવક | ૨૦૦૯-૧૦ નો મૂળ અંદાજ | ૨૦૦૯-૧૦ નો રીવા. અંદાજ | ૨૦૧૦-૧૧ મ્યુ. કોર્પો.ને મંજુર કરેલ અંદાજ |
|---|---|---|---|---|---|---|
| **૧૦૧** | **કોર્પોરેશન કમિટિ તથા સેક્રેટરીની ઓફિસ** | | | | | |
| ૨૩૩૯૯ | અન્ય પરચુરણ આવક | ૧૮ | ૦ | ૦ | ૦ | ૦ |
| **૧૦૧** | **કોર્પોરેશન કમિટિ તથા સેક્રેટરીની ઓફિસ નું** | **૧૮** | **૦** | **૦** | **૦** | **૦** |
| **૧૦૨** | **ઓડીટ ડીપાર્ટમેન્ટ** | | | | | |
| ૨૩૩૯૯ | અન્ય પરચુરણ આવક | ૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| **૧૦૨** | **ઓડીટ ડીપાર્ટમેન્ટ નું કુલ** | **૨** | **૦** | **૦** | **૦** | **૦** |
| **૧૦૪** | **મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની સેન્ટ્રલ ઓફિસ** | | | | | |
| ૨૩૩૯૯ | અન્ય પરચુરણ આવક | ૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| **૧૦૪** | **મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની સેન્ટ્રલ ઓફિસ** | **૨** | **૦** | **૦** | **૦** | **૦** |
| **૧૦૬** | **લીગલ ડીપાર્ટમેન્ટ** | | | | | |
| ૨૩૩૧૫ | દાવા અને ફરીયાદોના ખર્ચની વસુલાતની આવક | ૦ | ૦ | ૧૦ | ૧૦ | ૦ |
| **૧૦૬** | **લીગલ ડીપાર્ટમેન્ટ નું કુલ** | **૦** | **૦** | **૧૦** | **૧૦** | **૦** |
| **૧૧૦** | **રેકર્ડ ઓફિસ** | | | | | |
| ૧૩૪૨૬ | કોપીંગ અને કમ્પેરીંગ ફી | ૪૨૭ | ૫૪૫ | ૫૫૦ | ૫૫૦ | ૫૫૦ |
| **૧૧૦** | **રેકર્ડ ઓફિસ નું કુલ** | **૪૨૭** | **૫૪૫** | **૫૫૦** | **૫૫૦** | **૫૫૦** |
| **૧૧૧** | **નાણાં ખાતું** | | | | | |
| ૧૮૧૨૫ | રાષ્ટ્રિય એઈડ્ઝ અંગેની ગ્રાન્ટ | ૦ | ૩૭ | ૦ | ૦ | ૦ |
| ૧૮૧૩૩ | ઓક્ટ્રોયના વિકલ્પમાં સરકારશ્રી તરફથી મળનાર ગ્રાન્ટ | ૩૦૮૫૪૦૫ | ૮૨૬૭૧૪૪ | ૧૦૧૭૭૫૦૦ | ૧૦૧૭૭૫૦૦ | ૧૧૭૦૩૦૦૦ |
| ૧૮૧૯૯ | નિશ્ચિત હેતુ માટેની ગ્રાન્ટ, સબસીડી અને કોન્ટ્રીબ્યુશન | ૦ | ૦ | ૫૦૦ | ૫૦૦ | ૫૦૦ |
| ૧૮૨૦૨ | લોકલ ફંડ તથા ઈરીગેશન સેસ ગ્રાન્ટ | ૦ | ૫૦૦ | ૦ | ૦ | ૦ |
| ૧૮૨૦૫ | એક્ટ મુજબ થતો દંડ | ૫૬૫૪ | ૭૦૬૯ | ૫૦૦૦ | ૫૦૦૦ | ૭૫૦૦ |
| ૧૮૨૦૮ | દાન અને ઈનામ | ૦ | ૧૦૧૬ | ૦ | ૦ | ૦ |
| ૨૩૧૦૩ | બેંક ડીપોઝીટમાંથી વ્યાજની આવક | ૮૨૧૨૦૭ | ૮૦૮૩૫૦ | ૫૭૦૦૦૦ | ૨૦૦૦૦૦ | ૨૫૦૦૦૦ |
| ૨૩૧૦૬ | મ્યુનિ. કર્મચારીને આપેલ બિલ્ડીંગ લોનમાંથી વ્યાજની આવક | ૪૮૭૫ | ૬૦૬૪ | ૫૦૦૦ | ૫૦૦૦ | ૫૦૦૦ |
| ૨૩૧૦૭ | મ્યુનિ. કર્મચારીને આપેલ વાહન લોનમાંથી વ્યાજની આવક | ૩ | ૨ | ૧૦૦ | ૧૦૦ | ૦ |
| ૨૩૧૦૯ | પ્રી રીપેમેન્ટ ચાર્જ વેલ્ફેર લોન | ૧૪૭ | ૧૦૩ | ૧૨૫ | ૩૦૦ | ૪૦૦ |
| ૨૩૧૯૯ | અન્ય વ્યાજની આવક | ૧૩૬૨ | ૩૫૭૨ | ૧૦૦૦ | ૪૦૦૦ | ૫૦૦૦ |
| ૨૩૨૦૯ | ટેન્ડર ફોર્મના વેચાણની આવક | ૦ | ૧૮ | ૦ | ૦ | ૦ |
| ૨૩૨૧૦ | અન્ય ફોર્મ વેચાણની આવક | ૧૫ | ૩૦ | ૨૫ | ૭૫ | ૧૦૦ |
| ૨૩૨૯૯ | અન્ય (વેચાણની આવક) | ૩૭૭૫ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૩૩૦૮ | જપ્ત કરેલ ડીપોઝીટની આવક | ૬૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૩૩૨૨ | મેમ્બરશીપ ફી – વેલ્ફેર ફંડ | ૦ | ૬૪૨ | ૦ | ૦ | ૦ |
| ૨૩૩૨૩ | રીસ્ક ફંડ ફી – વેલ્ફેર ફંડ | ૦ | ૯૭૮ | ૦ | ૦ | ૦ |
| ૨૩૩૯૯ | અન્ય પરચુરણ આવક | -૩૦૨૯૯ | ૧૧૯૫૬૯ | ૧૫૦૦૦ | ૧૫૦૦૦ | ૧૫૦૦૦ |
| **૧૧૧** | **નાણાં ખાતું નું કુલ** | **૩૮૯૨૨૦૫** | **૯૨૧૫૦૯૪** | **૧૦૭૭૪૨૫૦** | **૧૦૪૦૭૪૭૫** | **૧૧૯૮૬૫૦૦** |

રેવન્યુ આવક (રૂપિયા હજારમાં)

| ડિપાર્ટમેન્ટ/ એકાઉન્ટ કોડ | ખાતું તથા એકાઉન્ટ હેડનું નામ | ૨૦૦૭-૦૮ આવક | ૨૦૦૮-૦૯ આવક | ૨૦૦૯-૧૦ નો મૂળ અંદાજ | ૨૦૦૯-૧૦ નો રીવા. અંદાજ | ૨૦૧૦-૧૧ મ્યુ. કોર્પો.ને મંજુર કરેલ અંદાજ |
|---|---|---|---|---|---|---|
| **૧૧૪** | **ઈ.ડી.પી. ડીપાર્ટમેન્ટ** | | | | | |
| ૨૩૨૦૯ | ટેન્ડર ફોર્મના વેચાણની આવક | ૩ | ૧૬ | ૫ | ૨૦ | ૨૦ |
| **૧૧૪** | **ઈ.ડી.પી. ડીપાર્ટમેન્ટ નું કુલ** | **૩** | **૧૬** | **૫** | **૨૦** | **૨૦** |
| **૧૧૫** | **ઈલેક્શન ડીપાર્ટમેન્ટ** | | | | | |
| ૨૩૨૦૨ | પુસ્તક – ચોપાનીયા વેચાણની આવક | ૨૫ | ૧૨ | ૫૦ | ૫૦ | ૧૫૦ |
| ૨૩૨૦૮ | જૂના રેકર્ડના વેચાણની આવક | ૦ | ૦ | ૦ | ૦ | ૨૦ |
| ૨૩૨૦૯ | ટેન્ડર ફોર્મના વેચાણની આવક | ૦ | ૦ | ૫ | ૫ | ૧૦ |
| ૨૩૨૧૦ | અન્ય ફોર્મ વેચાણની આવક | ૦ | ૦ | ૨ | ૨ | ૫ |
| ૨૩૩૦૮ | જપ્ત કરેલ ડીપોઝીટની આવક | ૨૪ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૩૩૯૯ | અન્ય પરચુરણ આવક | ૨૯૦ | ૪૧ | ૫૦ | ૩૦૦ | ૪૦૦ |
| **૧૧૫** | **ઈલેક્શન ડીપાર્ટમેન્ટ નું કુલ** | **૩૩૯** | **૫૩** | **૧૦૭** | **૩૫૭** | **૫૮૫** |
| **૧૫૧** | **સેન્ટ્રલ સ્ટોર્સ** | | | | | |
| ૨૩૨૦૧ | સ્ક્રેપ વેચાણની આવક | ૦ | ૪૭૬ | ૫૦૦ | ૫૦૦ | ૫૦૦ |
| ૨૩૨૦૨ | પુસ્તક – ચોપાનીયા વેચાણની આવક | ૧૪ | ૨૪ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ |
| ૨૩૨૦૯ | ટેન્ડર ફોર્મના વેચાણની આવક | ૫૮ | ૩૫૪ | ૧૦૦ | ૨૦૦ | ૨૨૫ |
| ૨૩૩૦૫ | વેપારી પાસેથી મળેલ દંડની આવક | ૧૧૪૧ | ૨૯૮૫ | ૬૫૦ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ૨૩૩૦૮ | જપ્ત કરેલ ડીપોઝીટની આવક | ૦ | ૦ | ૭૫ | ૭૫ | ૧૦૦ |
| ૨૩૩૯૯ | અન્ય પરચુરણ આવક | ૧૮૦૦ | ૧૧૯૫ | ૫૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **૧૫૧** | **સેન્ટ્રલ સ્ટોર્સ નું કુલ** | **૩૦૧૩** | **૫૦૩૪** | **૧૯૨૫** | **૨૮૭૫** | **૩૦૨૫** |
| **૧૫૨** | **સેન્ટ્રલ મેડિકલ સ્ટોર્સ (સી.એમ.એસ)** | | | | | |
| ૨૩૨૦૯ | ટેન્ડર ફોર્મના વેચાણની આવક | ૧૨૨ | ૨૨૧ | ૧૫૦ | ૧૫૦ | ૧૫૦ |
| **૧૫૨** | **સેન્ટ્રલ મેડિકલ સ્ટોર્સ (સી.એમ.એસ) નું** | **૧૨૨** | **૨૨૧** | **૧૫૦** | **૧૫૦** | **૧૫૦** |
| **૧૫૩** | **સેન્ટ્રલ વર્કશોપ–મીકેનીકલ સ્ટોર્સ** | | | | | |
| ૧૩૧૨૨ | મશીનરી અને વાહનભાડાની આવક | ૪૦ | ૨૩૫ | ૧૪૦ | ૧૪૦ | ૧૫૦ |
| ૧૩૪૦૩ | વોટર સપ્લાય ચાર્જ | ૨૪૬ | ૨૯૬ | ૩૫૦ | ૩૫૦ | ૩૭૫ |
| ૨૩૨૦૧ | સ્ક્રેપ વેચાણની આવક | ૯૦૮૬ | ૧૧૫૪૩ | ૨૫૦૦ | ૨૫૦૦ | ૫૦૦૦ |
| ૨૩૨૦૯ | ટેન્ડર ફોર્મના વેચાણની આવક | ૧૪૮ | ૩૧૩ | ૧૨૫ | ૨૦૦ | ૨૫૦ |
| ૨૩૩૦૫ | વેપારી પાસેથી મળેલ દંડની આવક | ૯૭ | ૧૪૨ | ૧૪૦ | ૧૪૦ | ૧૫૦ |
| ૨૩૩૦૬ | કોન્ટ્રાક્ટર્સ પાસેથી મળેલ દંડની આવક | ૦ | ૨ | ૧૨ | ૧૦ | ૨૦ |
| ૨૩૩૦૮ | જપ્ત કરેલ ડીપોઝીટની આવક | ૬૯ | ૧૪ | ૨૫ | ૨૫૦ | ૩૦૦ |
| ૨૩૩૯૯ | અન્ય પરચુરણ આવક | ૪૭૧ | ૮૭૪ | ૪૦ | ૪૦ | ૪૦ |
| **૧૫૩** | **સેન્ટ્રલ વર્કશોપ–મીકેનીકલ સ્ટોર્સ નું કુલ** | **૧૦૧૫૭** | **૧૩૪૧૯** | **૩૩૩૨** | **૩૬૩૦** | **૬૨૮૫** |
| **૧૭૩** | **પબ્લીસીટી ડીપાર્ટમેન્ટ** | | | | | |
| ૨૩૨૦૨ | પુસ્તક – ચોપાનીયા વેચાણની આવક | ૨ | ૭ | ૧૦ | ૧૦ | ૧૦ |
| ૨૩૨૧૧ | ડાયરીના વેચાણની આવક | ૪૧ | ૪૧ | ૪૧ | ૪૦ | ૫૦ |
| **૧૭૩** | **પબ્લીસીટી ડીપાર્ટમેન્ટ નું કુલ** | **૪૩** | **૪૮** | **૫૧** | **૫૦** | **૬૦** |
| **૨૦૧** | **ઓક્ટ્રોય ડીપાર્ટમેન્ટ** | | | | | |
| ૧૦૧૦૧ | ઓક્ટ્રોય નાકા મારફત | ૫૦૪૧૬૧૦ | ૦ | ૦ | ૦ | ૦ |

રેવન્યુ આવક (રૂપિયા હજારમાં)

| ડિપાર્ટમેન્ટ/ એકાઉન્ટ કોડ | ખાતું તથા એકાઉન્ટ હેડનું નામ | ૨૦૦૭-૦૮ આવક | ૨૦૦૮-૦૯ આવક | ૨૦૦૯-૧૦ નો મૂળ અંદાજ | ૨૦૦૯-૧૦ નો રીવા. અંદાજ | ૨૦૧૦-૧૧ મ્યુ. કોર્પો.ને મંજુર કરેલ અંદાજ |
|---|---|---|---|---|---|---|
| ૧૦૧૦૬ | ઓક્ટ્રોય – રેલ્વેનાકા મારફત | ૭૮૪૮૩ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૩૨૧૦ | અન્ય ફોર્મ વેચાણની આવક | ૨૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૩૨૯૯ | અન્ય (વેચાણની આવક) | ૯ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૩૩૦૬ | કોન્ટ્રાક્ટર્સ પાસેથી મળેલ દંડની આવક | ૩૨૩ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૩૩૯૯ | અન્ય પરચુરણ આવક | ૯૭૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| **૨૦૧** | **ઓક્ટ્રોય ડીપાર્ટમેન્ટ નું કુલ** | **૫૧૨૧૪૧૬** | **૦** | **૦** | **૦** | **૦** |
| **૨૦૨** | **ટેક્ષ ડીપાર્ટમેન્ટ** | | | | | |
| ૧૦૨૦૧ | જનરલ ટેક્ષ | ૨૦૦૫૮૬૬ | ૨૦૨૧૦૯૧ | ૩૭૯૦૦૦૦ | ૩૧૦૦૦૦૦ | ૪૦૨૨૮૦૦ |
| ૧૦૨૦૨ | કોન્ઝરવન્સી ટેક્ષ | ૦ | ૪૧૧૪૭૯ | ૮૦૦૦૦૦ | ૬૨૦૦૦૦ | ૮૪૦૦૦૦ |
| ૧૦૨૦૩ | કોન્ઝરવન્સી ચાર્જ | ૭૮ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦૨૦૪ | વોટર ટેક્ષ | ૪૮૬૭૩ | ૩૯૩૭૬૭ | ૭૦૦૦૦૦ | ૫૩૦૦૦૦ | ૭૧૦૦૦૦ |
| ૧૦૨૦૭ | વેકેન્ટ લેન્ડ ટેક્સ | ૦ | ૦ | ૫૦૦૦૦ | ૦ | ૧૦૦૦૦૦ |
| ૧૦૨૦૮ | વોરન્ટ ફી | ૦ | ૧૨૦ | ૨૧ | ૦ | ૦ |
| ૧૦૩૦૨ | થીયેટર ટેક્ષ | ૪૬૭૪ | ૪૯૧૩ | ૫૦૦૦ | ૪૦૦૦ | ૪૦૦૦ |
| ૧૦૩૦૮ | વ્યવસાય વેરો | ૦ | ૪૨૮૬૫૧ | ૬૫૦૦૦૦ | ૬૫૦૦૦૦ | ૭૧૫૦૦૦ |
| ૧૩૩૧૦ | જાણકારી અધિનિયમ હેઠળ લેવામાં આવતો ચાર્જ | ૮૮ | ૧૫૦ | ૨૦૦ | ૨૦૦ | ૨૦૦ |
| ૨૩૨૧૦ | અન્ય ફોર્મ વેચાણની આવક | ૩૨૪ | ૩૪૯ | ૫૦૦ | ૩૦૦ | ૩૦૦ |
| ૨૩૨૯૯ | અન્ય (વેચાણની આવક) | ૨૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૩૩૯૯ | અન્ય પરચુરણ આવક | ૧૬૪૬ | ૭૯૩ | ૪૦૦૦ | ૨૦૦૦ | ૨૫૦૦ |
| **૨૦૨** | **ટેક્ષ ડીપાર્ટમેન્ટ નું કુલ** | **૨૦૬૧૩૭૦** | **૩૨૬૧૩૧૩** | **૫૯૯૯૭૨૧** | **૪૯૦૬૫૦૦** | **૬૩૯૪૮૦૦** |
| **૨૦૪** | **એજ્યુકેશન સેસ ડીપાર્ટમેન્ટ** | | | | | |
| ૧૮૧૦૭ | એજ્યુકેશન સેસની ગ્રાન્ટ | ૪૫૦૦૯ | ૧૧૬૭૩૯ | ૪૦૦૦૦૦ | ૪૦૦૦૦૦ | ૬૦૦૦૦૦ |
| **૨૦૪** | **એજ્યુકેશન સેસ ડીપાર્ટમેન્ટ નું કુલ** | **૪૫૦૦૯** | **૧૧૬૭૩૯** | **૪૦૦૦૦૦** | **૪૦૦૦૦૦** | **૬૦૦૦૦૦** |
| **૨૧૧** | **એસ્ટેટ અને સીટી ઈમ્પ્રુવમેન્ટ ડીપાર્ટમેન્ટ** | | | | | |
| ૧૩૧૦૧ | ફ્રી હોલ્ડ જમીન ભાડાની આવક | ૨૮૬૯ | ૨૭૦૪ | ૩૫૦૦ | ૩૫૦૦ | ૩૫૦૦ |
| ૧૩૧૦૨ | લીઝ હોલ્ડ જમીન ભાડાની આવક | ૧૧૪૬ | ૬૨૦ | ૧૧૫૦ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૧૩૧૦૩ | ઓફિસના મકાનો ભાડાની આવક | ૧ | ૬ | ૧૦૦ | ૦ | ૦ |
| ૧૩૧૦૪ | સ્ટોલ્સ ભાડાની આવક | ૧૮૨ | ૬૦૩ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૩૧૦૫ | દુકાન ભાડાની આવક | ૨૮૬ | ૫ | ૮૦૦ | ૨૦૧ | ૨૫૦ |
| ૧૩૧૦૮ | કોમ્યુનીટી હોલ ભાડાની આવક | ૬૪૦૪ | ૯૪૯૫ | ૭૫૦૦ | ૭૫૦૦ | ૭૭૦૦ |
| ૧૩૧૦૯ | સ્કુલ ભાડાની આવક | ૦ | ૦ | ૨૦૦ | ૦ | ૦ |
| ૧૩૧૧૦ | સ્લમ ક્લીયરન્સ ક્વાટર્સ–ભાડાની આવક | ૧૪ | ૦ | ૧૧૫ | ૦ | ૦ |
| ૧૩૧૧૧ | લેબર ક્વાટર્સ–ભાડાની આવક | ૧૪૧ | ૧૧૨ | ૧૫૦ | ૧૫૦ | ૧૫૦ |
| ૧૩૧૧૩ | અન્ય ક્વાટર્સ – ભાડાની આવક | ૧૪૯ | ૨૬૭ | ૩૫૦ | ૯૦૦ | ૧૦૦૦ |
| ૧૩૧૧૭ | મ્યુનિ. મિલકત પર જાહેરખબરની આવક | ૫૨૬૮૧ | ૬૭૫૪૧ | ૭૫૦૦૦ | ૭૫૦૦૦ | ૮૦૦૦૦ |
| ૧૩૧૧૮ | ગોડાઉન ભાડાની આવક | ૯ | ૦ | ૫૦ | ૫૦ | ૫૦ |
| ૧૩૧૨૦ | ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના ભાડાની આવક | ૦ | ૦ | ૪૦૦ | ૪૦૦ | ૪૦૦ |
| ૧૩૧૨૩ | નિર્વાસિત માટેની દુકાન ભાડાની આવક | ૨૩૨૬ | ૮૦૮ | ૩૨૦૦ | ૩૨૦૦ | ૩૨૦૦ |
| ૧૩૧૨૪ | રબારી વસાહતના ભાડાની આવક | ૨ | ૦ | ૫૦૦ | ૨૦૦ | ૨૦૦ |
| ૧૩૧૨૫ | ટાગોર મેમોરીયલ હોલના ભાડાની આવક | ૬૨૩૩ | ૬૫૩૫ | ૬૫૦૦ | ૬૫૦૦ | ૭૦૦૦ |

રેવન્યુ આવક (રૂપિયા હજારમાં)

| ડિર્પાટમેન્ટ/ એકાઉન્ટ કોડ | ખાતું તથા એકાઉન્ટ હેડનું નામ | ૨૦૦૭-૦૮ આવક | ૨૦૦૮-૦૯ આવક | ૨૦૦૯-૧૦ નો મૂળ અંદાજ | ૨૦૦૯-૧૦ નો રીવા. અંદાજ | ૨૦૧૦-૧૧ મ્યુ. કોર્પો.ને મંજુર કરેલ અંદાજ |
|---|---|---|---|---|---|---|
| ૧૩૧૨૬ | શેઠ મંગળદાસ ટાઉનહોલ ભાડાની આવક | ૩૮૭૬ | ૫૩૧૦ | ૪૬૦૦ | ૮૦૦૦ | ૮૫૦૦ |
| ૧૩૧૨૭ | ડૉ. આંબેડકર હોલના ભાડાની આવક | ૫૨ | ૧૨૧ | ૩૦૦ | ૭૦૦ | ૭૦૦ |
| ૧૩૧૨૮ | ખાનગી મિલકત પર જાહેરખબરની આવક | ૩૬૩૧૯ | ૩૩૮૨૪ | ૫૦૦૦૦ | ૫૦૦૦૦ | ૬૦૦૦૦ |
| ૧૩૧૨૯ | ઓપનએર થિયેટરના ભાડાની આવક | ૨૦૦ | ૨૬૯ | ૩૦૦ | ૫૦૦ | ૫૦૦ |
| ૧૩૧૩૫ | મ્યુનિ. મિલકતોના ભાડા | ૦ | ૧૦૩૦૩ | ૧૨૫૦૦ | ૧૨૫૦૦ | ૧૨૫૦૦ |
| ૧૩૧૯૯ | અન્ય મકાનોના ભાડાની આવક | ૩૭ | ૫ | ૫૦ | ૧૧૦ | ૧૧૦ |
| ૧૩૪૦૨ | નામ ટ્રાન્સફર ફી | ૪૮૨ | ૬૯૧ | ૧૨૦૦ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૩૪૦૭ | લાયસન્સ ફી (આર્કીટેક્ટ, સર્વેયર, એન્જીનીયર તથા પ્લમ્બરની ફી) | ૧૫૯૦૩ | ૨૩૦૩૬ | ૨૫૦૦૦ | ૨૫૦૦૦ | ૨૫૦૦૦ |
| ૧૩૪૦૮ | પરમીટ ફી | ૨૦૨ | ૨ | ૩૫૦ | ૩૫૦ | ૧૦૦ |
| ૧૩૪૨૦ | સ્ટેન્ડ ફી | ૨ | ૦ | ૨૦ | ૦ | ૦ |
| ૧૩૪૩૦ | ફેરીયાની લાયસન્સ ફી | ૧૧૭ | ૧૬૧ | ૪૦૦ | ૨૦૦ | ૨૫૦ |
| ૧૩૪૩૭ | ક્વાટર્સ હાયરપરચેઝ વેચાણની આવક | ૧૨૩૬ | ૧૨૫૯ | ૨૦૦૦ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૧૩૪૩૮ | મ્યુનિ. પ્લોટોના કોમ. ડેવલપમેન્ટ અંગેની આવક | ૦ | ૦ | ૯૭૦૦૦૦ | ૮૦૦૦૦ | ૧૧૧૦૦૦૦ |
| ૧૩૪૪૪ | ઈન્ફ્રાસ્ટ્રકચર વિકાસ ફંડ | ૧૬૬૧૦ | ૭૭૧૬ | ૨૦૦૦૦ | ૨૦૦૦૦ | ૨૦૦૦૦ |
| ૧૩૪૯૯ | અન્ય – જાહેર સેવા ચાર્જ અને ફી | ૬૩ | ૩૨૧ | ૧૫૦૦ | ૧૪૬ | ૧૫૦ |
| ૨૩૨૦૧ | સ્ક્રેપ વેચાણની આવક | ૦ | ૦ | ૧૨૦૦ | ૦ | ૪૦૦ |
| ૨૩૨૦૯ | ટેન્ડર ફોર્મના વેચાણની આવક | ૮૦ | ૯૬ | ૧૦૦ | ૧૫૦ | ૨૦૦ |
| ૨૩૨૧૦ | અન્ય ફોર્મ વેચાણની આવક | ૫૯૨ | ૫૪૩ | ૫૦૦ | ૫૦૦ | ૧૫૦૦ |
| ૨૩૨૯૯ | અન્ય (વેચાણની આવક) | ૭ | ૨૬૪૧ | ૨૫૦૦ | ૦ | ૦ |
| ૨૩૩૦૦ | પરચુરણ આવક | ૦ | ૦ | ૦ | ૩૦ | ૩૦ |
| ૨૩૩૦૬ | કોન્ટ્રાક્ટર્સ પાસેથી મળેલ દંડની આવક | ૩૦૮ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૩૩૦૮ | જપ્ત કરેલ ડીપોઝીટની આવક | ૦ | ૨૫૦૨૦ | ૦ | ૦ | ૦ |
| ૨૩૩૧૨ | પ્રિમિયમની આવક | ૨૫૨૦૫૭ | ૧૬૮૩૨ | ૧૮૦૦૦૦ | ૧૫૦૦૦૦ | ૪૪૫૦૦૦ |
| ૨૩૩૧૫ | દાવા અને ફરીયાદોના ખર્ચની વસુલાતની આવક | ૦ | ૦ | ૧૨૦ | ૩ | ૦ |
| ૨૩૩૯૯ | અન્ય પરચુરણ આવક | ૧૯૬૨૪ | ૧૧૬૬૮ | ૨૧૦૦૦ | ૧૦૦૦૦ | ૧૫૦૦૦ |
| **૨૧૧** | **એસ્ટેટ અને સીટી ઈમ્પ્રુવમેન્ટ ડીપાર્ટમેન્ટ નું** | **૪૨૦૨૧૦** | **૨૨૮૫૧૪** | **૧૩૯૪૧૫૫** | **૪૫૯૯૯૦** | **૧૮૦૭૯૯૦** |
| **૨૧૨** | **ટાઉન પ્લાનીંગ અને ડેવલપમેન્ટ ડીપાર્ટમેન્ટ** | | | | | |
| ૧૩૪૦૭ | લાયસન્સ ફી (આર્કીટેક્ટ, સર્વેયર, એન્જીનીયર તથા પ્લમ્બરની ફી) | ૨૬૦ | ૧૫૩ | ૨૬૦ | ૨૬૦ | ૨૮૦ |
| ૧૩૪૦૯ | પ્લાન અને મકાન સ્કુટીની ફી | ૨૫૫૩૨ | ૩૫૦૬૧ | ૪૦૦૦૦ | ૪૦૦૦૦ | ૫૦૦૦૦ |
| ૧૩૪૧૦ | માર્કેટ ફી | ૮૯ | ૬૪૩ | ૮૦૦ | ૮૦૦ | ૨૫૦ |
| ૧૩૪૧૩ | પાર્કીંગ ફી | ૯૩ | ૪૬૧ | ૦ | ૦ | ૩૫૦૦ |
| ૧૩૪૧૪ | સેમ્પલ તપાસણી ફી | ૨૪૬૯૩ | ૮૩૭૩ | ૧૭૫૦૦ | ૧૭૫૦૦ | ૧૭૫૦૦ |
| ૧૩૪૧૯ | ઈન્સ્પેક્શન ફી | ૧૦૭ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૩૪૩૯ | ડેવલપમેન્ટ ચાર્જીસ | ૧૫૭૮૦ | ૨૧૧૨૫ | ૨૨૫૦૦ | ૨૮૫૦૦ | ૩૦૦૦૦ |
| ૧૩૪૪૦ | બેટરમેન્ટ ચાર્જીસ | ૨૯૭૧ | ૨૩૩૭ | ૫૦૦૦ | ૫૦૦૦ | ૫૦૦૦ |
| ૧૩૪૪૧ | વધારાની એફ.એસ.આઈ. વાપરવા અંગેની ફી | ૮૪૮૧૬ | ૧૫૬૮૮૬ | ૧૯૦૦૦૦ | ૩૯૮૮૫૦ | ૮૦૦૦૦૦ |
| ૧૩૪૪૭ | વોટર હાર્વેસ્ટીગ ચાર્જ | ૧૭ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૩૪૪૮ | ટ્રી પ્લાન્ટેશન ફી | ૧૬૩૧૦ | ૨૪૨૯૯ | ૨૭૫૦૦ | ૨૭૫૦૦ | ૩૨૦૦૦ |
| ૧૩૪૪૯ | ઝોનલ એડમીનીસ્ટ્રેટીવ ચાર્જ | ૧૩૯૮૬ | ૧૫૭૯૯ | ૧૫૦૦૦ | ૧૫૦૦૦ | ૨૫૦૦૦ |

રેવન્યુ આવક (રૂપિયા હજારમાં)

| ડિપાર્ટમેન્ટ/ એકાઉન્ટ કોડ | ખાતું તથા એકાઉન્ટ હેડનું નામ | ૨૦૦૭-૦૮ આવક | ૨૦૦૮-૦૯ આવક | ૨૦૦૯-૧૦ નો મૂળ અંદાજ | ૨૦૦૯-૧૦ નો રીવા. અંદાજ | ૨૦૧૦-૧૧ મ્યુ. કોર્પો.ને મંજુર કરેલ અંદાજ |
|---|---|---|---|---|---|---|
| ૧૩૪૫૦ | બીલ્ડીગ રીમુવલ ચાર્જ | ૦ | ૨૦૧૮૪ | ૧૫૦૦૦ | ૪૦૬૪૦ | ૪૨૫૦૦ |
| ૧૩૪૫૧ | બીલ્ડીગ ડેબ્રીસ રીમુવલ ચાર્જ | ૪૦૪૧ | ૫૬૬૫ | ૬૦૦૦ | ૨૫૦૦ | ૩૦૦૦ |
| ૧૩૪૫૨ | નોન ટી.પી. વિકાસની આવક | ૨૧૬૬૨ | ૭૪૯૦૨ | ૧૩૦૦૦૦ | ૧૩૦૦૦૦ | ૧૩૦૦૦૦ |
| ૧૩૪૫૩ | ડ્રાફ્ટ/પ્રીલીમનરી ટી.પી.ની આવક | ૨૩૮૧૦ | ૮૩૯૧૧ | ૧૪૦૦૦૦ | ૧૪૦૦૦૦ | ૧૬૦૦૦૦ |
| ૧૩૪૫૫ | માળખાગત સુવિદ્યા માટે વધારાની ફી | ૦ | ૨૬૦૦૨ | ૬૦૦૦૦ | ૬૦૦૦૦ | ૭૦૦૦૦ |
| ૧૩૪૯૯ | અન્ય – જાહેર સેવા ચાર્જ અને ફી | ૩૨૬ | ૧૦૮૩ | ૨૦૦ | ૨૦૦ | ૨૦૦ |
| ૨૩૨૦૨ | પુસ્તક – ચોપાનીયા વેચાણની આવક | ૫૫૩ | ૪૬૫ | ૪૫૦ | ૬૮૪ | ૭૦૦ |
| ૨૩૨૯૭ | ૪૦ ચો.મી. માટે એન.ઓ.સી. | ૫૯૧ | ૭૨૭ | ૬૫૦ | ૨૫૨૮ | ૨૫૦૦ |
| ૨૩૨૯૮ | ઈમારતી માલ–સામાન ફી | ૪૧૧૬ | ૮૨૯૫ | ૫૦૦૦ | ૧૫૦૦૦ | ૨૫૦૦૦ |
| ૨૩૨૯૯ | અન્ય (વેચાણની આવક) | ૧૭૧૫ | ૧૮૧૪ | ૩૦૦૦ | ૩૦૦૦ | ૩૦૦૦ |
| ૨૩૩૧૦ | અન્ય પેનલ્ટીની આવક | ૧ | ૬૦ | ૦ | ૦ | ૦ |
| ૨૩૩૧૬ | ચણતર ફીની આવક | ૨૪૪૯૬ | ૩૩૪૭૫ | ૩૦૦૦૦ | ૪૫૦૩૦ | ૫૦૦૦૦ |
| ૨૩૩૯૯ | અન્ય પરચુરણ આવક | ૦ | ૬૬૨ | ૨૭૦ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| **૨૧૨** | **ટાઉન પ્લાનીંગ અને ડેવલપમેન્ટ ડીપાર્ટમેન્ટ** | **૨૬૫૯૬૫** | **૫૨૨૩૮૨** | **૭૦૯૧૩૦** | **૯૭૩૯૯૨** | **૧૪૫૧૬૩૦** |
| **૩૦૧** | **બંબા ખાતુ (ફાયર બ્રિગેડ)** | | | | | |
| ૧૩૩૪૫ | ફાયર સેફટી ચાર્જ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ |
| ૧૩૪૦૪ | અગ્નિશામક વાહન ચાર્જ | ૭૩ | ૬૯ | ૧૨૦ | ૧૨૦ | ૧૮૦ |
| ૧૩૪૦૫ | એમ્બ્યુલન્સ અને શબવાહીનીનો ચાર્જ | ૧૨૦૩ | ૧૧૭૮ | ૧૩૦૦ | ૧૩૦૦ | ૧૯૩૫ |
| ૧૩૪૪૫ | ફાયર સેફટી ચાર્જ | ૯૩ | ૩૦૪ | ૪૦૦ | ૪૦૦ | ૫૦૦ |
| ૧૩૪૪૬ | ફાયર સેફટી એન.ઓ.સી. લીમીટ | ૯૦ | ૮૬ | ૧૦૦ | ૧૦૦ | ૧૪૫ |
| ૧૩૪૫૦ | બીલ્ડીગ રીમુવલ ચાર્જ | ૦ | ૦ | ૧૧૦ | ૧૧૦ | ૨૨૦ |
| ૨૩૨૦૯ | ટેન્ડર ફોર્મના વેચાણની આવક | ૨૮ | ૮૨ | ૮૦ | ૨૫૦ | ૩૦૦ |
| ૨૩૩૦૫ | વેપારી પાસેથી મળેલ દંડની આવક | ૧૨૪ | ૧૭ | ૦ | ૦ | ૦ |
| ૨૩૩૧૩ | ફાયર સર્વિસ ટ્રેનીંગ સેન્ટરની આવક | ૩ | ૯૪૦ | ૧૦૦ | ૪૫૦ | ૫૦૦ |
| ૨૩૩૯૯ | અન્ય પરચુરણ આવક | ૨૫૯ | ૨૧૧ | ૪૦૦ | ૪૦૦ | ૮૦૦ |
| **૩૦૧** | **બંબા ખાતુ (ફાયર બ્રિગેડ) નું કુલ** | **૧૮૭૩** | **૨૮૯૦** | **૨૬૧૦** | **૩૧૩૦** | **૪૫૮૦** |
| **૩૦૨** | **રોશની ખાતુ (લાઈટ ખાતું)** | | | | | |
| ૨૩૨૦૯ | ટેન્ડર ફોર્મના વેચાણની આવક | ૧૮૩ | ૨૯૩ | ૨૦૦ | ૩૦૦ | ૪૦૦ |
| ૨૩૩૦૫ | વેપારી પાસેથી મળેલ દંડની આવક | ૪૦૯ | ૩૩૦ | ૨૫૦ | ૩૫૦ | ૪૦૦ |
| ૨૩૩૦૮ | જપ્ત કરેલ ડીપોઝીટની આવક | ૦ | ૦ | ૨૦ | ૨૦ | ૨૦ |
| ૨૩૩૯૯ | અન્ય પરચુરણ આવક | ૧૧૦ | ૧૩ | ૨૦૦ | ૨૦૦ | ૨૦૦ |
| **૩૦૨** | **રોશની ખાતુ (લાઈટ ખાતું) નું કુલ** | **૭૦૨** | **૬૩૬** | **૬૭૦** | **૮૭૦** | **૧૦૨૦** |
| **૩૦૩** | **ટ્રાફીક કન્ટ્રોલ ડીપાર્ટમેન્ટ** | | | | | |
| ૧૮૧૧૫ | ટ્રાફીક સિગ્નલ સબસીડી | ૦ | ૦ | ૩૫૦૦ | ૩૫૦૦ | ૩૫૦૦ |
| **૩૦૩** | **ટ્રાફીક કન્ટ્રોલ ડીપાર્ટમેન્ટ નું કુલ** | **૦** | **૦** | **૩૫૦૦** | **૩૫૦૦** | **૩૫૦૦** |
| **૩૦૪** | **કોમ્યુનીકેશન વિભાગ** | | | | | |
| ૨૩૨૦૯ | ટેન્ડર ફોર્મના વેચાણની આવક | ૦ | ૦ | ૫ | ૫ | ૦ |
| **૩૦૪** | **કોમ્યુનીકેશન વિભાગ નું કુલ** | **૦** | **૦** | **૫** | **૫** | **૦** |

રેવન્યુ આવક (રૂપિયા હજારમાં)

| ડિર્પાટમેન્ટ/ એકાઉન્ટ કોડ | ખાતું તથા એકાઉન્ટ હેડનું નામ | ૨૦૦૭-૦૮ આવક | ૨૦૦૮-૦૯ આવક | ૨૦૦૯-૧૦ નો મૂળ અંદાજ | ૨૦૦૯-૧૦ નો રીવા. અંદાજ | ૨૦૧૦-૧૧ મ્યુ. કોર્પો.ને મંજુર કરેલ અંદાજ |
|---|---|---|---|---|---|---|
| **૩૧૩** | **પાણીની વહેંચણી** | | | | | |
| ૧૦૨૦૫ | વોટર ચાર્જ મીટર | ૧૬૭૯૬ | ૧૫૯૧૬ | ૨૦૦૦૦ | ૧૦૦૦૦ | ૧૨૦૦૦ |
| ૧૦૨૦૬ | વોટર અને સુઅરેજ ચાર્જ | ૩૪૬૭૩૪ | ૬૪૫૯૫ | ૭૦૦૦૦ | ૩૦૦૦૦ | ૩૦૦૦૦ |
| ૧૩૪૦૧ | વોટર કનેક્શન ફી | ૧૪૬ | ૦ | ૩૦૦ | ૩૦૦ | ૩૦૦ |
| ૧૩૪૩૨ | વોટર કનેક્શન ચાર્જીસ | ૪૯૭૫૦ | ૪૨૪૪૦ | ૫૦૦૦૦ | ૭૦૦૦૦ | ૭૭૦૦૦ |
| ૨૩૨૧૦ | અન્ય ફોર્મ વેચાણની આવક | ૧૧૭૩ | ૮૯ | ૨૦૦ | ૨૦૦ | ૨૦૦ |
| ૨૩૩૯૯ | અન્ય પરચુરણ આવક | ૪૫૪ | ૩૦૩ | ૫૦૦ | ૫૦૦ | ૫૦૦ |
| **૩૧૩** | **પાણીની વહેંચણી નું કુલ** | **૪૧૫૦૫૩** | **૧૨૩૩૪૩** | **૧૪૧૦૦૦** | **૧૧૧૦૦૦** | **૧૨૦૦૦૦** |
| **૩૨૩** | **જમાલપુર ડ્રેનેજ પંપીંગ સ્ટેશન** | | | | | |
| ૨૩૩૯૯ | અન્ય પરચુરણ આવક | ૦ | ૦ | ૫૦ | ૦ | ૭૦ |
| **૩૨૩** | **જમાલપુર ડ્રેનેજ પંપીંગ સ્ટેશન નું કુલ** | **૦** | **૦** | **૫૦** | **૦** | **૭૦** |
| **૩૨૬** | **ડ્રેનેજ લાઈન** | | | | | |
| ૧૩૪૨૪ | ડ્રેનેજ કનેક્શન ફી | ૦ | ૨ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ |
| ૧૩૪૨૫ | ડ્રેનેજ ચાર્જીસ | ૨૧૭૭૪ | ૧૯૪૪૪ | ૧૯૦૦૦ | ૨૫૦૦૦ | ૨૭૫૦૦ |
| ૨૩૨૧૦ | અન્ય ફોર્મ વેચાણની આવક | ૦ | ૩ | ૦ | ૦ | ૦ |
| ૨૩૩૯૯ | અન્ય પરચુરણ આવક | ૦ | ૨૨ | ૦ | ૦ | ૦ |
| **૩૨૬** | **ડ્રેનેજ લાઈન નું કુલ** | **૨૧૭૭૪** | **૧૯૪૭૧** | **૧૯૧૦૦** | **૨૫૧૦૦** | **૨૭૬૦૦** |
| **૩૨૭** | **સુએઝ ફાર્મ** | | | | | |
| ૧૩૧૦૨ | લીઝ હોલ્ડ જમીન ભાડાની આવક | ૩૦૩ | ૨૭૨ | ૨૫૦ | ૪૦૦ | ૫૦૦ |
| ૧૩૧૯૯ | અન્ય મકાનોના ભાડાની આવક | ૦ | ૦ | ૧૨ | ૧૨ | ૧૨ |
| ૧૩૩૧૦ | જાણકારી અધિનિયમ હેઠળ લેવામાં આવતો ચાર્જ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ |
| ૧૩૪૦૭ | લાયસન્સ ફી (આર્કીટેક્ટ, સર્વેયર, એન્જીનીયર તથા પ્લમ્બરની ફી) | ૦ | ૦ | ૨૦ | ૨૦ | ૦ |
| ૨૩૩૧૨ | પ્રિમિયમની આવક | ૦ | ૦ | ૧૫ | ૧૨ | ૨૦ |
| ૨૩૩૧૫ | દાવા અને ફરીયાદોના ખર્ચની વસુલાતની આવક | ૩ | ૮ | ૧૦ | ૫ | ૧૦ |
| ૨૩૩૯૯ | અન્ય પરચુરણ આવક | ૦ | ૦ | ૧૦ | ૫ | ૫ |
| **૩૨૭** | **સુએઝ ફાર્મ નું કુલ** | **૩૦૬** | **૨૮૦** | **૩૧૭** | **૪૫૫** | **૫૪૮** |
| **૩૨૯** | **પીરાણા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ** | | | | | |
| ૨૩૨૦૩ | ખાતરનું વેચાણની આવક | ૦ | ૧૨૦ | ૧૦૦ | ૧૦૦ | ૨૦૦ |
| **૩૨૯** | **પીરાણા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ નું કુલ** | **૦** | **૧૨૦** | **૧૦૦** | **૧૦૦** | **૨૦૦** |
| **૩૩૦** | **સેન્ટ્રલ લેબોરેટરી** | | | | | |
| ૧૩૪૧૪ | સેમ્પલ તપાસણી ફી | ૫૯૦ | ૨૯૦૧ | ૫૦૦ | ૨૦૦૦૦ | ૨૫૦૦૦ |
| **૩૩૦** | **સેન્ટ્રલ લેબોરેટરી નું કુલ** | **૫૯૦** | **૨૯૦૧** | **૫૦૦** | **૨૦૦૦૦** | **૨૫૦૦૦** |
| **૩૩૨** | **ખાળકુવા** | | | | | |
| ૧૩૪૯૯ | અન્ય – જાહેર સેવા ચાર્જ અને ફી | ૫૯૩ | ૬૪૭ | ૧૫૦ | ૮૦૦ | ૧૦૦૦ |
| **૩૩૨** | **ખાળકુવા નું કુલ** | **૫૯૩** | **૬૪૭** | **૧૫૦** | **૮૦૦** | **૧૦૦૦** |
| **૩૫૧** | **રસ્તા સાફ કરવા** | | | | | |

રેવન્યુ આવક (રૂપિયા હજારમાં)

| ડિપાર્ટમેન્ટ/ એકાઉન્ટ કોડ | ખાતું તથા એકાઉન્ટ હેડનું નામ | ૨૦૦૭-૦૮ આવક | ૨૦૦૮-૦૯ આવક | ૨૦૦૯-૧૦ નો મૂળ અંદાજ | ૨૦૦૯-૧૦ નો રીવા. અંદાજ | ૨૦૧૦-૧૧ મ્યુ. કોર્પો.ને મંજુર કરેલ અંદાજ |
|---|---|---|---|---|---|---|
| ૨૩૩૦૬ | કોન્ટ્રાક્ટર્સ પાસેથી મળેલ દંડની આવક | ૪૦૬૩ | ૫૬૯૩ | ૪૦૦૦ | ૫૦૦૦ | ૬૦૦૦ |
| **૩૫૧** | **રસ્તા સાફ કરવા નું કુલ** | **૪૦૬૩** | **૫૬૯૩** | **૪૦૦૦** | **૫૦૦૦** | **૬૦૦૦** |
| **૩૫૨** | **શહેરના કચરો ઉપાડવા – રેફ્યુઝ** | | | | | |
| ૧૩૪૧૨ | સ્મશાન ચાર્જ | ૧૫ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૩૪૪૨ | કચરો ઉપાડવાની ફી | ૨૨૨૩ | ૧૨૧૧ | ૨૫૦૦ | ૨૫૦૦ | ૨૫૦૦ |
| ૨૩૩૦૫ | વેપારી પાસેથી મળેલ દંડની આવક | ૧૧૪૯ | ૪૩૫૬ | ૦ | ૪૦૦ | ૧૦૦૦ |
| ૨૩૩૦૬ | કોન્ટ્રાક્ટર્સ પાસેથી મળેલ દંડની આવક | ૪૪૦ | ૮૩૯ | ૮૦૦ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૨૩૩૯૯ | અન્ય પરચુરણ આવક | ૨૯૩ | ૨૦૦૬ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **૩૫૨** | **શહેરના કચરો ઉપાડવા – રેફ્યુઝ નું કુલ** | **૪૧૨૦** | **૮૪૧૨** | **૪૩૦૦** | **૪૯૦૦** | **૫૭૦૦** |
| **૩૭૧** | **ઈજનેર ડીપાર્ટમેન્ટ – સામાન્ય દેખરેખ** | | | | | |
| ૧૩૪૧૮ | અન્ય નોંધણી ફી | ૨૬૪ | ૪૨૬ | ૨૦૦ | ૪૦૦ | ૫૦૦ |
| ૧૩૪૪૯ | ઝોનલ એડમીનીસ્ટ્રેટીવ ચાર્જ | ૫૭૮૯ | ૫૦૫૩ | ૫૦૦૦ | ૭૦૦૦ | ૮૦૦૦ |
| ૧૮૨૦૮ | દાન અને ઈનામ | ૫૯૯ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૩૨૦૧ | સ્ક્રેપ વેચાણની આવક | ૩૯૯૩ | ૨૨ | ૫૦૦ | ૫૦૦ | ૫૦૦ |
| ૨૩૨૦૩ | ખાતરનું વેચાણની આવક | ૩૫૯ | ૪૭૯ | ૫૦૦ | ૫૦૦ | ૫૦૦ |
| ૨૩૨૦૫ | ઘાસ તથા બાળવાના લાકડાનાં વેચાણની આવક | ૧૭૨૩ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૩૨૦૯ | ટેન્ડર ફોર્મના વેચાણની આવક | ૪૫૫૬ | ૮૭૨૯ | ૫૦૦૦ | ૧૦૦૦૦ | ૧૨૦૦૦ |
| ૨૩૨૧૦ | અન્ય ફોર્મ વેચાણની આવક | ૧૧૦ | ૧૯ | ૨૦૦ | ૨૦૦ | ૨૦૦ |
| ૨૩૨૯૯ | અન્ય (વેચાણની આવક) | ૧૪૦૧ | ૧૯૧ | ૫૦૦ | ૫૦૦ | ૫૦૦ |
| ૨૩૩૦૫ | વેપારી પાસેથી મળેલ દંડની આવક | ૮૦૪ | ૭૩૪ | ૧૦૦૦ | ૧૫૦૦ | ૨૦૦૦ |
| ૨૩૩૦૬ | કોન્ટ્રાક્ટર્સ પાસેથી મળેલ દંડની આવક | ૧૭૦ | ૧૪૯૯ | ૫૦ | ૫૦૦ | ૭૦૦ |
| ૨૩૩૦૮ | જપ્ત કરેલ ડીપોઝીટની આવક | ૦ | ૧૨૭ | ૧૦૦ | ૩૦૦ | ૩૦૦ |
| ૨૩૩૧૦ | અન્ય પેનલ્ટીની આવક | ૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૩૩૧૧ | લોન સ્ટાફ રીકવરી (એલ.એસ.આર) | ૧૮૮૯૪૯ | ૧૦૧૨૯૩ | ૧૫૦૦૦૦ | ૧૫૦૦૦૦ | ૧૫૦૦૦૦ |
| ૨૩૩૧૬ | ચણતર ફીની આવક | ૨૨૦ | ૧૮૩ | ૩૦૦ | ૩૦૦ | ૩૦૦ |
| ૨૩૩૯૯ | અન્ય પરચુરણ આવક | ૫૬૩૯૩ | ૫૩૯૫૯ | ૩૦૦૦ | ૨૦૦૦૦ | ૨૦૦૦૦ |
| **૩૭૧** | **ઈજનેર ડીપાર્ટમેન્ટ – સામાન્ય દેખરેખ નું** | **૨૬૫૩૩૨** | **૧૭૨૭૧૪** | **૧૬૬૩૫૦** | **૧૯૧૭૦૦** | **૧૯૫૫૦૦** |
| **૩૮૧** | **રસ્તા, ગલીઓ, ફુટપાથ** | | | | | |
| ૧૦૩૦૧ | વાહન ટેક્ષ | ૬૧૧૪૪ | ૧૫૪૪૫૧ | ૨૦૦૦૦૦ | ૧૮૦૦૦૦ | ૨૦૦૦૦૦ |
| ૧૩૪૨૩ | રસ્તા કપાત પુનઃ સ્થાપન ફી | ૧૩૫૦૭૮ | ૧૦૨૦૩૬ | ૧૨૫૦૦૦ | ૧૪૫૦૦૦ | ૧૭૫૦૦૦ |
| ૧૮૧૧૪ | મોટર વ્હીકલ એક્ટ ગ્રાન્ટ | ૨૭૧૦ | ૨૩૪૦ | ૩૦૦૦ | ૩૦૦૦ | ૩૦૦૦ |
| ૧૮૧૧૮ | રસ્તા મરામત નિભાવ સબસીડી | ૧૦૭૧ | ૧૦૭૧ | ૧૦૩૦ | ૧૦૩૦ | ૧૦૩૦ |
| **૩૮૧** | **રસ્તા, ગલીઓ, ફુટપાથ નું કુલ** | **૨૦૦૦૦૩** | **૨૫૯૮૯૮** | **૩૨૯૦૩૦** | **૩૨૯૦૩૦** | **૩૭૯૦૩૦** |
| **૪૦૧** | **હેલ્થખાતું** | | | | | |
| ૧૩૩૦૪ | નર્સીંગ હોમ રજીસ્ટ્રેશન એક્ટ મુજબની આવક | ૧૦૪૭ | ૧૩૫૨ | ૧૫૦૦ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૧૩૪૦૬ | મેડીકલ સર્વીસ ચાર્જ અને ફી | ૪૫ | ૯૧ | ૧૦૦ | ૧૦૦ | ૨૦૦ |
| ૧૮૧૩૪ | સ્મોકીંગ એક્ટ–૨૦૦૩ મુજબ ફી અને દંડની આવક | ૦ | ૭ | ૦ | ૦ | ૧૦૦ |
| ૧૮૨૦૮ | દાન અને ઈનામ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૦૦૦ |
| ૨૩૨૦૯ | ટેન્ડર ફોર્મના વેચાણની આવક | ૪૪૫ | ૨૯૩ | ૫૦ | ૫૦ | ૫૦ |

રેવન્યુ આવક (રૂપિયા હજારમાં)

| ડિપાર્ટમેન્ટ/ એકાઉન્ટ કોડ | ખાતું તથા એકાઉન્ટ હેડનું નામ | ૨૦૦૭-૦૮ આવક | ૨૦૦૮-૦૯ આવક | ૨૦૦૯-૧૦ નો મૂળ અંદાજ | ૨૦૦૯-૧૦ નો રીવા. અંદાજ | ૨૦૧૦-૧૧ મ્યુ. કોર્પો.ને મંજુર કરેલ અંદાજ |
|---|---|---|---|---|---|---|
| ૨૩૨૧૦ | અન્ય ફોર્મ વેચાણની આવક | ૦ | ૨ | ૦ | ૦ | ૦ |
| ૨૩૨૯૯ | અન્ય (વેચાણની આવક) | ૬૮૮ | ૬૪૮ | ૭૦૦ | ૭૦૦ | ૭૦૦ |
| ૨૩૩૦૫ | વેપારી પાસેથી મળેલ દંડની આવક | ૧ | ૦ | ૫૦ | ૫૦ | ૫૦ |
| ૨૩૩૯૯ | અન્ય પરચુરણ આવક | ૪૬ | ૧૭૮ | ૨૦ | ૨૦૦ | ૨૦૦ |
| **૪૦૧** | **હેલ્થખાતું નું કુલ** | **૨૨૭૨** | **૨૫૭૧** | **૨૪૨૦** | **૨૬૦૦** | **૩૮૦૦** |
| **૪૦૨** | **પબ્લીક હેલ્થ લેબોરેટરી** | | | | | |
| ૨૩૩૯૯ | અન્ય પરચુરણ આવક | ૩ | ૫ | ૮ | ૮ | ૧૮ |
| **૪૦૨** | **પબ્લીક હેલ્થ લેબોરેટરી નું કુલ** | **૩** | **૫** | **૮** | **૮** | **૧૮** |
| **૪૦૪** | **મચ્છર નિવારણ** | | | | | |
| ૨૩૩૯૯ | અન્ય પરચુરણ આવક | ૯૬૪ | ૭૯૭ | ૧૧૦૦ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| **૪૦૪** | **મચ્છર નિવારણ નું કુલ** | **૯૬૪** | **૭૯૭** | **૧૧૦૦** | **૧૧૦૦** | **૧૧૦૦** |
| **૪૦૫** | **રાષ્ટ્રીય મેલેરીયા નાબુદી ઝુંબેશ** | | | | | |
| ૧૮૧૧૦ | રાષ્ટ્રીય મેલેરીયા નાબુદી ઝુંબેશની ગ્રાન્ટ | ૬૯૩ | ૦ | ૬૯૩ | ૧૩૮૬ | ૬૯૩ |
| ૨૩૩૯૯ | અન્ય પરચુરણ આવક | ૦ | ૦ | ૨૦૦ | ૨૦૦ | ૨૦૦ |
| **૪૦૫** | **રાષ્ટ્રીય મેલેરીયા નાબુદી ઝુંબેશ નું કુલ** | **૬૯૩** | **૦** | **૮૯૩** | **૧૫૮૬** | **૮૯૩** |
| **૪૦૯** | **રોગપ્રતિકારક રસી મૂકવાની યોજના** | | | | | |
| ૧૩૪૦૬ | મેડીકલ સર્વીસ ચાર્જ અને ફી | ૨૩૯૭ | ૩૧૫૩ | ૨૬૦૦ | ૪૩૦૦ | ૪૩૦૦ |
| ૧૮૧૧૧ | રોગ પ્રતિકારકરસી મુકવાની યોજનાની ગ્રાન્ટ | ૦ | ૭ | ૦ | ૦ | ૦ |
| **૪૦૯** | **રોગપ્રતિકારક રસી મૂકવાની યોજના નું કુલ** | **૨૩૯૭** | **૩૧૬૦** | **૨૬૦૦** | **૪૩૦૦** | **૪૩૦૦** |
| **૪૧૦** | **અર્બન કોમ્યુનીટી ડેવલપમેન્ટ ડીપાર્ટમેન્ટ** | | | | | |
| ૧૮૧૦૯ | અર્બન કોમ્યુનીટી ડેવલપમેન્ટની ગ્રાન્ટ | ૭૮૮ | ૨૬૨૭ | ૭૦૦ | ૭૦૦ | ૧૦૦૦ |
